યાકિનીમહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

## (ભાગ - ૩)















વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગદૃષ્ટિસમુચ્ચય

## શબ્દશઃ વિવેચન

## (ભાગ-૩)

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા પ્રાવચનિક પ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજ તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા
વિદ્વાન પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✳ સંકલન-સંશોધનકારિકા ✳

પ.પૂ. શાસનસમ્રાટ નેમિસૂરિ મહારાજાના સમુદાયના સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા. ના
પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

સંસ્થાના જ્ઞાનખાતામાંથી
આ પુસ્તક
જ્ઞાનભંડાર/શ્રીસંઘને
ભેટ આપેલ છે.

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન
## (ભાગ - 3)

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૩ વિ. સં. ૨૦૬૩

આવૃત્તિ : પ્રથમ નકલ : ૫૦૦

મૂલ્ય : રૂ. ૮૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

"પરમારાધ્યપાદ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી **પ્રશમપૂર્ણવિજયજી મહારાજ સાહેબની** પાવન પ્રેરણાથી શ્રી આલવાડા જૈન સંઘ તરફથી આ પુસ્તકના પ્રકાશનમાં જ્ઞાનખાતાની રકમ મળી છે."

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૭૭

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

❖ મુદ્રક ❖

નવરંગ પ્રિન્ટર્સ

આસ્ટોડીયા, અમદાવાદ-૧. ફોન : (મો.) ૯૪૨૮૫૦૦૪૦૧ (ઘર) ૨૬૬૧૪૬૦૩

## પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
ફ્લેટ નં. ૫૦૧, બ્લોક-એ, રિદ્ધિવિનાયક ટાવર,
વિજયનગર રેલ્વે ક્રોસિંગની પાસે, નારણપુરા,
અમદાવાદ-૧૩.
☎ (૦૭૯) ૨૭૪૭૮૫૧૨

**✤ મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦.
☎ (૦૨૨) ૨૨૮૧૪૦૪૮

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૯૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરૂ રોડ,
સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦

**✤ Bangalore :**

**Shri Vimalchandji**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross,
Bangalore-560053.
☎ (080) (O) 22875262, (R) 22259925

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –


૫, જૈન મર્ચન્ટ સોસાયટી,<br>
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ<br>
ગીતાર્થ ગંગા


સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
# વ્યાખ્યાનના ગ્રંથો

## ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મહારાજ સાહેબ**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ**

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૧૬. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી (ભાગ-૧)

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

લેખક :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મહારાજ સાહેબ

૧. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?

## हिन्दी

व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

लेखक :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) महाराज साहब

१. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?

संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ENGLISH

Lecturer : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB

1. Status of religion in modern Nation State theory

Author : H. H. GANIVARYA SHRI YUGBHUSHANVIJAYJI MAHARAJ SAHEB

1. Is Jaina Order Independent Religion or Denomination ?

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન

૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

# 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ના સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવીને પંચેન્દ્રિયત્વ પામ્યા પછી મનુષ્યભવમાં ધર્મની સામગ્રી મળતાં જીવે ધર્મ તો અનેક વાર કર્યો, છતાં મોક્ષ ન પામ્યો; કેમ કે યોગમાર્ગની જિજ્ઞાસા કરીને જીવે યોગમાર્ગમાં પ્રવેશ જ કર્યો નથી. તેવા જીવોની કરુણાથી તે જીવોને સન્માર્ગ બતાવવા યાકિનીમહત્તરાસૂનુ ૧૪૪૪ ગ્રંથના રચયિતા સૂરિપુરંદર પૂજ્ય **હરિભદ્રસૂરિ મહારાજા**એ 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથની રચના કરી છે.

મધ્યમ વિસ્તારવાળો આ ગ્રંથ, અપુનર્બંધકાદિ અવસ્થાને નહિ પામેલા પણ સરળ બુદ્ધિથી સત્યને સ્વીકારવાની તૈયારીવાળા પ્રજ્ઞાપનીય જીવોને અપુનર્બન્ધકાદિ અવસ્થા પમાડવા માટે અને અપુનર્બંધકાદિ અવસ્થા પામેલા જીવોને યોગમાર્ગની ક્રમસર ભૂમિકાઓ પમાડીને કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત ઉપકારક થાય તેમ છે.

'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથના મિત્રા, તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાંતા, પ્રભા, પરા એ આઠ દૃષ્ટિઓથી આઠ વિભાગ પડે છે.

ચારિત્ર અંગીકાર કરતાં પહેલાં મેં શ્રી **મહેન્દ્રભાઈ પંડિત**ને (પૂ. **મોહજિતવિજય** મ.સા.) જોયેલા, અને એમણે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે જ્ઞાન પ્રાપ્ત કરવાની મારી ઇચ્છા હતી. તેથી એમની પાસે ભણેલાં અરુણાબેન, હાલમાં પૂ. **ભક્તિસૂરિ** મ.સા.ના સમુદાયનાં પૂ. **સા. બોધિરત્નાશ્રીજી**નો પરિચય કર્યો. ત્યારપછી પૂ. **સા. બોધિરત્નાશ્રીજી** દ્વારા પ. પૂ. **મુનિશ્રી યુગભૂષણ વિ.** મ.સા. અને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા**નો પરિચય થયો. શાસનસમ્રાટ પૂ. આ. ભ. **નેમિસૂરિ મહારાજ**ના સમુદાયના પૂ. **ચંદ્રોદયસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન પૂ. **પંન્યાસ નિર્મળચંદ્ર વિ.** મ.સા.ની (સંસારી પક્ષે ભાઈ) સંમતિ મેળવીને **પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ** પાસે અભ્યાસ શરૂ કર્યો. મેં એક વાર વાંચેલું કે મોક્ષ પામવા માટે યોગમાર્ગ જાણવો અત્યંત આવશ્યક છે, અને કોઈક પરમ પુણ્યોદયે તત્ત્વજ્ઞ અધ્યાત્મરસિક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા પાસે **'યોગદૃષ્ટિસમુચ્ચય'** ગ્રંથનો અભ્યાસ કરવાની મને સોનેરી તક સાંપડી, તે બદલ આ ઉપકારી મહાત્માઓની હું ઋણી છું.

આ ગ્રંથના ગુજરાતી વિવરણના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં શ્રુતોપાસક-શ્રુતપિપાસુ સુશ્રાવક **શ્રી શાંતિલાલ શિવલાલ શાહ**નો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતા અનુભવેલ છે.

આ ગ્રંથરત્ન દ્વારા મને અને અન્ય વાંચકોને યોગમાર્ગની પ્રાપ્તિ થાય, સંસાર ટૂંકો થાય અને મોક્ષધામ પ્રતિ શીઘ્ર ગતિએ પ્રયાણ કરીએ અને પરમપદને પામીએ એ જ અભ્યર્થના.

**- શાસનસમ્રાટ પ. પૂ. નેમિસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના**
**પૂ. સાધ્વીજી ચારિત્રશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા**
**સાધ્વીજી ઋજુમતિશ્રીજી**

# 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથ ભાગ-૩ ના પદાર્થોની સંકલના

**(૫) સ્થિરાદૃષ્ટિ :-**

સ્થિરાદૃષ્ટિમાં પ્રત્યાહાર નામનું યોગાંગ હોય છે અને ભ્રાન્તિ નામનો દોષ હોતો નથી. તેથી યોગમાર્ગની પ્રવૃત્તિ અભ્રાન્ત અને અતિચાર રહિત થાય છે. બોધ નામનો ગુણ પ્રગટે છે, તેથી યોગમાર્ગની પ્રવૃત્તિ સૂક્ષ્મબોધથી યુક્ત હોય છે. આ શ્લોક-૧૫૪માં બતાવેલ છે.

સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને સૂક્ષ્મબોધ હોવાને કારણે ભવચેષ્ટા કેવી દેખાય છે, તે શ્લોક-૧૫૫-૧૫૬માં બતાવેલ છે.

વળી, સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને આત્માના પારમાર્થિક સ્વરૂપનો સ્પષ્ટ બોધ હોય છે, તે શ્લોક-૧૫૭માં બતાવેલ છે.

વિવેકવાળા, ધીર, પ્રત્યાહારપર, ધર્મબાધાના પરિત્યાગવાળા એવા સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ ભોગનું સ્વરૂપ કઈ રીતે વિચારે છે, તે શ્લોક-૧૫૮ થી ૧૬૧ સુધી બતાવેલ છે.

આ પાંચમી સ્થિરાદૃષ્ટિમાં રહેલા યોગીઓમાં કયા કયા ગુણો હોય છે, તેના વિષયમાં અન્ય દર્શનકારોનો મત શ્લોક-૧૬૨ની અવતરણિકામાં બતાવેલ છે.

**(૬) કાન્તાદૃષ્ટિ :-**

કાન્તાદૃષ્ટિમાં ધારણા નામનું યોગાંગ હોય છે, અન્યમુદ્ નામનો ક્રિયાનો દોષ જાય છે અને નિત્ય હિતોદયવાળી તત્ત્વમિમાંસા હોય છે, અને નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિના કારણે બને છે, તે શ્લોક-૧૬૨માં બતાવેલ છે.

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનાં નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે કેમ થાય છે, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૧૬૩માં કરેલ છે.

કાન્તાદૃષ્ટિવાળા યોગીઓનું ચિત્ત હમેશાં શ્રુતમાં હોય છે. ભોગાદિની પ્રવૃત્તિ હોય તોપણ કાયાથી હોય છે, અને આક્ષેપક જ્ઞાનને કારણે ભોગો પણ સંસારના હેતુ થતા નથી, તે કથન શ્લોક-૧૬૪ થી ૧૬૬ સુધી બતાવેલ છે.

વળી, જે જીવોને ભોગ પરમાર્થરૂપે દેખાય છે અર્થાત્ સુખના હેતુરૂપે દેખાય છે, તેઓ યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય તોપણ ભોગના કારણભૂત દેહાદિના પ્રપંચથી મોહ પામેલા હોવાથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકતા નથી, તે શ્લોક-૧૬૭ થી ૧૬૮માં બતાવેલ છે.

વળી, કાન્તાદૃષ્ટિવાળા યોગીઓ નિત્યમિમાંસાવાળા હોય છે. તેથી તેઓને મોહ થતો નથી અને સદા હિતનો ઉદય હોય છે, તે શ્લોક-૧૬૯માં બતાવેલ છે.

**(૭) પ્રભાદૃષ્ટિ :-**

સાતમી દૃષ્ટિવાળા યોગીઓને ધ્યાન નામનું યોગાંગ હોય છે, ક્રિયામાં વર્તતા દોષોમાંથી રોગ નામનો દોષ હોતો નથી, અને વિશેષથી તત્ત્વપ્રતિપત્તિ નામનો ગુણ પ્રગટે છે. આથી અસંગઅનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદને લાવનારી આ દૃષ્ટિ છે=અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરાવનારી આ દૃષ્ટિ છે, તે શ્લોક-૧૭૦માં બતાવેલ છે.

સાતમી દૃષ્ટિવાળા યોગીઓને ધ્યાનથી ઉત્પન્ન થનાર ઉત્તમ સુખ હોય છે, તે શ્લોક-૧૭૧માં બતાવેલ છે.

સાતમી દૃષ્ટિવાળા યોગીઓને ધ્યાનનું સુખ હોય છે, જે પારમાર્થિક સુખ છે. તેથી પારમાર્થિક સુખ-દુઃખનું લક્ષણ શ્લોક-૧૭૨માં બતાવેલ છે.

પારમાર્થિક સુખના લક્ષણની અપેક્ષાએ પુણ્યથી પ્રાપ્ત થયેલ સુખ પણ દુઃખરૂપ છે, અને ધ્યાનથી ઉત્પન્ન થયેલ સુખ તે પારમાર્થિક સુખ છે, તે શ્લોક-૧૭૩માં યુક્તિથી બતાવેલ છે.

સાતમી દૃષ્ટિવાળા યોગીઓને નિર્મળ બોધ હોવાથી સદા ધ્યાન છે, તે શ્લોક-૧૭૪માં બતાવેલ છે.

સાતમી દૃષ્ટિવાળા યોગીઓમાં રહેલ સત્પ્રવૃત્તિપદનું સ્વરૂપ શ્લોક-૧૭૫માં બતાવેલ છે.

સત્પ્રવૃત્તિપદ અસંગઅનુષ્ઠાન સ્વરૂપ છે, અને તે અસંગઅનુષ્ઠાનને ભિન્ન ભિન્ન દર્શનની અપેક્ષાએ તેનાં કયાં કયાં નામો છે, તે શ્લોક-૧૭૬માં બતાવેલ છે, જેથી અસંગઅનુષ્ઠાનના સ્વરૂપનો પારમાર્થિક બોધ થાય.

સાતમી દૃષ્ટિવાળા યોગીઓ અસંગઅનુષ્ઠાનને શીઘ્ર પ્રાપ્ત કરે છે, તે શ્લોક-૧૭૭માં બતાવેલ છે.

**(૮) પરાદૃષ્ટિ :-**

પરાદૃષ્ટિમાં સમાધિ નામનું યોગાંગ હોય છે, ક્રિયામાં વર્તતા દોષોમાંથી સમાધિમાં આસંગ નામનો દોષ હોતો નથી, અને અદ્વેષ આદિ ગુણોમાંથી પરિશુદ્ધ પ્રવૃત્તિરૂપ ગુણ પ્રગટે છે, તે શ્લોક-૧૭૮માં બતાવેલ છે.

વળી આઠમી દૃષ્ટિવાળા યોગી નિરાચારપદવાળા હોય છે, તેમની યોગમાર્ગની પ્રવૃત્તિ અતિચાર રહિત હોય છે અને આચારજેય=આચારથી જીતવા યોગ્ય કર્મનો અભાવ હોય છે, તે શ્લોક-૧૭૯માં બતાવેલ છે.

આઠમી દૃષ્ટિવાળા યોગીઓ નિરાચારપદવાળા હોવા છતાં ભિક્ષાઅટનાદિ આચારો કેમ કરે છે, તે, અને આઠમી દૃષ્ટિવાળા યોગીઓને આચારજેય કર્મો નહિ હોવાથી અન્ય દૃષ્ટિવાળા યોગી કરતાં તેઓના ભિક્ષાઅટનાદિ આચારો જુદા હોય છે, તે, શ્લોક-૧૮૦માં બતાવેલ છે.

જેમ રત્નના નિયોગથી રત્નના વેપારી કૃતકૃત્ય થાય છે, તેમ આઠમી દૃષ્ટિવાળા યોગીઓ ધર્મસંન્યાસના નિયોગથી કૃતકૃત્ય થાય છે, તે શ્લોક-૧૮૧માં બતાવેલ છે.

આઠમી દૃષ્ટિમાં દ્વિતીય અપૂર્વકરણ વખતે ધર્મસંન્યાસ પ્રગટે છે, તેથી કેવળજ્ઞાન પ્રગટે છે, તે શ્લોક-૧૮૨માં બતાવેલ છે.

કેવળજ્ઞાન પ્રગટ થયા પછી આત્મા કેવો શુદ્ધ બને છે, તે દૃષ્ટાન્તથી શ્લોક-૧૮૩-૧૮૪-૧૮૫માં બતાવેલ છે.

ક્ષીણદોષવાળા મહાત્માઓ શૈલેષી અવસ્થા પ્રાપ્ત કરીને ભવવ્યાધિનો ક્ષય કરે છે, તે શ્લોક-૧૮૬માં બતાવેલ છે.

મુક્ત આત્માઓ કેવા હોય છે, તે વ્યાધિમુક્તના દૃષ્ટાન્તથી શ્લોક-૧૮૭માં સ્પષ્ટ કરેલ છે.

મોક્ષ પામતાં પૂર્વે સર્વ જીવો ભવવ્યાધિવાળા હોય છે, તે શ્લોક-૧૮૮માં બતાવેલ છે.

કેટલાક દર્શનકારો ભવવ્યાધિને ઉપચરિત માને છે, તેનું નિરાકરણ શ્લોક-૧૮૯માં કરેલ છે.

ભવવ્યાધિથી મુક્ત થયેલ જ અનુપચરિત મુક્ત છે, તે યુક્તિથી શ્લોક-૧૯૦-૧૯૧માં બતાવેલ છે.

બૌદ્ધ દર્શનકારો સાધના કરીને નિર્વાણની પ્રાપ્તિ થાય છે ત્યારે બુઝાયેલા દીપકની જેમ આત્માના અભાવને માને છે, તેનું નિરાકરણ શ્લોક-૧૯૨ થી ૧૯૭ સુધી કરેલ છે. તેથી મુક્ત આત્મા કર્મવ્યાધિથી મુક્ત શુદ્ધ આત્મા છે, તેની સિદ્ધિ થાય છે.

કેટલાક દર્શનકારો આત્માને એકાન્તનિત્ય માને છે, તેથી આત્માને નિત્યમુક્ત માને છે. તેનું નિરાકરણ શ્લોક-૧૯૮ થી ૨૦૬ સુધી કરેલ છે.

આ રીતે આઠ દૃષ્ટિઓનું કથન પૂર્ણ થવાથી સર્વ કથનનો ઉપસંહાર શ્લોક-૨૦૭ થી કરેલ છે. પોતાના યોગના સ્મરણ અર્થે ગ્રન્થકારશ્રીએ અનેક યોગશાસ્ત્રોમાંથી સંક્ષેપથી આ ગ્રન્થનું ઉદ્ધરણ કરેલ છે, તે શ્લોક-૨૦૭માં બતાવેલ છે.

વળી, અન્યના ઉપકારના પ્રયોજનથી પણ આ ગ્રન્થ રચ્યો છે, તે શ્લોક-૨૦૮માં બતાવેલ છે.

કુલાદિ ભેદથી ચાર પ્રકારના યોગીઓ છે. તેમાં પ્રથમ પ્રકારના યોગી અયોગ્ય છે અને ચરમ પ્રકારના યોગી યોગનિષ્પન્ન છે. માટે તે બંનેને ઉપકાર થતો નથી, પરંતુ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીને આ ગ્રન્થથી ઉપકાર થાય છે, તે શ્લોક-૨૦૯માં બતાવેલ છે.

કુલયોગી અને ગોત્રયોગીનું સ્વરૂપ શ્લોક-૨૧૦માં બતાવેલ છે.

કુલયોગીનું વિશેષ લક્ષણ શ્લોક-૨૧૧માં બતાવેલ છે. પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ શ્લોક-૨૧૨માં બતાવેલ છે.

ચાર પ્રકારના યોગીઓમાંથી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી યોગગ્રન્થના અધિકારી છે, તેથી તેમના ઉપકાર અર્થે ગ્રન્થકારે પ્રસ્તુત ગ્રન્થ રચ્યો છે. તે સિવાય અન્ય પણ યોગમાર્ગના અધિકારીઓના ઉપકાર અર્થે ગ્રન્થકારે આ ગ્રન્થ રચ્યો છે. તે બતાવીને કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીથી અન્ય પ્રકારના યોગમાર્ગના અધિકારીનું સ્વરૂપ શ્લોક-૨૧૩માં સ્પષ્ટ કરેલ છે.

ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થૈર્યયમ અને સિદ્ધિયમ : એ ચાર પ્રકારના યમોનું સ્વરૂપ શ્લોક-૨૧૪ થી ૨૧૮ સુધી બતાવેલ છે.

યોગાવંચકયોગનું સ્વરૂપ શ્લોક-૨૧૯માં બતાવેલ છે.

ક્રિયાવંચકયોગનું સ્વરૂપ શ્લોક-૨૨૦માં બતાવેલ છે.

ફલાવંચકયોગનું સ્વરૂપ શ્લોક-૨૨૧માં બતાવેલ છે.

ગ્રન્થકાર કરતાં જડમતિવાળા કુલાદિ યોગીઓને આ ગ્રન્થના શ્રવણથી ઉપકાર થશે, માટે ગ્રન્થકારે પ્રસ્તુત ગ્રન્થની રચના કરી છે, તે શ્લોક-૨૨૨માં સ્પષ્ટ કરેલ છે.

યોગમાર્ગના સેવન વગર માત્ર યોગમાર્ગના પક્ષપાતથી કઈ રીતે ઉપકાર થાય ? તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૨૨૩-૨૨૪માં કરેલ છે.

યોગ્ય જીવોને પ્રસ્તુત ગ્રન્થશ્રવણમાં પ્રાર્થનાની આવશ્યકતા નથી; કેમ કે, યોગ્ય જીવો સ્વયં જ મહારત્ન જેવા યોગગ્રન્થમાં યત્ન કરનારા હોય છે, તે શ્લોક-૨૨૫માં બતાવેલ છે.

વળી, અયોગ્ય જીવોને આ ગ્રન્થ આપવો જોઈએ નહિ, એમ પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ શ્લોક-૨૨૬માં કહે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ અયોગ્ય જીવોને આ ગ્રન્થ આપવાનો નિષેધ કેમ કરે છે ? ઉદાર આશયથી બધાને આપવાનો પ્રયત્ન કેમ કરતા નથી ? તેનું સ્પષ્ટીકરણ કરવા અર્થે શ્લોક-૨૨૭માં કહે છે કે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ ક્ષુદ્ર પ્રકૃતિને કારણે અયોગ્યને ગ્રન્થ આપવાનો નિષેધ કરતા નથી, પરંતુ અયોગ્ય જીવોના અહિતના પરિહાર માટે તેમને પ્રસ્તુત ગ્રન્થ આપવાનો નિષેધ કરે છે.

યોગ્ય જીવોને કઈ રીતે આ ગ્રન્થ આપવો, જેથી સર્વ કલ્યાણનું કારણ બને, તેનું સ્પષ્ટીકરણ શ્લોક-૨૨૮માં કરેલ છે.

**વિ. સં. ૨૦૬૩ તિથિ-વૈશાખ સુદ ૩** **— પ્રવીણચંદ્ર ખીમજી મોતા**
**તા. ૨૦-૪-૨૦૦૭, શુક્રવાર**
**૩૦૨, વિમલ વિહાર,**
**સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**

## અનુક્રમણિકા


| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **-: શ્લોક-૧૫૪ થી ૧૬૧ સુધી સ્થિરાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૩૯૭ થી ૪૧૫** |
| ૧૫૪. | સ્થિરાદૃષ્ટિનું સ્વરૂપ. | ૩૯૭ થી ૪૦૧ |
| ૧૫૫-૧૫૬. | ગ્રન્થિભેદથી દેખાતું ભવનું સ્વરૂપ. | ૪૦૧ થી ૪૦૪ |
| ૧૫૭. | ગ્રન્થિભેદથી દેખાતું મોક્ષનું સ્વરૂપ. | ૪૦૪ થી ૪૦૫ |
| ૧૫૮. | સમ્યગ્દૃષ્ટિ જીવનો વિવેકપૂર્વકનો પ્રત્યાહાર. | ૪૦૬ થી ૪૦૭ |
| ૧૫૯થી ૧૬૧. | સમ્યગ્દૃષ્ટિ જીવોનું ઉત્તમ શ્રુતપ્રધાન આલોચનનું સ્વરૂપ. | ૪૦૭ થી ૪૧૫ |
| ૧૬૨. | શ્લોક-૧૬૨ની અવતરણિકામાં પાંચમી દૃષ્ટિથી પ્રગટ થતા ગુણોનું સ્વરૂપ. | ૪૧૫ થી ૪૨૧ |
| | **-: શ્લોક-૧૬૨ થી ૧૬૯ સુધી કાન્તાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૪૧૫ થી ૪૩૧** |
| ૧૬૨-૧૬૩. | કાન્તાદૃષ્ટિનું સ્વરૂપ. | ૪૧૫ થી ૪૨૨ |
| ૧૬૪. | આક્ષેપક જ્ઞાન હોવાને કારણે કાન્તાદૃષ્ટિવાળા યોગીઓને ભોગો પણ ભવના અહેતુ. | ૪૨૩ થી ૪૨૫ |
| ૧૬૫-૧૬૬. | ભોગકાળમાં પણ કાન્તાદૃષ્ટિવાળા યોગીઓની અસંગ પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૪૨૫ થી ૪૨૯ |
| ૧૬૭-૧૬૮. | ભોગમાં પરમાર્થ બુદ્ધિવાળા જીવોને ધર્મની પ્રવૃત્તિથી પણ મોક્ષમાર્ગની અપ્રાપ્તિ. | ૪૨૮ થી ૪૩૦ |
| ૧૬૯. | કાન્તાદૃષ્ટિવાળા યોગીઓની મીમાંસાથી સદા હિતની પ્રાપ્તિ. | ૪૩૦ થી ૪૩૧ |
| | **-: શ્લોક-૧૭૦ થી ૧૭૭ સુધી પ્રભાદૃષ્ટિનું નિરૂપણ :-** | **૪૩૨ થી ૪૪૨** |
| ૧૭૮. | પરાદૃષ્ટિનું સ્વરૂપ. | ૪૪૩ |
| ૧૭૯. | પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓના નિરાચારપદનું સ્વરૂપ. | ૪૪૬ થી ૪૪૭ |
| ૧૮૦. | અન્ય દૃષ્ટિવાળા યોગીઓના ભિક્ષાટનાદિ આચાર કરતાં પરાદૃષ્ટિવાળા યોગીઓના ભિક્ષાટનાદિમાં આચારભેદ. | ૪૪૭ થી ૪૪૯ |
| ૧૮૧-૧૮૨. | પરાદૃષ્ટિમાં અસંગભાવથી ક્ષપકશ્રેણીની પ્રાપ્તિ અને અન્તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ. | ૪૪૯ થી ૪૫૨ |
| ૧૮૩-૧૮૪. | દૃષ્ટાન્તથી જીવનું, જીવના જ્ઞાનનું અને કર્મના આવરણનું સ્વરૂપ. | ૪૫૨ થી ૪૫૫ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧૮૫-૧૮૬. | કેવળજ્ઞાનને પામીને પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓને યોગનિરોધ દ્વારા ભવક્ષયની પ્રાપ્તિ. | ૪૫૬ થી ૪૫૯ |
| ૧૮૭. | મુક્તાત્માનું સ્વરૂપ. | ૪૫૯ થી ૪૬૦ |
| ૧૮૮. | ભવરૂપ મહાવ્યાધિનું સ્વરૂપ. | ૪૬૧ થી ૪૬૨ |
| ૧૮૯. | જીવને નિરુપચરિત ભવવ્યાધિના સ્વીકારની યુક્તિ. | ૪૬૨ થી ૪૬૪ |
| ૧૯૦-૧૯૧. | ભવવ્યાધિથી મુક્તને મુક્તરૂપે સ્વીકારની યુક્તિ. | ૪૬૪ થી ૪૬૮ |
| ૧૯૨ થી ૧૯૭ | ક્ષણિકવાદમાં મોક્ષના અસંભવની યુક્તિ. | ૪૬૮ થી ૪૮૩ |
| ૧૯૮ થી ૨૦૩ | એકાન્ત નિત્યપક્ષમાં મોક્ષની અસંગતિની યુક્તિ. | ૪૮૩ થી ૪૯૫ |
| ૨૦૪ થી ૨૦૬ | ભવવ્યાધિથી મુક્તને મુક્તરૂપે સ્વીકારની યુક્તિ. | ૪૯૫ થી ૫૦૦ |
| ૨૦૭-૨૦૮. | ગ્રન્થકારનું ગ્રન્થ રચવાનું પ્રયોજન. | ૫૦૦ થી ૫૦૩ |
| ૨૦૯. | પ્રસ્તુત ગ્રન્થના અધિકારીનું સ્વરૂપ. | ૫૦૩ થી ૫૦૪ |
| ૨૧૦. | કુલયોગી અને ગોત્રયોગીનું સ્વરૂપ. | ૫૦૪ થી ૫૦૬ |
| ૨૧૧. | કુલયોગીનું વિશેષ લક્ષણ. | ૫૦૬ થી ૫૦૮ |
| ૨૧૨. | પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ. | ૫૦૮ થી ૫૦૯ |
| ૨૧૩. | આદ્ય અવંચકયોગની પ્રાપ્તિવાળા જીવો પ્રસ્તુત ગ્રન્થના અધિકારી. | ૫૦૯ થી ૫૧૨ |
| ૨૧૪. | અહિંસાદિ પાંચ યમોનું સ્વરૂપ. | ૫૧૨ થી ૫૧૩ |
| ૨૧૫. | ઇચ્છાયમનું સ્વરૂપ. | ૫૧૩ થી ૫૧૪ |
| ૨૧૬. | પ્રવૃત્તિયમનું સ્વરૂપ. | ૫૧૫ થી ૫૧૬ |
| ૨૧૭. | સ્થિરયમનું સ્વરૂપ. | ૫૧૬ થી ૫૧૭ |
| ૨૧૮. | સિદ્ધિયમનું સ્વરૂપ. | ૫૧૭ થી ૫૧૮ |
| ૨૧૯. | યોગાવંચકયોગનું સ્વરૂપ. | ૫૧૮ થી ૫૨૦ |
| ૨૨૦. | ક્રિયાવંચકયોગનું સ્વરૂપ. | ૫૨૦ થી ૫૨૧ |
| ૨૨૧. | ફલાવંચકયોગનું સ્વરૂપ. | ૫૨૧ થી ૫૨૨ |
| ૨૨૨. | પ્રસ્તુત ગ્રન્થથી કુલાદિ યોગીઓને થતા ઉપકારનું સ્વરૂપ. | ૫૨૨ થી ૫૨૪ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨૨૩-૨૨૪. | તત્ત્વનો પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયા એ બે વચ્ચેનું અંતર. | ૫૨૪ થી ૫૨૭ |
| ૨૨૫. | યોગ્ય જીવોની ગ્રન્થશ્રવણમાં સ્વાભાવિક પ્રવૃત્તિ. | ૫૨૭ થી ૫૨૯ |
| ૨૨૬. | અયોગ્ય જીવને પ્રસ્તુત ગ્રન્થ આપવાનો નિષેધ. | ૫૩૦ થી ૫૩૧ |
| ૨૨૭. | અયોગ્ય જીવને પ્રસ્તુત ગ્રન્થ આપવાના નિષેધનું પ્રયોજન. | ૫૩૧ થી ૫૩૩ |
| ૨૨૮. | યોગ્ય જીવને વિધિપૂર્વક પ્રસ્તુત ગ્રન્થ આપવાની વિધિ. | ૫૩૩ થી ૫૩૬ |


* * *

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ॐ ऐँ नमः ।।

## સૂરિપુરન્દર શ્રીહરિભદ્રસૂરિસન્દબ્ધ સ્વોપજ્ઞવ્યાખ્યાસમેત

# શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય

## સ્થિરાદૃષ્ટિ

**અવતરણિકા :-**

एवं सप्रपञ्चं चतुर्थीं दृष्टिमभिधाय पञ्चमीमभिधातुमाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે=શ્લોક-૫૭ થી વર્ણન કર્યું એ રીતે, પ્રપંચ સહિત=શ્લોક-૬૭ થી જે વિસ્તાર કર્યો તે પ્રપંચથી=વિસ્તારથી સહિત, ચોથી દૃષ્ટિને કહીને પાંચમી દૃષ્ટિને કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૫૩માં ઉપસંહાર કરતાં કહ્યું કે દૃષ્ટિનું કથન જે પ્રકૃત છે તેને અમે કહીએ છીએ, અને તે પ્રકૃત પાંચમી દૃષ્ટિ છે. તે કથનથી પાંચમી દૃષ્ટિ કહેવાની પ્રતિજ્ઞા કરી. હવે પાંચમી દૃષ્ટિનું સ્વરૂપ બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

स्थिरायां दर्शनं नित्यं, प्रत्याहारवदेव च ।
कृत्यमभ्रान्तमनघं, सूक्ष्मबोधसमन्वितम् ।।१५४।।

**અન્વયાર્થ :-**

स्थिरायां=સ્થિરામાં=સ્થિરા દૃષ્ટિમાં नित्यं प्रत्याहारवदेव च दर्शनं=નિત્ય અને પ્રત્યાહારવાળું જ દર્શન છે, अभ्रान्तमनघं सूक्ष्मबोधसमन्वितम् कृत्यम्=અભ્રાંત, અનઘ, સૂક્ષ્મબોધથી યુક્ત કૃત્ય છે. ।।૧૫૪।।

**શ્લોકાર્થ :-**

**સ્થિરાદૃષ્ટિમાં નિત્ય અને પ્રત્યાહારવાળું જ દર્શન છે, અભ્રાંત, અનઘ, સૂક્ષ્મબોધથી યુક્ત કૃત્ય છે. ।।૧૫૪।।**

**ટીકા :-**

**'स्थिरायां' दृष्टौ, 'दर्शनं'-बोधलक्षणं, 'नित्यम्' अप्रतिपाति निरतिचारायाम्, सातिचारायां तु प्रक्षीणनयनपटलोपद्रवस्य तदुक्तोपायानवबोधकल्पमनित्यमपि भवति, तथातिचारभावात् रत्नप्रभायामपि (मिव) धूल्यादेरुपद्रवः, 'प्रत्याहारवदेव च'** 'स्वविषयाऽसम्प्रयोगे स्वचित्तस्वरूपानुकारी चेन्द्रियाणां प्रत्याहारः' **(यो. सू. २-५४) तद्वदेतद्दर्शनं, 'कृत्यं'-वन्दनादि, 'अभ्रान्तं' क्रममधिकृत्य, अत एव, 'अनघम्' अनतिचारत्वात्, एतदेव विशेष्यते, 'सूक्ष्मबोधसमन्वितं'-ग्रन्थिभेदाद्वेद्यसंवेद्यपदोपपत्तेरिति ।।१५४।।**

**ટીકાર્થ :-**

**'स्थिरायां' ..... पदोपपत्तेरिति ।। નિરતિચાર સ્થિરાદૃષ્ટિમાં બોધસ્વરૂપ દર્શન નિત્ય=અપ્રતિપાતી છે, સાતિચારમાં વળી પ્રક્ષીણ થયેલા નયનપટલથી ઉપદ્રવવાળાને તદુક્તોપાયાનવબોધકલ્પં=શાસ્ત્રમાં કહેલા સંસારના ઉચ્છેદના ઉપાયના અનવબોધકલ્પ, અનિત્ય પણ દર્શન થાય છે; કેમ કે તે પ્રકારનઃ અતિચારનો ભાવ છે=યોગમાર્ગના સમ્યગ્ બોધમાં મ્લાનિ થાય તે પ્રકારના અતિચારનો ભાવ છે.**

સાતિચારમાં અનવબોધ થાય છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે :

**રત્નપ્રભામાં ધૂળ આદિના ઉપદ્રવની જેમ અર્થાત્ રત્નની પ્રભા ઉપર ધૂળ આદિ ઊડે તો પ્રભા જેમ ઝાંખી થાય, તેમ સાતિચાર એવી સ્થિરાદૃષ્ટિમાં દર્શનમોહનીયકર્મરૂપ ધૂળ આદિના ઉપદ્રવને કારણે યોગમાર્ગનો સૂક્ષ્મ બોધ હોવા છતાં બોધ કંઈક મ્લાનિ પામે છે.**

**અને પ્રત્યાહારવાળો જ સ્થિરાદૃષ્ટિનો બોધ છે.**

પ્રત્યાહાર શું છે તે પાતંજલ સૂત્રથી બતાવીને, પ્રત્યાહારવાળો સ્થિરાદૃષ્ટિનો બોધ છે તે બતાવે છે –

स्वविषयाऽसम्प्रयोगे=સ્વવિષયનો અસંપ્રયોગ કરાયે છતે=ઇન્દ્રિયોના વિષયોનો અસંપ્રયોગ કરાયે છતે અર્થાત્ ઇન્દ્રિયોના વિષયોના ગ્રહણના આભિમુખ્યના ત્યાગથી સ્વરૂપમાત્રમાં અવસ્થાન કરાયે છતે स्वचित्तस्वरूपानुकारी= સ્વચિત્તના સ્વરૂપને અનુસરનાર=નિરુદ્ધ એવા પોતાના ચિત્તને અનુસરનાર ઇન્દ્રિયોની જે નિરોધ્યતાની પ્રાપ્તિ છે, તે इन्द्रियाणां प्रत्याहारः=ઇન્દ્રિયોનો પ્રત્યાહાર છે.

**तद्वदेतद्दर्शनं=પ્રત્યાહારવાળું આ દર્શન=સ્થિરાદૃષ્ટિનું દર્શન છે.**

શ્લોકના પૂર્વાર્ધથી પાંચમી દૃષ્ટિમાં રહેલા જીવોના બોધનું સ્વરૂપ બતાવ્યું. હવે પાંચમી દૃષ્ટિવાળા યોગીઓ જે ધર્મકૃત્યો કરે છે, તે કેવાં છે ? તે બતાવવા માટે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

**ક્રમને આશ્રયીને વંદનાદિ કૃત્ય અભ્રાંત છે, આથી કરીને જ અનઘ છે=દોષ વગરનું છે; કેમ કે અનતિચારપણું છે. આને જ=કૃત્યને જ, વિશેષણથી વિશેષિત કરે છે. સૂક્ષ્મબોધથી યુક્ત કૃત્ય છે; કેમ કે ગ્રંથિભેદને કારણે વેદ્યસંવેદ્યપદની ઉપપત્તિ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૫૪।।**

❖ 'वन्दनादि' માં 'आदि' પદથી અન્ય ધર્મકૃત્યો ગ્રહણ કરવાનાં છે.

❖ 'धूल्यादेः' માં 'आदि' પદથી ધૂમ, ધુમ્મસનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિમાં બોધ નિત્ય છે=અપ્રતિપાતી છે અર્થાત્ પ્રગટ થયેલો બોધ ક્યારેય જતો નથી. આ પ્રકારનું સ્થિરાદૃષ્ટિનું વર્ણન ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને આશ્રયીને છે અને નિર્મળ કોટીના ક્ષયોપશમ સમ્યક્ત્વવાળાને આશ્રયીને છે; કેમ કે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિનો બોધ ક્યારેય જવાનો નથી અને નિર્મળ કોટીનું ક્ષયોપશમભાવનું સમ્યગ્દર્શન પણ ક્યારેય પાત પામતું નથી. જેમ તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યા પછી તીર્થંકરોમાં વર્તતું ક્ષયોપશમભાવનું સમ્યગ્દર્શન પાત પામતું નથી. તેથી નિરતિચાર એવી સ્થિરાદૃષ્ટિમાં વર્તતું સમ્યગ્દર્શન અપ્રતિપાતી છે. વળી જેઓને સાતિચાર સ્થિરાદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે તેઓને શાસ્ત્રમાં કહેવાયેલા સંસારના ઉચ્છેદના ઉપાયોમાં કોઈક સ્થાનમાં અનવબોધ હોય તેવું અનિત્ય પણ દર્શન છે. જેમ કોઈની ચક્ષુનો પડદો કંઈક ક્ષીણ થયેલો હોય અને પાણીની ભીનાશને કારણે ઉપદ્રવ વર્તતો હોય, તો જોતી વખતે તેની ચક્ષુ સ્પષ્ટ જોતી નથી; તેમ ક્ષયોપશમભાવને પામેલું દર્શનમોહનીયકર્મ પણ આંતર્ચક્ષુ નબળી હોવાથી ઉપદ્રવવાળું બને ત્યારે, સંસારના ઉચ્છેદના ઉપાયના કોઈક સ્થાનમાં બોધની ખામીની પ્રાપ્તિ થાય, તે અપેક્ષાએ સાતિચાર સ્થિરાદૃષ્ટિમાં દર્શન અનિત્ય પણ છે.

અહીં વિશેષ એ છે કે જેમ કોઈનો ચક્ષુનો પડદો નબળો પડ્યો ન હોય તો ચક્ષુથી જે કંઈ બોધ થાય તે યથાર્થ જ થાય, પરંતુ જેની ચક્ષુનો પડદો કંઈક નબળો પડ્યો છે છતાં દૃષ્ટિ નષ્ટ થઈ નથી તેવો જીવ, ચક્ષુની કાળજી રાખતો હોય તો ચક્ષુના પડદાની નબળાઈને કારણે કોઈ ઉપદ્રવ ન થાય તો તેને પણ યથાર્થ દર્શન થાય છે, અને જો તે કાળજી ન રાખે તો કોઈક વખતે કોઈક સ્થાનમાં યથાર્થ બોધ ન પણ થાય. તે રીતે જેઓની આંતર્ચક્ષુ તત્ત્વને જોવામાં સ્પષ્ટ ખૂલેલી છે, તેવા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ કે નિર્મળ કોટીના ક્ષયોપશમભાવવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો, શાસ્ત્રે કહેલ સંસારના ઉચ્છેદના ઉપાયને યથાર્થ જોનારા છે, અને તેમનો તે યથાર્થ બોધ ક્યારેય ઝાંખો પડતો નથી; પરંતુ જેઓનું ક્ષયોપશમભાવનું સમ્યગ્દર્શન તેવું નિર્મળ કોટીનું નથી, તેથી તત્ત્વને જોવાની આંતર્દૃષ્ટિ ખૂલેલી હોવા છતાં કંઈક નબળી છે, તેથી પોતાને કોઈક સ્થાનમાં અતિચાર ન લાગે અને યથાર્થ દર્શન થાય તેના માટે તેવા જીવો કાળજી રાખતા હોય અને ઉચિત ઉપાયોમાં અપ્રમાદભાવથી યત્ન કરતા હોય, તો તેઓનું પણ તત્ત્વદર્શન ક્યારેય ઝાંખું પડે નહિ; પરંતુ જો તેઓ પ્રમાદ કરે તો કોઈક સ્થાનમાં તેઓને અનવબોધ પણ પ્રાપ્ત થાય, તે બતાવવા માટે ટીકામાં કહ્યું કે સાતિચાર સ્થિરાદૃષ્ટિમાં અનિત્ય પણ દર્શન છે; કેમ કે ઉપદ્રવની સામગ્રીના કાળમાં તે પ્રકારનો અતિચાર

થાય છે અર્થાત્ જો જીવ સાવચેત ન રહે તો તત્ત્વદર્શનના કોઈક સ્થાનમાં તેવા જીવોનો સૂક્ષ્મબોધ ઝાંખો પડે છે. જેમ રત્નની પ્રભા ક્યારેય નાશ ન પામે તેવી હોય છે, તોપણ ધૂળ આદિનો ઉપદ્રવ થાય તો તે પ્રભા ઝાંખી પડે છે, તેમ સત્તામાં રહેલું પ્રદેશોદયરૂપે વર્તતું દર્શનમોહનીયકર્મ ક્યારેક વિપાકોદય બતાવીને સાતિચાર ભૂમિકાવાળા જીવોના સમ્યગ્દર્શનને મલિન પણ કરે છે.

વળી સ્થિરાદૃષ્ટિમાં વર્તતું બોધરૂપ દર્શન પ્રત્યાહારવાળું છે, અને પ્રત્યાહારનો અર્થ પાતંજલ સૂત્રમાં બતાવ્યો, તેનો ભાવ એ છે કે સ્થિરાદૃષ્ટિવાળા જીવોને તત્ત્વનો સૂક્ષ્મબોધ હોય છે, તેથી તત્ત્વ પ્રત્યેનું તેમને અત્યંત આકર્ષણ હોય છે, જેના કારણે તેમનું ચિત્ત વિષયોથી નિરોધને પામેલું છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા જીવો ઇન્દ્રિયોના વિષયોના ગ્રહણની અભિમુખતાના ત્યાગમાં યત્ન કરનારા હોય છે, અને તેના કારણે તેમની ઇન્દ્રિયો સ્વરૂપમાત્રમાં અવસ્થાનવાળી હોય છે=વિષયો પ્રત્યેની ઉત્સુકતાવાળી હોતી નથી. અર્થાત્ તેમનું ચિત્ત વિષયોથી નિરુદ્ધ હોવાને કારણે ઇન્દ્રિયોમાં નિરોધતાની પ્રાપ્તિ છે. તેથી નિરોધ પામેલી ઇન્દ્રિયો વિષયોનો સંપર્ક થાય તોપણ બોધમાત્ર કરે છે, પણ વિષયો સાથે સંશ્લેષ પામતી નથી. આવા પ્રકારનો ઇન્દ્રિયોના પ્રત્યાહારવાળો સ્થિરાદૃષ્ટિનો બોધ છે.

આશય એ છે કે સ્થિરાદૃષ્ટિમાં રહેલા જીવો સમ્યગ્દૃષ્ટિ પણ હોય, દેશવિરતિધર પણ હોય અને સર્વવિરતિધર પણ હોય; આમ છતાં સામાન્ય રીતે પ્રસ્તુત એવી આઠે યોગદૃષ્ટિઓમાં બોધને અનુરૂપ કૃત્ય કરનારા જીવોને સામે રાખીને દૃષ્ટિઓનું વર્ણન કરેલ છે. તેથી પાંચમી દૃષ્ટિવાળા પણ બોધને અનુરૂપ કૃત્ય કરનારા સર્વવિરતિધરને સામે રાખીને તેઓનું દર્શન પ્રત્યાહારવાળું છે એમ કહેલ છે. વળી સ્થિરાદૃષ્ટિવાળા જીવોમાં વર્તતો રત્નની પ્રભા જેવો બોધ હંમેશાં તેઓના ચિત્તને વિષયોથી નિરોધવાળું રાખે છે, અને નિરોધને સ્થિર કરવા માટે પાંચમી દૃષ્ટિવાળા જીવો ઇન્દ્રિયોના વિષયોથી દૂર રહે છે. તેમના નિરોધવાળા ચિત્તને કારણે તેમની ઇન્દ્રિયો નિરોધતાને પામેલી હોય છે, ક્વચિત્ તેમની ઇન્દ્રિયો સાથે કોઈ વિષયોનો સંસર્ગ થાય, તોપણ વિષયો પ્રત્યેના સંશ્લેષ વગરની તેઓની ઇન્દ્રિયો હોય છે. આમ છતાં કોઈક જીવને અવિરતિઆપાદકકર્મ અતિ પ્રબળ હોય તો તત્ત્વને જોવા છતાં ઇન્દ્રિયો નિરોધવાળી ન પણ બને. જેમ સત્યકી વિદ્યાધર આદિ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવોની ઇન્દ્રિયો નિરોધવાળી ન હતી, તેવા જીવોની વિવક્ષાએ સ્થિરાદૃષ્ટિવાળા જીવનું દર્શન પ્રત્યાહારવાળું નથી.

વળી સ્થિરાદૃષ્ટિનો બોધ ઉચિત કૃત્યો કરવા માટે પ્રેરણા કરનાર છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા જીવો ઉચિત એવાં વંદનાદિ કૃત્યો કરે છે, અને આ દૃષ્ટિમાં ભ્રાંતિ નામનો દોષ ગયેલો હોવાથી વંદનાદિ કૃત્યો શાસ્ત્રીય ક્રમને આશ્રયીને અભ્રાંત હોય છે; કેમ કે સ્થિરાદૃષ્ટિવાળા જીવોને સૂક્ષ્મબોધ હોય છે, અને તેથી તેઓની બુદ્ધિમાં મોક્ષ એક સાર લાગે છે, અને મોક્ષનો ઉપાય સર્વજ્ઞનું વચન લાગે છે. તેથી સ્વશક્તિ અનુસાર સર્વજ્ઞના વચનનો બોધ કરીને ઉચિત કૃત્યોમાં સ્થિરાદિદૃષ્ટિવાળા જીવો યત્ન કરે છે, અને શાસ્ત્રાનુસારી બોધ હોવાથી તેઓનું વંદનાદિ કૃત્ય ક્રમને આશ્રયીને યથાતથા હોતું નથી, પરંતુ શાસ્ત્રાનુસારી હોય છે, અર્થાત્ (૧) શાસ્ત્રમાં દરેક જીવને પોતાની ભૂમિકા અનુસાર અનુષ્ઠાન કરવાનું કહેલ છે, અને (૨) તે અનુષ્ઠાન સેવવા માટે પ્રથમ વિનયપૂર્વક ગીતાર્થ ગુરુ પાસેથી શ્રવણ કરવું જોઈએ, (૩) શ્રવણ કરીને પૂર્ણ વિધિ યથાર્થ જાણી, (૪) તે તે અનુષ્ઠાન કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ, અને (૫) તે અનુષ્ઠાન તદ્ચિત્ત-

તદ્દમન-તદ્લેશ્યા આદિથી કરવું જોઈએ, (૬) જેથી તે અનુષ્ઠાનના સેવનથી ઉત્તર ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય. આવું અનુષ્ઠાન ક્રમને આશ્રયીને અભ્રાંત હોય છે, અને આથી અતિચાર વગરનું પણ હોય છે.

આશય એ છે કે સમ્યગ્ બોધ સમ્યગ્પ્રવૃત્તિ કરાવે તેવો નિયમ છે, અને સ્થિરાદૃષ્ટિવાળા જીવોને સમ્યગ્બોધ હોય છે, તેથી પોતાના વંદનાદિ કૃત્યમાં કોઈ અતિચાર ન લાગે તે રીતે શાસ્ત્રના ક્રમથી કૃત્ય કરે છે, તેથી તેઓનું કૃત્ય અતિચાર વગરનું કહેલ છે. આમ છતાં કોઈક જીવને અતિચારઆપાદકકર્મ બલવાન હોય તો સમ્યગ્ બોધ અને સમ્યગ્ રુચિ હોવા છતાં કૃત્યમાં સ્ખલના પણ થાય, તેની અહીં વિવક્ષા કરી નથી; પરંતુ સમ્યગ્ બોધ સમ્યગ્પ્રવૃત્તિ કરાવે તે નિયમને સામે રાખીને અતિચાર વગરનું વંદનાદિ કૃત્ય કહેલ છે.

વળી સ્થિરાદૃષ્ટિવાળા જીવોનું વંદનાદિ કૃત્ય અભ્રાંત હોય છે, અતિચાર વગરનું હોય છે, તેમ સૂક્ષ્મબોધથી યુક્ત પણ હોય છે; કેમ કે ગ્રંથિભેદને કારણે સ્થિરાદૃષ્ટિવાળા જીવોમાં વેદ્યસંવેદ્યપદ હોય છે. આશય એ છે કે સ્થિરાદૃષ્ટિવાળા જીવોએ, દરેક કૃત્યને લક્ષ્ય એવા મોક્ષ સાથે જોડી શકે તેવો સૂક્ષ્મબોધ પ્રાપ્ત કરેલો હોય છે, અને તેથી સ્થિરાદૃષ્ટિવાળા જીવો જે અનુષ્ઠાનો કરે છે તે સર્વ અનુષ્ઠાનો સૂક્ષ્મબોધથી યુક્ત હોય છે; અને તેના કારણે તેઓનાં તે તે અનુષ્ઠાનો ઉત્તર ઉત્તરનાં અનુષ્ઠાનોની નિષ્પત્તિ દ્વારા વીતરાગભાવરૂપ ફળમાં પર્યવસાન પામનારાં હોય છે. **II૧૫૪II**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૫૪માં કહ્યું કે સ્થિરાદૃષ્ટિનું દર્શન પ્રત્યાહારવાળું છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા જીવોને સંસારની પ્રવૃત્તિ કેવી દેખાય છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**बालधूलीगृहक्रीडातुल्याऽस्यां भाति धीमताम् ।**
**तमोग्रन्थिविभेदेन, भवचेष्टाखिलैव हि ।।१५५।।**

**અન્વયાર્થ :-**

**तमोग्रन्थिविभेदेन=તમોગ્રંથિનો વિભેદ થયેલો હોવાના કારણે=તત્ત્વને જોવામાં આંતરચક્ષુને અપ્રવૃત્ત કરનાર અંધકારરૂપ ગ્રંથિનો ભેદ થયેલો હોવાના કારણે धीमताम्=બુદ્ધિમાનોને बालधूलीगृहक्रीडातुल्या= બાળકની ધૂળનાં ઘર બનાવવાની ક્રીડા જેવી अखिला एव भवचेष्टा=સઘળી જ ભવચેષ્ટા अस्यां=આમાં=** સ્થિરાદૃષ્ટિમાં भाति=ભાસે છે. ।।૧૫૫।।

**શ્લોકાર્થ :-**

**સ્થિરાદૃષ્ટિમાં તત્ત્વને જોવામાં આંતરચક્ષુને અપ્રવૃત્ત કરનાર અંધકારરૂપ ગ્રંથિનો ભેદ થયેલો હોવાને કારણે સઘળી જ ભવચેષ્ટા બુદ્ધિમાનોને બાળકની ધૂળનાં ઘર બનાવવાની ક્રીડા જેવી ભાસે છે. ।।૧૫૫।।**

**ટીકા :-**

**'बालधूलीगृहक्रीडातुल्या'-प्रकृत्यसुन्दरत्वाऽस्थिरत्वाभ्यां, 'अस्यां'=स्थिरायां दृष्टौ, 'भाति धीमतां'-पुंसां, 'तमोग्रन्थिविभेदेन' हेतुना, 'भवचेष्टाखिलैव हि' चक्रवर्त्यादिचेष्टारूपापि, प्रकृत्यसुन्दरत्वादस्थिरत्वाच्च ।।१५५।।**

**ટીકાર્થ :-**

'बालधूलीगृहक्रीडातुल्या' ..... प्रकृत्यसुन्दरत्वादस्थिरत्वाच्च ।। **આમાં=સ્થિરાદૃષ્ટિમાં, તમોગ્રંથિના વિભેદને કારણે સઘળી જ ભવચેષ્ટા, તેનું પ્રકૃતિથી અસુંદરપણું અને અસ્થિરપણું હોવાને કારણે બુદ્ધિમાન પુરુષોને બાળકની ધૂળનાં ઘર બનાવવાની ક્રીડા જેવી ભાસે, તેવી ભાસે છે.**

કઈ ચેષ્ટા તેવી ભાસે છે ? તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**પ્રકૃતિથી અસુંદરપણું અને અસ્થિરપણું હોવાથી ચક્રવર્તી આદિની ચેષ્ટારૂપ પણ પ્રવૃત્તિ બાલધૂલીગૃહક્રીડાતુલ્ય ભાસે છે. ।।૧૫૫।।**

❖ 'चक्रवर्त्यादिचेष्टारूपापि' માં 'आदि' પદથી રાજા, શ્રીમંત આદિ ગ્રહણ કરવાના છે.

❖ 'चक्रवर्त्यादिचेष्टारूपापि' માં 'अपि' થી એ કહેવું છે કે સામાન્ય જીવોના ભોગો તો અસાર ભાસે છે, પરંતુ ચક્રવર્તી આદિના ભોગોરૂપ ચેષ્ટાઓ પણ અસાર ભાસે છે.

**ભાવાર્થ :-**

પાંચમી દૃષ્ટિમાં વિવેકચક્ષુને જોવામાં વિઘ્ન કરે તેવી અંધકારરૂપ રાગ-દ્વેષની ગાંઠનો વિશેષથી ભેદ થયેલો છે અર્થાત્ મિથ્યાત્વમોહનીયકર્મનો ક્ષયોપશમભાવ થયેલો છે, અને તેના કારણે પાંચમી દૃષ્ટિવાળાને સંસારી જીવોની સર્વ પણ ચેષ્ટાઓ બાળકની ધૂળનાં ઘર બનાવવાની ક્રીડા જેવી લાગે છે. જેમ જુવાન માણસને બાળકની ચેષ્ટા જોઈને પોતાને તેવી ચેષ્ટા કરવાની ઇચ્છા થતી નથી, કારણ કે તે પ્રવૃત્તિ પોતાને પ્રકૃતિથી અસુંદર લાગે છે, તેમ વિવેકીને સંસારી જીવોની ભોગાદિની પ્રવૃત્તિ પ્રકૃતિથી અસુંદર લાગે છે. વળી બાળકની ઘર બનાવવાની ક્રિયા જેમ યુવાનને અસ્થિર જણાય છે અર્થાત્ આ ઘર અલ્પકાળ માટે રમત પૂરતું ઉપયોગી છે પણ ભોગ માટે ઉપયોગી નથી તેમ જણાય છે, તેમ વિવેકીને સંસારના ભોગો અસ્થિર દેખાય છે. તેથી અસ્થિર ભાવોવાળા ભોગોને મેળવવાની ઇચ્છા થતી નથી; પરંતુ જેમ યુવાન પુરુષને ધન અર્જન કરીને પોતાના ભવને સફળ કરવાનો પરિણામ થાય છે, પરંતુ બાળકની જેમ નિરર્થક ચેષ્ટા કરવાનું મન થતું નથી; તેમ તત્ત્વના જોનારાને આત્મહિતની પ્રવૃત્તિ કરીને પોતાના ભવને સફળ કરવાનો પરિણામ થાય છે, પરંતુ નિરર્થક ચેષ્ટા કરવાનું મન થતું નથી. **।।૧૫૫।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૫૫માં કહ્યું કે સ્થિરાદૃષ્ટિવાળા જીવો આખી ભવચેષ્ટાને અસાર જોઈ શકે છે. હવે સ્થિરાદૃષ્ટિવાળા જીવોમાં શ્રુતનો વિવેક હોવાને કારણે બાહ્ય ભાવોને કેવા જુએ છે ? તે બતાવે છે -**

**શ્લોક :-**

**मायामरीचिगन्धर्वनगरस्वप्नसन्निभान् ।**
**बाह्यान् पश्यति तत्त्वेन, भावान् श्रुतविवेकतः ।।१५६।।**

**અન્વયાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળો જીવ श्रुतविवेकतः=શ્રુતવિવેકને કારણે बाह्यान् भावान्=બાહ્ય ભાવોને मायामरीचिगन्धर्व-नगरस्वप्नसन्निभान्=ઝાંઝવાના જળ, ગંધર્વનગર અને સ્વપ્ન જેવા तत्त्वेन=તત્ત્વથી पश्यति=જુએ છે. ।।૧૫૬।।

**શ્લોકાર્થ :-**

**સ્થિરાદૃષ્ટિવાળો જીવ, શ્રુતવિવેકને કારણે બાહ્ય ભાવોને ઝાંઝવાના જળ, ગંધર્વનગર અને સ્વપ્ન જેવા તત્ત્વથી જુએ છે. ।।૧૫૬।।**

**ટીકા :-**

'मायामरीचयो'=मृगतृष्णिका, 'गन्धर्वनगरं'=हरिश्चन्द्रपुरादि, 'स्वप्नः'=प्रतीत एव, एतत्सन्निभान्=एतदाकारान्, 'बाह्यान्'-देहगृहादीन्, 'पश्यति' 'तत्त्वेन'=परमार्थेन, 'भावान्'=पदार्थान्, कुत इत्याह 'श्रुतविवेकतः'=सम्यक्परिणतेन श्रुतज्ञानेन ।।१५६।।

**ટીકાર્થ :-**

'मायामरीचयो' ..... श्रुतज्ञानेन ।। બાહ્ય એવા દેહગૃહાદિ ભાવોને=આત્માથી જુદા એવા દેહ, ઘર આદિ પદાર્થોને માયામરીચિ=ઝાંઝવાના જળ, ગંધર્વનગર=હરિશ્ચંદ્ર નગરાદિ=દેવોના નગરાદિ, સ્વપ્ન=પ્રતીત જ છે, એમના જેવા=એમના આકારવાળા, તત્ત્વથી=પરમાર્થથી, જુએ છે –

શેનાથી જુએ છે ?=કયા હેતુથી જુએ છે ? એથી કહે છે;

શ્રુતના વિવેકથી=સમ્યક્ પરિણત એવા શ્રુતજ્ઞાનથી, બાહ્યભાવોને ઝાંઝવાના જળ આદિ જેવા જુએ છે. ।।૧૫૬।।

**ભાવાર્થ :-**

ભગવાનનું વચન અનેક નયાત્મક છે, અને દરેક નયને ઉચિત સ્થાને યોજન કરવાથી જીવને વિવેકદૃષ્ટિ આવે છે, અને વિવેકદૃષ્ટિથી નયોને યોજવામાં આવે તો આત્મકલ્યાણનું કારણ બને છે. વળી ભગવાનની દેશના દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનયથી યુક્ત હોય છે, અને પર્યાયાસ્તિકનય પદાર્થને ક્ષણિક બતાવે છે; એટલું જ નહિ, પણ પર્યાયાસ્તિકનયની સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવે તો ક્ષણિક એવા આ બાહ્ય પદાર્થો આત્માને માટે ઉપયોગી નથી, તેથી પરમાર્થથી તે પદાર્થો નથી તેમ જણાય છે. સ્થિરાદૃષ્ટિવાળા યોગીને આ

સૂક્ષ્મદૃષ્ટિ સમ્યગ્ પરિણામ પામેલી હોય છે. તેથી જેમ સ્વપ્નમાં દેખાયેલો વૈભવ કોઈ વિવેકીને આસ્થાનું સ્થાન બનતો નથી, તેમ શ્રુતનો વિવેક જેનો ખૂલેલો છે તેવા સ્થિરાદૃષ્ટિવાળા યોગીને પર્યાયાસ્તિકનયની સૂક્ષ્મદૃષ્ટિથી સંસારના દેખાતા સર્વ પદાર્થો આત્મા માટે ઉપયોગી નથી, તેમ ભાસે છે. તેથી તેને તે સર્વ પદાર્થો સ્વપ્ન જેવા પદાર્થોની જેમ અનાસ્થાનું સ્થાન બને છે.

બાહ્ય પદાર્થો સ્વપ્ન જેવા અસાર બતાવવા માટે બીજાં બે દૃષ્ટાંતો બતાવ્યાં છે : (૧) જેમ ઝાંઝવાનું જળ વાસ્તવિક હોતું નથી, પરંતુ તૃષ્ણાવાળા મૃગલાને રેતી ઉપર પડતાં સૂર્યનાં કિરણો જોઈને દૂર દૂર પાણી છે તેવો ભ્રમ થાય છે, તેના જેવા જ બાહ્ય પદાર્થો છે. અથવા (૨) આકાશમાં મેઘધનુષ થાય છે ત્યારે લોકમાં કહેવાય છે કે આ ગંધર્વનગર છે અર્થાત્ દેવોનાં નગરાદિ છે. વસ્તુતઃ તે દેવોનાં નગરો નથી, પરંતુ વાદળાંની તે પ્રકારની રચનામાત્ર છે, જે ક્ષણમાં વિનાશ પામનારી છે. તેમ આત્મા માટે આ બાહ્ય પદાર્થો ઉપયોગી નથી, ફક્ત ભ્રમને કારણે જીવોને આ સંસાર ભોગસામગ્રીમય દેખાય છે; જ્યારે શ્રુતવિવેકથી સ્થિરાદૃષ્ટિવાળાને તે સર્વ અસાર દેખાય છે. **॥૧૫૬॥**

**અવતરણિકા :-**

**સ્થિરાદૃષ્ટિવાળા જીવો શ્રુતવિવેકને કારણે આખી ભવચેષ્ટાને અસાર જુએ છે અને બાહ્ય ભાવો સ્વપ્ન જેવા જુએ છે, તેમ સ્થિરાદૃષ્ટિવાળા જીવો શ્રુતવિવેકને કારણે આત્મતત્ત્વ કેવું જુએ છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अबाह्यं केवलं ज्योतिर्निराबाधमनामयम् ।**
**यदत्र तत्परं तत्त्वं, शेषः पुनरुपप्लवः ।।१५७।।**

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=લોકમાં यद्=જે अबाह्यं केवलं ज्योतिः निराबाधम् अनामयम्=અબાહ્ય, કેવલ, જ્યોતિ, નિરાબાધ, અનામય છે तद्=તે परं तत्त्वं=શ્રેષ્ઠ તત્ત્વ છે. शेषः पुनः=આ પરં તત્ત્વ સિવાય અન્ય વળી उपप्लवः=ઉપપ્લવ છે=જીવ માટે ઉપદ્રવ છે, એ પ્રમાણે શ્રુતવિવેકથી સ્થિરાદૃષ્ટિવાળો જુએ છે, એમ પૂર્વશ્લોકથી અનુવૃત્તિ છે. ॥૧૫૭॥

**શ્લોકાર્થ :-**

**લોકમાં જે અબાહ્ય, કેવલ, જ્યોતિ, નિરાબાધ, અનામય છે તે શ્રેષ્ઠ તત્ત્વ છે. આ પરં તત્ત્વ સિવાય અન્ય વળી જીવ માટે ઉપદ્રવ છે, એ પ્રમાણે શ્રુતવિવેકથી સ્થિરાદૃષ્ટિવાળો જુએ છે, એમ પૂર્વશ્લોકથી અનુવૃત્તિ છે. ॥૧૫૭॥**

**ટીકા :-**

**'अबाह्यम्'=आन्तरं, 'केवलं'=एकं, 'ज्योतिः'=ज्ञानं, 'अनाबाधं'=अमूर्ततया पीडारहितं, 'अनामयम्'=अरोगम् अत एव, 'यद्' 'अत्र'=लोके, 'तत्परं तत्त्वं' वर्तते, सदा तथाभावात्, 'शेषः पुनरुपप्लवः' तथास्वरूपेण भावादिति ।।१५७।।**

**ટીકાર્થ :-**

**'अबाह्यम्' ..... भावादिति ।। અહીં=લોકમાં, જે અબાહ્ય=આંતર, કેવલ=એક, જ્યોતિ=જ્ઞાન, અનાબાધ=અમૂર્તપણું હોવાને કારણે પીડા રહિત, આથી જ=અમૂર્તપણું હોવાથી જ, અનામય=રોગ રહિત છે, તે પરં તત્ત્વ વર્તે છે=જીવ માટે શ્રેષ્ઠ તત્ત્વ છે; કેમ કે સદા તે પ્રકારનો ભાવ છે=હંમેશાં તે પ્રકારનો અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રકારનો જીવનો પરિણામ છે. શેષ=આવા જ્ઞાનથી શેષ દેહાદિ પદાર્થો, આત્મા માટે ઉપપ્લવ છે; કેમ કે તથાસ્વરૂપથી ભાવ છે=ઉપપ્લવ સ્વરૂપથી દેહાદિના સંબંધનો આત્મા સાથે ભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૫૭।।**

**ભાવાર્થ :-**

આત્માનો જ્ઞાનનો પરિણામ એ એની મૂળ સંપત્તિ છે અને તે જ્ઞાન જીવમાં વર્તતો અંતરંગભાવ છે, અને આ જ્ઞાન અમૂર્ત હોવાને કારણે પીડારહિત છે અને અમૂર્ત હોવાને કારણે રોગરહિત છે. આવો જે જ્ઞાનનો પરિણામ છે તે જ જીવ માટે તત્ત્વ છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા યોગી તેવા જ્ઞાનને તત્ત્વરૂપે જોઈને તેને જ લક્ષ્ય કરીને તેને પ્રગટ કરવા માટે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે; કેમ કે વિવેકને કારણે તે જુએ છે કે 'આવો જ્ઞાનનો પરિણામ જીવનો સ્વભાવ હોવાથી સદા તે રૂપે રહેનારો છે. આથી જ સિદ્ધના આત્માઓ આવા જ્ઞાનના પરિણામવાળા હોવાથી સદા સુખમય અવસ્થાનો અનુભવ કરે છે; વળી આવા જ્ઞાન સિવાયના બાહ્ય દેહાદિ પદાર્થો જીવ માટે ઉપદ્રવરૂપ છે; કેમ કે દેહના સંબંધને કારણે જીવને પીડાનો અનુભવ થાય છે, રોગનો અનુભવ થાય છે અને સંસારની સર્વ પરિભ્રમણની કદર્થના ભિન્ન ભિન્ન દેહની પ્રાપ્તિથી થાય છે. માટે દેહાદિ સર્વ પદાર્થો જીવ માટે સદા ઉપદ્રવરૂપ છે.

વળી જીવનો જ્ઞાનનો પરિણામ જો દેહાદિ સાથે સંબંધવાળો ન હોય તો અમૂર્તભાવરૂપ છે, તેથી તેને ક્યારેય પીડાનો અનુભવ થાય નહિ; પરંતુ સંસારવર્તી જીવોને દેહ સાથે સંબંધ હોવાને કારણે સંસારી જીવોના જ્ઞાનમાં મોહના ઉપદ્રવો થાય છે, શાતા-અશાતાના ઉપદ્રવો થાય છે. તેથી સંસારી જીવો પોતાના જ્ઞાનથી જ સર્વ ઉપદ્રવોનું સંવેદન કરે છે; પરંતુ જો દેહાદિનો વિયોગ થાય તો તેનું અંતરંગ જ્ઞાન કોઈ ઉપદ્રવને પામે નહિ, પરંતુ સદા પીડારહિત, રોગરહિત સંવેદનવાળું બને, અને જીવ માટે તે પરમ સુખવાળી અવસ્થા છે. તેથી તેવા જ્ઞાનને પ્રગટ કરવું એ જીવ માટે તત્ત્વ છે. આ પ્રકારે શ્રુતવિવેકથી સ્થિરાદૃષ્ટિવાળા જુએ છે. **।।૧૫૭।।**

**અવતરણિકા :-**

સ્થિરાદૃષ્ટિવાળા જીવો સંસારને કઈ રીતે જુએ છે ? તે શ્લોક-૧૫૫-૧૫૬માં બતાવ્યું અને આત્માને માટે સાધવા જેવા તત્ત્વને કેવું જુએ છે તે શ્લોક-૧૫૭માં બતાવ્યું. હવે આવા તત્ત્વને જોનારા સ્થિરાદૃષ્ટિવાળા જીવો લક્ષ્યને સાધવા માટે કેવો યત્ન કરે છે ? તે બતાવે છે –

**શ્લોક :-**

**एवं विवेकिनो धीराः, प्रत्याहारपरास्तथा ।**
**धर्मबाधापरित्यागयत्नवन्तश्च तत्त्वतः ।।१५८।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૧૫૫ થી શ્લોક-૧૫૭ સુધીમાં બતાવ્યું એ રીતે विवेकिनः धीराः प्रत्याहारपराः= વિવેકવાળા, ધીર અને પ્રત્યાહારપર=ઇન્દ્રિયોને વિષયોથી દૂર રાખવામાં તત્પર, એવા સ્થિરાદૃષ્ટિવાળા જીવો तत्त्वतः=પરમાર્થથી तथा=તે પ્રકારે=જે પ્રકારે પોતાની શક્તિ હોય તે પ્રકારે धर्मबाधापरित्यागयत्नवन्तः= ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવાળા હોય છે. ।।૧૫૮।।

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧૫૫ થી શ્લોક-૧૫૭ સુધીમાં બતાવ્યું એ રીતે વિવેકવાળા, ધીર અને ઇન્દ્રિયોને વિષયોથી દૂર રાખવામાં તત્પર એવા સ્થિરાદૃષ્ટિવાળા જીવો, પરમાર્થથી જે પ્રકારે પોતાની શક્તિ હોય તે પ્રકારે ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવાળા હોય છે. ।।૧૫૮।।**

**ટીકા :-**

'एवम्'=उक्तनीत्या, 'विवेकिन' एते 'धीरा', अचपलाः, 'प्रत्याहारपराः'=उक्तलक्षणप्रत्याहारप्रधानाः 'तथा'=तेन प्रकारेण 'धर्मबाधापरित्यागयत्नवन्तश्च'-तथान्तःपरिशुद्धेः, 'तत्त्वतः'=परमार्थेन । एते हि भिन्नग्रन्थित्वादुत्तमश्रुतप्रधाना इत्येवमालोचयन्ति ।।१५८।।

**ટીકાર્થ :-**

'एवम्'=उक्तनीत्या, ..... इत्येवमालोचयन्ति ।। આ રીતે=ઉક્ત નીતિથી=શ્લોક-૧૫૫-૧૫૬-૧૫૭માં બતાવ્યું એ નીતિથી, વિવેકવાળા=સંસારના પારમાર્થિક સ્વરૂપને અને આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારા, આ=સ્થિરાદૃષ્ટિવાળા જીવો, ધીર=લક્ષ્યને સાધવામાં ચપળતા વગરના, પ્રત્યાહારપર= શ્લોક-૧૫૪માં કહેલ લક્ષણવાળા પ્રત્યાહારપ્રધાન, તત્ત્વથી=પરમાર્થથી=બાહ્ય આચરણામાત્રથી નહિ પરંતુ લક્ષ્યની નિષ્પત્તિનું કારણ બને તેવા પરમાર્થથી, તે પ્રકારે=જે પ્રકારે પોતાની શક્તિ હોય તે પ્રકારે, ધર્મબાધાના પરિત્યાગમાં યત્નવાળા હોય છે=શુદ્ધ આત્માને પ્રગટ કરનારી જીવની પરિણતિરૂપ

**જે ધર્મ, તેને પ્રગટ કરવામાં બાધા કરે તેવો અંતરંગ પ્રમાદનો પરિણામ, તેના પરિત્યાગ માટે ઉચિત યત્નવાળા હોય છે; કેમ કે તે પ્રકારની અંતઃપરિશુદ્ધિ છે=લક્ષ્યની નિષ્પત્તિનો નિર્ણય કરી શકે તેવી ચિત્તની પરિશુદ્ધિ છે. ॥૧૫૮॥**

❖ અહીં શ્લોક પ્રમાણે ટીકાનો અર્થ પૂરો થાય છે. ત્યાર પછી "एते हि भिन्नग्रंथित्वादुत्तमश्रुतप्रधाना इत्येवमालोचयन्ति" સુધી ટીકામાં કથન છે, તે વસ્તુતઃ આગળના શ્લોક-૧૫૯-૧૬૦-૧૬૧ એ ત્રણ શ્લોકના ઉત્થાનરૂપ ભાસે છે. પાઠશુદ્ધિ મળી નથી. સર્વત્ર પ્રસ્તુત શ્લોકની ટીકામાં આ જ પાઠ છે, છતાં પદાર્થની દૃષ્ટિએ આગળના શ્લોકોની અવતરણિકારૂપ હોવાની સંભાવના છે. તેથી તે પ્રમાણે આ ભાગનો અર્થ આગળના શ્લોકની અવતરણિકારૂપે કરેલ છે.

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળા જીવો શ્લોક-૧૫૫-૧૫૬માં બતાવ્યું એ રીતે સંસારના સ્વરૂપને જોનારા છે, અને આત્મા માટે તત્ત્વરૂપ શુદ્ધ જ્ઞાન છે તેને પણ યથાર્થ જોનારા છે, જે શ્લોક-૧૫૭માં બતાવ્યું. તેઓ આવા પ્રકારના વિવેકવાળા હોવાથી સંસારનો ઉચ્છેદ કરીને શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવામાં ધીરતાપૂર્વક યત્ન કરનારા હોય છે, અને તેના અર્થે બાહ્ય ઇન્દ્રિયોને વિષયોથી પરાઙ્મુખ રાખવા માટે તેઓ પ્રત્યાહારપર હોય છે. વળી તેઓ પોતાની શક્તિ અનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરીને શુદ્ધ આત્માના સ્વરૂપરૂપ ધર્મને પ્રગટ કરવા માટે યત્ન કરતાં બાધ કરે તેવા પ્રમાદદોષના પરિત્યાગમાં યત્ન કરનારા હોય છે; કેમ કે સૂક્ષ્મબોધને કારણે તેઓનું અંતઃકરણ તત્ત્વની નિષ્પત્તિના ઉપાયને જોઈ શકે તેવું પરિશુદ્ધ હોય છે. તેથી લક્ષ્યને યથાર્થ જોઈને ધીરતાપૂર્વક તે પ્રકારની ઉચિત પ્રવૃત્તિ કરે છે કે જેથી પોતાની શક્તિ પ્રમાણે સંસારના ઉચ્છેદમાં યત્ન થાય અને વીતરાગભાવની નિષ્પત્તિને અનુકૂળ સમ્યગ્ યત્ન થાય.

અહીં વિશેષ એ છે કે સ્થિરાદૃષ્ટિમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ હોય, દેશવિરતિધર પણ હોય અને સર્વવિરતિધર પણ હોય, પરંતુ તેઓ સર્વ તત્ત્વને જોનારા છે. તેથી પોતે જે ભૂમિકામાં છે તે ભૂમિકાથી ઉપરની ભૂમિકામાં જવા માટેના યત્નપૂર્વક શુદ્ધ આત્માને પ્રગટ કરવાના અભિલાષવાળા હોય છે. તેથી ધીરતાપૂર્વક પોતાની શક્તિને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનો તે રીતે સેવે છે કે જેથી અનુષ્ઠાનકાળમાં પ્રમાદને વશ થઈને ધર્મનિષ્પત્તિમાં બાધા ન થાય. તેથી આવા પ્રકારના સ્થિરાદૃષ્ટિવાળા જીવો જો સમ્યક્ત્વથી પાત ન પામે તો અવશ્ય અલ્પકાળમાં સંસારનો અંત કરીને સંસારના પારને પામનારા બને છે. **॥૧૫૮॥**

**અવતરણિકા :-**

**एते हि भिन्नग्रन्थित्वादुत्तमश्रुतप्रधाना इत्येवमालोचयन्ति –**

**અવતરણિકાર્થ :-**

**આ=સ્થિરાદૃષ્ટિવાળા જીવો, ભિન્નગ્રંથિપણું હોવાને કારણે ઉત્તમ શ્રુતપ્રધાન છે. એથી આ પ્રમાણે=શ્લોક-૧૫૯-૧૬૦-૧૬૧માં બતાવે છે એ પ્રમાણે વિચારે છે –**

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળા જીવોને વિવેક ખૂલેલો હોવાથી સંસારનું સ્વરૂપ જેવું અસાર છે તેવું જ દેખાય છે, તે શ્લોક-૧૫૫-૧૫૬માં બતાવ્યું, તેમને આત્મા માટે મોક્ષ જ પરમહિત છે તેમ દેખાય છે, તે શ્લોક-૧૫૭માં બતાવ્યું અને આવા વિવેકવાળા સ્થિરાદૃષ્ટિવાળા જીવો શક્તિના પ્રકર્ષથી મોક્ષની નિષ્પત્તિ માટે ઉચિત યત્ન કરનારા હોય છે, તે વાત શ્લોક-૧૫૮માં બતાવી. હવે સ્થિરાદૃષ્ટિવાળા જીવો પોતાની ઉચિત પ્રવૃત્તિને વેગ આપવા માટે શું આલોચન કરે છે ? તે બતાવવા માટે શ્લોક-૧૫૯ થી શ્લોક-૧૬૧ સુધીમાં તે જીવોનું આલોચન બતાવે છે. આ સ્થિરાદૃષ્ટિવાળા જીવોની રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાયેલી હોવાથી તેઓ ઉત્તમ શ્રુતદૃષ્ટિવાળા હોય છે અર્થાત્ આત્મા માટે ઉત્તમ મોક્ષ છે અને તે ઉત્તમ મોક્ષને સાધનાર જે શ્રુત છે તે ઉત્તમ શ્રુત છે, આવા ઉત્તમ શ્રુતના પરમાર્થને ઉપદેશાદિના બળથી સ્થિરાદૃષ્ટિવાળા જીવો પામેલા હોય છે. માટે આવા ઉત્તમ શ્રુતવાળા સ્થિરાદૃષ્ટિવાળા જીવો છે, તેથી ઉત્તમ શ્રુતનું અવલંબન લઈને આગળ બતાવાશે તે પ્રમાણે આલોચન કરે છે, જેથી મોક્ષની નિષ્પત્તિને અનુકૂળ પોતાની પ્રવૃત્તિમાં વેગની પ્રાપ્તિ થાય.

**શ્લોક :-**

**न ह्यलक्ष्मीसखी लक्ष्मीर्यथानन्दाय धीमताम् ।**
**तथा पापसखा लोके, देहिनां भोगविस्तरः ।।१५९।।**

**અન્વયાર્થ :-**

**अलक्ष्मीसखी लक्ष्मी=અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી यथा=જે પ્રમાણે धीमताम्=બુદ્ધિમાનોને आनन्दाय=આનંદ માટે न हि=નથી જ, तथा=તે પ્રમાણે लोके=લોકમાં देहिनां पापसखा भोगविस्तरः=પ્રાણીઓનો પાપનો મિત્ર એવો ભોગનો વિસ્તાર બુદ્ધિમાનોને આનંદ માટે નથી. ।।૧૫૯।।**

**શ્લોકાર્થ :-**

**અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી જે પ્રમાણે બુદ્ધિમાનોને આનંદ માટે નથી જ, તે પ્રમાણે લોકમાં પ્રાણીઓનો પાપનો મિત્ર એવો ભોગનો વિસ્તાર બુદ્ધિમાનોને આનંદ માટે નથી. ।।૧૫૯।।**

**ટીકા :-**

'न हि'=नैव, 'अलक्ष्मीसखी लक्ष्मीः'-तथोभयपरिभोगेन 'यथा' 'आनंदाय'=आनन्दार्थं, 'धीमतां'=बुद्धिमतां, 'तथा पापसखा लोके' तदविनाभावेन, 'देहिनां भोगविस्तरो' नानन्दाय, 'नानुपहत्य भूतानि भोगः संभवति, भूतोपघाताच्च पापमिति भावना' ।।१५९।।

**ટીકાર્થ :-**

'न हि'=नैव, ..... भावना' ।। જે પ્રમાણે તે પ્રકારે ઉભયનો પરિભોગ હોવાને કારણે=પ્રથમ લક્ષ્મીની પ્રાપ્તિ થાય અને પછી અલ્પકાળમાં દરિદ્રતાની પ્રાપ્તિ થાય, તે પ્રકારે લક્ષ્મી અને અલક્ષ્મી

**ઉભયનો પરિભોગ હોવાને કારણે, અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી=પાછળથી દરિદ્રતાની પ્રાપ્તિ છે જેને એવી લક્ષ્મી, બુદ્ધિમાનોને આનંદને માટે નથી જ; તે પ્રકારે લોકમાં દેહીઓનો=સંસારી જીવોનો, પાપનો મિત્ર એવો ભોગનો વિસ્તાર બુદ્ધિમાનોને આનંદ માટે નથી; કેમ કે તેની સાથે=પાપની સાથે, અવિનાભાવ છે=ભોગના વિસ્તારનો પાપની સાથે અવશ્યંભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે ભોગના વિસ્તારનો પાપની સાથે અવિનાભાવ કેમ છે ? તેથી કહે છે;

**ભૂતોને=જીવોને, હણ્યા વગર ભોગ સંભવતો નથી, અને પ્રાણીઓના ઉપઘાતથી પાપ છે, એ પ્રકારની ભાવના છે=એ પ્રકારની સ્થિરાદૃષ્ટિવાળાની વિચારણા છે. ॥૧૫૯॥**

**ભાવાર્થ :-**

'જે સંસારી જીવને પ્રથમ લક્ષ્મી પ્રાપ્ત થાય અને પાછળથી દરિદ્રતા પ્રાપ્ત થાય, એક ભવમાં લક્ષ્મી અને અલક્ષ્મી ઉભયનો પરિભોગ પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત થયેલી લક્ષ્મી દરિદ્રતાની સખી છે. તેવી લક્ષ્મી વિચારકને આનંદ માટે થતી નથી, પરંતુ જે લક્ષ્મી આવ્યા પછી જાય નહિ તેવી લક્ષ્મી આનંદ માટે થાય છે. તે રીતે સંસારી જીવોનો ભોગનો વિસ્તાર પાપનો મિત્ર છે; કેમ કે પ્રાણીઓને હણીને ભોગની પ્રાપ્તિ છે અને પ્રાણીઓનો ઘાત એ પાપ છે. તેથી સંસારી જીવોનો ભોગનો વિસ્તાર પાપનો મિત્ર છે, જે વિચારકને આનંદ માટે થાય નહિ. જે ભોગ પાપની સાથે મિત્રતાવાળો ન હોય તેવો ભોગ આનંદ માટે થાય છે. જેમ સંયમના પાલનથી ઉપશમ સુખનો ભોગ થાય છે જે ભોગ પાપની સાથે મિત્રતાવાળો નથી, અને સંયમ પ્રાપ્ત થયા પછી સમ્યક્ પાલન કરવામાં આવે તો ઉપશમનું સુખ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ સુખમય મોક્ષના સુખની પ્રાપ્તિ સદા માટે કરાવે છે. તેથી બુદ્ધિમાનોને તેવું સુખ આનંદ માટે છે.' આ પ્રકારે સ્થિરાદૃષ્ટિવાળા જીવો આલોચન કરીને મોક્ષની નિષ્પત્તિ અર્થે કરાતો પોતાનો પ્રયત્ન સ્થિર કરે છે. **॥૧૫૯॥**

**અવતરણિકા :-**

**धर्मभोगः सुन्दर इत्यप्याशङ्कापोहायाह –**

**અવતરણિકાર્થ :-**

**ધર્મભોગ=ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યથી પ્રાપ્ત થતો ભોગ, સુંદર છે, એ પ્રકારની પણ આશંકાના નિવારણ માટે કહે છે –**

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળા જીવો પોતાની ધર્મની પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે 'ભોગ પાપનો મિત્ર છે' તેમ વિચારીને, ભોગના વિસ્તારથી પરાઙ્મુખ થઈને, સંયમના સુખ માટે ઉદ્યમશીલ થાય છે. ત્યાં કોઈક વિચારકને વિચાર આવે કે ધર્મના સેવનથી મળતા ચક્રવર્તી આદિના ભોગો તો અલક્ષ્મીની સખી એવી લક્ષ્મી જેવા નથી; કેમ કે તે ભોગોથી પાપ બંધાતું નથી અને પુણ્યાનુબંધી પુણ્યથી મળેલા ભોગો હોવાના કારણે તે ભોગો ભોગવીને ભોગની ઇચ્છા શાંત થાય છે, તેથી તે મહાત્મા સંયમના પરિણામવાળા થાય છે અને ઉત્તરોત્તર ધર્મનું સેવન કરીને આત્મકલ્યાણ કરે છે. માટે તેવા ભોગો પ્રત્યે જીવને ઇચ્છા થાય તો શું વાંધો ?

તેવી આશંકાનું નિવારણ કરીને ધર્મથી થતા ભોગો પણ સુંદર નથી તે બતાવે છે, તેમ જ તે પ્રમાણે સ્થિરાદૃષ્ટિવાળા જીવો વિચારીને ધર્મથી થતા ભોગ પ્રત્યે પણ વિમુખ ભાવ કેળવીને માત્ર મોક્ષના પારમાર્થિક સુખ માટે બદ્ધચિત્તવાળા થઈને ઉદ્યમ કરે છે, તે બતાવવા કહે છે –

**શ્લોક :-**

**धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम् ।**
**चन्दनादपि सम्भूतो दहत्येव हुताशनः ।।१६०।।**

**અન્વયાર્થ :-**

**धर्मादपि भवन् भोगः=ધર્મથી પણ થતો ભોગ=ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યથી પણ થતો ભોગ प्रायः=ઘણું કરીને देहिनाम्=જીવોને अनर्थाय=અનર્થ માટે છે, चन्दनादपि=ચંદનથી પણ सम्भूतो हुताशनः= ઉત્પન્ન થયેલો અગ્નિ दहत्येव=બાળે છે જ. ।।૧૬૦।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યથી પણ થતો ભોગ ઘણું કરીને જીવોને અનર્થ માટે છે, ચંદનથી પણ ઉત્પન્ન થયેલો અગ્નિ બાળે છે જ. ।।૧૬૦।।**

**ટીકા :-**

**'धर्मादपि भवन् भोगो'-देवलोकादौ, 'प्रायो'=बाहुल्येन, 'अनर्थाय देहिनां' तथा प्रमादविधानात्, प्रायोग्रहणं शुद्धधर्माक्षेप्यभोगनिरासार्थं, तस्य प्रमादजीव(बीज)त्वायोगात्, अत्यन्तानवद्यतीर्थकरादि-फलशुद्धेः पुण्यसिद्ध्यादावागमाभिनिवेशाद्धर्मसारचित्तोपपत्तेरिति । सामान्यतो दृष्टान्तमाह-'चन्दनादपि सम्भूतः' तथा शैत्यप्रकृतेः किमित्याह 'दहत्येव हुताशनः' तथास्वभावत्वात् । प्राय एतदेवं, न दहत्यपि कश्चित् सत्यमन्त्राभिसंस्कृताद्दाहाऽसिद्धेः, सकललोकसिद्धमेतदिति ।।१६०।।**

**ટીકાર્થ :-**

'धर्मादपि ..... सिद्धमेतदिति ।। ધર્મથી પણ દેવલોકાદિમાં થતો ભોગ=ધર્મના સેવનથી બંધાયેલા પુણ્યના કારણે દેવલોકાદિમાં પ્રાપ્ત થતો ભોગ, પ્રાયઃ=બહુલતાથી, જીવોને અનર્થ માટે છે; કેમ કે તે પ્રકારના પ્રમાદનું વિધાન છે=તે ભોગો ભોગના પ્રાપ્તિકાળમાં ભોગ પ્રત્યે સંશ્લેષ થાય તે પ્રકારના પ્રમાદને કરે છે.

શ્લોકમાં પ્રાયઃ શબ્દનું ગ્રહણ શુદ્ધ ધર્મથી આક્ષેપ્ય ભોગના નિરાસ માટે છે=શુદ્ધ ધર્મના સેવનથી પ્રાપ્ત એવા ભોગના નિરાસ માટે છે; કેમ કે તેના=શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત એવા ભોગના, પ્રમાદબીજત્વનો અયોગ છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મથી આક્ષિપ્ત પુણ્ય તે પ્રકારનો પ્રમાદ કરાવે છે, તો શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત પુણ્ય પ્રમાદનું બીજ કેમ બનતું નથી ? તેમાં હેતુ કહે છે –

**અત્યંત અનવદ્ય તીર્થંકરાદિ ફળશુદ્ધિની=અત્યંત નિરવદ્ય એવા તીર્થંકરાદિ ભાવોરૂપ ફળની પ્રાપ્તિની કારણીભૂત એવી જીવમાં પેદા કરાવનારી શુદ્ધિની, પુણ્યસિદ્ધિ આદિમાં=પુણ્યની નિષ્પત્તિ આદિમાં, આગમના અભિનિવેશને કારણે ધર્મસાર એવા ચિત્તની ઉપપત્તિ હોવાથી શુદ્ધ ધર્મથી આક્ષિપ્ત ભોગ પ્રમાદનું બીજ બનતા નથી, એ પ્રકારે અન્વય છે.**

**'इति' શબ્દ કથનની સમાપ્તિમાં છે.**

**સામાન્યથી દૃષ્ટાંતને કહે છે=વ્યાપ્તિગ્રાહક દૃષ્ટાંત નહિ, પરંતુ બોધ કરવામાં ઉપયોગી એવા સામાન્ય દૃષ્ટાંતને કહે છે –**

**ચંદનથી પણ ઉત્પન્ન થયેલ અગ્નિ બાળે છે જ; કેમ કે તે પ્રકારનો સ્વભાવ છે=અગ્નિમાં દાહ્ય વસ્તુને બાળવાનો સ્વભાવ છે.**

અહીં પ્રશ્ન થાય કે ચંદનથી થતો અગ્નિ કેમ લીધો ? અન્ય અગ્નિ કેમ નહિ ? તેથી કહે છે –

**ચંદનની તે પ્રકારની શીતળ પ્રકૃતિ હોવાથી દૃષ્ટાંત ભાવની સંગતિ થાય તદ્ અર્થે ચંદનથી પણ થતો અગ્નિ બાળે છે એમ કહેલ છે.**

**અર્થાત્ જેમ શીતલ પણ ચંદનના અગ્નિથી દાહ થાય છે, તેમ આત્માને હિતકારી એવા ધર્મના સેવનથી પણ પ્રાપ્ત થયેલ ભોગો આત્માને અનર્થ કરે છે, તે બતાવવા ચંદનનું દૃષ્ટાંત ગ્રહણ કરેલ છે. પ્રાયઃ આ=ચંદનથી થયેલો અગ્નિ, આવો છે=બાળવાના સ્વભાવવાળો છે. કોઈક અગ્નિ નથી પણ બાળતો; કેમ કે સત્યમંત્રથી અભિસંસ્કૃત એવા અગ્નિથી દાહની અસિદ્ધિ છે. આ=સત્યમંત્રથી અભિસંસ્કૃત એવા અગ્નિથી દાહની અસિદ્ધિ છે એ, સકલ લોકમાં સિદ્ધ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૦।।**

❖ 'देवलोकादौ' માં 'आदि' પદથી મનુષ્યલોકનું ગ્રહણ કરવું.

❖ 'अत्यन्तानवद्यतीर्थकरादिफलशुद्धेः' માં 'आदि' પદથી ગણધરાદિનું ગ્રહણ કરવું.

❖ 'पुण्यसिद्ध्यादौ' માં 'आदि' પદથી પુણ્યના ઉદયનું ગ્રહણ કરવું.

❖ 'चन्दनादपि' માં 'अपि' થી એ કહેવું છે કે અન્ય કાષ્ઠથી થયેલો અગ્નિ તો બાળે છે જ, પણ ચંદનથી પણ થયેલો અગ્નિ બાળે છે.

**ભાવાર્થ :-**

કોઈ જીવ દેશવિરતિ કે સર્વવિરતિ આદિ રૂપ ધર્મનું સેવન કરે છે, ત્યારે તેનાથી બંધાયેલું આનુષંગિક પુણ્ય તે જીવને દેવલોકાદિની પ્રાપ્તિ કરાવે છે, અને દેવલોકાદિ ભવમાં ભોગો પ્રાપ્ત થાય છે તે ભોગો પણ પ્રાયઃ જીવોને અનર્થનું કારણ બને છે; કેમ કે ભોગકાળમાં ભોગમાં કંઈક સંશ્લેષ થાય તે પ્રકારનો પરિણામ

તે ભોગના સંપર્કથી થાય છે, અને તે સંશ્લેષવાળો પરિણામ જીવ માટે હિતકારી નથી. માટે ધર્મથી થનારા ભોગો પણ સુંદર નથી, એ પ્રકારે સ્થિરાદૃષ્ટિવાળા જીવો વિચારે છે, અને તેના બળથી ભોગથી વિમુખ થઈને ધર્મનિષ્પત્તિમાં દૃઢ યત્ન કરે છે.

ધર્મથી થનારા ભોગો અનર્થ માટે છે, તે બતાવવા માટે સામાન્યથી દૃષ્ટાંત બતાવે છે :

આશય એ છે કે વ્યાપ્તિગ્રાહક દૃષ્ટાંતમાં વ્યાપ્તિની પ્રાપ્તિ હોય છે. જેમ પર્વતમાં અગ્નિની સિદ્ધિ માટે અનુમાન કરાય છે, ત્યારે મહાનસનું દૃષ્ટાંત આપવામાં આવે છે, જેમાં ધૂમ અને અગ્નિની વ્યાપ્તિ હોય છે. તેના જેવું આ દૃષ્ટાંત નથી, અને તેવું દૃષ્ટાંત આપવું હોય તો એ બતાવવું પડે કે કોઈ જીવે ધર્મનું સેવન કર્યું હોય, તેનાથી તેને ભોગોની પ્રાપ્તિ થઈ હોય અને તે ભોગોથી તેને અનર્થની પ્રાપ્તિ થઈ હોય; પરંતુ એવું આ દૃષ્ટાંત નથી, પણ પદાર્થને સમજવા માટે સામાન્યથી આ દૃષ્ટાંત છે. તે બતાવવા માટે અહીં કહ્યું કે સામાન્યથી દૃષ્ટાંતને કહે છે.

ચંદનથી પણ થયેલો અગ્નિ બાળે છે; કેમ કે અગ્નિનો બાળવાનો સ્વભાવ છે. અહીં ચંદનથી થતો અગ્નિ બાળે છે, એમ બતાવીને એ કહેવું છે કે ચંદન પ્રકૃતિથી શીતળ છે, આમ છતાં તેનાથી થતો અગ્નિ બાળવાના સ્વભાવવાળો છે. તેમ ધર્મ પણ આત્માને માટે હિતકારી છે, તોપણ તે ધર્મથી પ્રાપ્ત થતા ભોગો જીવને પ્રમાદ કરાવનારા છે, માટે અનર્થને કરનારા છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા જીવો તે પ્રકારે ભોગનું સ્વરૂપ વિચારીને ભોગથી દૂર રહેવા યત્ન કરે છે, જેથી ભોગ પ્રત્યેના વલણથી પોતાની યોગમાર્ગની પ્રવૃત્તિ શિથિલ થાય નહિ.

અહીં ધર્મથી થતા ભોગો પ્રાયઃ જીવને અનર્થ માટે છે તેમ કહ્યું, તેમાં પ્રાયઃ કહેવાનું કારણ શુદ્ધ ધર્મથી આક્ષેપ્ય ભોગો અનર્થનું કારણ નથી તેમ બતાવવું છે; કેમ કે શુદ્ધ ધર્મના સેવનથી પ્રાપ્ત થયેલા ભોગો પ્રમાદનું કારણ બનતા નથી.

અહીં પ્રશ્ન થાય કે ધર્મથી થતા ભોગો જેમ પ્રમાદનું કારણ બને છે, તેની જેમ શુદ્ધ ધર્મથી થતા ભોગો પ્રમાદનું કારણ કેમ બનતા નથી ? તેથી કહે છે –

શુદ્ધ ધર્મના સેવનકાળમાં બંધાતું પુણ્ય વિશુદ્ધ કોટીનું હોય છે, અને તે પુણ્ય વિપાકમાં આવે છે ત્યારે આગમ પ્રત્યેનો અભિનિવેશ ઉત્પન્ન થાય છે, જેથી આગમના અભિનિવેશવાળા તે જીવો દેવલોકાદિમાં ભોગો ભોગવતા હોય ત્યારે પણ ધર્મપ્રધાન ચિત્તની ઉપપત્તિ છે; અને ભોગકાળમાં ધર્મપ્રધાન ચિત્ત હોવાને કારણે તેવા જીવોમાં એવી શુદ્ધિ વર્તે છે કે જે શુદ્ધિ અત્યંત અનવદ્ય એવા તીર્થંકરાદિ ફળની પ્રાપ્તિનું કારણ બને છે. આથી આવા જીવો દેવલોકમાં ભોગાદિ કરતા હોય ત્યારે તીર્થંકરનામકર્મ પણ બાંધતા હોય છે; કેમ કે તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યા પછી આઠમા ગુણસ્થાનક સુધી સતત બંધાયા કરે છે; અને આવા યોગીઓ ભોગકાળમાં પણ ભોગની અસારતા સ્પષ્ટ જોનારા હોય છે, તેથી આવા યોગીઓ દેવલોકાદિમાં ભોગકર્મ ભોગવે છે ત્યારે પણ આગમમાં અભિનિવેશવાળું ચિત્ત હોય છે, તેથી સંસારના ઉચ્છેદને અનુકૂળ એવી શક્તિનો સંચય કરે છે. જેમ કોઈ શ્રાવકોને મોક્ષ પ્રત્યે બળવાન ઇચ્છા હોય, મોક્ષના ઉપાયરૂપ નિર્લેપ ચિત્ત અત્યંત પ્રિય હોય, અને તેવા ચિત્તની નિષ્પત્તિ માટે સર્વવિરતિ ઉપાયરૂપે દેખાતી હોય; આમ છતાં

શક્તિનો સંચય ન થયો હોય ત્યારે અત્યંત સાવધાનીપૂર્વક શક્તિ અનુસાર તેવા શ્રાવકો ધર્મમાં યત્ન કરતા હોય, અને ભોગની ઇચ્છા થાય ત્યારે પણ તેને શાંત કરવા ભગવાનના વચનનું સ્મરણ કરે, અને વિચારે કે ભગવાને 'सल्लं कामा विसं कामा' ઇત્યાદિ કહ્યું છે; અને આ પ્રકારના ચિંતનથી પણ ભોગની ઇચ્છારૂપ ખણજ શાંત ન થાય, અને યોગમાર્ગની પ્રવૃત્તિમાં સુદૃઢ યત્ન કરવામાં તે ખણજ વિઘ્નભૂત જણાય, ત્યારે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને માત્ર ખણજના શમન માટે તે શ્રાવકો ભોગમાં યત્ન કરતા હોય, તો તે ભોગકાળમાં પણ તે શ્રાવકોના ચિત્તમાં આગમનો અભિનિવેશ જીવંત હોવાથી ધર્મપ્રધાન ચિત્ત વર્તે છે; અને આ રીતે ભોગ કરનારા મહાત્માઓને ભોગકાળમાં પણ ભોગથી પ્રમાદ થતો નથી, પરંતુ ભોગની ઇચ્છારૂપ ઉપદ્રવનું શમન થવાથી યોગમાર્ગની પ્રવૃત્તિ સુદૃઢ બને છે. આવા સાધકો મનુષ્યભવમાં શુદ્ધ ધર્મને સેવીને દેવલોકાદિમાં જાય અને ભોગ કરે, તોપણ ભોગકાળમાં પ્રમાદવાળા થતા નથી. માટે તેવા યોગીઓના ભોગો અનર્થનું કારણ બનતા નથી, તે બતાવવા માટે શ્લોકમાં પ્રાયઃ શબ્દનો પ્રયોગ છે, અને તેની સંગતિ દૃષ્ટાંતમાં આ રીતે છે –

કોઈ જીવ અગ્નિમાં રહેલી દાહશક્તિનો પ્રતિબંધ કરે એવા સત્યમંત્રથી અગ્નિને અભિસંસ્કૃત કરે, તો તે મંત્રથી સંસ્કારિત કરેલો અગ્નિ, દાહ કરતો નથી, આ વાત લોકમાં સિદ્ધ છે. તેમ શુદ્ધ ધર્મને સેવીને દેવલોકમાં ગયેલા યોગીઓ આગમ પ્રત્યેના અભિનિવેશને કારણે ભોગોને પણ એવા સંસ્કારવાળા બનાવે છે કે જેથી તે ભોગો તેમના પ્રમાદનું કારણ બનતા નથી, પરંતુ તે ભોગોથી ભોગ પ્રત્યેની ઇચ્છાની નિવૃત્તિ થવાથી યોગમાર્ગને અનુકૂળ એવું શુદ્ધ ચિત્ત પ્રગટે છે, જેના ફળરૂપે અત્યંત અનવદ્ય એવા તીર્થંકરાદિ ઉત્તમ ભવોની પ્રાપ્તિ થાય છે. **॥૧૬૦॥**

**અવતરણિકા :-**

**વળી સ્થિરાદૃષ્ટિવાળા જીવો ઉત્તમ શ્રુતપ્રધાન હોય છે. તેથી જેમ ભોગોની અસારતાનો વિચાર કરે છે, તેમ ભોગો ભોગવવાથી થતી ભોગની ઇચ્છાની નિવૃત્તિ એ ઇચ્છાના નાશનો ઉપાય નથી, પરંતુ ભોગના ત્યાગમાં યત્ન કરીને ધર્મના સેવનથી થતી ઇચ્છાની નિવૃત્તિ એ ઇચ્છાના નાશનો ઉપાય છે, તેવી બુદ્ધિને સ્થિર કરવા માટે જે વિચારે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**भोगात्तदिच्छाविरतिः स्कन्धभारापनुत्तये ।**
**स्कन्धान्तरसमारोपस्तत्संस्कारविधानतः ।।१६१।।**

**અન્વયાર્થ :-**

भोगात्तदिच्छाविरतिः=ભોગથી તેની ઇચ્છાની વિરતિ=ભોગથી ભોગની ઇચ્છાની વિરતિ स्कन्धभारापनुत्तये=ખભાના ભારને દૂર કરવા માટે स्कंधान्तरसमारोपः=બીજા ખભામાં આરોપણ છે तत्संस्कारविधानतः=કેમ કે તેના સંસ્કારનું વિધાન છે=ભોગના સંસ્કારને કરે છે. ।।૧૬૧।।

**શ્લોકાર્થ :-**

**ભોગથી ભોગની ઇચ્છાની વિરતિ ખભાના ભારને દૂર કરવા માટે બીજા ખભામાં આરોપણ છે; કેમ કે ભોગના સંસ્કારનું વિધાન છે. ।।૧૬૧।।**

**ટીકા :-**

'भोगात्' सकाशात्, 'तदिच्छाविरतिः'=भोगेच्छाविरतिः, तात्कालिकी, किमित्याह 'स्कन्धभारापनुत्तये'=स्कन्धभारापनुत्त्यर्थं, 'स्कन्धान्तरसमारोपः' वर्तते, कुत इत्याह 'तत्संस्कारविधानतः'= तथाकर्मबन्धेनानिष्टभोगसंस्कारविधानात्तत्त्वतस्तदिच्छाऽनिवृत्तेरिति ।।१६१।।

**ટીકાર્થ :-**

'भोगात्' ..... निवृत्तेरिति ।। **ભોગથી તેની ઇચ્છાની વિરતિ=ભોગની ઇચ્છાની વિરતિ, તાત્કાલિકી છે. કેમ ?=તાત્કાલિકી કેમ છે ? સર્વથા કેમ નથી ? એથી કહે છે –**

**ખભાના ભારને દૂર કરવા માટે અન્ય ખભા ઉપર આરોપ છે. કેમ ? અર્થાત્ ભોગથી થતી ભોગની ઇચ્છાથી વિરતિ બીજા ખભા ઉપર આરોપસ્વરૂપ કેમ છે ? એથી કહે છે –**

**તેના સંસ્કારનું વિધાન હોવાથી=તે પ્રકારના કર્મબંધથી સહિત અર્થાત્ ભોગકાળમાં જે પ્રકારનો સંશ્લેષભાવ વર્તે છે તેને અનુરૂપ ફરી ભોગની ઇચ્છા પેદા કરાવે તે પ્રકારના કર્મબંધથી સહિત અનિષ્ટ એવા ભોગના સંસ્કારનું વિધાન હોવાથી અર્થાત્ જીવને યોગમાર્ગમાં વિઘ્ન કરાવે તેવા અનિષ્ટ ભોગના સંસ્કારોનું આધાન હોવાથી, તત્ત્વથી=પરમાર્થથી="સાનુબંધ ઇચ્છાના ઉચ્છેદનું જે કારણ બને તેને ઇચ્છાનો ઉચ્છેદ કહે અન્યને ઇચ્છાનો ઉચ્છેદ કહે નહિ" એવી તત્ત્વદૃષ્ટિથી, તેની ઇચ્છાની અનિવૃત્તિ હોવાથી=ભોગની ઇચ્છાની અનિવૃત્તિ હોવાથી, ભોગની ક્રિયા ખભાના ભારને દૂર કરવા માટે બીજા ખભા ઉપર ભારનો આરોપ છે, એ પ્રકારે અન્વય છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૧।।**

**ભાવાર્થ :-**

સ્થિરાદૃષ્ટિવાળા સાધક વિચારે છે કે ભોગમાં પ્રવૃત્તિ કરીને ભોગની ઇચ્છાની નિવૃત્તિ થાય છે તે ઇચ્છાની નિવૃત્તિ તાત્કાલિકી છે, પરંતુ મોક્ષનું કારણ બને તેવી અત્યંત ઇચ્છાની નિવૃત્તિ નથી. જેમ કોઈ માણસના એક ખભા ઉપર ભાર હોય અને તે ભારની પીડાને દૂર કરવા તે ભારને બીજા ખભા ઉપર મૂકે, ત્યારે ક્ષણભર જે ખભા ઉપર ભાર હતો ત્યાં પીડાની નિવૃત્તિ થાય, તોપણ બીજા ખભા ઉપર ભાર જવાને કારણે તે પીડાના સંસ્કારો તે બીજા ખભા ઉપર થાય છે. તેથી એક ખભા પરથી ભારને ઉપાડીને અન્ય ખભા ઉપર મૂકવાથી પીડાની અત્યંત નિવૃત્તિ થતી નથી; તેમ ભોગકાળમાં અનુભવાયેલા મધુરપણાના

વેદનના સંસ્કારો આત્મા ઉપર રહે છે, તેથી અમુક કાળ પછી ફરી તે ઇચ્છા ઉદ્ભવ પામે છે. માટે ભોગથી થતી ઇચ્છાની નિવૃત્તિ તાત્કાલિકી છે.

ટીકામાં કહ્યું કે ભોગથી ઇચ્છાની નિવૃત્તિ એક ખભાથી અન્ય ખભા પર ભારના આરોપ સમાન છે. તેમાં હેતુ આપ્યો કે તેના સંસ્કારનું વિધાન છે, અને તેના સંસ્કારનું વિધાન છે એ હેતુનો અર્થ કર્યો કે તે પ્રકારના કર્મબંધથી સહિત એવા અનિષ્ટ ભોગના સંસ્કારનું વિધાન હોવાથી તત્ત્વથી ઇચ્છાની અનિવૃત્તિ છે. એનું તાત્પર્ય એ છે કે જીવ ભોગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે ભોગને અનુકૂળ કોઈક પરિણામ વર્તે છે, અને તે પરિણામ જે અંશમાં ભોગ સાથે સંશ્લેષવાળો છે તે પ્રમાણે ફરી સંશ્લેષ ઉત્પન્ન કરે તેવા પ્રકારના કર્મનો બંધ થાય છે, અને ભોગની પ્રવૃત્તિના કાળમાં આત્માને યોગમાર્ગમાં વિઘ્ન કરે એવા અનિષ્ટ ભોગના સંસ્કારો પડે છે, જે ભોગના સંસ્કારો ફરી નિમિત્ત પામીને ભોગની ઇચ્છા ઉત્પન્ન કરે છે. તેથી પરમાર્થથી ભોગની પ્રવૃત્તિ દ્વારા ઇચ્છાની અત્યંત નિવૃત્તિ નથી, પરંતુ ક્ષણભર ઇચ્છાની નિવૃત્તિ છે. જેમ એક ખભા ઉપર મુકાયેલો ભાર દુઃખના સંસ્કારો પેદા કરે છે, તે ભાર જ્યારે અન્ય ખભા ઉપર જાય છે ત્યારે ક્ષણભર તે દુઃખના સંસ્કારો નિવર્તન પામે છે; છતાં થોડીવારમાં અન્ય ખભા ઉપર દુઃખના સંસ્કારો પડવાથી દુઃખનો અનુભવ થાય છે. માટે ભોગથી ઇચ્છાની નિવૃત્તિ એક ખભા ઉપરથી બીજા ખભા ઉપર ભાર મૂકવાની પ્રવૃત્તિ જેવી ક્ષણિક છે, પરંતુ આત્યંતિક નથી. **॥૧૬૧॥**

# કાન્તાદૃષ્ટિ

**અવતરણિકા :-**

**उक्ता पञ्चमी दृष्टिः, सत्यामस्यामपरैरपि योगाचार्यैरलौल्यादयो गुणाः प्रोच्यन्ते, यथोक्तम् –**

**[स्कंदपुराणे माहेश्वरखण्डे - कुमारिकाखण्डे च, तथा शाङ्‌र्गधरपद्धतौ च]**

**अलौल्यमारोग्यमनिष्ठुरत्वं। गन्धः शुभो मूत्रपुरीषमल्पम् ।**
**कान्तिः प्रसादः स्वरसौम्यता च । योगप्रवृत्तेः प्रथमं हि चिह्नम् ।।१।।**
**मैत्र्यादियुक्तं विषयेष्वचेतः प्रभाववद्धैर्यसमन्वितं च ।**
**द्वन्द्वैरधृष्यत्वमभीष्टलाभः जनप्रियत्वं च तथा परं स्यात् ।।२।।**
**दोषव्यपायः परमा च तृप्तिरौचित्ययोगः समता च गुर्वी ।**
**वैरादिनाशोऽथ ऋतम्भरा धीर्निष्पन्नयोगस्य तु चिह्नमेतत् ।।३।। इत्यादि –**

**इहाप्येतदकृत्रिमं गुणजातम् अत एवारभ्य विज्ञेयम्,**

**तथा च षष्ठीं दृष्टिमभिधातुमाह –**

**અવતરણિકાર્થ :-**

**પાંચમી દૃષ્ટિ કહેવાઈ. આ હોતે છતે=પાંચમી દૃષ્ટિ હોતે છતે, બીજા પણ યોગાચાર્યો વડે અલૌલ્યાદિ ગુણો કહેવાયા છે. જે પ્રમાણે કહેવાયું છે=બીજાઓ વડે કહેવાયું છે –**

**અલૌલ્ય, આરોગ્ય=શરીરનું આરોગ્ય, અનિષ્ઠુરપણું=દયાળુપણું, શુભ ગંધ=યોગના કારણે શરીરમાં શુભ ગંધનો ઉદ્‌ભવ, મૂત્ર-વિષ્ટાની અલ્પતા, કાંતિ=યોગના સેવનને કારણે સૌમ્ય સ્વભાવતા, પ્રસાદ=પ્રસન્નતા, સ્વરસૌમ્યતા=યોગના સેવનને કારણે મધુરભાષિતા, યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા ભાવોની પ્રાપ્તિ એ યોગની પ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે. ।।૧।।**

**तथा परं=અને બીજું – મૈત્ર્યાદિયુક્ત ચિત્ત, विषयेषु अचेतः=વિષયોમાં અચેતન ચિત્ત, પ્રભાવવાળું ચિત્ત, ધૈર્યથી સમન્વિત ચિત્ત=યોગમાર્ગની પ્રવૃત્તિ કરવામાં ધૈર્યથી સમન્વિત ચિત્ત, દ્વન્દ્વોથી અધૃષ્યપણું=અનુકૂળ-પ્રતિકૂળમાં અનાકુળપણું, અભીષ્ટનો લાભ અને જનપ્રિયપણું स्यात्=થાય=યોગપ્રવૃત્તિથી થાય. ।।૨।।**

**दोषव्यपायः=દોષનો વિશેષરૂપે અપગમ, અને પરમ તૃપ્તિ=ભોગાદિથી થતી તૃપ્તિ કરતાં વિશેષ કોટીની તૃપ્તિ, ઔચિત્યયોગ=સર્વત્ર ઉચિત વ્યાપાર, गुर्वी समता=શ્રેષ્ઠ કોટીની સમતા, વૈરાદિનો નાશ=સાંનિધ્યમાં આવનારા જીવોના વૈરાદિનો નાશ, ऋतम्भरा धीः=અત્યંત તત્ત્વને સ્પર્શનારી બુદ્ધિ, જે અપેક્ષાએ પ્રાતિભજ્ઞાન અથવા કેવળજ્ઞાન સ્વરૂપ છે. નિષ્પન્નયોગનું આ=પૂર્વમાં વર્ણન કરાયું એ, ચિહ્ન છે. ।।૩।।**

**'इत्यादि' થી આવાં અન્ય કથનોનો સંગ્રહ જાણવો.**

**अत एवारभ्य=આનાથી જ આરંભીને=સ્થિરાદૃષ્ટિથી જ આરંભીને, અહીં પણ=આગળ બતાવાશે તે કાન્તાદિ દૃષ્ટિઓમાં પણ, આ=પૂર્વના શ્લોકોમાં અલૌલ્યાદિ વર્ણન કરાયા એ, અકૃત્રિમ ગુણોનો સમુદાય જાણવો, અને તે રીતે=જે રીતે કાન્તાદિ દૃષ્ટિઓમાં આ અકૃત્રિમ ગુણોનો સમુદાય થાય છે તે રીતે, છઠ્ઠી દૃષ્ટિને કહેવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી પાંચમી દૃષ્ટિ વર્ણન કરાઈ. હવે પાંચમી દૃષ્ટિ સાથે સંબંધ જોડીને છઠ્ઠી દૃષ્ટિ કહેવા માટે ગ્રંથકાર કહે છે ત્યાં, પાંચમી દૃષ્ટિ સાથે છઠ્ઠી દૃષ્ટિનો સંબંધ બતાવતી વખતે ગ્રંથકારને અન્ય યોગાચાર્યો વડે કહેવાયેલા ગુણોનું સ્મરણ થયું, અને તેનો પાંચમી દૃષ્ટિ સાથે કઈ રીતે સંબંધ છે તે બતાવવું ઉપયોગી જણાવાથી બતાવે છે કે પાંચમી દૃષ્ટિ પ્રગટ થાય ત્યારે બીજા આચાર્યોએ અલૌલ્યાદિ ગુણો પ્રગટ થાય છે તેમ કહ્યું છે. તેમના વચનની સાક્ષી આપે છે –

ત્યાં પ્રથમ શ્લોકમાં બતાવેલ ગુણો યોગપ્રવૃત્તિનું પ્રથમ ચિહ્ન છે. તેથી એ પ્રાપ્ત થાય કે પારમાર્થિક યોગની પ્રવૃત્તિ સ્થિરાદૃષ્ટિથી થાય છે; કેમ કે સ્થિરાદૃષ્ટિમાં વિપર્યાસ વગરનો બોધ છે, તત્ત્વની સ્થિર રુચિ

છે અને શક્તિ અનુસાર યોગમાર્ગમાં પ્રવૃત્તિ છે; જ્યારે તેની પૂર્વે પ્રથમની ચાર દૃષ્ટિઓમાં બોધમાં કંઈક વિપર્યાસ હોવાથી સમ્યગ્ યોગમાર્ગની પ્રવૃત્તિ નથી. આ સ્થિરાદૃષ્ટિવાળા યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમની યોગની પ્રવૃત્તિથી જે ગુણો પ્રગટે છે તે બતાવે છે –

**૧. અલૌલ્ય :-** સ્થિરાદૃષ્ટિવાળા જીવોને ભોગાદિ પ્રવૃત્તિમાં અલોલુપતા હોય છે.

**૨. આરોગ્ય :-** યોગમાર્ગની પ્રવૃત્તિને કારણે સ્થિરાદૃષ્ટિવાળા જીવોનું ચિત્ત સૌમ્ય હોવાથી પ્રાયઃ શરીરમાં આરોગ્યની પ્રાપ્તિ થાય છે; કેમ કે યોગની પ્રવૃત્તિથી દેહની પ્રક્રિયા પણ આરોગ્યની વૃદ્ધિનું કારણ બને તેવી થાય છે, ક્વચિત્ જ બળવાન કર્મને કારણે રોગાદિની પ્રાપ્તિ થાય; પરંતુ જે જીવો યોગમાર્ગમાં પ્રવૃત્ત નથી તેમને તો તેવું બળવાન કર્મ ન હોય તોપણ યોગમાર્ગથી વિપરીત પ્રવૃત્તિને કારણે તેવું આરોગ્ય પ્રાપ્ત થતું નથી; અને યોગમાર્ગમાં પ્રવૃત્તને ઉત્તમ ચિત્તને કારણે દેહનું આરોગ્ય પ્રાપ્ત થાય છે.

**૩. અનિષ્ઠુરત્વ :-** યોગમાર્ગમાં પ્રવૃત્ત એવા સ્થિરાદૃષ્ટિવાળા જીવોનું ચિત્ત દયાળુ હોય છે.

**૪. શુભ ગંધ :-** સ્થિરાદૃષ્ટિવાળા જીવોને યોગમાર્ગની પ્રવૃત્તિથી યોગમાર્ગને અનુકૂળ એવા તેમના ઉત્તમ ભાવોને કારણે દેહમાં શુભ ગંધ પ્રાયઃ પ્રગટ થાય છે. વિશિષ્ટ કર્મ હોય તો જ દુર્ગંધી દેહની પ્રાપ્તિ થાય, નહિ તો યોગમાર્ગની પ્રાપ્તિ પૂર્વે દેહની સ્થિતિ જે ગંધવાળી હોય તેના કરતાં યોગમાર્ગની પ્રાપ્તિને કારણે સ્થિરાદૃષ્ટિવાળાઓની દેહમાં શુભ ગંધ થાય છે.

**૫. વિષ્ટા-મૂત્રની અલ્પતા :-** યોગીઓની યોગમાર્ગની પ્રવૃત્તિથી આહાર આદિનો પરિણામ પણ સાત ધાતુઓરૂપે અધિક પરિણમન પામે છે અને મળ-મૂત્ર આદિરૂપે અલ્પ પરિણમન પામે છે. તેથી સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓની યોગપ્રવૃત્તિને કારણે મળ-મૂત્રની અલ્પતા થાય છે.

**૬. કાંતિ :-** યોગમાર્ગની પ્રવૃત્તિને કારણે પ્રાયઃ પૂર્વે જે શરીરની સુંદરતા હોય તેમાં અતિશય થાય તેવી કાંતિ પ્રગટે છે; કેમ કે યોગના સેવનથી સ્થિરાદૃષ્ટિવાળા જીવોના શરીરની કાંતિની વૃદ્ધિ થાય તે રીતે આહારાદિનાં પુદ્ગલો પરિણમન પામે છે.

**૭. પ્રસાદ :-** યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારનું ચિત્ત હંમેશાં પ્રસન્નતાવાળું હોય છે.

**૮. સ્વરસૌમ્યતા :-** યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા યોગીઓને કુદરતી શરીરની રચનાના અનુસારે જે પ્રકારનો સ્વર પ્રાપ્ત થયો હોય તેમાં યોગના સેવનથી સૌમ્યતા પ્રગટે છે. તેથી તેમના વચનપ્રયોગમાં સૌમ્યતાનું દર્શન થાય છે.

યોગમાર્ગની પ્રવૃત્તિનાં આ પ્રથમ ચિહ્નો છે. તેથી એ ફલિત થાય કે પાંચમી દૃષ્ટિવાળા જીવો યોગમાર્ગને યથાર્થ જોઈને યોગમાર્ગની પ્રાથમિક પ્રવૃત્તિ કરે છે, જેના ફળરૂપે પૂર્વમાં વર્ણન કરાયેલા આઠ ગુણોની પ્રાપ્તિ થાય છે.

યોગમાર્ગની પ્રાથમિક પ્રવૃત્તિ કર્યા પછી યોગીઓ જેમ જેમ યોગમાર્ગનું સેવન કરે છે તેમ તેમ નવા નવા ગુણો પ્રગટે છે.

**૯. મૈત્રી આદિથી યુક્ત ચિત્ત :-** યોગીઓ ઉચિત પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિવાળા હોય છે, તેથી યોગના સેવનના કારણે :

(૧) જગતના તમામ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટે છે અર્થાત્ જીવોનું હિત થઈ શકે ત્યાં હિત કરવાનો પ્રયત્ન થાય છે, અને જ્યાં શક્ય ન હોય ત્યાં પણ તેમનું હિત કરવાનો પરિણામ હોય છે, (૨) ગુણવાન જીવોના ગુણો પ્રત્યે પક્ષપાતનો પરિણામ થાય છે, (૩) દુઃખી જીવો પ્રત્યે કરુણા થાય છે અને (૪) અયોગ્ય જીવો પ્રત્યે પણ દ્વેષ થતો નથી, અને પ્રયત્નથી સુધરે તેવું ન જણાય તો ઉપેક્ષાનો પરિણામ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત મૈત્રી આદિ ચાર ભાવોથી અત્યંત વાસિત હોય તેવો જીવ જીવમાત્ર સાથે ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે. આ ઉચિત પ્રવૃત્તિમાં જે કંઈ સ્ખલના થાય છે તેનું કારણ વિવેકપૂર્વકના મૈત્રી આદિ ભાવોની ન્યૂનતા છે.

**૧૦. વિષયોમાં અચેત :-** યોગના સેવનથી વિષયોની પ્રવૃત્તિમાં ચિત્ત અચેતન જેવું બને છે. પ્રાયઃ યોગીઓ વિષયોની પ્રવૃત્તિ કરતા નથી, તોપણ પાંચે ઇન્દ્રિયો વિદ્યમાન છે અને જગતમાં તેના વિષયો પણ વિદ્યમાન છે, અને તે વિષયોનો ઇંદ્રિયોની સાથે સંપર્ક પણ અનાયાસે થતો હોય છે; તોપણ ચિત્ત નિર્લેપ હોવાથી વિષયોમાં તેમની ચેતના પ્રવર્તતી નથી. તેથી પદાર્થનો બોધમાત્ર થાય છે, પરંતુ ઔત્સુક્યપૂર્વક વિષયોમાં પ્રવૃત્તિ થતી નથી.

**૧૧. પ્રભાવવાળું ચિત્ત :-** યોગીઓનું ચિત્ત પ્રભાવવાળું હોય છે. યોગમાર્ગમાં પ્રવૃત્ત થયેલા યોગીઓ જગત પ્રત્યે નિરપેક્ષભાવવાળા હોય છે. તેથી તેમની પ્રવૃત્તિ જોઈને વિચારક ઉપર તેમના ઉત્તમ ચિત્તનો પ્રભાવ પડે તેવું પ્રભાવવાળું ચિત્ત યોગના સેવનથી યોગીઓને પ્રગટે છે.

**૧૨. ધૈર્યસમન્વિત :-** સંસારનો ઉચ્છેદ અતિ દુષ્કર છે, સાધના અતિ દુષ્કર છે, તોપણ યોગના સેવનથી યોગીઓમાં દુષ્કર એવા પણ યોગમાર્ગને સેવવાને અનુકૂળ ધૈર્યથી યુક્ત ચિત્ત હોય છે.

**૧૩. દ્વન્દ્વ અધૃષ્યતા :-** શાતા-અશાતાનાં દ્વન્દ્વોમાં કે અનુકૂળ-પ્રતિકૂળ ભાવોનાં દ્વન્દ્વોમાં યોગીઓનું ચિત્ત વ્યાકુળ થતું નથી. તેવું દ્વન્દ્વોથી અધૃષ્ય ઉત્તમ ચિત્ત યોગના સેવનથી પ્રગટે છે.

**૧૪. અભીષ્ટ લાભ :-** યોગીઓ યોગનું સેવન કરતા હોય છે અને તેનાથી તેઓને યોગમાર્ગના અતિશય અર્થે જે જે અભીષ્ટ હોય છે, તેની પ્રાપ્તિને અનુકૂળ એવી પુણ્યપ્રકૃતિઓ જાગૃત થાય છે, જેથી પોતાને અભીષ્ટ એવી સામગ્રી પ્રાપ્ત થાય છે.

**૧૫. જનપ્રિયત્વ :-** યોગીઓને ઉત્તમ ચિત્ત અને ઉત્તમ આચારો હોવાથી લોકોમાં તેઓ પ્રિય બને છે. તેથી યોગના સેવનનું ફળ જનપ્રિયત્વ છે.

પ્રથમ શ્લોકમાં યોગના સેવનથી થતા આઠ પ્રાથમિક ગુણો બતાવ્યા, બીજા શ્લોકમાં યોગના સેવનથી ત્યારપછી થતા સાત ગુણો બતાવ્યા. હવે જે યોગીઓ નિષ્પન્ન યોગવાળા છે તેઓમાં થતા અન્ય છ ગુણો બતાવે છે –

**૧૬. દોષવ્યપાય – દોષોનો વિશેષ રીતે અપગમ :-** નિષ્પન્નયોગી પ્રાયઃ સર્વત્ર અસંગભાવવાળા હોય છે. તેથી રાગાદિ દોષો વિશેષ રીતે તેઓમાંથી દૂર થયેલા હોય છે.

**૧૭. પરમતૃપ્તિ :-** નિષ્પન્ન યોગવાળા યોગીઓનું ચિત્ત અસંગભાવવાળું હોવાથી આત્માને નિષ્પન્ન કરવાને અનુકૂળ ધ્યાનાદિથી પરમ તૃપ્તિને અનુભવે છે. તેવી તૃપ્તિ ચક્રવર્તી આદિના ભોગોથી પણ અનુભવાતી નથી.

**૧૮. ઔચિત્યયોગ :-** નિષ્પન્ન યોગીઓ રાગાદિથી અનાકુળ હોવાથી સર્વત્ર ઉચિત વ્યાપાર કરનારા હોય છે. જીવ જે કંઈ મનથી, વચનથી કે કાયાથી અનુચિત વ્યાપાર કરે છે તેનું બીજ રાગાદિ આકુળતા છે, અને નિષ્પન્ન યોગીના રાગાદિ ભાવો અત્યંત નષ્ટપ્રાય છે, તેથી સહજ પ્રકૃતિથી તેઓ ઉચિત પ્રવૃત્તિ કરે છે.

**૧૯. ગુર્વી સમતા – શ્રેષ્ઠ સમતા :-** નિષ્પન્ન યોગીઓ સહજ પ્રકૃતિથી ધ્યાનમાં વર્તતા હોય છે અને તેઓમાં ધ્યાનના બળથી સમતાની વૃદ્ધિ થાય છે, અને વૃદ્ધિ પામેલી સમતા ઉપરની કક્ષાના ધ્યાનમાં સહજ પ્રવર્તાવે છે. તેથી નિષ્પન્ન યોગીઓની સમતા ઉત્તરોત્તર પ્રકર્ષને પામતી જાય તેવી શ્રેષ્ઠ કોટીની હોય છે.

**૨૦. વૈરાદિનાશ :-** યોગનું સેવન કરીને સિદ્ધયોગી બનેલા એવા તે યોગીઓના સાંનિધ્યમાં આવનારાં હિંસક પ્રાણીઓમાં પણ વૈરાદિનો નાશ થાય છે.

**૨૧. ઋતંભરા બુદ્ધિ :-** નિષ્પન્ન યોગીઓને યોગના સેવનના પ્રકર્ષથી ઋતંભરા પ્રજ્ઞા પ્રગટે છે, જે પ્રાતિભજ્ઞાન અથવા કેવળજ્ઞાનસ્વરૂપ છે.

અહીં પણ=આગળની કાન્તા આદિ દૃષ્ટિઓ બતાવાશે એમાં પણ, પૂર્વમાં વર્ણન કરાયેલા અકૃત્રિમ એવા અલૌલ્યાદિ ગુણોનો સમુદાય હોય છે, અને તેનો પ્રારંભ પાંચમી દૃષ્ટિથી થાય છે.

આશય એ છે કે પાંચમી દૃષ્ટિવાળા જીવો વેદ્યસંવેદ્યપદને પામેલા છે, તેથી તત્ત્વને સ્પષ્ટ જુએ છે અને સ્વશક્તિ અનુસાર તત્ત્વની નિષ્પત્તિમાં ઉદ્યમવાળા હોય છે. તેથી ઉપર વર્ણન કરાયેલા એકવીસ ગુણોનો પ્રારંભ પાંચમી દૃષ્ટિથી માંડીને થાય છે. વળી આ સર્વ ગુણો કૃત્રિમ હોતા નથી, પરંતુ યોગના સેવનથી જીવની પ્રકૃતિરૂપ હોય છે, અને તે ગુણો ઉત્તર ઉત્તરની દૃષ્ટિઓમાં ક્રમસર વધે છે. જોકે નિષ્પન્ન યોગીના ગુણો પાંચમી દૃષ્ટિમાં હોતા નથી, તોપણ તે ભૂમિકાનાં બીજ પાંચમી દૃષ્ટિમાં પણ છે. તેથી અહીં કહ્યું કે આ અકૃત્રિમ ગુણોનો સમુદાય પાંચમી દૃષ્ટિથી પ્રગટ થાય છે અને તે ગુણો છઠ્ઠી દૃષ્ટિમાં કંઈક ખીલેલા છે. તે રીતે છઠ્ઠી દૃષ્ટિને બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**कान्तायामेतदन्येषां प्रीतये धारणा परा ।**
**अतोऽत्र नान्यमुन्नित्यं मीमांसास्ति हितोदया ।।१६२।।**

**અન્વયાર્થ :-**

कान्तायाम्=કાંતાદૃષ્ટિમાં एतद्=આ=શ્લોક-૧૫૪માં બતાવેલા પાંચમી દૃષ્ટિના નિત્યદર્શનાદિ ભાવો, अन्येषाम्=અન્યોને=તેઓના સંપર્કમાં આવનારા જીવોને प्रीतये=પ્રીતિ માટે થાય છે, परा धारणा=શ્રેષ્ઠ ધારણા હોય છે, अतः=આનાથી=ધારણા હોવાથી अत्र=અહીં=કાંતાદૃષ્ટિમાં अन्यमुद् न=અન્યત્ર હર્ષ નથી, हितोदया मीमांसा=હિતોદયવાળી મીમાંસા अस्ति=છે. ।।૧૬૨।।

**શ્લોકાર્થ :-**

**કાંતાદૃષ્ટિમાં શ્લોક-૧૫૪માં બતાવેલા નિત્યદર્શનાદિ ભાવો, તેઓના સંપર્કમાં આવનારા જીવોની પ્રીતિ માટે થાય છે, શ્રેષ્ઠ ધારણા હોય છે, ધારણા હોવાથી કાંતાદૃષ્ટિમાં અન્યત્ર હર્ષ નથી, હિતોદયવાળી મીમાંસા છે. ।।૧૬૨।।**

**ટીકા :-**

**'कान्तायां'-दृष्टौ 'एतद्'=अनन्तरोदितं नित्यदर्शनादि 'अन्येषां प्रीतये' भवति, न तु द्वेषाय, तथा 'धारणा परा'-प्रधाना चित्तस्य देशबन्धलक्षणा, यथोक्तम् –** "देशबन्धश्चित्तस्य धारणा" **(३-१ पा.यो.सू.), 'अतो'=धारणातः, 'अत्र'=दृष्टौ, 'नान्यमुद्'=नान्यत्र हर्षः, तदा तत्तत्प्रतिभासाऽयोगात्, तथा 'नित्यं'=सर्वकालं, 'मीमांसास्ति'-सद्विचारात्मिका, अत एवाह 'हितोदया' सम्यग्ज्ञान-फलत्वेन ।।१६२।।**

**ટીકાર્થ :-**

'कान्तायां' ..... सम्यग्ज्ञानफलत्वेन ।। કાંતાદૃષ્ટિમાં આ=અનન્તરોદિત=શ્લોક-૧૫૪માં બતાવેલ નિત્યદર્શનાદિ ભાવો, અન્યોને=તેઓના સંપર્કમાં આવનારા જીવોને, પ્રીતિ માટે થાય છે, પરંતુ દ્વેષ માટે થતા નથી; અને ચિત્તની પરા=પ્રધાન, દેશબંધલક્ષણ ધારણા છે; જે પ્રમાણે પાતંજલ સૂત્રમાં કહેવાયું છે, "ચિત્તની દેશબંધ ધારણા છે." આનાથી=ધારણા હોવાથી, અહીં=કાંતાદૃષ્ટિમાં, અન્યમુદ્ નથી=જે સ્થાનમાં ધારણા કરી છે તેના કરતાં અન્યત્ર હર્ષ નથી; કેમ કે ત્યારે=સાધનાકાળમાં ધારણા વર્તે છે ત્યારે, તેના પ્રતિભાસનો અયોગ છે=ધારણાના વિષયથી અન્ય એવા આજુબાજુના તે તે વિષયના પ્રતિભાસનો અયોગ છે, અને નિત્ય=સર્વકાલ, સદ્વિચારાત્મિકા મીમાંસા છે. આથી જ= સદ્વિચારાત્મિકા મીમાંસા છે આથી જ, હિતોદયવાળી મીમાંસા છે; કેમ કે સમ્યગ્ જ્ઞાનનું ફળપણું છે=સમ્યગ્ જ્ઞાનના ફળરૂપે સદ્વિચારાત્મિકા મીમાંસા છે. ।।૧૬૨।।

**ભાવાર્થ :-**

પાંચમી દૃષ્ટિમાં રહેલા યોગીને નિત્યદર્શન, ઇંદ્રિયોનો પ્રત્યાહાર, અભ્રાંત વંદનાદિ કૃત્ય અને સૂક્ષ્મબોધ : આ ચાર ભાવો પ્રગટે છે, જે શ્લોક-૧૫૪માં બતાવ્યા છે. તે ચારે ભાવો કાંતાદૃષ્ટિમાં પણ હોય છે; અને

કાંતાદૃષ્ટિવાળા જીવોની ઉપશમની પરિણતિ સ્થિરાદૃષ્ટિવાળા જીવો કરતાં અધિક હોય છે. આથી તેઓના નિત્યદર્શનાદિ ગુણો તેમના સંપર્કમાં આવનારા જીવોને માટે પ્રીતિનું કારણ બને છે, પરંતુ દ્વેષનું કારણ બનતા નથી.

વળી કાંતાદૃષ્ટિવાળા જીવોમાં ધારણા નામનો ગુણ પરાકોટીનો પ્રગટેલો હોય છે. આશય એ છે કે યોગમાર્ગની પ્રવૃત્તિ કરનારા સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓ ધર્મઅનુષ્ઠાન કરે છે ત્યારે ચિત્તને નાસિકા આદિ સ્થાનોમાં સ્થિર કરીને લક્ષ્યને અનુરૂપ દૃઢ યત્ન કરનારા છે, તેથી કંઈક અંશથી ધારણાગુણ સ્થિરાદૃષ્ટિવાળાને પણ છે; પરંતુ કાંતાદૃષ્ટિમાં ધારણાગુણ શ્રેષ્ઠ કોટીનો હોય છે. તેથી ધર્મઅનુષ્ઠાનના સેવનકાળમાં ચિત્તને નાસિકા કે નાભિચક્ર આદિ સ્થાનોમાં સ્થાપન કરીને તે તે અનુષ્ઠાન, લક્ષ્યને અનુરૂપ બને તેમ સુદૃઢ યત્ન કરે છે; જ્યારે સ્થિરાદૃષ્ટિવાળા યોગીઓને તેવી ધારણા નહિ હોવાથી સ્ખલનાઓ પણ થવાનો સંભવ રહે છે. વળી કાંતાદૃષ્ટિમાં ધારણાગુણ શ્રેષ્ઠ કોટીનો હોવાને કારણે ધ્યાન-અધ્યયનાદિ ધર્મઅનુષ્ઠાનના સેવનકાળમાં અન્યમુદ્ નામનો દોષ હોતો નથી; કેમ કે ધ્યાન-અધ્યયનાદિના સેવનકાળમાં લક્ષ્યથી અન્ય એવા તે તે પદાર્થોના પ્રતિભાસનો અયોગ છે.

આશય એ છે કે કાંતાદૃષ્ટિવાળા યોગીઓ યોગમાર્ગની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પોતાના ચિત્તને લક્ષ્યની નિષ્પત્તિનું કારણ બને તે રીતે યોગ્ય સ્થાનમાં સ્થાપન કરીને ઉચિત ક્રિયાઓ કરે છે, અને તેઓમાં પ્રકૃષ્ટ ધારણાગુણ હોવાને કારણે અનુષ્ઠાનના સેવનકાળમાં આજુબાજુના પદાર્થોમાંથી કોઈ પદાર્થનો પ્રતિભાસ થતો નથી કે કોઈ અન્ય કાર્યનું સ્મરણ થતું નથી; પરંતુ તેમનું ચિત્ત ઉચિત સ્થાને સ્થિરરૂપે સ્થાપન થયેલું હોવાથી, લક્ષ્યને અનુરૂપ તે અનુષ્ઠાન થાય છે, તેથી અન્યમુદ્ નામનો દોષ હોતો નથી.

વળી કાંતાદૃષ્ટિમાં સદા સદ્‌વિચારાત્મિકા મીમાંસા હોય છે, અને સદ્‌વિચારાત્મિકા મીમાંસા હોવાને કારણે તેઓની મીમાંસા હિતના ફળવાળી છે; કેમ કે સમ્યગ્ જ્ઞાનના ફળરૂપે તેઓને હંમેશાં સંસારના ઉચ્છેદને અનુકૂળ સદ્‌વિચારરૂપ મીમાંસા વર્તતી હોય છે. તેથી તે મીમાંસાથી સંસારના ઉચ્છેદને અનુકૂળ વીર્યનો સંચય થતો હોય છે અને સંસારના ઉચ્છેદમાં સહાયક થાય તેવી પુણ્યપ્રકૃતિઓ બંધાતી હોય છે અને વિપાકમાં આવતી કર્મપ્રકૃતિઓ પણ સદ્‌વિચારરૂપ મીમાંસાને કારણે હિતમાં ઉપષ્ટંભક થાય તે રીતે ફળ આપનારી બને છે. તેથી કાંતાદૃષ્ટિમાં વર્તતી મીમાંસા હિતોદયવાળી છે. **॥૧૬૨॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं स्पष्टयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=પૂર્વશ્લોક-૧૬૨માં બતાવ્યું કે કાંતાદૃષ્ટિમાં રહેલા યોગીઓનાં નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે થાય છે, એ જ અર્થને, સ્પષ્ટ કરતાં ગ્રંથકાર કહે છે –**

**શ્લોક :-**

**अस्यां तु धर्ममाहात्म्यात्समाचारविशुद्धितः ।**
**प्रियो भवति भूतानां धर्मैकाग्रमनास्तथा ।।१६३।।**

**અન્વયાર્થ :-**

अस्यां तु=આમાં જ=કાંતાદૃષ્ટિમાં જ, धर्ममाहात्म्यात्=ધર્મનું માહાત્મ્ય હોવાને કારણે समाचारविशुद्धितः= સમાચારની વિશુદ્ધિ હોવાથી=આચરણાઓની વિશુદ્ધિ હોવાથી, કાંતાદૃષ્ટિવાળા યોગી भूतानाम्= ભૂતોને=સંપર્કમાં આવતા જીવોને प्रियः=પ્રિય तथा=અને धर्मैकाग्रमनाः=ધર્મમાં એકાગ્ર મનવાળા भवति= થાય છે. ॥૧૬૩॥

**શ્લોકાર્થ :-**

**કાંતાદૃષ્ટિમાં જ ધર્મનું માહાત્મ્ય હોવાને કારણે આચરણાઓની વિશુદ્ધિ હોવાથી કાંતાદૃષ્ટિવાળા યોગી સંપર્કમાં આવતા જીવોને પ્રિય અને ધર્મમાં એકાગ્રમનવાળા થાય છે. ॥૧૬૩॥**

**ટીકા :-**

'अस्याम्' एव-दृष्टौ कान्तायां नियोगेन, 'धर्ममाहात्म्यात्' कारणात्, 'समाचारविशुद्धितो' हेतोः किमित्याह 'प्रियो भवति' 'भूतानां' प्राणिनां, 'धर्मैकाग्रमनास्तथा' भवतीति ॥१६३॥

**ટીકાર્થ :-**

'अस्याम्' ..... भवतीति ॥ આમાં જ=કાંતાદૃષ્ટિમાં જ, નિયોગથી=અત્યંત વ્યાપારથી, ધર્મનું માહાત્મ્ય હોવાને કારણે સમાચારની વિશુદ્ધિ હોવાથી=આચરણાઓની વિશુદ્ધિ હોવાથી, ભૂતોને=સંપર્કમાં આવતા પ્રાણીઓને, પ્રિય થાય છે=કાંતાદૃષ્ટિવાળા યોગી પ્રિય થાય છે, અને ધર્મમાં એકાગ્રમનવાળા થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૬૩॥

**ભાવાર્થ :-**

કાંતાદૃષ્ટિમાં નિયોગથી=અત્યંત વ્યાપારથી, કાંતાદૃષ્ટિવાળા યોગીને ધર્મનું માહાત્મ્ય હોય છે, અને તેના કારણે તેઓની આચરણાની વિશુદ્ધિ સ્થિરાદૃષ્ટિવાળા યોગી કરતાં ઘણી અધિક હોય છે. તેથી તેઓના વિશુદ્ધ આચારને કારણે તેઓના સંપર્કમાં આવનારા પ્રાણીઓને આવા યોગીઓ પ્રિય બને છે. આથી શ્લોક-૧૬૨માં કહેલ કે કાંતાદૃષ્ટિવાળાનાં નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે થાય છે.

વળી કાંતાદૃષ્ટિવાળા યોગીને ધર્મનું માહાત્મ્ય ઘણું હોવાથી તેઓના આચારની વિશુદ્ધિ અતિશયવાળી હોય છે, તેથી ધર્મની પ્રવૃત્તિમાં એકાગ્ર મનવાળા હોય છે. આનાથી એ બતાવ્યું કે કાંતાદૃષ્ટિમાં ધારણાગુણ પ્રધાન હોય છે. **॥૧૬૩॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

આને જ=શ્લોક-૧૬૩માં કહ્યું કે કાંતાદૃષ્ટિમાં આચારોની વિશુદ્ધિ હોવાને કારણે યોગી ધર્મમાં એકાગ્રમનવાળા હોય છે એને જ, કહે છે –

**શ્લોક :-**

**श्रुतधर्मे मनो नित्यं कायस्त्वस्यान्यचेष्टिते ।**
**अतस्त्वाक्षेपकज्ञानान्न भोगा भवहेतवः ।।१६४।।**

**અન્વયાર્થ :-**

श्रुतधर्मे=શ્રુતધર્મમાં=શાસ્ત્રવચનમાં मनो नित्यं=મન નિત્ય હોય છે, अस्य=આની=કાંતાદૃષ્ટિવાળાની कायस्तु=કાયા જ अन्यचेष्टिते=અન્યચેષ્ટિતમાં હોય છે. अतस्तु=આથી જ आक्षेपकज्ञानात्=આક્ષેપકજ્ઞાન હોવાને કારણે=શ્રુતમાં મન નિત્ય આક્ષિપ્ત રહે તેવું આક્ષેપકજ્ઞાન હોવાને કારણે भोगा भवहेतवः न=ભોગો ભવના હેતુ નથી. ।।૧૬૪।।

**શ્લોકાર્થ :-**

**કાન્તાદૃષ્ટિવાળાનું શાસ્ત્રવચનમાં મન નિત્ય હોય છે, કાયા જ અન્યચેષ્ટિતમાં હોય છે. આથી જ શ્રુતમાં મન નિત્ય આક્ષિપ્ત રહે તેવું આક્ષેપક જ્ઞાન હોવાને કારણે ભોગો ભવના હેતુ નથી. ।।૧૬૪।।**

**ટીકા :-**

'श्रुतधर्मे'=आगमे, 'मनो नित्यं' तद्भावनोपपत्तेः, 'कायस्तु'=काय एव, 'अस्य'=अधिकृतदृष्टिमतो, 'अन्यचेष्टिते' सामान्ये, 'अतस्तु' अत एव कारणात् 'आक्षेपकज्ञानात्'=सम्यगाक्षेपकज्ञानेन हेतुभूतेन, 'भोगाः'-इन्द्रियार्थसम्बन्धाः 'भवहेतवः'=संसारहेतवो न इति ।।१६४।।

**ટીકાર્થ :-**

'श्रुतधर्मे' ..... संसारहेतवो न इति ।। શ્રુતધર્મમાં=આગમમાં=સર્વજ્ઞના વચનમાં, મન નિત્ય છે.

અહીં પ્રશ્ન થાય કે ચોવીસ કલાક મન આગમમાં જ પ્રવર્તતું હોય તો અન્ય પ્રવૃત્તિ કઈ રીતે સંભવે ? તેથી મન શ્રુતમાં નિત્ય છે તેના તાત્પર્યને બતાવવા માટે કહે છે –

તદ્ભાવનાની ઉપપત્તિ હોવાથી=શ્રુતની ભાવનાની મનમાં નિત્ય ઉપપત્તિ હોવાથી, મન શ્રુતમાં નિત્ય છે, એ પ્રકારનો સંબંધ છે. આની=અધિકૃતદૃષ્ટિવાળાની, કાયા જ સામાન્ય એવા અન્ય ચેષ્ટિતમાં છે=સંસારની અન્ય પ્રવૃત્તિમાં સામાન્યથી કાયાની પ્રવૃત્તિ છે.

**આ જ કારણથી=શ્રુતધર્મમાં નિત્ય મન છે આ જ કારણથી, આક્ષેપકજ્ઞાન હોવાને કારણે=શ્રુતથી દેખાતા સારભૂત ભાવો પ્રત્યે ચિત્તનો આક્ષેપ રહે તેવું સમ્યગ્જ્ઞાન હોવાને કારણે, ઇંદ્રિય અને અર્થના સંબંધરૂપ ભોગો ભવના હેતુ=સંસારના હેતુ, નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬૩માં કહેલ કે કાંતાદૃષ્ટિમાં વર્તતા યોગીઓ ધર્મમાં એકાગ્ર મનવાળા હોય છે. તે વસ્તુ બતાવવા માટે કહે છે કે કાંતાદૃષ્ટિવાળા યોગીઓનું મન હંમેશાં શ્રુતધર્મમાં હોય છે, કાયા જ અન્ય પ્રવૃત્તિમાં હોય છે.

અહીં સ્થૂલથી વિચારતાં એ અર્થ જણાય કે કાંતાદૃષ્ટિવાળા યોગીઓનો મનોવ્યાપાર સતત શ્રુતમાં વર્તે છે, માટે તેમનું મન નિત્ય શ્રુતમાં છે; પરંતુ તેમ સ્વીકારીએ તો, સંસારની કોઈપણ પ્રવૃત્તિ સંપૂર્ણ મનના વિચાર વગર કરવી દુષ્કર છે. જેમ એક સ્થાનથી અન્યત્ર જવું હોય ત્યારે પણ 'મારે ત્યાં જવું છે' તેવું મનથી પ્રથમ વિચારે, ત્યારપછી જવાની પ્રવૃત્તિનો પ્રારંભ થાય. ક્વચિત્ તે પ્રવૃત્તિનો પ્રારંભ કર્યા પછી મન અભીષ્ટ પદાર્થમાં રાખી શકે, પરંતુ પ્રવૃત્તિનો પ્રારંભ તો મનથી વિચારીને થઈ શકે. વળી કેટલીક પ્રવૃત્તિઓ તો પ્રવૃત્તિકાળમાં પણ મનને તે પ્રવૃત્તિવિષયક રાખવામાં ન આવે તો વ્યાપાર થઈ શકે નહિ. તેથી મન નિત્ય શ્રુતમાં છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી ટીકામાં ખુલાસો કર્યો કે શ્રુતની ભાવનાથી ભાવિત મનની નિત્ય ઉપપત્તિ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેનું ચિત્ત શ્રુતની ભાવનાથી ભાવિત હોય, અને તેથી પોતાના મોક્ષપ્રાપ્તિરૂપ લક્ષ્યને ચિત્તથી ભૂલ્યા વગર કાયાથી કોઈ પ્રવૃત્તિ કરતા હોય, ત્યારે મનથી તે કરાતી પ્રવૃત્તિનો વિચાર ચાલતો હોય તોપણ, કાયાથી કરાતી એવી પ્રવૃત્તિમાં મન સંશ્લેષવાળું બનતું નથી; પરંતુ મન શ્રુતની ભાવનાથી ભાવિત હોવાને કારણે શ્રુતે બતાવેલી દિશામાં આક્ષિપ્ત હોય છે, તેથી કરાતી ક્રિયામાં મન સંશ્લેષ પામતું નથી. તે અર્થને બતાવવા માટે મન નિત્ય શ્રુતમાં છે તેમ કહેલ છે.

મન શ્રુતમાં નિત્ય હોવાને કારણે શ્રુત આત્માને જે રીતે નિર્લેપ કરવાની પ્રેરણા આપે તે તરફ ચિત્તનો આક્ષેપ થાય તેવો બોધ કાંતાદૃષ્ટિમાં હોય છે. તેથી ભોગકાળમાં પણ તેમનું અંતરંગ ચિત્ત નિર્લેપ દશા તરફ આક્ષિપ્ત હોય છે. માટે કાયાથી થતી ભોગની પ્રવૃત્તિમાં સંશ્લેષ હોતો નથી. તેથી ભોગો સંસારના હેતુ બનતા નથી.

અહીં વિશેષ એ છે કે પાંચમી દૃષ્ટિવાળા જીવો પણ ભોગને અસાર જુએ છે અને મોક્ષની અવસ્થાને સારરૂપે જુએ છે. વળી મોક્ષની પ્રાપ્તિ માટે ધર્મમાં શક્તિ અનુસાર યત્ન કરે છે અને પોતાની ધર્મમાં કરાતી પ્રવૃત્તિને અતિશય કરવા માટે શ્લોક-૧૫૯-૧૬૦-૧૬૧માં બતાવ્યું તેમ ભોગની અસારતાનું આલોચન પણ કરે છે. તેથી તેઓના ભોગો અનુબંધના પ્રવાહને ચલાવે તેવા હોતા નથી; છતાં તેમને ભોગકાળમાં ભોગજન્ય કંઈક સંશ્લેષ પણ હોય છે. જેમ વિવેકીને ખણજમાં 'इदं मे रोचते' એવી બુદ્ધિ થતી નથી, તોપણ

ખણજકાળમાં ખણજની મીઠાશ પણ પ્રતીત થાય છે. તેમ પાંચમી દૃષ્ટિમાં વિવેક હોવાને કારણે ભોગ સારભૂત દેખાતા નથી, તોપણ ભોગકાળમાં કંઈક સંશ્લેષ પણ થાય છે. જ્યારે છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓને ભોગ તો અસાર લાગે છે, અને શ્રુતમાં ચિત્ત અત્યંત આક્ષિપ્ત હોવાને કારણે ભોગની ઇચ્છા પણ પાંચમી દૃષ્ટિવાળા જીવો જેવી બલવાન હોતી નથી, છતાં ભોગકર્મને કારણે અવિરતિજન્ય કંઈક ઇચ્છા થાય છે; તોપણ શ્રુતનો અતિ આક્ષેપ હોવાને કારણે કાયાથી થતી તે પ્રવૃત્તિમાં નહિવત્ સંશ્લેષ હોય છે, જે કેવલ અવિરતિના ઉદયરૂપ કહી શકાય. માટે તેમના ભોગો ભવના હેતુ થતા નથી, ફક્ત અવિરતિઆપાદકકર્મ ભોગથી ભોગવાઈને નષ્ટ થાય છે, જેથી યોગમાર્ગની પ્રવૃત્તિ અતિવેગવાળી થઈ શકે છે. **॥૧૬૪॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं दृष्टान्तमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**દૃષ્ટાંતને આશ્રયીને આ જ અર્થને=આક્ષેપક જ્ઞાનને કારણે ભોગો સંસારના હેતુ થતા નથી એ જ અર્થને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૬૪માં કહ્યું કે છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીને આક્ષેપક જ્ઞાન હોવાને કારણે ભોગો ભવના હેતુ થતા નથી. એ અર્થ દૃષ્ટાંતથી બતાવે છે –

**શ્લોક :-**

**मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।**
**तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ।।१६५।।**
**भोगान्स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् ।**
**भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ।।१६६।।**

**અન્વયાર્થ :-**

मायाम्भस्तत्त्वतः पश्यन्=માયારૂપી પાણીને તત્ત્વથી જોતો ततः अनुद्विग्नः=તેનાથી અનુદ્વિગ્ન=માયારૂપી પાણીથી અનુદ્વિગ્ન, व्याघातवर्जितः=વ્યાઘાતરહિત પુરુષ यथा=જે પ્રમાણે तन्मध्येन=તેની મધ્યમાંથી=માયાપાણીની મધ્યમાંથી द्रुतम्=શીઘ્ર प्रयात्येव=જાય છે જ;

तथा=તે પ્રમાણે मायोदकोपमान् भोगान् स्वरूपतः पश्यन्=માયાપાણીની ઉપમાવાળા ભોગોને સ્વરૂપથી જોતો, भुञ्जानोऽपि हि=ભોગવતો પણ असङ्गः सन्=અસંગ છતો, કાંતાદૃષ્ટિવાળો યોગી परं पदम्=મોક્ષ તરફ प्रयात्येव=જાય છે જ. ॥૧૬૫-૧૬૬॥

**શ્લોકાર્થ :-**

**માયારૂપી પાણીને તત્ત્વથી જોતો, માયારૂપી પાણીથી અનુદ્વિગ્ન, વ્યાઘાતરહિત પુરુષ જે પ્રમાણે માયાપાણીની મધ્યમાંથી શીઘ્ર જાય છે જ; તે પ્રમાણે માયાપાણીની ઉપમાવાળા ભોગોને સ્વરૂપથી જોતો, ભોગવતો પણ અસંગ છતો, કાંતાદૃષ્ટિવાળો યોગી, મોક્ષ તરફ જાય છે જ. ।।૧૬૫-૧૬૬।।**

❖ व्याघातवर्जितः એ છઠ્ઠી દૃષ્ટિવાળાનું હેતુ અર્થક વિશેષણ છે. તેથી વ્યાઘાતરહિત હોવાને કારણે માયાપાણીમાંથી શીઘ્ર જાય છે જ, એમ અન્વય છે.

**ટીકા :-**

**'मायाम्भस्तत्त्वतः पश्यन्'-मायाम्भस्त्वेनैव, 'अनुद्विग्नः' 'ततो=मायाम्भसः, 'द्रुतं'-शीघ्रं, 'तन्मध्येन'= मायाम्भोमध्येन 'प्रयात्येव'-न न प्रयाति, 'यथा' इत्युदाहरणोपन्यासार्थः 'व्याघातवर्जितो'- मायाम्भसस्तत्त्वेन व्याघाताऽसमर्थत्वादिति ।।१६५।।**

**ટીકાર્થ :-**

'मायाम्भस्तत्त्वतः' ..... व्याघाताऽसमर्थत्वादिति ।। **માયાપાણીને તત્ત્વથી જોતો=માયાપાણીરૂપે જ જોતો, તેનાથી=માયાપાણીથી, અનુદ્વિગ્ન, શીઘ્ર તન્મધ્યેથી=માયાપાણીની મધ્યમાંથી, જે પ્રમાણે જાય છે જ, નથી જતો એમ નહિ,**

કઈ રીતે જાય છે એ બતાવવા માટે જનારનું વિશેષણ બતાવે છે –

**વ્યાઘાતરહિત જાય છે, એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે વ્યાઘાતવર્જિત કેમ જાય છે ? તેથી કહે છે –

**તત્ત્વથી માયાપાણીનું વ્યાઘાત કરવામાં અસમર્થપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૫।।**

**પૂર્વશ્લોકમાં 'यथा' થી ઉદાહરણનો ઉપન્યાસ કર્યો છે, એથી હવે 'तथा' થી કહે છે –**

**ટીકા :-**

**'भोगान्'-इन्द्रियार्थसम्बन्धान्, 'स्वरूपतः पश्यन्' समारोपमन्तरेण, 'तथा'=तेनैव प्रकारेण, 'मायोदकोपमान्' असारान्, 'भुञ्जानोऽपि हि' कर्माक्षिप्तान्, 'असङ्गः सन् प्रयात्येव परं पदं', तथाऽनभिष्वङ्गतया परवशताभावात् ।।१६६।।**

**ટીકાર્થ :-**

'भोगान्' ..... परवशताभावात् ।। **તથા=તે જ પ્રકારે, માયાપાણીની ઉપમાવાળા અસાર, ઇંદ્રિય અને અર્થના સંબંધરૂપ ભોગોને સમારોપ વગર સ્વરૂપથી જોતો, કર્મથી આક્ષિપ્ત એવા ભોગોને**

**ભોગવતો પણ અસંગ છતો=ભોગો પ્રત્યેના સંશ્લેષ વગરનો છતો, પરં પદ પ્રત્યે=મોક્ષ પ્રત્યે, જાય છે જ; કેમ કે તે પ્રકારનું=ભોગના પ્રવૃત્તિકાળમાં ભોગ પ્રત્યે સંશ્લેષ ન થાય તે પ્રકારનું, અનભિષ્વંગપણું હોવાથી=રાગનો અભાવ હોવાથી, પરવશતાનો અભાવ છે. ॥૧૬૬॥**

❖ भुञ्जानोऽपि - છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ અવિરતિના ઉદયવાળા હોય ત્યારે કર્મથી આક્ષિપ્ત ભોગો પણ ભોગવે છે, અને જેઓને અવિરતિઆપાદક કર્મ બળવાન નથી તેઓ ભોગનો ત્યાગ કરીને સંયમમાં યત્ન કરે છે. તેઓનો 'भुञ्जानोऽपि' ના 'अपि' થી સંગ્રહ છે.

**ભાવાર્થ :-**

છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓને શ્રુતધર્મ સમ્યગ્ પરિણમન પામેલ છે, તેથી શ્રુતજ્ઞાન પદાર્થનું સ્વરૂપ જેવું બતાવે છે તે રીતે જ તેઓને શ્રુતચક્ષુથી પદાર્થો સતત બુદ્ધિમાં પ્રતિભાસ થાય છે. તેના કારણે છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ ભોગોને કઈ રીતે જુએ છે, તે દૃષ્ટાંતથી બતાવે છે :

કોઈ મુસાફર સ્થાનાંતર જતો હોય અને વચ્ચે માયારૂપી પાણી આવતું હોય અર્થાત્ પાણી નહિ હોવા છતાં પાણીનો પ્રતિભાસ થાય તેવી સ્ફટિકવાળી ભૂમિ આવતી હોય, અને જનાર મુસાફર 'આ માયારૂપી પાણી છે વસ્તુતઃ પાણી નથી' તેમ જોતો હોય, તો તે માયારૂપી પાણીથી ઉદ્વેગ પામતો નથી, પરંતુ વ્યાઘાત વગર તે માયારૂપી પાણીમાંથી જાય છે જ; કેમ કે તે જાણે છે કે પાણી જેવું દેખાતું સ્ફટિક ગમનમાં વ્યાઘાત કરવા માટે અસમર્થ છે. તેમ છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ ઇંદ્રિયો સાથે સંબંધમાં આવતા ભોગોને સ્વરૂપથી જુએ છે અર્થાત્ 'આ ભોગો સુખના કારણ છે તે પ્રકારના સમારોપ વગર' જુએ છે, તેથી નિર્મળ શ્રુતવિવેકવાળી તેમની દૃષ્ટિમાં ભોગો સુખના ઉપાય છે તેવી બુદ્ધિ ઉત્પન્ન કરાવતા નથી, પરંતુ જેમ માયાપાણી અસાર છે તેમ આ ભોગો અસાર છે તેમ દેખાય છે.

આશય એ છે કે સ્થાનાંતરગમનમાં માયાઉદક વ્યાઘાત કરવા માટે જેમ અસમર્થ છે, તેમ અસંગભાવ તરફ જવા માટે કરાતા યત્નમાં ભોગો સ્ખલના કરવા અસમર્થ છે, તે રૂપે જોતા કાંતાદૃષ્ટિવાળા યોગી, કર્મથી આક્ષિપ્ત ભોગોને ભોગવતા હોવા છતાં પણ ભોગમાં સંશ્લેષ પામતા નથી, પરંતુ ભોગકાળમાં પણ અસંગભાવને અનુકૂળ યત્ન કરતા હોય છે. તેથી પરમપદ પ્રત્યે જવા માટેનો તેમનો યત્ન સ્ખલના પામતો નથી અર્થાત્ ભોગો પ્રત્યેનો અભિષ્વંગ નહિ હોવાને કારણે ભોગને વશ થઈને લક્ષ્ય તરફના યત્નમાં સ્ખલના થતી નથી.

અહીં વિશેષ એ છે કે પાણીના ભ્રમને પેદા કરાવે તેવી સ્ફટિકની ભૂમિ જોઈને જવા માટે પ્રયત્ન કરનાર મુસાફર જવામાં યત્ન કરી શકતો નથી; પણ જે મુસાફરને જ્ઞાન છે કે પાણી જેવું દેખાતું આ સ્થળ પાણીવાળું નથી, તેથી જવામાં કોઈ વાંધો નથી, તે મુસાફર કોઈ જાતના વ્યાઘાત વગર ગમનક્રિયા કરે છે. તેમ છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ જાણે છે કે દેખાતા પુદ્ગલાત્મક પદાર્થોમાંથી કોઈ ભાવ નીકળીને પોતાના આત્મામાં પ્રવેશ પામતો નથી કે જેથી તે પુદ્ગલના બળથી પોતાને સુખ પ્રાપ્ત થાય, ખરેખર અસંગભાવવાળું ચિત્ત જ સુખનું બીજ છે. આ પ્રકારની શ્રુતની પરિણતિને કારણે ભોગોને તે રીતે જુએ છે કે જેથી ભોગોમાં સુખના ઉપાયની બુદ્ધિ થતી નથી. આમ છતાં ભોગએકનાશ્ય એવા કર્મથી આક્ષિપ્ત ભોગો પ્રાપ્ત થયા હોય, અને

અવિરતિઆપાદકકર્મ ઉદયમાં વિદ્યમાન હોય, અને તેના વિપાકથી અવિરતિની પ્રવૃત્તિરૂપ ભોગની પ્રવૃત્તિ કરતા હોય, ત્યારે પણ ભોગના પારમાર્થિક સ્વરૂપનો બોધ હોવાને કારણે ભોગકાળમાં ચિત્ત સંશ્લેષ પામે તેવો રાગનો પરિણામ તેઓને હોતો નથી. તેથી ભોગકાળમાં પણ ભોગ પ્રત્યે સંગ વગરનું ચિત્ત હોય છે. તેથી ભોગક્રિયા દ્વારા પણ ભોગકર્મનો નાશ કરીને પરમપદ તરફ જ તેઓ ગમન કરતા હોય છે.

**પાંચમી દૃષ્ટિવાળા, છઠ્ઠી દૃષ્ટિવાળા અને કેવલીની સંસારક્રિયામાં રહેલ નિર્લેપતાનો ભેદ :-**

પાંચમી દૃષ્ટિવાળા યોગીઓને ભોગકાળમાં ભોગની અસારતાનો બોધ હોવાને કારણે ચિત્ત ભોગ પ્રત્યે સંશ્લેષવાળું નથી છતાં કંઈક સંશ્લેષ છે, તેના કરતાં પણ વિશેષ પ્રકારનું અસંશ્લેષવાળું ચિત્ત છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીનું છે અર્થાત્ અલ્પ સંશ્લેષ છે. તેથી ભોગકાળમાં પણ અવિરતિઆપાદકકર્મથી ચિત્ત અધિક લેશ પણ સંશ્લેષ પામતું નથી; અને તેવા પ્રકારની સંસારની ક્રિયા કરનાર ગૃહવાસમાં રહેલા કેવલી કુર્માપુત્રને તો સર્વથા લેશ પણ સંશ્લેષ નથી; કેમ કે તેમને અવિરતિઆપાદક કર્મ નથી. **॥૧૬૫-૧૬૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૬૪માં બતાવ્યું કે કાંતાદૃષ્ટિવાળા યોગીઓનું ચિત્ત નિત્ય શ્રુતધર્મમાં હોય છે, તેથી તેઓના ભોગો ભવના હેતુ થતા નથી અને તે વાતને દૃષ્ટાંતથી શ્લોક-૧૬૫-૧૬૬માં બતાવી. હવે વ્યતિરેકથી તે કથનને દૃઢ કરવા માટે, જેઓને ભોગો સુખના ઉપાયરૂપ દેખાય છે, તેઓ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય તોપણ મોક્ષમાર્ગમાં યત્ન કરી શકતા નથી, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**भोगतत्त्वस्य तु पुनर्न भवोदधिलङ्घनम् ।**
**मायोदकदृढावेशस्तेन यातीह कः पथा ।।१६७।।**
**स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयम् ।**
**मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ।।१६८।।**

**અન્વયાર્થ :-**

पुनः=વળી भोगतत्त्वस्य तु=ભોગને તત્ત્વરૂપે જોનારાનું भवोदधिलङ्घनम् न=ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી. मायोदकदृढावेशः कः=માયાઉદકમાં દૃઢ આવેશવાળો, કોણ,=માયાઉદકમાં આ ઉદક છે એવા દૃઢ નિર્ણયવાળો કોણ, तेन पथा=તે માર્ગથી इह=અહીં=ઈષ્ટ સ્થાને याति=જાય ? ॥૧૬૭॥

स=તે=માયાઉદકમાં ઉદકના દૃઢ આવેશવાળો तत्रैव=ત્યાં જ=તે માર્ગમાં જ भयोद्विग्नः=ભયથી ઉદ્વિગ્ન=આગળ જવાથી ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન यथा=જે પ્રમાણે असंशयम्=નક્કી तिष्ठति=ઊભો રહે છે, तथा=તે પ્રમાણે भोगजम्बालमोहितः=ભોગજંબાલથી મોહિત=ભોગના સમુદાયમાં મૂંઝાયેલો मोक्षमार्गेऽपि हि=મોક્ષમાર્ગમાં પણ આગળ જતાં અટકે છે. ॥૧૬૮॥

શ્લોકાર્થ :-

વળી ભોગને તત્ત્વરૂપે જોનારાનું ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી. 'માયાઉદકમાં, આ ઉદક છે એવા દૃઢ નિર્ણયવાળો' કોણ તે માર્ગથી ઈષ્ટસ્થાને જાય ? ।।૧૬૭।।

માયાઉદકમાં ઉદકના દૃઢ આવેશવાળો, તે માર્ગમાં જ આગળ જવાથી ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન જે પ્રમાણે નક્કી ઊભો રહે છે, તે પ્રમાણે ભોગના સમુદાયમાં મૂંઝાયેલો મોક્ષમાર્ગમાં પણ આગળ જતાં અટકે છે. ।।૧૬૮।।

ટીકા :-

'भोगतत्त्वस्य तु'-भोगपरमार्थस्य 'पुनः, न भवोदधिलङ्घनं'-तथाबुद्धेस्तदुपायेऽप्रवृत्तेः, आह च, 'मायोदकदृढावेशः' तथाविपर्यासात्, 'तेन यातीह कः पथा'-यत्र मायायामुदकबुद्धिः ।।१६७।।

ટીકાર્થ :-

'भोगतत्त्वस्य तु' ..... मायायामुदकबुद्धिः ।। વળી ભોગને પરમાર્થરૂપે જોનારને ભવોદધિલંઘન નથી; કેમ કે તથાબુદ્ધિથી=ભોગને સુખના ઉપાયરૂપે જોનાર બુદ્ધિથી, તેના ઉપાયમાં=ભવસમુદ્રના ઉલ્લંઘનના ઉપાયભૂત નિર્લેપદશામાં, અપ્રવૃત્તિ છે, અને કહે છે=ભોગને પરમાર્થરૂપે જોનારને ભવોદધિલંઘન નથી, એ કથનને દૃષ્ટાંતથી કહે છે –

માયાઉદકમાં દૃઢ આવેશવાળો કોણ,=કયો મુસાફર, તે માર્ગથી=જે માયારૂપ માર્ગમાં ઉદકબુદ્ધિ છે તે માર્ગથી, અહીં=ઈષ્ટસ્થાનમાં, જાય ? અર્થાત્ જતો નથી.

અહીં પ્રશ્ન થાય કે માયાઉદકમાં દૃઢ આવેશ હોવાને કારણે કેમ જતો નથી ? તેથી કહે છે –

તે પ્રકારનો વિપર્યાસ હોવાથી='માયાઉદકમાં, આ ઉદક છે માટે ત્યાંથી જવાથી પોતે ડૂબી જશે' તે પ્રકારનો વિપર્યાસ હોવાથી, તે માર્ગથી ઈષ્ટસ્થાનમાં જતો નથી, એમ અન્વય છે. ।।૧૬૭।।

❖ અહીં 'मायोदकदृढावेशः' એ कः નું વિશેષણ છે, અને તે માર્ગથી જતો નથી તે બતાવવામાં હેતુઅર્થક વિશેષણ છે, અને તેથી જ ટીકામાં તેનું તાત્પર્ય ખોલતાં કહ્યું કે તે પ્રકારનો વિપર્યાસ હોવાથી તે માર્ગથી જતો નથી.

ટીકા :-

'स'=मायायामुदकदृढावेशः, 'तत्रैव'-पथि, 'भयोद्विग्नः' सन् 'यथा'-इत्युदाहरणोपन्यासार्थः, 'तिष्ठत्यसंशयं'-तिष्ठत्येव जलबुद्धिसमावेशात् । 'मोक्षमार्गेऽपि हि' ज्ञानादिलक्षणे 'तथा' तिष्ठत्यसंशयं 'भोगजम्बालमोहितः'-भोगनिबन्धनदेहादिप्रपञ्चमोहित इत्यर्थः ।।१६८।।

ટીકાર્થ :-

'स' ..... प्रपञ्चमोहित इत्यर्थः ।। તે=માયામાં અર્થાત્ માયારૂપી પાણીમાં ઉદક છે એ પ્રકારના દૃઢ નિર્ણયવાળો, તે જ માર્ગમાં જે પ્રકારે ભયથી ઉદ્વિગ્ન છતો='આ માર્ગમાંથી જવાથી હું ડૂબી જઈશ'

**એ પ્રકારના ભયથી ઉદ્વિગ્ન છતો, અસંશય=નક્કી, ઊભો રહે છે; કેમ કે જલબુદ્ધિનો સમાવેશ છે=તે માર્ગમાં જલબુદ્ધિનો બોધ છે. તે પ્રકારે જ્ઞાનાદિ સ્વરૂપ મોક્ષમાર્ગમાં પણ ભોગજંબાલથી મોહિત=ભોગના કારણીભૂત દેહાદિ સમુદાય પ્રત્યે મોહવાળો, અસંશય ઊભો રહે છે=ધર્મઅનુષ્ઠાન કરતો હોય તોપણ મોક્ષમાર્ગમાં ગમન કરતો નથી. ।।૧૬૮।।**

**ભાવાર્થ :-**

જે જીવો કોઈક રીતે ધર્મ કરવા માટે પ્રવૃત્તિ કરતા હોય, આમ છતાં ભોગપદાર્થમાં સુખનું સંવેદન હોવાને કારણે 'ભોગસામગ્રી સુખનો ઉપાય છે' તેવી જેમને બુદ્ધિ છે, તે જીવો ભોગને પરમાર્થરૂપે જુએ છે. તેથી તેઓની ધર્મપ્રવૃત્તિથી પણ ભવસમુદ્રનું ઉલ્લંઘન નથી; કેમ કે ભોગમાં પરમાર્થબુદ્ધિ હોવાથી ભવસમુદ્રના ઉલ્લંઘનના કારણીભૂત નિર્લેપદશામાં ધર્મસેવનથી પણ પ્રવૃત્તિ થતી નથી. આ કથનને દૃષ્ટાંતથી બતાવે છે -

કોઈ પથિક માયારૂપી પાણીમાં 'આ ઉદક છે' એવા દૃઢ નિર્ણયવાળો હોય, તે મુસાફર તે સ્થાનને ઓળંગીને સામે જવાની ઇચ્છાવાળો હોય તોપણ તે માર્ગથી જતો નથી; કેમ કે 'માયારૂપી પાણીમાં, આ વાસ્તવિક પાણી છે' તેવો વિપર્યાસ છે. તેથી તે સ્થાનમાંથી જવા તે યત્ન કરતો નથી, પરંતુ ડૂબી જવાના ભયથી ઉદ્વિગ્ન થયેલો ત્યાં જ નક્કી ઊભો રહે છે. તે રીતે જે જીવો ભોગના કારણીભૂત દેહ આદિ સમુદાયમાં મોહવાળા છે, તેઓ ધર્મની પ્રવૃત્તિ કરે તોપણ ચિત્તને નિર્લેપ કરવા અર્થે યત્ન કરી શકતા નથી, અને ચિત્ત અંશે અંશે પણ નિર્લેપ થયા વગર મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થતી નથી. **॥૧૬૭-૧૬૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૬૨માં બતાવ્યું કે કાંતાદૃષ્ટિમાં નિત્યદર્શનાદિ અન્યની પ્રીતિ માટે થાય છે, અને ધારણા પરા હોય છે, તે વાત અત્યાર સુધી સ્પષ્ટ કરી. હવે કાંતાદૃષ્ટિમાં હિતોદયવાળી મીમાંસા હોય છે, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**मीमांसाभावतो नित्यं न मोहोऽस्यां यतो भवेत् ।**
**अतस्तत्त्वसमावेशात्सदैव हि हितोदयः ।।१६९।।**

**અન્વયાર્થ :-**

**नित्यं=નિત્ય मीमांसाभावतो=મીમાંસાનો ભાવ હોવાને કારણે=મીમાંસાનો સદ્ભાવ હોવાને કારણે यतः=જે કારણથી अस्यां=આ દૃષ્ટિમાં मोहो=મોહ न भवेत्=ન હોય, अतः=આથી=મોહથી પ્રવૃત્તિ ન હોય આથી तत्त्वसमावेशात्=તત્ત્વનો સમાવેશ હોવાને કારણે=સર્વ પ્રવૃત્તિઓમાં સદન્તઃકરણરૂપ તત્ત્વનો સમાવેશ હોવાને કારણે सदैव हि=સદા જ हितोदयः=હિતનો ઉદય છે. ।।૧૬૯।।**

**શ્લોકાર્થ :-**

**નિત્ય મીમાંસાનો સદ્‌ભાવ હોવાને કારણે, જે કારણથી આ દૃષ્ટિમાં મોહ ન હોય, આથી સર્વ પ્રવૃત્તિઓમાં સદન્તઃકરણરૂપ તત્ત્વનો સમાવેશ હોવાને કારણે સદા જ હિતનો ઉદય છે. ।।૧૬૯।।**

**ટીકા :-**

**'मीमांसाभावतः'-सद्विचारभावेन, 'नित्यं'=सर्वकालं, 'न मोहोऽस्यां' दृष्टौ, 'यतो भवेत्' 'अतस्तत्त्वसमावेशात्' कारणात्, 'सदैव हितोदयो' अस्यां दृष्टाविति ।।१६९।।**

**ટીકાર્થ :-**

'मीमांसाभावतः' ..... दृष्टाविति ।। **નિત્ય=સર્વકાલ, સદ્વિચારભાવરૂપે મીમાંસાનો સદ્‌ભાવ હોવાને કારણે, આમાં=આ દૃષ્ટિમાં, જે કારણથી મોહ ન હોય=પ્રવૃત્તિમાં મોહ પ્રવર્તક ન હોય, આથી=મોહપ્રવર્તક નથી આથી, તત્ત્વનો સમાવેશ હોવાને કારણે=પ્રવૃત્તિમાં સદન્તઃકરણરૂપ તત્ત્વનું સ્થાન હોવાને કારણે, આ દૃષ્ટિમાં=કાંતાદૃષ્ટિમાં, સદા જ હિતનો ઉદય છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૬૯।।**

**ભાવાર્થ :-**

છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ સંસારના ઉચ્છેદને અનુકૂળ શ્રુતના અવલંબનથી સદ્વિચાર કરતા હોય છે, જે તેઓની હિતને અનુકૂળ મીમાંસા છે; અને આવી મીમાંસા તેઓ સદા કરતા હોય છે. તેથી તેઓની કોઈપણ પ્રવૃત્તિમાં મોહ પ્રવર્તક નથી, અને સર્વપ્રવૃત્તિમાં તત્ત્વનો સમાવેશ હોય છે અર્થાત્ શ્રુતના બળથી મીમાંસા કરીને જે હિતને અનુકૂળ તત્ત્વ દેખાય તે તત્ત્વ તેમના અંતઃકરણને પ્રવૃત્તિ કરાવવામાં કારણ બને છે, પરંતુ મોહને પરવશ થઈને કોઈ પ્રવૃત્તિ કરતા નથી. આથી આ દૃષ્ટિમાં સદા જ હિતનો ઉદય છે અર્થાત્ ભોગ કરતા હોય ત્યારે પણ ભોગએકનાશ્ય કર્મનો ઉચ્છેદ કરીને યોગમાર્ગમાં અસ્ખલિત યત્ન કરતા હોય છે, અને જ્યારે ભોગકર્મ ન હોય ત્યારે પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાન કરીને પોતાના હિતને અનુરૂપ સુદૃઢ યત્ન કરતા હોય છે. તેથી સંસારના ઉચ્છેદનું કારણ બને તેવા હિતનો ઉદય તેમની પ્રવૃત્તિથી સદા વર્તે છે.

અહીં વિશેષ એ છે કે કોઈ મુનિ ભાવથી ગુણસ્થાનકમાં હોય, છતાં પાંચમી દૃષ્ટિમાં હોય, અને પડિલેહણ કરતા હોય ત્યારે ક્વચિત્ પ્રમાદના વશથી અયતનાનો પરિણામ હોય, તો તેમને ગુણસ્થાનકમાં અતિચાર છે, પણ ગુણસ્થાનકનો પાત નથી; તોપણ તે પ્રમાદનો પ્રવર્તક મોહ છે, સદન્તઃકરણ નથી; અને કોઈ છઠ્ઠી દૃષ્ટિવાળા યોગી અવિરત અવસ્થામાં હોય અને ભોગની પ્રવૃત્તિ કરતા હોય, ત્યારે પણ તેમની તે ભોગની પ્રવૃત્તિમાં મોહ પ્રવર્તક નથી; કેમ કે તત્ત્વની મીમાંસા કરીને તત્ત્વથી વાસિત અંતઃકરણપૂર્વક ભોગકર્મના નાશ માટે ભોગની પ્રવૃત્તિ કરે છે. તેથી તેમની ભોગની પ્રવૃત્તિમાં પણ મોહ પ્રવર્તક નથી, સદન્તઃકરણ પ્રવર્તક છે. **।।૧૬૯।।**

# પ્રભાદૃષ્ટિ

**અવતરણિકા :-**

प्रतिपादिता षष्ठी दृष्टिः साम्प्रतं सप्तम्युच्यते –

**અવતરણિકાર્થ :-**

છઠ્ઠી દૃષ્ટિ કહેવાઈ, હવે સાતમી દૃષ્ટિ કહેવાય છે –

**શ્લોક :-**

ध्यानप्रिया प्रभा प्रायो नास्यां रुगत एव हि ।
तत्त्वप्रतिपत्तियुता सत्प्रवृत्तिपदावहा ।।१७०।।

**અન્વયાર્થ :-**

प्रभा प्रायो ध्यानप्रिया=પ્રભાદૃષ્ટિ પ્રાયઃ ધ્યાનપ્રિયા હોય છે, अस्यां=આમાં=પ્રભાદૃષ્ટિમાં रुग् न=રોગદોષ નથી, अत एव हि=આથી જ=રોગદોષ નથી આથી જ तत्त्वप्रतिपत्तियुता=તત્ત્વપ્રતિપત્તિયુક્ત છે=મીમાંસાથી ઉત્તરમાં 'આ આમ જ છે' એવા પ્રકારના નિર્ણયરૂપ તત્ત્વપ્રતિપત્તિયુક્ત છે, અને सत्प्रवृत्तिपदावहा=સત્પ્રવૃત્તિપદાવહ છે=અસંગઅનુષ્ઠાન લાવી આપનાર છે. ।।૧૭૦।।

**શ્લોકાર્થ :-**

**પ્રભાદૃષ્ટિ પ્રાયઃ ધ્યાનપ્રિયા હોય છે, આમાં રોગદોષ નથી, આથી જ મીમાંસાથી ઉત્તરમાં 'આ આમ જ છે' એવા પ્રકારના નિર્ણયરૂપ તત્ત્વપ્રતિપત્તિયુક્ત છે, અને સત્પ્રવૃત્તિપદાવહ છે. ।।૧૭૦।।**

**ટીકા :-**

अवयवार्थं त्वाह - 'ध्यानप्रिया'=ध्यानवल्लभा विक्षेपोद्वेगात्, प्रभादृष्टिः 'प्रायः'=बाहुल्येन, 'न अस्यां' दृष्टौ 'रुग्'=वेदना, 'अत एव हि तथातत्त्वप्रतिपत्तियुता' विशेषेण, एवं 'सत्प्रवृत्तिपदावहा' इति पिण्डार्थः ।।१७०।।

**ટીકાર્થ :-**

अवयवार्थं ..... पिण्डार्थः ।। વળી અવયવાર્થને કહે છે અર્થાત્ શ્લોકના દરેક અવયવનો અર્થ કહે છે –

પ્રાયઃ=બાહુલ્યથી, પ્રભાદૃષ્ટિ ધ્યાનપ્રિયા છે=ધ્યાન છે વલ્લભા અર્થાત્ પત્ની જેને એવી આ પ્રભાદૃષ્ટિ છે; કેમ કે વિક્ષેપનો ઉદ્વેગ છે=પ્રભાદૃષ્ટિવાળા જીવોને વિક્ષેપ અવસ્થા અપ્રિય છે. આ

**દૃષ્ટિમાં રુગ્=વેદના, નથી. આથી જ=પ્રભાદૃષ્ટિમાં રોગ નથી આથી જ, વિશેષથી તે પ્રકારની તત્ત્વની પ્રતિપત્તિયુક્ત છે=સમ્યગ્દૃષ્ટિને જે પ્રકારની તત્ત્વની પ્રતિપત્તિ છે તેના કરતાં વિશેષથી 'ધ્યાનથી થનારું સુખ જ પારમાર્થિક સુખ છે' તે પ્રકારે તત્ત્વની પ્રતિપત્તિથી યુક્ત છે. આ રીતે=રોગદોષરહિત ધ્યાન બહુલતાએ છે એ રીતે, સત્પ્રવૃત્તિપદને લાવનારી છે=અસંગઅનુષ્ઠાનરૂપ સત્પ્રવૃત્તિપદને પ્રાપ્ત કરાવનારી છે. એ શ્લોકનો પિણ્ડાર્થ છે=સમુદીત અર્થ છે. ।।૧૭૦।।**

**ભાવાર્થ :-**

છટ્ઠી દૃષ્ટિવાળા યોગી કરતાં પણ વિશેષ પ્રકારના ઉપશમનો ભાવ સાતમી દૃષ્ટિમાં હોય છે. તેથી સાતમી દૃષ્ટિવાળા જીવોને ધ્યાન પ્રિય હોય છે; કેમ કે વિક્ષેપ અવસ્થા પ્રત્યે તેમને ઉદ્વેગ હોય છે. તેથી ભિક્ષાઅટનાદિ કોઈક પ્રવૃત્તિકાળને છોડીને તેઓ પ્રાયઃ ધ્યાનમાં વર્તતા હોય છે.

આ દૃષ્ટિવાળા જીવોને રોગ દોષ હોતો નથી. તેથી એ પ્રાપ્ત થાય કે છટ્ઠી દૃષ્ટિવાળા જીવોને ક્વચિત્ કોઈક નિમિત્તને પામીને ક્રિયામાં ઉપયોગની મ્લાનિ આવે એવો રોગ દોષ આવી શકે, પરંતુ આ સાતમી પ્રભાદૃષ્ટિમાં રોગદોષ હોતો નથી. તેથી લક્ષ્યને અનુરૂપ સર્વ ઉચિત અનુષ્ઠાનો સ્ખલનાના સ્પર્શ વગર યથાર્થ કરી શકે છે. સામાન્યથી જે ગુણસ્થાનકમાં જે દોષ ઉચ્છેદ થાય છે, તેની પૂર્વની નજીકની ભૂમિકામાં તે દોષ નિમિત્તને પામીને ક્વચિત્ પ્રાપ્ત થયો હોય તોપણ મંદ હોય છે. તેની જેમ સાતમી દૃષ્ટિમાં રોગદોષ જતો હોવાથી તેની પૂર્વની છટ્ઠી દૃષ્ટિમાં રોગદોષની સંભાવના છે, પરંતુ નિયમા રોગદોષ હોય તેવી વ્યાપ્તિ નથી; છતાં ક્વચિત્ ઉપયોગની મ્લાનિ થાય તો લક્ષ્યને અનુરૂપ કરાતી ઉચિત પ્રવૃત્તિમાં પણ લેશ સ્ખલનારૂપ રોગદોષ આવી શકે, જ્યારે પ્રભાદૃષ્ટિમાં તે રોગ સર્વથા નથી.

આથી જ=પ્રભાદૃષ્ટિવાળા યોગીઓ રોગદોષ વગર ધ્યાન કરનારા છે આથી જ, વિશેષથી તે પ્રકારની તત્ત્વપ્રતિપત્તિવાળા હોય છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને ભગવાનના વચન પ્રત્યે સ્થિર રુચિ હોય છે. તેથી તેમને 'સંસારથી અતીત અવસ્થા જીવ માટે સારરૂપ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય નિર્લેપદશા છે, તેથી તેની નિષ્પત્તિ માટે સંયમમાં યત્ન કરવો જોઈએ' તેવી સ્થિર રુચિ હોય છે. માટે સ્વશક્તિ અનુસાર ભગવાનના વચનના પરમાર્થને જાણવા અને જાણીને જીવનમાં ઉતારવા તેઓ યત્ન કરતા હોય છે. તે અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને તત્ત્વની પ્રતિપત્તિ યથાર્થ હોય છે, તોપણ સમતાના પરિણામનો સાક્ષાત્ અનુભવ હોતો નથી. તેથી જેમ કોઈ જીવ કંઠગત સુવર્ણમાળા હોવા છતાં ભ્રમ દોષને કારણે સુવર્ણમાળાની બહાર શોધ કરે, તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ 'મારા આત્મામાં સુખ પડ્યું છે' તેમ શાસ્ત્રવચનથી જાણતો હોવા છતાં, સમતાનો પરિણામ નહિ હોવાને કારણે અનુભવથી આત્મામાં સુખ જાણતો નથી; અને આત્મામાં આત્માનું સુખ અનુભવથી નહિ દેખાવાથી આત્માનું સુખ પ્રગટ કરવા માટે બાહ્ય ઉપાયોમાં પ્રયત્ન કરે છે; કેમ કે જો કંઠમાં સુવર્ણની માળા દેખાતી હોય તો તે માળાને શોધવા માટે બાહ્ય પ્રયત્ન કરવાનો રહે નહિ, પરંતુ કંઠમાં માળા દેખાતી નથી, તેથી તેને શોધવા માટે બહાર પ્રયત્ન થાય છે; તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને પણ આત્મિક સુખ

પોતાનામાં વિદ્યમાન છે તેવો અનુભવથી બોધ નથી, તેથી તેને પ્રગટ કરવા માટે બાહ્ય અનુષ્ઠાનો આદિમાં પ્રયત્ન કરે છે, અને એ રીતે જ તેઓ હિત સાધી શકે છે. આ વિષયમાં ઉપદેશ રહસ્યનો શ્લોક-૪૨મો જોવો. જ્યારે સાતમી દૃષ્ટિવાળા યોગીઓ તો વિશેષથી સમતાના સુખના અનુભવવાળા હોવાથી તે પ્રકારની તત્ત્વની પ્રતિપત્તિવાળા છે અર્થાત્ 'મારા આત્મામાં જ સુખ રહેલું છે' અને 'જીવ માટે તે જ તત્ત્વ છે' તેવી પ્રતિપત્તિયુક્ત છે. તેથી તેઓનો સર્વ યત્ન તે સુખના અર્થે ધ્યાનમાં હોય છે.

વળી પ્રભાદૃષ્ટિ રુગ્ દોષ વગર ધ્યાનમાં યત્ન કરાવનાર હોવાથી સત્પ્રવૃત્તિપદને લાવનારી છે= અસંગઅનુષ્ઠાન પ્રાપ્ત કરાવનારી છે. **॥૧૭૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭૦માં કહ્યું કે પ્રભાદૃષ્ટિવાળા યોગીઓને ધ્યાનપ્રિય હોય છે અને તેમની ધ્યાનની ક્રિયામાં રુગ્ દોષ હોતો નથી. તેથી તેઓને કેવા પ્રકારનું સુખ થાય ? તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**ध्यानजं सुखमस्यां तु जितमन्मथसाधनम् ।**
**विवेकबलनिर्जातं शमसारं सदैव हि ।।१७१।।**

**અન્વયાર્થ :-**

अस्यां तु=આમાં જ=પ્રભાદૃષ્ટિમાં જ ध्यानजं=ધ્યાનથી પેદા થયેલું, जितमन्मथसाधनम् विवेकबलनिर्जातं शमसारं सुखं=જિતાયેલા શબ્દાદિ વિષયોવાળું, વિવેકના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું, શમપ્રધાન સુખ सदैव हि=હંમેશાં જ છે. ।।૧૭૧।।

**શ્લોકાર્થ :-**

**પ્રભાદૃષ્ટિમાં જ ધ્યાનથી પેદા થયેલું, જિતાયેલા શબ્દાદિ વિષયોવાળું, વિવેકના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું, શમપ્રધાન સુખ હંમેશાં જ છે. ।।૧૭૧।।**

**ટીકા :-**

'ध्यानजं सुखम्' 'अस्यां तु'=अधिकृतदृष्टावेव, किंविशिष्टमित्याह-'जितमन्मथसाधनं'= व्युदस्तशब्दादिविषयम्, एतदेव विशेष्यते 'विवेकबलनिर्जातं'=ज्ञानसामर्थ्योत्पन्नम्, अत एव 'शमसारं सदैव हि', विवेकस्य शमफलत्वादिति ।।१७१।।

**ટીકાર્થ :-**

'ध्यानजं सुखम्' ..... शमफलत्वादिति ।। આમાં જ=અધિકૃત એવી પ્રભાદૃષ્ટિમાં જ, ધ્યાનથી પ્રગટ થયેલું સુખ છે. ધ્યાનથી પ્રગટ થયેલું સુખ કેવા વિશેષણથી વિશિષ્ટ છે ? એથી કહે છે –

જિતાયેલા કામના સાધનવાળું=વ્યુદાસ કરાયેલા અર્થાત્ દૂર કરાયેલા શબ્દાદિ વિષયોવાળું, ધ્યાનથી પ્રગટ થયેલું સુખ છે. એને જ=ધ્યાનથી પ્રગટ થયેલા સુખને જ, વિશેષરૂપે બતાવે છે –

વિવેકના બળથી થયેલું છે=જ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું છે. આથી જ=જ્ઞાનના સામર્થ્યથી ઉત્પન્ન થયેલું છે આથી જ, હંમેશાં જ, શમપ્રધાન સુખ છે; કેમ કે વિવેકનું શમફળપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૧।।

**ભાવાર્થ :-**

સાતમી દૃષ્ટિવાળા યોગીઓના પાંચે ઇન્દ્રિયોના વિષયો અત્યંત શાંત થયેલા હોય છે, અને વિવેક ઘણો ઉત્પન્ન થયેલો હોવાને કારણે વિવેકના બળથી થયેલું અને ધ્યાનથી ઉત્પન્ન થયેલું સુખ હોય છે.

આશય એ છે કે વિવેકસંપન્ન જીવને નિરાકુળ ચેતનામાં સુખ દેખાય છે, અને સાતમી દૃષ્ટિવાળા યોગી નિરાકુળ ચેતનાને સ્ફુરણ કરવા માટે પ્રયત્ન કરતા હોય છે, જે આત્મભાવોમાં જવાને અનુકૂળ ધ્યાનરૂપ છે; અને ધ્યાનના બળથી ઊઠેલી નિરાકુળ ચેતના સુખરૂપ હોય છે, તેથી પાંચે ઇન્દ્રિયોના વિષયો તેમના ચિત્તને સ્પર્શી શકતા નથી.

વળી સાતમી દૃષ્ટિવાળા યોગીઓને, શમપરિણામ પ્રધાન છે જેમાં એવું ધ્યાનનું આત્મિક સુખ સદા વર્તે છે; કેમ કે વિવેકનું ફળ ઉપશમભાવ છે, અને શાસ્ત્રના વચનથી નિષ્પન્ન થયેલી મતિ વિવેકવાળી હોય છે, તેથી આ સાતમી દૃષ્ટિવાળા યોગીઓ વિવેકવાળા હોવાથી શમપરિણામમાં સુદૃઢ યત્ન કરીને ધ્યાનથી થનારા સુખને અનુભવે છે. વળી ધ્યાનથી સમતાની વૃદ્ધિ થાય છે અને વૃદ્ધિ પામેલી સમતા વિશેષ પ્રકારનું ધ્યાન કરાવે છે. તેથી આ યોગીઓને વિશેષ કોટીનું સમતાનું સુખ પ્રતિક્ષણ પ્રવર્ધમાન હોય છે. **।।૧૭૧।।**

**અવતરણિકા :-**

किञ्च –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૧૭૧માં કહ્યું કે સાતમી દૃષ્ટિવાળા યોગીઓને ધ્યાનથી પ્રગટ થયેલું સમતાનું સુખ હોય છે. તે સુખ વાસ્તવિક સુખ છે અન્ય નહિ, તે બતાવવા માટે 'किञ्च' થી સમુચ્ચય કરે છે –

**શ્લોક :-**

**सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ।।१७२।।**

**અન્વયાર્થ :-**

सर्वं परवशं दुःखं=સર્વ પરને આધીન દુઃખ છે, सर्वं आत्मवशं सुखं=સર્વ આત્માને આધીન સુખ છે. समासेन=સંક્ષેપથી सुखदुःखयोः एतद् लक्षणं=સુખદુઃખનું આ લક્ષણ उक्तं=કહેવાયું છે. ।।૧૭૨।।

**શ્લોકાર્થ :-**

**સર્વ પરને આધીન દુઃખ છે, સર્વ આત્માને આધીન સુખ છે. સંક્ષેપથી સુખદુઃખનું આ લક્ષણ કહેવાયું છે. ।।૧૭૨।।**

**ટીકા :-**

**'सर्वं परवशं दुःखं'-तल्लक्षणयोगात्, 'सर्वमात्मवशं सुखम्' अत एव हेतोः, 'एतदुक्तं' मुनिना 'समासेन'=संक्षेपेण, 'लक्षणं'=स्वरूपं, 'सुखदुःखयोः' इति ।।१७२।।**

**ટીકાર્થ :-**

'सर्वं परवशं ..... 'सुखदुःखयोः' इति ।। **સર્વ પરને આધીન દુઃખ છે; કેમ કે તેના લક્ષણનો યોગ છે=દુઃખના લક્ષણનો યોગ છે. સર્વ આત્માને આધીન સુખ છે. આ જ હેતુથી=પરવશ દુઃખ છે ને સ્વવશ સુખ છે એ જ હેતુથી, સંક્ષેપથી સુખદુઃખનું આ લક્ષણ=સ્વરૂપ મુનિ વડે કહેવાયું છે.**

'इति' **શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૨।।**

**ભાવાર્થ :-**

'જીવનો પોતાને આધીન જે ભાવ છે તે સ્વયં સુખરૂપ છે, અને જે પરને આધીન ભાવ છે તે દુઃખરૂપ છે' એ પ્રકારનું સુખદુઃખનું લક્ષણ છે. તેથી પરને આધીન જે કોઈ ભાવ જીવમાં થાય તે દુઃખ કહેવાય, અને આત્માને આધીન જે કોઈ ભાવ થાય તે સર્વ સુખ કહેવાય, એ પ્રમાણે સુખદુઃખનું લક્ષણ સંક્ષેપથી ભગવાને કહ્યું છે.

તેથી એ ફલિત થાય કે ધ્યાનમાં રહેલા યોગીઓ પોતાના આત્માને વશ હોવાથી સદા સુખનો અનુભવ કરે છે, જ્યારે સંસારી જીવો કર્મને વશ થઈને જે કંઈ પ્રયત્ન કરે છે તે સર્વ દુઃખરૂપ છે. **।।૧૭૨।।**

**શ્લોક :-**

**पुण्यापेक्षमपि ह्येवं सुखं परवशं स्थितम् ।**
**ततश्च दुःखमेवैतत्तल्लक्षणनियोगतः ।।१७३।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=શ્લોક-૧૭૨માં કહ્યું કે સર્વ પરવશ દુઃખ છે એ રીતે, पुण्यापेक्षमपि हि सुखं परवशं स्थितम्=પુણ્યની અપેક્ષાવાળું પણ સુખ પરવશ રહેલું છે, ततश्च=અને તેથી=પુણ્યની અપેક્ષાવાળું સુખ પરવશ છે તેથી एतद् दुःखमेव=આ દુઃખ જ છે=પુણ્યની અપેક્ષાવાળું સુખ દુઃખ જ છે, तल्लक्षणनियोगतः=કેમ કે તેના લક્ષણનો નિયોગ છે=દુઃખના લક્ષણનો નિયોગ છે. ।।૧૭૩।।**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧૭૨માં કહ્યું કે સર્વ પરવશ દુઃખ છે, એ રીતે પુણ્યની અપેક્ષાવાળું પણ સુખ પરવશ રહેલું છે, તેથી પુણ્યની અપેક્ષાવાળું સુખ દુઃખ જ છે; કેમ કે દુઃખના લક્ષણનો નિયોગ છે. ।।૧૭૩।।**

**ટીકા :-**

**'पुण्यापेक्षमपि' 'ह्येवम्'=उक्तनीत्या 'सुखं परवशं स्थितं'-पुण्यस्य परत्वात्, 'ततश्च दुःखमेवैतत् तल्लक्षणनियोगात्,' तदित्थं ध्यानजं तात्त्विकं सुखम्, अपरायत्तत्वात्कर्मवियोगमात्रजत्वादिति ।।१७३।।**

**ટીકાર્થ :-**

'पुण्यापेक्षमपि' ..... कर्मवियोगमात्रजत्वादिति ।। **एवम् – ઉક્ત નીતિથી=શ્લોક-૧૭૨માં કહ્યું કે સર્વ પરવશ દુઃખ છે એ નીતિથી, પુણ્યની અપેક્ષાવાળું પણ સુખ પરવશ રહેલું છે; કેમ કે પુણ્યનું પરપણું છે=આત્માથી અન્યપણું છે, અને તેથી=પુણ્યની અપેક્ષાવાળું સુખ પરવશ છે તેથી, આ= પુણ્યની અપેક્ષાવાળું સાંસારિક સુખ, દુઃખ જ છે; કેમ કે તેના લક્ષણનો નિયોગ છે=દુઃખના લક્ષણનો નિયોગ છે.**

શ્લોકનો અર્થ કર્યા પછી શ્લોકના કથનથી ફલિત થતા અર્થને બતાવવા અર્થે 'तत्' શબ્દથી નિગમન કરે છે;

**तत् – તે કારણથી, આ રીતે=શ્લોક-૧૭૨માં બતાવ્યું કે સર્વ પરવશ દુઃખ છે અને સર્વ આત્મવશ સુખ છે એ રીતે, ધ્યાનથી પ્રગટ થયેલું સુખ તાત્ત્વિક છે; કેમ કે અપરાયત્તપણું છે=સ્વાધીનપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે ધ્યાનથી પ્રગટ થનારું સુખ સ્વાધીન કેમ છે ? તેથી કહે છે;

**કર્મના વિયોગમાત્રથી ઉત્પન્ન થનારું હોવાથી ધ્યાનથી પ્રગટ થનારું સુખ અપરાધીન હોવાને કારણે તાત્ત્વિક છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૩।।**

**ભાવાર્થ :-**

વ્યવહારદષ્ટિથી જીવને જે અનુકૂળ જણાય તે સુખ અને પ્રતિકૂળ જણાય તે દુઃખ એમ કહેવાય છે, અર્થાત્ પુણ્યથી થયેલું સુખ એ સુખ છે અને પાપથી પ્રગટ થયેલું દુઃખ એ દુઃખ છે, એમ મનાય છે; તોપણ નિશ્ચયનયની સૂક્ષ્મદષ્ટિથી વિચારવામાં આવે તો જીવને પોતાને આધીન જે ભાવ છે તે સુખરૂપ છે, અને પરને આધીન જે ભાવ છે તે દુઃખરૂપ છે, અને તે દષ્ટિએ પુણ્યની અપેક્ષાથી થનારું પણ ઇન્દ્રિય અને શરીરાદિનું સુખ તે દુઃખરૂપ છે; કેમ કે પુણ્ય આત્માથી ભિન્ન પદાર્થ છે, તેથી પરપદાર્થ છે.

વળી ધ્યાનથી પેદા થનારું સુખ એ તાત્ત્વિક છે અર્થાત્ જીવના સ્વાભાવિક પરિણામરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે ધ્યાનથી થનારું સુખ પણ પ્રગટ કરવા માટે યત્ન કરવો પડે છે. તેથી જીવના સ્વભાવરૂપ છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે --

ધ્યાનમાં જીવના પ્રયત્નથી કર્મનો વિયોગ થાય છે, અને કર્મના વિયોગમાત્રથી પ્રગટ થનારું ધ્યાનનું સુખ છે, તેથી સ્વાધીન છે, માટે ધ્યાનથી પ્રગટ થનારું સુખ તાત્ત્વિક છે. વસ્તુતઃ ધ્યાનથી પ્રગટ થનારા સુખ માટે શ્રમ કરવાનો હોતો નથી, પરંતુ તે સુખને અવરોધ કરનાર કર્મ વિદ્યમાન છે, અને ધ્યાન માટે કરાતા યત્નથી જીવના સ્વભાવભૂત સુખને અટકાવનારા કર્મનો વિયોગ થાય છે. તેથી કર્મના વિયોગમાત્રથી થનારું જીવના સ્વભાવભૂત એવું તે સુખ છે, માટે તાત્ત્વિક સુખ છે. ।।૧૭૩।।

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭૩માં સ્થાપન કર્યું કે ધ્યાનથી તાત્ત્વિક સુખ થાય છે. તે ધ્યાન સાતમી દૃષ્ટિવાળા જીવોને પ્રયત્નથી નથી, પરંતુ નિર્મળ બોધને કારણે સદા હોય છે, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**ध्यानं च निर्मले बोधे सदैव हि महात्मनाम् ।**
**क्षीणप्रायमलं हेम सदा कल्याणमेव हि ।।१७४।।**

**અન્વયાર્થ :-**

च=અને निर्मले बोधे=નિર્મળ બોધ હોતે છતે महात्मनाम्=મહાત્માઓને सदैव हि=સદા જ ध्यानं=ધ્યાન છે, क्षीणप्रायमलं हेम=ક્ષીણપ્રાયમલવાળું સુવર્ણ सदा=સદા कल्याणमेव हि=કલ્યાણ જ છે. ।।૧૭૪।।

**શ્લોકાર્થ :-**

**અને નિર્મળ બોધ હોતે છતે મહાત્માઓને સદા જ ધ્યાન છે, ક્ષીણપ્રાયમલવાળું સુવર્ણ સદા કલ્યાણ જ છે. ।।૧૭૪।।**

**ટીકા :-**

**'ध्यानं च निर्मले बोधे'-स्पष्टक्षयोपशमसमुत्थे सति किमित्याह 'सदैव हि' 'महात्मनां'=मुनीनाम्, एतदेव प्रतिवस्तूपमयाह 'क्षीणप्रायमलं' 'हेम'=स्वर्णं 'सदा कल्याणमेव हि' तथावस्थोपपत्तेः ।।१७४।।**

**ટીકાર્થ :-**

**'ध्यानं च ..... तथावस्थोपपत्तेः ।। અને સ્પષ્ટ ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલો નિર્મળ બોધ હોતે છતે મહાત્માઓને=મુનિઓને, સદા જ ધ્યાન છે. આને જ=નિર્મળ બોધ હોય તો સદા જ ધ્યાન છે એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ વસ્તુની ઉપમાથી, કહે છે –**

**ક્ષીણપ્રાયમલવાળું સુવર્ણ સદા કલ્યાણ જ છે; કેમ કે તથાઅવસ્થાની ઉપપત્તિ છે= ક્ષીણપ્રાયમલવાળા સુવર્ણમાં કલ્યાણ અવસ્થાની ઉપપત્તિ છે. ।।૧૭૪।।**

**ભાવાર્થ :-**

સાતમી દૃષ્ટિવાળા યોગીઓને, આત્મિક ભાવોમાં સુખ છે અને પરથી થનારા ભાવોમાં દુઃખ છે, તેવો સ્પષ્ટ ક્ષયોપશમભાવ વર્તે છે. તેથી તત્ત્વને જોવાને અનુકૂળ નિર્મળ બોધ તેવા યોગીઓમાં હોય છે અને તેના કારણે આવા યોગીઓને સદા જ ધ્યાન વર્તે છે.

આશય એ છે કે નિર્મળ બોધને કારણે, રાગાદિથી અનાકુળ ચેતના સુખરૂપ છે, તેવો સ્પષ્ટ બોધ પ્રભાદૃષ્ટિમાં હોય છે; અને તેથી સહજ રીતે રાગાદિથી અનાકુળ ચેતનાને પ્રવર્તાવવામાં તેમનો માનસ વ્યાપાર હોય છે, જે સદા ધ્યાનરૂપ છે. આ જ વાતને સદૃશ વસ્તુની ઉપમાથી બતાવે છે –

જેમ માટીથી મિશ્ર સોનું સદા સુવર્ણના આઠ ગુણોથી યુક્ત પણ કલ્યાણરૂપ નથી, પરંતુ શુદ્ધિની પ્રક્રિયા દ્વારા તેનો મલ ક્ષીણ થાય છે, ત્યારે તે સુવર્ણ સદા કલ્યાણરૂપ જ છે. તેમ તત્ત્વને જોવામાં બાધક કર્મરૂપી મલનું વિગમન થાય ત્યારે જીવનો વિશુદ્ધ ઉપયોગ સદા કલ્યાણરૂપ જ છે. **||૧૭૪||**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭૦માં સાતમી દૃષ્ટિ સત્પ્રવૃત્તિપદાવહ છે, તેમ કહેલ. તેથી હવે સત્પ્રવૃત્તિપદ શું છે ? તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**सत्प्रवृत्तिपदं चेहाऽसङ्गानुष्ठानसंज्ञितम् ।**
**महापथप्रयाणं यदनागामिपदावहम् ।।१७५।।**

**અન્વયાર્થ :-**

**च=અને इह=અહીં=તત્ત્વમાર્ગમાં=શુદ્ધ આત્માને પ્રગટ કરવાના માર્ગમાં सत्प्रवृत्तिपदं=શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ એવી સુંદર પ્રવૃત્તિનું સ્થાન, असङ्गानुष्ठानसंज्ञितम्=અસંગઅનુષ્ઠાન નામવાળું છે, यद्=જે=અસંગઅનુષ્ઠાન महापथप्रयाणं=મહાપથમાં પ્રયાણ છે (અને) अनागामिपदावहम्=અનાગામિ પદને લાવનારું છે=જ્યાંથી ફરી આગમન ન થાય તેવા સ્થાનને લાવનારું છે. ।।૧૭૫।।**

**શ્લોકાર્થ :-**

**અને શુદ્ધ આત્માને પ્રગટ કરવાના માર્ગમાં શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ એવી સુંદર પ્રવૃત્તિનું સ્થાન, અસંગઅનુષ્ઠાન નામવાળું છે; જે અસંગઅનુષ્ઠાન મહાપથમાં પ્રયાણ છે, અને જ્યાંથી ફરી આગમન ન થાય તેવા સ્થાનને લાવનારું છે. ।।૧૭૫।।**

**ટીકા :-**

'सत्प्रवृत्तिपदं' 'च' 'इह'=तत्त्वमार्गे किमित्याह 'असङ्गानुष्ठानसंज्ञितं' वर्तते तथास्वरसप्रवृत्तेः, 'महापथप्रयाणं' 'यद्'=असङ्गानुष्ठानम्, 'अनागामिपदावहं'-नित्यपदप्रापकमित्यर्थः ।।१७५।।

**ટીકાર્થ :-**

'सत्प्रवृत्तिपदं' ..... नित्यपदप्रापकमित्यर्थः ।। **અને અહીં=તત્ત્વમાર્ગમાં, સત્પ્રવૃત્તિપદ અસંગઅનુષ્ઠાન સંજ્ઞાવાળું વર્તે છે; કેમ કે તે પ્રકારની સ્વરસપ્રવૃત્તિ છે=જે પ્રકારે સિદ્ધના આત્મામાં સ્વાભાવિક પરિણામ વર્તે છે, તેનું કારણ બને તેવા સ્વરસની અર્થાત્ સ્વપરિણામની પ્રવૃત્તિ છે.**

વળી તે અસંગઅનુષ્ઠાન કેવું છે ? તે બતાવવા માટે કહે છે –

**જે=અસંગઅનુષ્ઠાન, મહાપથમાં પ્રયાણ છે=આત્માના શુદ્ધ ભાવમાં જવા માટેનો જે મહાપથ તેમાં ગમનસ્વરૂપ છે.**

વળી તે અસંગઅનુષ્ઠાન કેવું છે ? તે બતાવે છે –

**અનાગામિ પદને લાવનારું છે=નિત્યપદપ્રાપક છે=સર્વ કર્મથી રહિત અવસ્થારૂપ સદા સ્થાયી એવા મોક્ષપદનું પ્રાપક છે, એ પ્રકારનો અર્થ છે=અનાગામિ પદાવહનો અર્થ છે. ।।૧૭૫।।**

**ભાવાર્થ :-**

જીવ અપુનર્બંધક અવસ્થાથી તત્ત્વમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, અને તે પ્રવૃત્તિ જ પ્રકર્ષને પામીને સિદ્ધ અવસ્થાનું કારણ બને છે; છતાં તે પ્રવૃત્તિ સાક્ષાત્ સિદ્ધપદનું કારણ નથી, જ્યારે સાતમી દૃષ્ટિવાળા યોગી જે અસંગઅનુષ્ઠાન સેવે છે, તે મોક્ષની નિષ્પત્તિને અનુકૂળ સત્પ્રવૃત્તિનું સ્થાન છે. તેથી એ પ્રાપ્ત થાય કે અસંગઅનુષ્ઠાન પ્રકર્ષને પામીને વીતરાગતાનું કારણ છે. તેથી અસંગઅનુષ્ઠાનમાં કરાતી પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિપદ છે; કેમ કે અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓ ધ્યાન દ્વારા આત્મામાં નિવિશમાન છે, અને તેથી તેમની તે પ્રવૃત્તિ જીવની સ્વરસની પ્રવૃત્તિ છે અર્થાત્ જીવના પોતાના ભાવોમાં યત્ન કરવા સ્વરૂપ છે.

વળી આ અસંગઅનુષ્ઠાન મોક્ષમાર્ગરૂપ જે મહાપથ છે, તેમાં પ્રયાણરૂપ છે. આશય એ છે કે અસંગઅનુષ્ઠાનકાળમાં રત્નત્રયીની પરિણતિ એકતાવાળી હોય છે. તેથી મોહના ત્યાગથી શુદ્ધ આત્માના સંવેદનરૂપ રત્નત્રયીની એકતાની પરિણતિ અસંગઅનુષ્ઠાનકાળમાં વર્તે છે, જે પ્રકર્ષને પામીને વીતરાગભાવમાં પરિણમન પામશે. તેથી અસંગઅનુષ્ઠાન મહાપથમાં પ્રયાણરૂપ છે, અને જ્યાંથી ફરી જન્મવાનું નથી, એવા અનાગામિ પદરૂપ મોક્ષને લાવનાર છે; કેમ કે સરાગસંયમ દેવગતિની પ્રાપ્તિનું કારણ બને છે, જ્યારે અસંગઅનુષ્ઠાન નવા ભવની પ્રાપ્તિનું કારણ બનતું નથી, પરંતુ સર્વ સંગના ઉચ્છેદનું કારણ બને છે; જેથી સર્વસંગરહિત એવી મુક્તઅવસ્થાની પ્રાપ્તિનું શીઘ્ર કારણ અસંગઅનુષ્ઠાન છે. **।।૧૭૫।।**

**અવતરણિકા :-**

**असङ्गानुष्ठाननामान्याह –**

**અવતરણિકાર્થ :-**

**અસંગઅનુષ્ઠાનના નામોને=અસંગઅનુષ્ઠાનને કહેનારાં તે તે દર્શનને અભિમત નામોને, કહે છે -**

**શ્લોક :-**

**प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः ।**
**शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते ह्यदः ।।१७६।।**

**અન્વયાર્થ :-**

ह्यदः=આ=અસંગઅનુષ્ઠાન प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः शिववर्त्म ध्रुवाध्वेति= પ્રશાન્તવાહિતા-સંજ્ઞાવાળું, વિસભાગપરિક્ષય, મોક્ષમાર્ગ, ધ્રુવમાર્ગ એ પ્રમાણે योगिभिः=યોગીઓ વડે गीयते=કહેવાય છે. ।।૧૭૬।।

શ્લોકાર્થ :-

**અસંગઅનુષ્ઠાન પ્રશાન્તવાહિતાસંજ્ઞાવાળું, વિસભાગપરિક્ષય, મોક્ષમાર્ગ, ધ્રુવમાર્ગ એ પ્રમાણે યોગીઓ વડે કહેવાય છે. ।।૧૭૬।।**

ટીકા :-

'प्रशान्तवाहितासंज्ञं'-सांख्यानां, 'विसभागपरिक्षयो'-बौद्धानां, 'शिववर्त्म'-शैवानां, 'ध्रुवाध्वा'-महाव्रतिकानां, 'इति'=एवं, 'योगिभिर्गीयते' 'ह्यदः' असङ्गाऽनुष्ठानमिति ।।१७६।।

ટીકાર્થ :-

'प्रशान्तवाहितासंज्ञं' ..... असङ्गाऽनुष्ठानमिति ।। ह्यदः=આ=અસંગઅનુષ્ઠાન, સાંખ્યદર્શનના મત પ્રમાણે પ્રશાંતવાહિતાસંજ્ઞાવાળું, બૌદ્ધદર્શનના મત પ્રમાણે વિસભાગપરિક્ષય, શૈવદર્શનના મત પ્રમાણે શિવમાર્ગ=સુખનો માર્ગ, મહાવ્રતિકોના મત પ્રમાણે ધ્રુવઅધ્વ=ધ્રુવપદની પ્રાપ્તિનો માર્ગ, इति=एवं=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, યોગીઓ વડે કહેવાય છે. ।।૧૭૬।।

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

**પ્રશાંતવાહિતાસંજ્ઞ :-** સાતમી દૃષ્ટિવાળા યોગીઓ સર્વથા સંગરહિત થઈને સહજ ધ્યાનમાં સદા પ્રવર્તતા હોય છે, તેથી ચિત્તમાં કષાયોનો અત્યંત ઉપશમભાવ વર્તતો હોય છે. માટે તેમના ચિત્તનો પ્રવાહ સદા પ્રશાંતવાહિતાવાળો છે. તેને સામે રાખીને સાંખ્યદર્શનવાળા યોગીઓ અસંગઅનુષ્ઠાનને પ્રશાંતવાહિતા કહે છે.

**વિસભાગપરિક્ષય :-** ચિત્તનો પ્રવાહ ભિન્ન ભિન્ન વિષયને સ્પર્શે છે, ત્યારે વિસભાગસંતતિ વર્તે છે, જે સાતમી દૃષ્ટિથી પૂર્વમાં યથાયોગ્ય હોય છે. જ્યારે સાતમી દૃષ્ટિવાળા યોગીઓ અસંગભાવવાળા હોવાથી ચિત્તનો પરિણામ વિસભાગના પરિક્ષયવાળો હોય છે અર્થાત્ એક સદૃશ જ ચિત્તની પરિણતિ વર્તે છે, જે પૂર્વ પૂર્વ કરતાં વિશુદ્ધ વિશુદ્ધતર જીવના પરિણામરૂપ છે. તેથી બૌદ્ધો અસંગઅનુષ્ઠાનને વિસભાગપરિક્ષય કહે છે.

બૌદ્ધમત અનુસાર દરેક પદાર્થ પ્રતિક્ષણ નશ્વર છે, તોપણ ઉત્તરમાં પોતાના સદૃશ સંતાનને પેદા કરે છે, ત્યારે સભાગ સંતતિ વર્તે છે; અને જ્યારે વિસદૃશ સંતાનને પેદા કરે છે, ત્યારે વિસભાગ સંતતિ પેદા થાય છે, અને સાતમી દૃષ્ટિમાં ચિત્તની સંતતિ વિસભાગના પરિક્ષયવાળી હોવાથી સભાગસંતતિ વર્તે છે.

વિસભાગપરિક્ષય=સંગના કારણે ચિત્તનો પ્રવાહ જે વિસદૃશ વર્તે છે, તે વિસભાગ છે, અને તેનો ક્ષય તે વિસભાગ પરિક્ષય; અને અસંગભાવવાળા ચિત્તનો સદૃશ પ્રવાહ સતત વર્તે તેવી જે ચિત્તની અવસ્થા તે વિસભાગપરિક્ષય છે, અને સાતમી દૃષ્ટિમાં સદા ધ્યાન હોય છે, તેથી સદા વિસભાગનો પરીક્ષય છે. માટે બૌદ્ધદર્શનવાળા અસંગઅનુષ્ઠાનને વિસભાગપરીક્ષય કહે છે.

**શિવમાર્ગ :-** શિવ એટલે ઉપદ્રવ વગરની અવસ્થા, અને તેનો જે માર્ગ એ શિવમાર્ગ છે, અને તે અસંગઅનુષ્ઠાન છે. માટે શૈવદર્શનવાળા અસંગઅનુષ્ઠાનને શિવમાર્ગ કહે છે.

**ધ્રુવઅધ્વ** :- સર્વકર્મરહિત આત્માની અવસ્થા, તે ધ્રુવઅવસ્થા છે, અને તેની પ્રાપ્તિનો માર્ગ તે ધ્રુવઅધ્વ છે, અને તે અસંગઅનુષ્ઠાન છે. માટે મહાવ્રતિકો અસંગઅનુષ્ઠાનને ધ્રુવઅધ્વ કહે છે. **॥૧૭૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૭૦માં કહ્યું કે પ્રભાદૃષ્ટિ સત્પ્રવૃત્તિપદાવહ છે. તેથી જિજ્ઞાસા થાય કે સત્પ્રવૃત્તિપદ શું છે ? તે બતાવવા માટે શ્લોક-૧૭૫માં સત્પ્રવૃત્તિપદ બતાવ્યું, અને સત્પ્રવૃત્તિપદ અસંગઅનુષ્ઠાનરૂપ છે તે બતાવીને અસંગઅનુષ્ઠાનના પર્યાયવાચી નામો શ્લોક-૧૭૬માં બતાવ્યા. હવે પ્રભાદૃષ્ટિ સત્પ્રવૃત્તિપદને લાવનારી કેમ છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**एतत्प्रसाधयत्याशु यद्योग्यस्यां व्यवस्थितः।**
**एतत्पदावहैषैव तत्तत्रैतद्विदां मता ।।१७७।।**

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી अस्यां=આ દૃષ્ટિમાં=પ્રભાદૃષ્ટિમાં व्यवस्थितः योगी=રહેલો યોગી एतद्=આને= અસંગઅનુષ્ઠાનને आशु=શીઘ્ર साधयति=સાધે છે, तत्=તે કારણથી तत्र=યોગમાર્ગના વિષયમાં एतद्विदां= આના જાણનારાઓને=અસંગઅનુષ્ઠાનના જાણનારાઓને एतत्पदावहा=આ પદને લાવનારી= સત્પ્રવૃત્તિપદને લાવનારી एषा एव दृष्टिः=આ જ દૃષ્ટિ मता=માન્ય છે. ।।૧૭૭।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી પ્રભાદૃષ્ટિમાં રહેલો યોગી અસંગઅનુષ્ઠાનને શીઘ્ર સાધે છે, તે કારણથી યોગમાર્ગના વિષયમાં અસંગઅનુષ્ઠાનના જાણનારાઓને સત્પ્રવૃત્તિપદને લાવનારી આ જ દૃષ્ટિ માન્ય છે. ।।૧૭૭।।**

**ટીકા :-**

'एतद्'=असङ्गानुष्ठानं, 'प्रसाधयति' 'आशु'-शीघ्रं, 'यद्योगी' 'अस्यां'-दृष्टौ 'व्यवस्थितः' सन्, 'एतत्पदावहैषैव' दृष्टिः 'तत्तत्रैतद्विदां' 'मता' इष्टेति ।।१७७।।

**ટીકાર્થ :-**

'एतद्'=असङ्गानुष्ठानं, ..... इष्टेति ।। જે કારણથી આ દૃષ્ટિમાં રહેલો યોગી एतद्=અસંગઅનુષ્ઠાનને, શીઘ્ર સાધે છે, तत्=તે કારણથી, तत्र एतद्विदां=યોગમાર્ગના વિષયમાં અસંગઅનુષ્ઠાનના જાણનારાઓને एतत्पदावहा=સત્પ્રવૃત્તિપદને લાવનારી, एषा एव दृष्टिः=આ જ દૃષ્ટિ=પ્રભાદૃષ્ટિ, માન્ય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૭૭।।

# પરાદૃષ્ટિ

**અવતરણિકા :-**

उक्ता सप्तमी दृष्टिः, अधुनानन्तरोच्यते, तदाह –

**અવતરણિકાર્થ :-**

સાતમી દૃષ્ટિ કહેવાઈ. હવે અનંતરા=સાતમી દૃષ્ટિની પછીની આઠમી દૃષ્ટિ, કહેવાય છે. તેને= પરાદૃષ્ટિને, કહે છે –

**શ્લોક :-**

समाधिनिष्ठा तु परा तदासङ्गविवर्जिता ।
सात्मीकृतप्रवृत्तिश्च तदुत्तीर्णाशयेति च ।।१७८।।

**અન્વયાર્થ :-**

तु=વળી तदासङ्गविवर्जिता=તેમાં આસંગથી વિવર્જિત=સમાધિમાં આસંગભાવથી રહિત समाधिनिष्ठा= સમાધિમાં નિષ્ઠાવાળી सात्मीकृतप्रवृत्तिः=સાત્મીકૃત પ્રવૃત્તિવાળી=આત્માના સ્વભાવભૂત થયેલી પ્રવૃત્તિવાળી च=અને तदुत्तीर्णाशया=તદ્‌ઉત્તીર્ણ આશયવાળી=પ્રવૃત્તિવિષયક ઉત્તીર્ણ આશયવાળી પરાદૃષ્ટિ છે. ।।૧૭૮।।

**શ્લોકાર્થ :-**

વળી સમાધિમાં આસંગભાવથી રહિત, સમાધિમાં નિષ્ઠાવાળી, સાત્મીકૃત પ્રવૃત્તિવાળી અને પ્રવૃત્તિવિષયક ઉત્તીર્ણ આશયવાળી પરાદૃષ્ટિ છે. ।।૧૭૮।।

**ટીકા :-**

'समाधिनिष्ठा तु परा' अष्टमी दृष्टिः, "समाधिस्तु ध्यानविशेषः," (तत्) फलमित्यन्ये, यथोक्तं - "देशबन्धश्चित्तस्य धारणा" (३-१ पा०) "तत्रप्रत्ययैकतानता ध्यानं" (३-२ पा०) "तदेवार्थमात्र-निर्भासं स्वरूपशून्यमिव समाधिः" (३-३ पा०) इति, 'तदासङ्गविवर्जिता'=समाध्यासङ्गविवर्जिता भूतप्रवृत्तिश्चैषा (सात्मीकृतप्रवृत्तिश्चैषा)चन्दनगन्धन्यायेन, 'तदुत्तीर्णाशयेति च' असच्चित्ताऽभावेन (प्रवृत्तिवासकचित्ताभावेन) ।।१७८।।

**ટીકાર્થ :-**

'समाधिनिष्ठा ..... असच्चित्ताऽभावेन ।। વળી આઠમી પરાદૃષ્ટિ સમાધિનિષ્ઠા છે, સમાધિ વળી ધ્યાનવિશેષ છે, તેનું ફળ=ધ્યાનનું ફળ, છે, એ પ્રમાણે બીજા કહે છે.

**સમાધિ ધ્યાનવિશેષ છે તે બતાવવા માટે પ્રથમ ધારણા પછી ધ્યાન અને પછી સમાધિને કહેનાર સાક્ષીપાઠોનું ઉદ્ધરણ 'यथोक्तम्' થી બતાવે છે, જેથી ધારણા અને ધ્યાન કરતાં સમાધિમાં શું ભેદ છે, તેનો નિર્ણય થાય.**

**ચિત્તનો દેશમાં બંધ ધારણા છે=નાસિકાદિ કોઈ દેશમાં ચિત્તને સ્થાપન કરીને ભાવ્યને નિષ્પન્ન કરવા માટે ચિત્ત પ્રવર્તતું હોય તે ધારણા છે. ત્યાં=ધારણાના વિષયમાં, પ્રત્યયની એકતાનતા=ઉપયોગની એકતાનતા, ધ્યાન છે. સ્વરૂપશૂન્યની જેમ તે જ અર્થમાત્રનો નિર્ભાસ સમાધિ છે અર્થાત્ ધ્યાનના વિષયભૂત એવા ધ્યેયના સ્વરૂપમાત્રનો નિર્ભાસ છે, અને પોતાના જ્ઞાનનો ઉપયોગ ગૌણ બન્યો છે અને ધ્યેયઆકારપરિણતિ મુખ્ય બની છે. તેથી જ્ઞાનના ઉપયોગરૂપ સ્વરૂપથી શૂન્ય એવો અર્થમાત્ર નિર્ભાસ સમાધિમાં હોય છે.**

**'इति' શબ્દ પાતંજલ સૂત્રોના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.**

**તદ્આસંગ વિવર્જિત છે=સમાધિમાં આસંગભાવથી રહિત પરાદૃષ્ટિ છે.**

**સાત્મીકૃત પ્રવૃત્તિવાળી આ છે='ચંદનમાં ગંધ રહે છે' એ ન્યાયથી જીવના સ્વભાવભૂત થયેલી પ્રવૃત્તિવાળી પરાદૃષ્ટિ છે.**

**તદ્ ઉત્તીર્ણ આશયવાળી છે=પ્રવૃત્તિવાસક ચિત્તનો અભાવ હોવાને કારણે પ્રવૃત્તિવિષયક ઉત્તીર્ણ આશયવાળી પરાદૃષ્ટિ છે અર્થાત્ પ્રવૃત્તિ કરવાના આશયવાળી નથી. ॥૧૭૮॥**

❖ 'भूतप्रवृत्तिश्चैषा'ના સ્થાને 'सात्मीकृतप्रवृत्तिश्चैषा' એમ શ્લોક પ્રમાણે પાઠ હોવો જોઈએ.

❖ 'चाऽसच्चित्ताऽभावेन'ના સ્થાને હસ્તલિખિત પ્રતમાં वासयित्ताभावेन પાઠ છે, પરંતુ 'द्वात्रिंशित् द्वात्रिंशिका' ૨૪મીના શ્લોક-૨૬ પ્રમાણે 'प्रवृत्तिवासकचित्ताभावेन' પાઠ જોઈએ. તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

પરા નામની આઠમી દૃષ્ટિ સમાધિમાં નિષ્ઠાવાળી છે, અને સમાધિ એ ધ્યાનવિશેષ છે અર્થાત્ પ્રાથમિક ભૂમિકામાં ધ્યાન પ્રગટ્યા પછી વિશેષ પ્રકારે ભાવ્યની સાથે તન્મય અવસ્થાવાળું બનેલું ધ્યાન તે સમાધિ છે અથવા અન્યો સમાધિને ધ્યાનનું ફળ કહે છે અર્થાત્ ભાવ્યમાં એકાગ્ર થયેલું ચિત્ત તે ધ્યાન છે, અને ધ્યાનના ફળરૂપે ભાવ્યના સ્વરૂપમાં એકાકાર ઉપયોગવાળી ચિત્તની અવસ્થા ધ્યાનનું ફળ છે, અને તે સમાધિ છે, અને તે સમાધિમાં નિષ્ઠાને પામેલી પરાદૃષ્ટિ છે.

સમાધિનું સ્વરૂપ બતાવવા માટે ધારણા, ધ્યાન અને સમાધિરૂપ ચિત્તની ભાવ્યની સાથે એકાકાર પરિણતિનો ભેદ બતાવવો આવશ્યક છે. તેથી ધારણા, ધ્યાન અને સમાધિના સ્વરૂપને કહેનારા પાતંજલ સૂત્રોનું ટીકામાં ઉદ્ધરણ આપેલ છે, તેનો અર્થ આ પ્રમાણે છે –

ભાવ્યની ભાવના કરતું ચિત્ત નાસિકા આદિ દેશ ઉપર સ્થિર કરીને ભાવ્યના સ્વરૂપનું ચિંતવન કરતું હોય, અને તે ચિંતવનકાળમાં અન્ય કોઈ વસ્તુવિષયક ઉપયોગ ન વર્તતો હોય, તો તે ઉપયોગ ધારણારૂપ છે; અને ભાવ્યના સ્વરૂપનું ભાવન કરતી વખતે ઉપયોગ એકતાન બને ત્યારે ધ્યાન પ્રગટે છે, અને

ધ્યાનમાંથી સમાધિ પ્રગટે છે. સમાધિકાળમાં ભાવ્યરૂપ અર્થમાત્રનું નિર્ભાસન હોય છે અર્થાત્ બુદ્ધિરૂપી ચક્ષુમાં અર્થમાત્ર પ્રતિભાસ થતો હોય છે અને જ્ઞાનનો ઉપયોગ ગૌણ હોય છે. તે બતાવવા માટે સ્વરૂપશૂન્ય જેવો સમાધિનો ઉપયોગ છે તેમ બતાવેલ છે.

તેથી એ ફલિત થાય કે પરાદૃષ્ટિવાળા આત્માઓ શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે ધ્યાનમાં યત્ન કરીને ધ્યાનના ફળભૂત સમાધિવાળી અવસ્થામાં વર્તતા હોય છે, તે વખતે પરમાત્મા સદૃશ શુદ્ધ આત્માનું સ્વરૂપ જોવા માટે ચિત્ત પોતાના શુદ્ધ આત્મભાવોમાં નિષ્ઠ હોય છે. આમ છતાં શુદ્ધ આત્મભાવ હજી સ્પષ્ટ દેખાયો નથી, જે કેવળજ્ઞાન વખતે દેખાશે; તોપણ કંઈક દેખાય છે અને તેનું આલંબન લઈને શુદ્ધ આત્માને જોવા માટે ધ્યાનમાં સુદૃઢ યત્નવાળા હોય છે, અને ધ્યાનમાં વર્તતો સુદૃઢ યત્ન જ સમાધિરૂપ છે.

વળી પરાદૃષ્ટિ ધ્યાનના આઠ દોષોમાંથી આસંગદોષ વગરની છે. તેથી પોતે જે સમાધિની ભૂમિકાને પામેલા છે, તેમાંથી ઉપર ઉપરની ભૂમિકામાં જવા માટેનો યત્ન અસ્ખલિત કરતા હોય છે.

આસંગદોષ જીવોને જે સ્થાનને પામેલા હોય તે સ્થાનથી ઉપર જવા માટે વિઘ્નભૂત છે, અને સાતમી દૃષ્ટિવાળા જીવો ધ્યાનમાં યત્ન કરતા હોય છે, અને તેઓ પણ સાતમી દૃષ્ટિના બળથી આઠમી દૃષ્ટિમાં આવે છે ત્યારે આસંગદોષ હોતો નથી. આમ છતાં સાતમી દૃષ્ટિવાળા જીવોને અસંગભાવનું જે સુખ છે તેમાં આસંગદોષ આવે તેવી સંભાવના છે, અને જો આસંગદોષ આવે તો આગળ જવા માટે તે દોષ વિઘ્નભૂત બને. જ્યારે પરાદૃષ્ટિમાં તો આસંગદોષ નિયમા નથી. તેથી સ્વશક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં પરાદૃષ્ટિવાળા યોગીઓ યત્ન કરે છે.

વળી પરાદૃષ્ટિવાળા જીવો ભિક્ષાઅટનાદિ આચારોમાં યત્ન કરે છે તે સાત્મીભૂત પ્રવૃત્તિથી કરે છે. જેમ ચંદનમાં ગંધ સહજભાવે વર્તે છે, તેમ આહારગ્રહણ પ્રત્યે કે આહારઅગ્રહણ પ્રત્યે નિરપેક્ષ એવા પરાદૃષ્ટિવાળા યોગીઓ ભિક્ષાઅટનાદિ જે આચારો પાળે છે, તે પૂર્વમાં સંયમ પાળીને સાત્મીભૂત થયેલી પ્રવૃત્તિને કારણે પાળે છે.

આશય એ છે કે અસંગભાવની પૂર્વેના યોગીઓ ભગવાનના વચનનું સ્મરણ કરીને ભિક્ષાઅટનાદિ ઉચિત પ્રવૃત્તિઓ કરતા હોય છે, અને તે પ્રકારની પ્રવૃત્તિના અભ્યાસથી તે ઉચિત પ્રવૃત્તિ જીવની પ્રકૃતિરૂપે થઈ જવાથી ઉચિતકાળે ઉચિત આચારના સેવનમાં પરાદૃષ્ટિવાળા યોગીઓ યત્ન કરે છે; પરંતુ તે ઉચિત ક્રિયાઓ કરીને પોતાને કંઈક ભૂમિકા પ્રાપ્ત કરવી છે, તેવા આશયથી કરતા નથી, તે બતાવવા માટે કહ્યું કે તદ્ઉત્તીર્ણ આશયવાળી પરાદૃષ્ટિ છે; કેમ કે પ્રવૃત્તિ દ્વારા આત્માને વાસિત કરવાને અનુકૂળ એવું વાસક ચિત્ત તેઓને નથી.

તાત્પર્ય એ છે કે પરાદૃષ્ટિની પૂર્વના સાધક આત્માઓ ઉચિત પ્રવૃત્તિઓ કરીને ઉચિત પ્રવૃત્તિથી આત્માને વાસિત કરતા હોય છે, જેથી ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ સંસ્કારો આત્મામાં ઘનિષ્ઠ બને છે; પરંતુ પરાદૃષ્ટિમાં રહેલા યોગીઓને ઉચિત પ્રવૃત્તિ દ્વારા આત્માને વાસિત કરવાની જરૂર રહેતી નથી. તેથી ઉચિત પ્રવૃત્તિ કરવાને અનુકૂળ વાસક ચિત્ત તેઓને નથી. આમ છતાં ચંદનગંધન્યાયથી ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તે બતાવવા માટે કહ્યું કે પ્રવૃત્તિવિષયક ઉત્તીર્ણ આશયવાળી પરાદૃષ્ટિ છે. **॥૧૭૮॥**

**અવતરણિકા :-**

શ્લોક-૧૭૮માં પરાદૃષ્ટિવાળા યોગી કેવા હોય છે તે બતાવ્યું. હવે તે યોગીની અન્ય ભૂમિકા બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**निराचारपदो ह्यस्यामतिचारविवर्जितः ।**
**आरूढारोहणाभावगतिवत्त्वस्य चेष्टितम् ।।१७९।।**

**અન્વયાર્થ :-**

अस्यां=આમાં=આઠમી દૃષ્ટિમાં निराचारपदो हि=નિરાચારપદવાળા જ अतिचारविवर्जितः=અતિચારરહિત યોગી છે. तु=વળી आरूढारोहणाभावगतिवत्=આરૂઢને આરોહણના અભાવની ગતિની જેમ=ચડેલાને ચડવાના અભાવની પ્રવૃત્તિની જેમ अस्य=આની=આઠમી દૃષ્ટિવાળા યોગીની चेष्टितम्=ચેષ્ટા છે. ।।૧૭૯।।

**શ્લોકાર્થ :-**

**આઠમી દૃષ્ટિમાં નિરાચારપદવાળા જ અતિચારરહિત યોગી છે. વળી ચડેલાને ચડવાના અભાવની પ્રવૃત્તિની જેમ આઠમી દૃષ્ટિવાળા યોગીની ચેષ્ટા છે. ।।૧૭૯।।**

**ટીકા :-**

'निराचारपदो हि'-एव 'अस्यां' दृष्टौ योगी भवति, प्रतिक्रमणाद्यभावात्, 'अतिचारविवर्जितः' तन्निबन्धनाभावेन, 'आरूढारोहणाभावगतिवत्त्वस्य'-योगिनः 'चेष्टितं' भवति, आचारजेयकर्माभावात् निराचारपद इत्यर्थः ।।१७९।।

**ટીકાર્થ :-**

'निराचारपदो हि' ..... निराचारपद इत्यर्थः ।। આ દૃષ્ટિમાં=આઠમી દૃષ્ટિમાં, યોગી નિરાચારપદવાળા જ થાય છે; કેમ કે પ્રતિક્રમણ આદિ આચારોનો અભાવ છે.

વળી આ દૃષ્ટિમાં યોગી કેવા છે, તે બતાવે છે;

**અતિચારવિવર્જિત છે; કેમ કે તેના નિબંધનનો અભાવ છે=અતિચારના કારણનો અભાવ છે.**

નિરાચારપદવાળા યોગીની ચેષ્ટા કેવી હોય છે, તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે;

**આરૂઢને આરોહણના અભાવની પ્રવૃત્તિની જેમ આનું=યોગીનું ચેષ્ટિત છે; કેમ કે આચારજેય કર્મનો અભાવ છે.**

આરૂઢને આરોહણના અભાવની પ્રવૃત્તિની જેમ આઠમી દૃષ્ટિવાળા યોગીનું ચેષ્ટિત છે. તેનો ફલિતાર્થ બતાવે છે.

**નિરાચારપદવાળા યોગી છે, એ પ્રમાણે અર્થ છે. ।।૧૭૯।।**

**ભાવાર્થ :-**

આઠમી દૃષ્ટિવાળા યોગીઓ સહજ સમાધિમાં રહેલા હોવાને કારણે તેઓને સમતાની વૃદ્ધિ માટે કોઈ આચારો સેવવાના હોતા નથી, તેથી આઠમી દૃષ્ટિવાળા યોગીઓ નિરાચારપદવાળા કહ્યા છે અર્થાત્ નિરાચાર સ્થાનવાળા કહ્યા છે.

વળી સમ્યગ્ ક્રિયાઓ દ્વારા નિષ્પન્ન થયેલા આ યોગીઓ ધ્યાનમાં યત્ન કરે છે. તે ધ્યાનની શ્રેષ્ઠ અવસ્થા સમાધિ છે, અને ક્રિયાના કે ધ્યાનના ખેદાદિ જે આઠ દોષો છે, તે સર્વ દોષો આ દૃષ્ટિમાં ગયેલા હોવાથી સંપૂર્ણ અતિચારથી રહિત ધ્યાનવિશેષમાં અર્થાત્ સમાધિમાં યત્નવાળા યોગીઓ આઠમી દૃષ્ટિમાં હોય છે.

આઠમી દૃષ્ટિવાળા યોગીઓ નિરાચારપદવાળા કેમ છે, તે દૃષ્ટાંતથી બતાવે છે : જેમ પર્વત ઉપર આરૂઢ થયેલો હોય તેને આરોહણની પ્રવૃત્તિ હોતી નથી, પરંતુ જે આરૂઢ થયો નથી તેને જ આરોહણની પ્રવૃત્તિ હોય છે; તેમ આઠમી દૃષ્ટિ પૂર્વેના યોગીઓ યોગ ઉપર આરૂઢ થવા માટે પોતપોતાની ભૂમિકા પ્રમાણે આચારો સેવીને ઉપર ઉપરની ભૂમિકામાં જવા માટે યત્ન કરે છે; જ્યારે આઠમી દૃષ્ટિ યોગની પરાભૂમિકા છે, તેથી જ તેનું નામ પરાદૃષ્ટિ છે. માટે આઠમી દૃષ્ટિવાળા યોગી યોગની પરાભૂમિકા પર આરૂઢ થયેલા છે, તેથી આરોહણને અનુકૂળ કોઈ બાહ્ય પ્રવૃત્તિ તેઓ કરતા નથી; કેમ કે બાહ્ય આચારોથી જીતવા યોગ્ય તેમને કોઈ કર્મ નથી, તોપણ સમાધિમાં રહીને જીતવા યોગ્ય કર્મ તેઓને છે, અને તે કર્મ સમાધિના બળથી તેઓ જીતે છે. તેથી આઠમી દૃષ્ટિવાળા યોગી નિરાચારપદવાળા છે. **II૧૭૯II**

**અવતરણિકા :-**

**कथं भिक्षाटनाद्याचारोऽस्येत्याशङ्कापनोदायाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૧૭૯માં કહ્યું કે આઠમી દૃષ્ટિવાળા યોગીઓને આચારથી જીતવા યોગ્ય કોઈ કર્મ નથી, માટે તેઓ આચાર સેવતા નથી. ત્યાં શંકા થાય કે તો પછી આઠમી દૃષ્ટિવાળા યોગીને ભિક્ષાઅટનાદિ આચારો કેમ છે ? એ પ્રકારની આશંકાને દૂર કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**रत्नादिशिक्षादृग्भ्योऽन्या यथा दृक्तन्नियोजने ।**
**तथाचारक्रियाप्यस्य सैवान्या फलभेदतः ।।१८०।।**

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે रत्नादिशिक्षादृग्भ्यः=રત્નાદિવિષયક શિક્ષા ગ્રહણ કરનારની દૃષ્ટિથી तन्नियोजने= તેના નિયોજનમાં=રત્નાદિ વ્યાપારમાં अन्या दृक्=અન્ય દૃષ્ટિ છે, तथा=તે પ્રમાણે अस्य=આની=આઠમી દૃષ્ટિવાળા યોગીની सा एव=તે જ=ભિક્ષાઅટનાદિ સ્વરૂપ તે જ आचारक्रियापि=આચારક્રિયા પણ फलभेदतः=ફળભેદને કારણે अन्या=અન્ય છે=પૂર્વની દૃષ્ટિવાળા યોગીઓ કરતાં વિસદૃશ છે. ।।૧૮૦।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રત્નાદિવિષયક શિક્ષા ગ્રહણ કરનારની દૃષ્ટિ કરતાં રત્નાદિના વ્યાપારમાં અન્ય દૃષ્ટિ છે, તે પ્રમાણે આઠમી દૃષ્ટિવાળા યોગીની ભિક્ષાઅટનાદિ સ્વરૂપ તે જ આચારક્રિયા પણ ફળભેદને કારણે પૂર્વની દૃષ્ટિવાળા યોગીઓ કરતાં વિસદૃશ છે. ॥૧૮૦॥**

**ટીકા :-**

'रत्नादिशिक्षादृग्भ्यः' सकाशात् 'अन्या'-भिन्नेव यथा 'दृक् तन्नियोजने' शिक्षितस्य सतः, 'तथाऽऽचार-क्रियाप्यस्य'-योगिनः, 'सैव'-भिक्षाटनादिलक्षणा 'अन्या' भवति, कुत इत्याह 'फलभेदतः', प्राक् साम्परायिककर्मक्षयः फलं, इदानीं तु भवोपग्राहिकर्मक्षय इति ।।१८०।।

**ટીકાર્થ :-**

**'रत्नादिशिक्षादृग्भ्यः' ..... भवोपग्राहिकर्मक्षय इति ।। જે પ્રમાણે રત્નાદિવિષયક શિક્ષા ગ્રહણ કરનારની દૃષ્ટિ કરતાં શિક્ષિત એવા વેપારીની તેના નિયોજનમાં=રત્નના વ્યાપારમાં, અન્ય=ભિન્ન જ, દૃષ્ટિ છે; તે પ્રમાણે આની=યોગીની, તે જ=આઠમી દૃષ્ટિની પૂર્વના યોગીઓ સેવે છે તે જ, ભિક્ષાટનાદિ સ્વરૂપ આચારક્રિયા પણ અન્ય છે=આઠમી દૃષ્ટિની પૂર્વના યોગીઓ કરતાં વિસદૃશ છે. કેમ ? એથી કહે છે=સમાન ક્રિયા હોવા છતાં વિસદૃશ કેમ છે ? એથી કહે છે –**

**ફળભેદને કારણે વિસદૃશ છે, એમ અન્વય છે.**

તે ફળભેદને સ્પષ્ટ કરે છે;

**પૂર્વમાં=આઠમી દૃષ્ટિની પૂર્વમાં, સાંપરાયિક કર્મક્ષય ફળ છે=જે ભિક્ષાઅટનાદિ ક્રિયા કરે છે તે ક્રિયાથી નાશ કરવા યોગ્ય એવા કાષાયિક ભાવોને કરાવનારાં કર્મ, તેનો ક્ષય તે ક્રિયાનું ફળ છે.**

**વળી હવે=આઠમી દૃષ્ટિમાં, ભવોપગ્રાહી કર્મક્ષય ફળ છે=દેહને ધારણ કરવામાં સહાયક એવા ભવોપગ્રાહી કર્મોનો ક્ષય, તે ભિક્ષાઅટનાદિ ક્રિયાનું ફળ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૮૦॥**

❖ 'आचारक्रियापि' માં 'अपि' થી એ કહેવું છે કે આઠમી દૃષ્ટિવાળા યોગીની ધ્યાનની ક્રિયા તો પૂર્વના યોગી કરતાં વિલક્ષણ છે, પરંતુ ભિક્ષાઅટનાદિ આચારક્રિયા પણ વિલક્ષણ છે.

❖ 'भिक्षाटनादिलक्षणा' માં 'आदि' પદથી શરીરના અન્ય ધર્મોરૂપ આચારનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

જેમ રત્નને ઓળખવામાં નિપુણ થવાની ઇચ્છાવાળો કોઈ પુરુષ તે વિષયનો અભ્યાસ કરતો હોય ત્યારે કયું રત્ન વધારે શ્રેષ્ઠ છે અને કયું રત્ન ઓછું શ્રેષ્ઠ છે, તેના ભેદને ગ્રહણ કરવા માટે ઉપયોગવાળો હોય છે, તેથી અભ્યાસકાળમાં રત્નોની પરસ્પર વિલક્ષણતાને ગ્રહણ કરવા માટેનો ઉપયોગ પ્રવર્તતો હોય છે;

અને રત્નની પરીક્ષાનો સારી રીતે અભ્યાસ કર્યો છે જેણે તેવો શિક્ષિત, રત્નના વ્યાપારમાં પ્રવૃત્ત થાય છે તે વખતે, કયા રત્નની ખરીદીથી મને લાભ થશે અને કયાં રત્નો સહેલાઈથી વેચાશે, તે તરફ ઉપયોગ રાખીને ખરીદી કરે છે, પરંતુ રત્નોના પરસ્પર વિલક્ષણ ભાવોને જોવા માત્રમાં ઉપયોગવાળો નથી. તેની જેમ આઠમી દૃષ્ટિની પૂર્વના યોગીઓ સંયમઅવસ્થામાં હોય ત્યારે ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરે છે, તેના કરતાં આઠમી દૃષ્ટિવાળા યોગીઓ તે જ ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરે છે તે જુદા પ્રકારની છે; કેમ કે આઠમી દૃષ્ટિની પૂર્વના યોગીઓ સાંપરાયિક કર્મક્ષય માટે ભિક્ષાઅટનાદિ આચારોનું સેવન કરે છે, અને આઠમી દૃષ્ટિવાળા યોગીઓ ભવોપગ્રાહી કર્મના ક્ષય અર્થે ભિક્ષાઅટનાદિમાં યત્ન કરે છે.

આશય એ છે કે સંયમી મુનિ ભિક્ષાઅટનાદિની ક્રિયાઓ કરીને શમભાવની વૃદ્ધિ કરે છે; અને તે માટે ભિક્ષા માટે જતી વખતે મુનિ ભગવાનના વચનનું સ્મરણ કરીને ઉચિત યતનાપૂર્વક શમભાવની વૃદ્ધિ થાય તે રીતે ભિક્ષાઅટનની ક્રિયા, પ્રારંભથી માંડીને નિષ્ઠા સુધી કરે છે; અને તેમાં કોઈ નાની પણ સ્ખલના થઈ હોય તેનું સ્મરણ કરીને આલોચનાદિ દ્વારા તેની શુદ્ધિ કરે છે, અને ભિક્ષાથી પુષ્ટ થયેલા દેહથી પણ શાસ્ત્રવચનાનુસાર પ્રવૃત્તિ કરીને સંયમની વૃદ્ધિ કરે છે, તેથી તે મહાત્માની સર્વ ક્રિયા શમભાવની વૃદ્ધિનું કારણ બને છે. માટે વિશેષ પ્રકારનાં શમભાવનાં પ્રતિબંધક એવાં કાષાયિક કર્મોનો ક્ષય તે ભિક્ષાઅટનાદિ ક્રિયાથી થાય છે. તેથી આઠમી દૃષ્ટિની પૂર્વના યોગીઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા સાંપરાયિક કર્મના ક્ષયફળવાળી કહેલ છે; અને આ રીતે આચારોથી નાશ કરવા યોગ્ય કષાયોને નાશ કરીને યોગી જ્યારે વિશેષ પ્રકારની સમતામાં સ્થિર થાય છે, ત્યારે સમાધિ અવસ્થાને પામે છે; જે અવસ્થામાં આત્માનો શમભાવનો ઉપયોગ વીતરાગતુલ્ય છે. જોકે અહીં ફક્ત ક્ષાયોપશમિકભાવવાળી વીતરાગદશા વર્તે છે, ક્ષાયિકભાવવાળી વીતરાગદશા નથી; તોપણ આ ભૂમિકામાં રહેલા યોગીઓને સમાધિમાંથી બહાર કાઢે તેવાં કોઈ નિમિત્તો રહ્યાં નથી, તેથી સહજભાવે આ સમાધિને વહન કરીને અંતે ક્ષપકશ્રેણી દ્વારા કેવળજ્ઞાનને પામશે. તેથી આવા યોગીઓને ભિક્ષાઅટનાદિ ઉચિત ક્રિયાઓ દ્વારા શમભાવની વૃદ્ધિ માટે યત્ન કરવાની જરૂર રહેતી નથી; પરંતુ દેહને ટકાવનાર એવાં ભવોપગ્રાહી કર્મો હજી વિદ્યમાન છે, અને તેને ભોગવવા માટે દેહધારણ આવશ્યક છે, અને દેહને ટકાવવા માટે આહાર આવશ્યક છે, તેથી આહાર અર્થે ભિક્ષાઅટનાદિ કરીને આવા યોગીઓ દેહને ટકાવીને ભવોપગ્રાહી કર્મોનો નાશ કરે છે. તેથી ભવોપગ્રાહી કર્મોના ક્ષય માટે તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ છે. **॥૧૮૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૦માં કહ્યું કે રત્નની શિક્ષા ગ્રહણ કરનારની દૃષ્ટિ કરતાં રત્નનો વ્યાપાર કરનારની દૃષ્ટિ જેમ જુદી છે, તેમ આઠમી દૃષ્ટિવાળા યોગીના આચારો પણ અન્ય યોગી કરતાં જુદા છે, માટે આઠમી દૃષ્ટિવાળા યોગીઓ નિરાચારપદવાળા છે. હવે જેમ રત્નની શિક્ષાને ગ્રહણ કર્યા પછી રત્નના વ્યાપારથી ધનની પ્રાપ્તિ થાય છે, તેમ આઠમી દૃષ્ટિવાળા મહાત્મા કઈ રીતે આત્મસંપત્તિ પ્રાપ્ત કરે છે, તે બતાવે છે –**

**શ્લોક :-**

**तन्नियोगान्महात्मेह कृतकृत्यो यथा भवेत् ।**
**तथाऽयं धर्मसन्न्यासविनियोगान्महामुनिः ।।१८१।।**

**અન્વયાર્થ :-**

यथा=જે પ્રમાણે इह=અહીં=લોકમાં महात्मा=રત્નનો વ્યાપારી तन्नियोगात्=તેના નિયોગથી=રત્નના વ્યાપારથી कृतकृत्यः=ધનાઢ્ય भवेत्=થાય છે, तथा=તે પ્રમાણે अयं महामुनिः=આ મહામુનિ=આઠમી દૃષ્ટિવાળા મહામુનિ धर्मसन्न्यासविनियोगात्=ધર્મસંન્યાસના વિનિયોગથી=ક્ષયોપશમભાવના ધર્મના ત્યાગના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે. ।।૧૮૧।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે લોકમાં રત્નનો વ્યાપારી રત્નના વ્યાપારથી ધનાઢ્ય થાય છે, તે પ્રમાણે આઠમી દૃષ્ટિવાળા મહામુનિ ક્ષયોપશમભાવના ધર્મના ત્યાગના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે. ।।૧૮૧।।**

**ટીકા :-**

'तन्नियोगाद्'=रत्ननियोगात् ',महात्मा' इह=लोके 'कृतकृत्यो यथा भवेत्' कश्चिद्रत्नवणिक् 'तथाऽयम्' अधिकृतयोगी, धर्मसन्न्यासविनियोगात्' सकाशात् 'महामुनिः' कृतकृत्यो भवतीति ।।१८१।।

**ટીકાર્થ :-**

'तन्नियोगाद्' ..... भवतीति ।। અહીં=લોકમાં, મહાત્મા એવો કોઈક રત્નવણિક તેના નિયોગથી=રત્નના વ્યાપારથી, જે પ્રમાણે કૃતકૃત્ય=ધનાઢ્ય, થાય છે, તે પ્રમાણે આ=અધિકૃત યોગી=આઠમી દૃષ્ટિવાળા યોગી એવા મહામુનિ, ધર્મસંન્યાસ વિનિયોગથી=ક્ષયોપશમભાવના ધર્મના ત્યાગના વ્યાપારથી, કૃતકૃત્ય થાય છે=વીતરાગ સર્વજ્ઞ થાય છે. ।।૧૮૧।।

**ભાવાર્થ :-**

રત્નની પરીક્ષાને શીખ્યા પછી રત્નનો વ્યાપાર કરીને રત્નનો વ્યાપારી જ્યારે ઘણું ધન મેળવે છે, ત્યારે તેને જણાય છે કે મારો વિદ્યાભ્યાસ સફળ થયો, તેથી તે પોતાને કૃતકૃત્ય માને છે. તેમ આઠમી દૃષ્ટિવાળા યોગીઓ પોતાનામાં વર્તતા ક્ષયોપશમભાવના ક્ષમાદિ ગુણોનો ત્યાગ કરીને ક્ષાયિકભાવના ગુણોને પ્રાપ્ત કરે છે, ત્યારે કૃતકૃત્ય થાય છે; કેમ કે ક્ષાયોપશમિકભાવના ગુણો ગમે ત્યારે ચાલ્યા જઈ શકે તેવા છે. તેથી તે ગુણો પ્રત્યે યોગીને સ્થિર આસ્થા હોતી નથી; પરંતુ જ્યારે ક્ષાયિકભાવના ગુણોને પ્રાપ્ત કરે છે, ત્યારે જે કંઈ તેને પ્રાપ્ત કરવા જેવું હતું તે પ્રાપ્ત થઈ ગયું. તેથી તે મહામુનિ કૃતકૃત્ય થાય છે. **।।૧૮૧।।**

**અવતરણિકા :-**

तत्र –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=કૃતકૃત્ય થવામાં –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૦માં કહ્યું કે આ મહામુનિ ક્ષાયોપશમિકભાવના ધર્મના સંન્યાસના વ્યાપારથી કૃતકૃત્ય થાય છે. તેથી હવે તે કૃતકૃત્ય થવામાં મુખ્ય ધર્મસંન્યાસ કયો છે, તે બતાવવા માટે કહે છે. અર્થાત્ કૃતકૃત્ય થવામાં ઉપચરિત ધર્મસંન્યાસ પ્રવ્રજ્યાકાળ વખતે થાય છે, અને મુખ્ય ધર્મસંન્યાસ બીજા અપૂર્વકરણમાં થાય છે, તે બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**द्वितीयाऽपूर्वकरणे मुख्योऽयमुपजायते ।**
**केवलश्रीस्ततश्चास्य निःसपत्ना सदोदया ।।१८२।।**

**અન્વયાર્થ :-**

द्वितीयाऽपूर्वकरणे=બીજા અપૂર્વકરણમાં अयम्=આ=ધર્મસંન્યાસ मुख्यः=મુખ્ય उपजायते=થાય છે, च=અને ततः=તેનાથી=ધર્મસંન્યાસના વ્યાપારથી अस्य=આને=યોગીને निःसपत्ना=અપ્રતિસ્પર્ધી सदोदया=સદા ઉદયવાળી केवलश्रीः=કેવળલક્ષ્મી થાય છે. ।।૧૮૨।।

**શ્લોકાર્થ :-**

**બીજા અપૂર્વકરણમાં ધર્મસંન્યાસ મુખ્ય થાય છે, અને ધર્મસંન્યાસના વ્યાપારથી યોગીને અપ્રતિસ્પર્ધી સદા ઉદયવાળી કેવળલક્ષ્મી થાય છે. ।।૧૮૨।।**

**ટીકા :-**

'द्वितीयाऽपूर्वकरणे'-श्रेणिवर्तिनि, 'मुख्यो' अयं=धर्मसन्न्यासः, 'उपजायते,' उपचरितस्तु प्रमत्तसंयतादारभ्य, 'केवलश्रीस्ततश्च'-धर्मसन्न्यासविनियोगात् 'अस्य'=योगिनो, 'निःसपत्ना' केवलश्रीः, 'सदोदया'-प्रतिपाताभावेन ।।१८२।।

**ટીકાર્થ :-**

'द्वितीयाऽपूर्वकरणे' ..... प्रतिपाताभावेन ।। શ્રેણીવર્તી એવા બીજા અપૂર્વકરણમાં=ક્ષપકશ્રેણીવર્તી એવા બીજા અપૂર્વકરણમાં, આ=ધર્મસંન્યાસ, મુખ્ય=અનુપચરિત, થાય છે; વળી ઉપચરિત ધર્મસંન્યાસ પ્રમત્તસંયતથી માંડીને થાય છે,

**અને તેનાથી=ધર્મસંન્યાસના વ્યાપારથી=મુખ્ય એવા ધર્મસંન્યાસના વ્યાપારથી, આને=યોગીને, કેવલશ્રી થાય છે.**

કેવી કેવલશ્રી થાય છે, તે સ્પષ્ટ કરે છે –

**નિઃસપત્ના=અપ્રતિસ્પર્ધી જ્ઞાનવાળી કેવળલક્ષ્મી થાય છે. વળી તે કેવળલક્ષ્મી કેવી છે, તે સ્પષ્ટ કરે છે : સદા ઉદયવાળી છે; કેમ કે પ્રતિપાતનો અભાવ છે. ॥૧૮૨॥**

**ભાવાર્થ :-**

આઠમી દૃષ્ટિવાળા યોગી સમાધિમાં નિષ્ઠાવાળા હોય છે; અને સમાધિના બળથી ક્ષપકશ્રેણી માંડે છે, ત્યારે, બીજા અપૂર્વકરણ વખતે ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરવાનો પ્રારંભ કરે છે; અને ક્ષયોપશમભાવના સર્વ ધર્મોનો ત્યાગ થઈ જાય ત્યારે, આઠમી દૃષ્ટિવાળા યોગી તેરમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે. તે વખતે તેઓને કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, અને કેવળજ્ઞાન વખતે અન્ય મતિ આદિ જ્ઞાન સહવર્તી નથી. તેથી કેવળજ્ઞાનનું પ્રતિસ્પર્ધી, કોઈ જ્ઞાન નથી, અને આ કેવળજ્ઞાન સદા રહેનારું છે; કેમ કે અન્ય જ્ઞાનોની જેમ તેનો પ્રતિપાત ક્યારેય થતો નથી.

ટીકામાં કહ્યું કે બીજા અપૂર્વકરણમાં મુખ્ય ધર્મસંન્યાસ થાય છે, અને પ્રમત્તસંયતગુણસ્થાનકથી માંડીને બીજા અપૂર્વકરણની પૂર્વ અવસ્થા સુધી ઉપચરિત ધર્મસંન્યાસ થાય છે. તેનાથી એ કહેવું છે કે જીવનો મુખ્ય ગુણ જે કેવળજ્ઞાન છે, તેની પ્રાપ્તિનું કારણ બને તેવો જે ધર્મસંન્યાસ તે મુખ્ય છે, અને આ ધર્મસંન્યાસમાં ક્ષયોપશમભાવના ધર્મોના ત્યાગથી ક્ષાયિકભાવના ધર્મોની પ્રાપ્તિ થાય છે. આ ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ એ મુખ્ય ધર્મસંન્યાસ છે, અને તેની પૂર્વે પ્રમત્તસંયતથી માંડીને ઔદયિકભાવના ધર્મોનો જે ત્યાગ કરાય છે, તે જીવના ગુણરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિનું સાક્ષાત્ કારણ નથી, પરંતુ પરંપરાએ કારણ છે; તેથી ઔદયિકભાવોના ધર્મસંન્યાસને ઉપચરિત ધર્મસંન્યાસ કહેલ છે. **॥૧૮૨॥**

**અવતરણિકા :-**

सिंहावलोकितनीत्याधिकृतवस्तुनिर्धारणायाह –

**અવતરણિકાર્થ :-**

**સિંહાવલોકિત નીતિથી=સિંહના અવલોકનની જેમ આગળ જઈને પાછળ જોવાની નીતિથી, અધિકૃત વસ્તુના નિર્ધારણ માટે=ધર્મસંન્યાસથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, એ રૂપ અધિકૃત વસ્તુના નિર્ણય માટે, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૧-૧૮૨માં ગ્રંથકારે બતાવ્યું કે આઠમી દૃષ્ટિવાળા મહામુનિ ધર્મસંન્યાસના વ્યાપારથી કેવળજ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત કરે છે. તેથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ બતાવ્યા પછી હવે ધર્મસંન્યાસથી કેવળજ્ઞાન કેમ થાય છે, તેવો નિર્ણય કરાવવા માટે, કેવળજ્ઞાન થાય છે એ કથન કર્યા પછી તેની પૂર્વની અવસ્થા જીવની કેવી છે,

તે બતાવવાનો પ્રારંભ સિંહાવલોકિત નીતિથી પ્રસ્તુત શ્લોકમાં કરેલ છે; અને તે કથન ધર્મસંન્યાસથી જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય, એ રૂપ અધિકૃત વસ્તુનો નિર્ણય કરાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**स्थितः शीतांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।**
**चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ।।१८३।।**

**અન્વયાર્થ :-**

**भावशुद्धया प्रकृत्या=ભાવશુદ્ધિવાળી એવી પ્રકૃતિથી शीतांशुवत्=ચંદ્રની જેમ जीवः स्थितः=જીવ રહેલો છે, चन्द्रिकावत्=ચંદ્રિકાની જેમ विज्ञानं=વિજ્ઞાન છે च=અને अभ्रवत्=વાદળની જેમ तदावरणम्=** તેનું આવરણ છે=જ્ઞાનનું આવરણ છે. ।।૧૮૩।।

**શ્લોકાર્થ :-**

**ભાવશુદ્ધિવાળી એવી પ્રકૃતિથી ચંદ્રની જેમ જીવ રહેલો છે, ચંદ્રિકાની જેમ વિજ્ઞાન છે અને વાદળની જેમ જ્ઞાનનું આવરણ છે. ।।૧૮૩।।**

**ટીકા :-**

**'स्थितो'-न स्थापनीयः, 'शीतांशुवत्'=चन्द्रवत्, 'जीवः'-आत्मा, 'प्रकृत्या' आत्मीयया, 'भावशुद्धया'-तत्त्वशुद्धयेत्यर्थः तथा 'चन्द्रिकावच्च'-ज्योत्स्नावच्च, 'विज्ञानं' केवलादि, उपमामात्रमेतत्, 'तदावरणं'=ज्ञानावरणं, 'अभ्रवत्'-मेघपटलवदित्यर्थः ।**

**ટીકાર્થ :-**

**'स्थितो' ..... मेघपटलवदित्यर्थः ।। ભાવશુદ્ધિવાળી=તત્ત્વની શુદ્ધિવાળી=જીવનું કર્મરહિત જે પારમાર્થિક સ્વરૂપ છે તે જીવનું તત્ત્વ છે તેની શુદ્ધિવાળી, પોતાની પ્રકૃતિથી જીવ=આત્મા, ચંદ્રની જેમ સ્થિત છે, સ્થાપનીય નથી; અને ચંદ્રિકાની જેમ=જ્યોત્સ્નાની જેમ, કેવલાદિ=કેવળજ્ઞાનાદિ, વિજ્ઞાન છે. આ= ચંદ્ર જેવો જીવ અને ચંદ્રિકા જેવું વિજ્ઞાન છે એ, ઉપમા માત્ર છે, અને વાદળ જેવું= મેઘપટલ જેવું,** તેનું આવરણ છે=જ્ઞાનનું આવરણ છે. ।।૧૮૩।।

**ભાવાર્થ :-**

ઉપમા દ્વારા જીવ, જીવનું જ્ઞાન અને જ્ઞાનનાં આવારક કર્મોને બતાવે છે. જેમ ચંદ્ર પ્રકૃતિથી શીતલ સ્વભાવમાં સ્થિત છે, પરંતુ શીતલ સ્વભાવમાં સ્થાપનીય નથી=પ્રયત્નથી સ્થાપન કરવા યોગ્ય નથી. તેમ પોતાની શુદ્ધ પ્રકૃતિથી જીવ રાગાદિ રહિત હોવાથી શીતલ સ્વભાવવાળો છે; પરન્તુ શીતલ સ્વભાવમાં સ્થાપનીય નથી. અર્થાત્ સાધકદશામાં જેમ શીતલ સ્વભાવમાં આત્માને સ્થાપન કરવા યોગીને યત્ન કરવો

પડે છે, તેમ સિદ્ધ અવસ્થામાં શીતલ સ્વભાવમાં સ્થાપન કરવા સિદ્ધના જીવોને યત્ન કરવો પડતો નથી, માટે આત્મા શીતલ સ્વભાવમાં સ્થાપનીય નથી; અને જેમ ચંદ્રમાં ચંદ્રિકા રહેલી છે, તેમ જીવમાં કેવળજ્ઞાનાદિ પાંચ જ્ઞાનોના પરિણામો રહેલા છે; અને જેમ વાદળના આવરણને કારણે ચંદ્રની જ્યોત્સ્ના આવૃત થાય છે, તેમ જ્ઞાનાવરણ કર્મના કારણે જીવનું વિજ્ઞાન આવૃત થાય છે. આ પ્રકારે જીવની શુદ્ધાશુદ્ધ અવસ્થા બતાવીને ગ્રંથકારને એ બતાવવું છે કે જીવમાં કેવળજ્ઞાન સ્વાભાવિક રહેલું છે. ધર્મસંન્યાસવ્યાપારથી જીવ તેને પ્રાપ્ત કરે છે, અને તે ધર્મસંન્યાસનો વ્યાપાર જ્ઞાનના આવરણને ખસેડવાનું કામ કરે છે, પરંતુ તે વ્યાપારથી જીવ પોતાના ભાવમાં સ્થાપનીય નથી. વસ્તુતઃ જીવ પોતાની પ્રકૃતિથી પોતાના ભાવમાં રહેલો છે, અને જીવના પ્રયત્નથી જ્ઞાનનું આવરણ ખસે છે, માટે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. **॥૧૮૩॥**

**અવતરણિકા :-**

**प्रकृतयोजनमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રકૃતના યોજનને=શ્લોક-૧૮૨માં કહ્યું કે ધર્મસંન્યાસથી જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, એ રૂપ પ્રકૃતના શ્લોક-૧૮૩ના કથન સાથે યોજનને, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૨માં કહ્યું કે ધર્મસંન્યાસથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે વસ્તુના નિર્ણય માટે સિંહાવલોકિત ન્યાયથી શ્લોક-૧૮૩માં બતાવ્યું કે જીવ ચંદ્ર જેવો છે, વિજ્ઞાન ચંદ્રિકા જેવું છે અને જ્ઞાનનું આવરણ વાદળા જેવું છે. આ કથનને, ધર્મસંન્યાસથી કેવળજ્ઞાન કઈ રીતે થાય છે, તે રૂપ પ્રકૃત સાથે યોજનને કહે છે –

**શ્લોક :-**

**घातिकर्माभ्रकल्पं तदुक्तयोगाऽनिलाऽऽहतेः ।**
**यदाऽपैति तदा श्रीमान् जायते ज्ञानकेवली ।।१८४।।**

**અન્વયાર્થ :-**

**उक्तयोगाऽनिलाऽऽहतेः=ઉક્ત યોગરૂપી પવનના ઘાતથી=શ્લોક-૧૮૧-૧૮૨માં કહેવાયેલા ધર્મસંન્યાસયોગ સ્વરૂપ પવનના ઝપાટાથી अभ्रकल्पं तद् घातिकर्म=અભ્ર જેવું તે ઘાતિકર્મ=પૂર્વશ્લોક-૧૮૩માં વર્ણન કર્યું તે અભ્ર જેવું આવરણ, यदा=જ્યારે अपैति=દૂર થાય છે, तदा=ત્યારે श्रीमान्=શ્રીમાન્ એવા આ યોગી ज्ञानकेवली=સર્વજ્ઞ जायते=થાય છે. ॥૧૮૪॥**

**શ્લોકાર્થ :-**

**શ્લોક-૧૮૧-૧૮૨માં કહેવાયેલા ધર્મસંન્યાસયોગ સ્વરૂપ પવનના ઝપાટાથી પૂર્વશ્લોક-૧૮૩માં વર્ણન કર્યું તે ઘાતિકર્મ, જ્યારે દૂર થાય છે, ત્યારે શ્રીમાન એવા આ યોગી સર્વજ્ઞ થાય છે. ॥૧૮૪॥**

**ટીકા :-**

**'घातिकर्म'-ज्ञानावरणीयादि तद्यथा ज्ञानावरणीयं, दर्शनावरणीयं, मोहनीयं, अन्तरायं चेति, एतद् 'अभ्रकल्पं' वर्तते, 'तद्' घातिकर्म 'उक्तयोगानिलाहतेः'-अनन्तरोदितयोगवायुघातादित्यर्थः 'यदापैति'-श्रेणिपरिसमाप्तौ 'तदा' 'श्रीमान्' असौ मुख्यविक्रमयोगेन 'जायते' 'ज्ञानकेवली'-सर्वज्ञ इत्यर्थः ।।१८४।।**

**ટીકાર્થ :-**

**'घातिकर्म' ..... सर्वज्ञ इत्यर्थः ।। ઘાતિકર્મ જ્ઞાનાવરણીયાદિ છે. તે આ પ્રમાણે - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય.**

**'इति' શબ્દ ઘાતિકર્મના ભેદના કથનની સમાપ્તિમાં છે.**

**આ=ઘાતિકર્મ, અભ્ર જેવું વર્તે છે. તે=પૂર્વશ્લોક-૧૮૩માં કહેલ ઘાતિકર્મ, ઉક્ત યોગરૂપ અનિલની આહતિથી=અનંતર કહેવાયેલા યોગરૂપી વાયુના ઘાતથી=શ્લોક-૧૮૨માં કહેવાયેલા ધર્મસંન્યાસયોગરૂપ વાયુના ઝપાટાથી, જ્યારે=શ્રેણીની પરિસમાપ્તિમાં, દૂર થાય છે, ત્યારે શ્રીમાન એવો આ=યોગી, મુખ્ય વિક્રમયોગથી=ઘાતિકર્મના ક્ષય અર્થે ક્ષપકશ્રેણીમાં વર્તતા મુખ્ય પરાક્રમના સંબંધથી, જ્ઞાનકેવલી= સર્વજ્ઞ, થાય છે. ।।૧૮૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૩માં બતાવ્યું કે જીવ ચંદ્ર જેવો છે, જ્ઞાન ચંદ્રિકા જેવું છે અને આવરણ વાદળા જેવું છે; અને તે આવરણ ખસવાથી જીવને કેવળજ્ઞાન થાય છે. હવે તે કથન પ્રસ્તુત શ્લોકમાં બતાવીને તે આવરણ કઈ રીતે ખસે છે, તે બતાવે છે –

આઠમી દૃષ્ટિમાં રહેલા યોગી જ્યારે મુખ્ય ધર્મસંન્યાસમાં યત્ન કરે છે, ત્યારે તે ધર્મસંન્યાસયોગરૂપ પવનથી વાદળા જેવાં ઘાતિકર્મો દૂર થાય છે, અને જીવ કેવળજ્ઞાન પામે છે; કેમ કે જીવમાં ચંદ્રિકાની જેમ કેવળજ્ઞાન રહેલું છે, તેથી આવરણ ખસવાથી તે પ્રગટ થાય છે. આ આવરણ ખસેડવા માટે જીવનું મુખ્ય પરાક્રમ ક્ષપકશ્રેણીમાં થાય છે, તે પરાક્રમના યોગથી જીવ કેવળજ્ઞાન પામે છે.

આશય એ છે કે જીવ યોગમાર્ગમાં જે કંઈ પરાક્રમ કરે છે તે સર્વ ઘાતિકર્મના નાશ માટે હોય છે; આમ છતાં પ્રારંભિક પરાક્રમ ઘાતિકર્મના ક્ષયોપશમભાવને કરવા અર્થે હોય છે, જે મુખ્ય પરાક્રમ નથી; પરંતુ ક્ષપકશ્રેણીવર્તી યોગી ક્ષયોપશમભાવના ધર્મોનો ત્યાગ કરીને ક્ષાયિકભાવના ધર્મો માટે યત્ન કરે છે, તે મુખ્ય પરાક્રમ છે; અને આ પરાક્રમથી જ જીવ ઘાતિકર્મનો નાશ કરીને પોતાની સ્વાભાવિક પ્રકૃતિ જે સત્તામાં રહેલી હતી તેને અભિવ્યક્ત કરે છે. તેથી મુખ્ય પરાક્રમના યોગથી જીવ સર્વજ્ઞ થાય છે, એમ કહેલ છે.

'ज्ञानकेवली' શબ્દનો સમાસ આ પ્રમાણે છે; ज्ञानेन केवली इति ज्ञानकेवली - કેવલી એટલે કેવળવાળો=એક અદ્વિતીય ભાવવાળો. તેથી જ્ઞાન વડે એક અદ્વિતીય ભાવવાળો જે હોય, તે જ્ઞાનકેવલી. **।।૧૮૪।।**

**અવતરણિકા :-**

अत एवाह –

**અવતરણિકાર્થ :-**

આથી જ=શ્લોક-૧૮૪માં કહ્યું કે ઘાતિકર્મના નાશથી આ યોગી સર્વજ્ઞ થાય છે આથી જ, કહે છે=શું થાય છે ? તે કહે છે –

**શ્લોક :-**

**क्षीणदोषोऽथ सर्वज्ञः सर्वलब्धिफलान्वितः ।**
**परं परार्थं सम्पाद्य ततो योगान्तमश्नुते ।।१८५।।**

**અન્વયાર્થ :-**

अथ=હવે क्षीणदोषः सर्वलब्धिफलान्वितः सर्वज्ञः=ક્ષીણદોષવાળા, સર્વ લબ્ધિના ફળથી સહિત, સર્વજ્ઞ परं परार्थं सम्पाद्य=પ્રકૃષ્ટ પરાર્થને સંપાદન કરીને=પ્રકૃષ્ટ એવા બીજાના અર્થને સંપાદન કરીને ततः= ત્યારપછી योगान्तं=યોગાન્તને=મોક્ષપ્રાપ્તિની કારણીભૂત એવી યોગની ચરમ ભૂમિકાને, अश्नुते= પ્રાપ્ત કરે છે. ।।૧૮૫।।

**શ્લોકાર્થ :-**

**હવે ક્ષીણદોષવાળા, સર્વ લબ્ધિના ફળથી સહિત, સર્વજ્ઞ, પ્રકૃષ્ટ એવા બીજાના અર્થને સંપાદન કરીને, ત્યારપછી મોક્ષપ્રાપ્તિની કારણીભૂત એવી યોગની ચરમ ભૂમિકાને પ્રાપ્ત કરે છે. ।।૧૮૫।।**

**ટીકા :-**

'क्षीणदोषः'-सकलरागादिपरिक्षयेण 'अथ' तदैव 'सर्वज्ञो'-निरावरणज्ञानभावेन सर्वज्ञ इत्यर्थः, 'सर्वलब्धि-फलान्वितः'-सर्वौत्सुक्यनिवृत्त्या 'परं परार्थं सम्पाद्य'-यथाभव्यं सम्यक्त्वादिलक्षणं 'ततो' 'योगान्तमश्नुते'=योगपर्यन्तमाप्नोति ।।१८५।।

**ટીકાર્થ :-**

'क्षीणदोषः' ..... योगपर्यन्तमाप्नोति ।। હવે સકલ રાગાદિનો પરિક્ષય હોવાને કારણે ક્ષીણદોષવાળા, ત્યારે જ=જ્યારે ક્ષીણદોષવાળા થાય ત્યારે જ, સર્વજ્ઞ=નિરાવરણ જ્ઞાનનો સદ્ભાવ હોવાને કારણે સર્વજ્ઞ, સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ હોવાથી સર્વ લબ્ધિના ફળથી યુક્ત એવા તે યોગી, યથાભવ્ય= યોગ્યતા પ્રમાણે સમ્યક્ત્વાદિ સ્વરૂપ પ્રકૃષ્ટ એવા પરના અર્થને સંપાદન કરીને, ત્યાર પછી યોગના અંતને=મોક્ષસાધક એવી યોગની ચરમ ભૂમિકાને, પ્રાપ્ત કરે છે. ।।૧૮૫।।

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોક-૧૮૪માં કહ્યું કે આ આઠમી દૃષ્ટિવાળા યોગી મુખ્ય વિક્રમયોગથી સર્વજ્ઞ થાય છે, અને સર્વજ્ઞ થયેલા એવા તેઓ શું કરે છે ? તે બતાવવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

આ યોગી, સંપૂર્ણ રાગાદિનો પરિક્ષય થયો હોવાને કારણે ક્ષીણદોષવાળા છે, અને જ્યારે ક્ષીણદોષવાળા થાય છે, ત્યારે જ નિરાવરણ જ્ઞાન હોવાને કારણે સર્વજ્ઞ છે. વળી સર્વ રાગાદિ ક્ષય થવાને કારણે સંપૂર્ણ ઉત્સુકતાની નિવૃત્તિ થયેલી છે, તેથી સર્વ લબ્ધિના ફળથી યુક્ત છે; અને આવા તે યોગી જે જીવોની જે પ્રકારની યોગ્યતા છે તે પ્રમાણે સમ્યક્ત્વ આદિ સ્વરૂપ બીજા જીવોના અર્થને સંપાદન કરીને, ત્યારપછી યોગની ચરમ ભૂમિકારૂપ યોગનિરોધને પ્રાપ્ત કરે છે.

અહીં કહ્યું કે સર્વ ઔત્સુક્યની નિવૃત્તિ હોવાને કારણે આઠમી દૃષ્ટિવાળા યોગી સર્વ લબ્ધિના ફળથી યુક્ત છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જીવમાં જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાયનો ક્ષયોપશમભાવ વર્તે છે, અને આ જ્ઞાનાવરણીય અને વીર્યાન્તરાયનો ક્ષયોપશમભાવ જેમ જેમ વધે તેમ તેમ તે તે પ્રકારના ક્ષયોપશમથી તે તે લબ્ધિઓ પ્રગટે છે. જેમ વર્તમાનમાં સામાન્ય રીતે દરેક જીવને કંઈક મતિજ્ઞાનાવરણીય, કંઈક શ્રુતજ્ઞાનાવરણીય અને કંઈક વીર્યાન્તરાયનો ક્ષયોપશમ હોય છે જે લબ્ધિરૂપ છે, અને તે જ્ઞાનરૂપ લબ્ધિવાળો જીવ શાસ્ત્રાદિ ભણીને જ્યારે ચૌદપૂર્વના ક્ષયોપશમવાળો થાય, ત્યારે વિશેષ પ્રકારની શ્રુતલબ્ધિવાળો થાય છે. તેમ કોઈકને અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન પ્રગટે ત્યારે અવધિલબ્ધિવાળો કે મનઃપર્યવલબ્ધિવાળો થાય, તેમ વિશેષ પ્રકારના વીર્યાન્તરાયના ક્ષયોપશમથી અણિમા આદિ લબ્ધિઓ પ્રાપ્ત થાય, અને તે સર્વ લબ્ધિઓનું પારમાર્થિક ફળ જીવમાં વર્તતા ઔત્સુક્યરૂપ દોષની નિવૃત્તિ છે; અને આઠમી દૃષ્ટિવાળા યોગી જ્યારે કેવળજ્ઞાન પામે છે, ત્યારે સંપૂર્ણ ઉત્સુકતાની નિવૃત્તિ થાય છે. તેથી સર્વ લબ્ધિના ફળને તેઓ પામેલા છે, એમ કહેલ છે; અને આવા યોગીઓ સંસારવર્તી જીવોની યોગ્યતા પ્રમાણે તેઓને સમ્યક્ત્વ, દેશવિરતિ આદિ પ્રાપ્ત થાય તેવો ઉચિત યત્ન કરે છે, અને આવો પરાર્થ સંપાદન કરીને જ્યારે પોતાનું આયુષ્ય પૂરું થવા આવે છે, ત્યારે મોક્ષસાધક એવા યોગની ચરમ ભૂમિકારૂપ યોગનિરોધમાં યત્ન કરે છે.

અહીં યોગ્યતા પ્રમાણે પરાર્થને સંપાદન કરીને યોગાન્તને પ્રાપ્ત કરે છે તેમ ન કહેતાં, પર પરાર્થને સંપાદન કરીને યોગાન્તને પ્રાપ્ત કરે છે તેમ કહ્યું. તેનાથી એ કહેવું છે કે ઇહલૌકિક પરાર્થ છે તે પ્રકૃષ્ટ પરાર્થ નથી, પરંતુ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવી તે પ્રકૃષ્ટ પરાર્થ છે, અને સર્વજ્ઞ થયેલા એવા યોગી યોગ્ય જીવોને યોગમાર્ગની પ્રાપ્તિ કરાવે એવા પ્રકૃષ્ટ પરાર્થને સંપાદન કરે છે, તે બતાવવા માટે, પરાર્થના વિશેષણરૂપે 'પર' શબ્દ મૂકેલો છે. **॥૧૮૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૫માં કહ્યું કે સર્વજ્ઞ એવા યોગી પર પરાર્થને સંપાદન કરીને યોગાન્તને પ્રાપ્ત કરે છે. હવે તેનાથી શું પ્રાપ્ત થાય છે તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**तत्र द्रागेव भगवानयोगाद्योगसत्तमात् ।**
**भवव्याधिक्षयं कृत्वा निर्वाणं लभते परम् ।।१८६।।**

**અન્વયાર્થ :-**

तत्र=ત્યાં=મોક્ષસાધક એવા યોગની ચરમ ભૂમિકામાં भगवान्=ભગવાન એવા આ યોગી, योगसत्तमात् अयोगात्=યોગસત્તમ એવા અયોગથી=મોક્ષસાધક શ્રેષ્ઠ યોગરૂપ અવ્યાપારથી द्राग् एव=શીઘ્ર જ भवव्याधिक्षयं कृत्वा=ભવવ્યાધિના ક્ષયને કરીને परं निर्वाणं=પરં નિર્વાણને लभते=પ્રાપ્ત કરે છે. ।।૧૮૬।।

**શ્લોકાર્થ :-**

**મોક્ષસાધક એવા યોગની ચરમ ભૂમિકામાં ભગવાન એવા આ યોગી, મોક્ષસાધક શ્રેષ્ઠ યોગરૂપ અવ્યાપારથી, શીઘ્ર જ ભવવ્યાધિના ક્ષયને કરીને પરં નિર્વાણને પ્રાપ્ત કરે છે. ।।૧૮૬।।**

**ટીકા :-**

**'तत्र'=योगान्ते शैलेश्यवस्थायां, 'द्रागेव'-शीघ्रमेव, ह्रस्वपञ्चाक्षरोद्गिरणमात्रेण कालेन, 'भगवान्' असौ 'अयोगाद्'=अव्यापारात्, 'योगसत्तमाद्'-योगप्रधानात् शैलेशीयोगादित्यर्थः किमित्याह 'भवव्याधिक्षयं कृत्वा' सर्वप्रकारेण 'निर्वाणं लभते परं'-भावनिर्वाणमित्यर्थः ।।१८६।।**

**ટીકાર્થ :-**

'तत्र'=योगान्ते ..... भावनिर्वाणमित्यर्थः ।। ત્યાં=શૈલેશી અવસ્થારૂપ યોગના અંતમાં, ભગવાન એવા આ યોગી, યોગસત્તમ એવા અર્થાત્ યોગપ્રધાન એવા શૈલેશીયોગરૂપ અયોગથી=અવ્યાપારથી, શીઘ્ર જ=પાંચ હ્સ્વાક્ષરના ઉચ્ચારણમાત્ર કાલથી, સર્વ પ્રકારે ભવવ્યાધિનો ક્ષય કરીને=સંપૂર્ણ ભવવ્યાધિનો ક્ષય કરીને, પરં નિર્વાણને=ભાવનિર્વાણને, પ્રાપ્ત કરે છે. ।।૧૮૬।।

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૫ના અંતમાં કહ્યું કે સર્વજ્ઞ એવા આ મહાત્મા યોગના અંતને પ્રાપ્ત કરે છે. એ યોગના અંતમાં તેઓ શું કરે છે ? અને તેનાથી શું ફળ મેળવે છે ? એ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

મોક્ષસાધક એવા યોગની ચરમભૂમિકારૂપ શૈલેશીઅવસ્થામાં આ મહાત્મા વ્યાપાર વગરના થાય છે અર્થાત્ મન, વચન અને કાયાના વ્યાપારના અભાવવાળા થાય છે; અને આ વ્યાપારનો અભાવ મોક્ષસાધક યોગમાં સર્વશ્રેષ્ઠ યોગ છે, જે યોગથી આ મહાત્મા સંપૂર્ણ રીતે ભવવ્યાધિનો ક્ષય કરે છે અને તેના ફળરૂપે ભાવનિર્વાણને પ્રાપ્ત કરે છે.

આશય એ છે કે જીવને અનાદિકાળથી જીવની વિકૃતિ સ્વરૂપ ભવ નામનો રોગ થયેલો છે, જેનાથી ચારે ગતિમાં જીવ જન્મીને કદર્થના પામે છે; અને આ ભવવ્યાધિનો અંશથી ક્ષય ક્ષપકશ્રેણીમાં મહાત્મા કરે છે. તેથી સત્તામાંથી નરકગતિનો અને તિર્યંચગતિનો ઉચ્છેદ થાય છે, આમ છતાં સંપૂર્ણ ભવવ્યાધિનો ક્ષય ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયે થાય છે; કેમ કે ચૌદમાના ચરમ સમયે જીવ સર્વ કર્મથી અને મનુષ્યભવરૂપ દેહથી મુક્ત થાય છે, અને ભવપ્રાપ્તિના કારણીભૂત કર્મ નહિ હોવાથી ફરી ભવની પ્રાપ્તિ થતી નથી. તેથી ભવવ્યાધિનો ક્ષય થતાં જીવ સંસારના ભાવોની પ્રાપ્તિના અભાવરૂપ ભાવનિર્વાણને પ્રાપ્ત કરે છે. **॥૧૮૬॥**

**અવતરણિકા :-**

**तत्रायं कीदृश इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=મોક્ષમાં, આ=ભવવ્યાધિને ક્ષય કરીને નિર્વાણ પામેલ મહાત્મા, કેવા છે ? इति=एतद्=એને, કહે છે –**

**શ્લોક :-**

**व्याधिमुक्तः पुमान् लोके यादृशस्तादृशो ह्ययम् ।**
**नाभावो न च नो मुक्तो व्याधिनाऽव्याधितो न च ।।१८७।।**

**અન્વયાર્થ :-**

**लोके=લોકમાં व्याधिमुक्तः पुमान्=વ્યાધિમુક્ત પુરુષ यादृशः=જેવો છે तादृशो हि अयम्=તેવા જ આ મહાત્મા છે. अभावः न=શૂન્ય નથી च=અને व्याधिना मुक्तो नो न=વ્યાધિથી મુક્ત નથી એમ નહિ, च= અને अव्याधितः न=અવ્યાધિત નથી=મુક્ત થતાં પૂર્વે અવ્યાધિત નથી. ।।૧૮૭।।**

**શ્લોકાર્થ :-**

**લોકમાં વ્યાધિમુક્ત પુરુષ જેવો છે તેવા જ આ મહાત્મા છે, શૂન્ય નથી, અને વ્યાધિથી મુક્ત નથી એમ નહિ, અને મુક્ત થતાં પૂર્વે અવ્યાધિત નથી. ।।૧૮૭।।**

**ટીકા :-**

'व्याधिमुक्तो'=परिक्षीण रोगः, 'पुमान् यादृशो' भवति 'तादृशो ह्ययं' निर्वृतो, 'नाऽभावः'-प्रध्यातदीप-कल्पोपमो, 'न च नो मुक्तो व्याधिना' मुक्त एव भव्यत्वपरिक्षयेण, 'अव्याधितो न च' पूर्वं, तथातद्भावादिति ।।१८७।।

**ટીકાર્થ :-**

**'व्याधिमुक्तो' ..... तथातद्भावादिति ।। વ્યાધિમુક્ત=પરિક્ષીણ રોગવાળો, પુરુષ જેવો હોય છે, તેવા જ આ=નિવૃત્ત થયેલા મહાત્મા હોય છે. પ્રધ્યાત દીપની ઉપમાવાળો અભાવ નથી=દીવો બુઝાઈ જાય અને જેમ દીવાનો અભાવ હોય તેના જેવા અભાવરૂપ આ મહાત્મા નથી, અને વ્યાધિથી મુક્ત નથી એમ નહિ, મુક્ત જ છે; કેમ કે વ્યાધિના નાશની યોગ્યતારૂપ ભવ્યત્વનો પરિક્ષય છે, અને પૂર્વમાં=મુક્ત થયા પૂર્વમાં, અવ્યાધિત નથી; કેમ કે તથા=તે રૂપે=વ્યાધિરૂપે, તેનો=જીવનો, ભાવ છે= સદ્ભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૮૭।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૬માં સ્થાપન કર્યું કે આ મહાત્મા ભવવ્યાધિના ક્ષયને કરીને ભાવનિર્વાણને પ્રાપ્ત કરે છે. એ કથનમાં જિજ્ઞાસા થાય કે વ્યાધિથી મુક્ત થયેલા આ યોગી ત્યાં કેવા સ્વરૂપવાળા છે ? તેથી કહે છે -

લોકમાં જેમ ક્ષીણ થયેલા રોગવાળો પુરુષ સુખમય અવસ્થાવાળો છે, તેના જેવા આ યોગી સિદ્ધ અવસ્થામાં છે.

બૌદ્ધદર્શનવાળા માને છે કે સાધના કરીને નિર્વાણની પ્રાપ્તિ થાય છે ત્યારે સંતતિનો ઉચ્છેદ થાય છે. જેમ દીવો સળગાવ્યા પછી દીપકલિકાની સંતતિ ચાલે છે, અને દીવો બુઝાઈ જાય છે ત્યારે દીપકલિકાની સંતતિનો ઉચ્છેદ થાય છે, તેમ સાધના કરીને નિર્વાણની પ્રાપ્તિ થાય છે ત્યારે આત્માની સંતતિનો ઉચ્છેદ થાય છે. તેનું નિરાકરણ કરતાં કહે છે –

બુઝાયેલા દીપકની ઉપમાવાળો અભાવ ત્યાં નથી, પરંતુ આત્માનું અસ્તિત્વ ત્યાં છે.

ક્ષણિકવાદી બૌદ્ધ સિદ્ધ અવસ્થામાં આત્માને બુઝાયેલા દીપક જેવો માને છે, તેનું નિરાકરણ પૂર્વમાં કર્યું. હવે એકાંત નિત્યવાદી આત્માને કૂટસ્થ નિત્ય માને છે, અને તેથી નિત્યમુક્ત કહે છે, તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

વ્યાધિથી મુક્ત થયેલો નથી એમ નહિ, પરંતુ મુક્ત જ છે; કેમ કે સંસાર અવસ્થામાં ભવરૂપી વ્યાધિ તેમને લાગેલો હતો, અને તે ભવરૂપી વ્યાધિ ક્ષય પામે તેવી યોગ્યતા સંસાર અવસ્થામાં હતી, અને સમ્યગ્ પુરુષકાર દ્વારા તે યોગીએ જ્યારે ભવવ્યાધિના ક્ષયની યોગ્યતાનો નાશ કર્યો, ત્યારે તે યોગીનો આત્મા વ્યાધિથી મુક્ત થયો. તેથી નિત્યમુક્ત નથી, પરંતુ વ્યાધિથી મુક્ત છે.

અહીં પ્રશ્ન થાય કે આત્માને પૂર્વમાં પણ વ્યાધિ વગરનો છે તેમ માનીએ, તો શું વાંધો ? જેથી નિત્યમુક્ત સિદ્ધ થાય ? તેના નિરાકરણ માટે કહે છે –

પૂર્વમાં=સાધના કરીને નિર્વાણ પામે છે તેની પૂર્વમાં, અવ્યાધિત નથી=વ્યાધિવાળો જ છે; કેમ કે નિર્વાણ પામતાં પૂર્વે વ્યાધિવાળી અવસ્થારૂપે તે મહાત્મા હતા અર્થાત્ ભવવ્યાધિવાળી અવસ્થાવાળા હતા. હવે તે અવસ્થાથી મુક્ત થયા છે, માટે હવે સંપૂર્ણ આરોગ્યવાળી અવસ્થાના સુખને અનુભવનાર આ મહાત્મા થયા છે. **॥૧૮૭॥**

**અવતરણિકા :-**

अमुमेवार्थं स्पष्टयन्नाह –

**અવતરણિકાર્થ :-**

આ જ અર્થને=પૂર્વશ્લોક-૧૮૭માં કહ્યું કે નિર્વાણ પામ્યા પૂર્વે અવ્યાધિવાળા નથી, પરંતુ વ્યાધિવાળા છે, એ જ અર્થને, સ્પષ્ટ કરતાં ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

**भव एव महाव्याधिर्जन्ममृत्युविकारवान् ।**
**विचित्रमोहजननस्तीव्ररागादिवेदनः ।।१८८।।**

**અન્વયાર્થ :-**

जन्ममृत्युविकारवान् विचित्रमोहजननस्तीव्ररागादिवेदनः भव एव=જન્મ અને મૃત્યુના વિકારવાળો, વિચિત્ર મોહને પેદા કરનાર, તીવ્ર રાગાદિની વેદનાવાળો સંસાર જ महाव्याधिः=મહાવ્યાધિ છે. ।।૧૮૮।।

**શ્લોકાર્થ :-**

**જન્મ અને મૃત્યુના વિકારવાળો, વિચિત્ર મોહને પેદા કરનાર તીવ્ર રાગાદિની વેદનાવાળો સંસાર જ મહાવ્યાધિ છે. ।।૧૮૮।।**

**ટીકા :-**

'भवः'=संसार, 'एव महाव्याधिः', किंविशिष्ट इत्याह-'जन्ममृत्युविकारवान्' जराद्युपलक्षणमेतत्, विचित्रमोहजननो मिथ्यात्वोदयभावेन, तीव्ररागादिवेदनः स्त्र्याद्यभिष्वङ्गभावेन ।।१८८।।

**ટીકાર્થ :-**

'भवः'=संसार, ..... स्त्र्याद्यभिष्वङ्गभावेन ।। ભવ=સંસાર જ મહાવ્યાધિ છે.

કેવા વિશેષણથી વિશિષ્ટ ભવ છે ? એથી કહે છે –

જન્મ અને મૃત્યુના વિકારવાળો ભવ છે. આ=જન્મ અને મૃત્યુના વિકારવાળો ભવ છે એ કથન, જરાદિ ઉપલક્ષણવાળું છે. આદિ પદથી શારીરિક રોગનું ગ્રહણ કરવું.

વળી તે ભવ કેવો છે ? તે બતાવે છે –

મિથ્યાત્વના ઉદયના ભાવને કારણે વિચિત્ર મોહને પેદા કરનાર છે=જુદા જુદા પ્રકારના વિપર્યાસને પેદા કરનાર છે, વળી સ્ત્રી આદિમાં રાગભાવ હોવાને કારણે તીવ્ર રાગાદિ વેદનાવાળો છે. આદિ પદથી દ્વેષનું ગ્રહણ કરવું. ।।૧૮૮।।

**ભાવાર્થ :-**

સાધના કરીને મુક્ત થતાં પહેલાં જીવ સંસારમાં રહેલો છે અને સંસાર સ્વયં વ્યાધિરૂપ છે; કેમ કે સંસારમાં જીવ જન્મે છે, મૃત્યુ પામે છે, જરા અવસ્થાને પ્રાપ્ત કરે છે અને દેહમાં રોગને પ્રાપ્ત કરે છે. આ સર્વ ભાવો જીવના વિકૃતભાવો છે, તેથી ભવ વ્યાધિરૂપ છે.

વળી જેમ દેહના સંબંધને કારણે જીવમાં વિકૃતિ થાય છે, તેમ સંસાર અવસ્થામાં કર્મના સંબંધને કારણે જીવના પરિણામમાં પણ વિકૃતિ થાય છે. તેને બતાવે છે –

મિથ્યાત્વના ઉદયને કારણે સંસારી જીવોને જુદા જુદા પ્રકારનો મોહ પેદા થાય છે. જેમ કોઈને તત્ત્વવિષયક વિચારણા જ થતી નથી, જે મોહને કારણે જીવની મૂઢઅવસ્થારૂપ છે. વળી કોઈને કંઈક વિચારણા ઊઠે તોપણ શંકા થાય કે પરલોક હશે કે નહિ ? શરીરથી આત્મા જુદો છે કે નહિ ? આવી અનેક પ્રકારની શંકા-કુશંકાઓ મિથ્યાત્વના કારણે થાય છે. વળી કોઈક જીવોને પરલોકના હિત માટે ધર્મ કરવાનો મનોરથ થાય, તોપણ તત્ત્વ જાણવા માટે જિજ્ઞાસા થતી નથી; માત્ર જન્મથી પ્રાપ્ત થયેલા કોઈપણ સ્વદર્શન પ્રત્યે અવિચારક રાગને કારણે ધર્મમાં પ્રવૃત્તિ કરે છે, તે પણ મિથ્યાત્વને કારણે થયેલો વિપર્યાસ છે.

વળી કોઈકને તત્ત્વની જિજ્ઞાસા થાય, તોપણ જુદા જુદા મહાત્માઓનાં જુદાં જુદાં વચનો સાંભળીને દિગ્મોહ થાય છે, પરંતુ ઉચિત પ્રયત્ન કરીને તત્ત્વનો નિર્ણય કરી શકતા નથી. તે પણ મિથ્યાત્વના ઉદયથી થયેલો મોહનો પરિણામ છે. તેથી આવા અનેક પ્રકારના મોહને પેદા કરાવનાર મિથ્યાત્વનો પરિણામ ભવમાં પ્રાપ્ત થાય છે, તેથી પણ ભવ વ્યાધિરૂપ છે.

વળી જીવોને સંસારમાં ઇષ્ટ પદાર્થો પ્રત્યે રાગ અને અનિષ્ટ પદાર્થો પ્રત્યે દ્વેષ પેદા થાય છે, તે રૂપ તીવ્ર વેદનાવાળો આ ભવ છે. તેથી ભવ વ્યાધિરૂપ છે. **||૧૮૮||**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૭માં સ્થાપન કર્યું કે આ મહાત્મા મોક્ષમાં ગયા પહેલાં ભવવ્યાધિવાળા હતા, અને તે ભવવ્યાધિ કેવો છે તે શ્લોક-૧૮૮માં સ્પષ્ટ કર્યું. હવે આ ભવવ્યાધિ કેટલાક ઉપચરિત માને છે, તેનું નિરાકરણ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**मुख्योऽयमात्मनोऽनादिचित्रकर्मनिदानजः ।**
**तथानुभवसिद्धत्वात्सर्वप्राणभृतामिति ।।१८९।।**

**અન્વયાર્થ :-**

**सर्वप्राणभृताम्=સર્વ પ્રાણીઓને तथानुभवसिद्धत्वात्=તે પ્રકારે અનુભવથી સિદ્ધપણું હોવાને કારણે= જન્માદિરૂપે અનુભવથી સિદ્ધપણું હોવાને કારણે, अनादिचित्रकर्मनिदानजः=અનાદિ ચિત્ર કર્મના કારણથી પેદા થયેલો आत्मनः अयम्=આત્માનો આ=ભવવ્યાધિ मुख्यः=મુખ્ય છે.**

इति='इति' શબ્દ પાદપૂર્તિ માટે છે. ।।૧૮૯।।

**શ્લોકાર્થ :-**

**સર્વ પ્રાણીઓને જન્માદિરૂપે અનુભવથી સિદ્ધપણું હોવાને કારણે અનાદિ ચિત્ર કર્મના કારણથી પેદા થયેલો આત્માનો ભવવ્યાધિ મુખ્ય છે.**

**'इति' શબ્દ પાદપૂર્તિ માટે છે. ।।૧૮૯।।**

**ટીકા :-**

**'मुख्यो'=निरुपचरितो, 'अयं'=भवव्याधिः, 'आत्मनो'=जीवस्य, किम्भूत इत्याह 'अनादिचित्रकर्म-निदानजः'-द्रव्यभावभेदभिन्नकर्मबलोत्पन्न इत्यर्थः, कुत इत्याह 'तथानुभवसिद्धत्वात्'-जन्माद्यनुभावेन 'सर्वप्राणभृतामिति'-तिर्यक्प्रभृतीनामपि ।।१८९।।**

**ટીકાર્થ :-**

**'मुख्यो' ..... तिर्यक्प्रभृतीनामपि ।। આત્માનો=જીવનો, આ=ભવવ્યાધિ, મુખ્ય છે=નિરુપચરિત છે.**

**કેવા પ્રકારનો છે ?=આ ભવવ્યાધિ કેવા પ્રકારનો છે ? એથી કહે છે –**

**અનાદિકાળના જુદા જુદા પ્રકારના કર્મના કારણથી પેદા થયેલો ભવવ્યાધિ છે અર્થાત્ દ્રવ્ય અને ભાવના ભેદથી ભિન્ન એવા કર્મના બળથી ઉત્પન્ન થયેલો આ ભવવ્યાધિ છે.**

**કેમ ?=આ ભવવ્યાધિ નિરુપચરિત કેમ છે ? એથી કહે છે –**

**સર્વ પ્રાણીઓને તથાપ્રકારે અનુભવસિદ્ધપણું હોવાથી=જન્માદિ અનુભાવરૂપે અર્થાત્ જન્માદિ કાર્યરૂપે અનુભવસિદ્ધપણું હોવાથી, આ ભવવ્યાધિ નિરુપચરિત છે, એમ અન્વય છે.**

**શ્લોકમાં 'इति' શબ્દ પાદપૂર્તિ માટે છે.**

સર્વ પ્રાણીઓને અનુભવસિદ્ધ છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**તિર્યંચ વગેરેને પણ અનુભવસિદ્ધ છે, એમ અન્વય છે. ।।૧૮૯।।**

**ભાવાર્થ :-**

કેટલાક દર્શનકારો આત્માને નિત્યમુક્ત માને છે, અને દેખાતો આ સંસાર પ્રકૃતિનો વિલાસ છે એમ માને છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે દેખાતો આ ભવ એ પ્રકૃતિનો પરિણામ છે, જીવનો પરિણામ નથી. તેથી જીવને આ ભવવ્યાધિ છે, એ કથન ઉપચરિત છે. આ પ્રકારની કૂટસ્થનિત્ય આત્મા માનનારની માન્યતા છે. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

જીવનો આ ભવવ્યાધિ મુખ્ય છે, અને તે ભવવ્યાધિને પેદા કરવાનું કારણ અનાદિકાળથી જીવ સાથે લાગેલાં જુદાં જુદાં કર્મો છે, અને તે જુદાં જુદાં કર્મો પણ બે પ્રકારનાં છે. એક દ્રવ્યકર્મ અને બીજું ભાવકર્મ. દ્રવ્યકર્મ એટલે જીવ સાથે કથંચિત્ એકમેકભાવને પામેલાં કાર્મણવર્ગણાનાં પુદ્‌ગલો, અને ભાવકર્મ એટલે જીવમાં પેદા થતા મોહના પરિણામો. આ બન્ને પ્રકારનાં કર્મોના બળથી જીવમાં ભવરૂપી વ્યાધિ ઉત્પન્ન થાય છે. તે આ રીતે –

જીવ અનાદિકાળથી કર્મ સાથે કથંચિત્ એકમેકભાવને પામેલો છે, અને તે કર્મોના ઉદયથી જીવને મોહનો પરિણામ થાય છે, જે ભાવકર્મરૂપ છે; અને તે ભાવકર્મથી ફરી દ્રવ્યકર્મનું આગમન થાય છે, અને તેથી આ સંસારચક્ર ચાલે છે.

આ ભવવ્યાધિ ઉપચરિત કેમ નથી ? તેમાં યુક્તિ બતાવે છે –

સર્વ પ્રાણીઓને જન્માદિ કાર્યરૂપે ભવવ્યાધિ અનુભવસિદ્ધ છે. આશય એ છે કે બધાને જે અનુભવસિદ્ધ હોય તે ઉપચરિત હોઈ શકે નહિ. જેમ શુક્તિમાં કોઈકને રજતનો ભ્રમ થાય ત્યારે તેના બોધને ઉપચરિત કહી શકાય; પરંતુ રજત બધાને રજતરૂપે દેખાતું હોય, છતાં આ રજત વાસ્તવિક નથી, તેમ કહી શકાય નહિ; તે રીતે સર્વ જીવોને યાવત્ તિર્યંચોને પણ જન્મ-મૃત્યુ આદિ કાર્યરૂપે ભવવ્યાધિ અનુભવસિદ્ધ છે. માટે ઉપચરિત છે તેમ કહી શકાય નહિ.

આનાથી એ ફલિત થયું કે સાધના પૂર્વે જીવ અવ્યાધિવાળો નથી, પરંતુ વ્યાધિવાળો છે, અને તે વ્યાધિ પણ નિરુપચરિત છે. તેથી આત્મા નિત્યમુક્ત નથી, પરંતુ વ્યાધિમુક્ત પુરુષ જે પ્રકારનો છે, તે પ્રકારે સાધના કરીને આ મહાત્મા ભવવ્યાધિથી મુક્ત બને છે. એ પ્રમાણે શ્લોક-૧૮૭ સાથે સંબંધ છે.

'तथानुभवसिद्धत्वात्' ને સ્પષ્ટ કરવા માટે ટીકામાં 'जन्माद्यनुभावेन' બતાવેલ છે, અને કોઈક પ્રતમાં 'जन्माद्यनुभवेन' એ પ્રમાણે પણ પાઠ છે. તેમાં 'जन्माद्यनुभावेन' લઈને અર્થ કરીએ ત્યારે तथा=તે રૂપે='જન્માદિ કાર્યરૂપે' અર્થ કરવો. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વ પ્રાણીઓને 'જન્માદિ કાર્યરૂપે' અનુભવસિદ્ધ છે; અને 'जन्माद्यनुभावेन' ને બદલે 'जन्माद्यनुभवेन' ગ્રહણ કરીને અર્થ કરવો હોય તો तथानुभव નો અર્થ 'જન્માદિ અનુભવ' કરવો. તેથી એ પ્રાપ્ત થાય કે સર્વ પ્રાણીઓને જન્માદિ અનુભવરૂપે સિદ્ધ છે. **॥૧૮૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮૯માં યુક્તિથી સ્થાપન કર્યું કે ભવવ્યાધિ નિરુપચરિત છે. હવે આ ભવવ્યાધિથી મુક્ત થયેલો આત્મા નિરુપચરિત મુક્ત છે, તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**एतन्मुक्तश्च मुक्तोऽपि मुख्य एवोपपद्यते ।**
**जन्मादिदोषविगमात्तददोषत्वसङ्गतेः ।।१९०।।**

**અન્વયાર્થ :-**

च=અને एतन्मुक्त मुक्तोऽपि=આનાથી મુક્ત એવો મુક્ત પણ=ભવવ્યાધિથી મુક્ત એવો મુક્ત પણ मुख्य एवोपपद्यते=મુખ્ય જ ઘટે છે. जन्मादिदोषविगमात्तददोषत्वसङ्गतेः=કેમ કે જન્માદિ દોષના વિગમનને કારણે તેના અદોષત્વની સંગતિ છે=કેમ કે જન્માદિ દોષના વિગમનને કારણે દોષવાનના અદોષત્વની સંગતિ છે. ।।૧૯૦।।

**શ્લોકાર્થ :-**

**અને ભવવ્યાધિથી મુક્ત એવો મુક્ત પણ મુખ્ય જ ઘટે છે; કેમ કે જન્માદિ દોષના વિગમનને કારણે દોષવાનના અદોષત્વની સંગતિ છે. ।।૧૯૦।।**

**ટીકા :-**

**'एतेन'=भवव्याधिना 'मुक्तश्च', 'मुक्तोऽपि'-सिद्धः 'मुख्य एवोपपद्यते' प्रवृत्तिनिमित्तभावात्, तथा चाह-'जन्मादिदोषविगमात्' कारणात् 'तददोषत्वसङ्गतेः' तस्य दोषवतोऽदोषत्वप्राप्तेरिति ।।१९०।।**

**ટીકાર્થ :-**

**'एतेन' ..... दोषवतोऽदोषत्वप्राप्तेरिति ।। અને આના દ્વારા=ભવવ્યાધિ દ્વારા, મુક્ત થયેલો એવો મુક્ત આત્મા પણ=સિદ્ધ થયેલો આત્મા પણ, મુખ્ય જ ઘટે છે=મુખ્ય જ મુક્ત ઘટે છે; કેમ કે પ્રવૃત્તિ નિમિત્તનો ભાવ છે=મુક્તપદની પ્રવૃત્તિ નિમિત્તનો સદ્ભાવ છે, અને તે રીતે=ભવવ્યાધિથી મુકાયેલો નિરુપચરિત મુક્ત છે તે રીતે, કહે છે –**

**જન્માદિ દોષના વિગમનને કારણે તેના અદોષત્વની સંગતિ હોવાથી=દોષવાળા એવા તેને અદોષત્વની પ્રાપ્તિ હોવાથી, મુખ્ય જ મુક્ત છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૯૦।।**

❖ मुक्तोऽपि માં 'अपि' થી એ કહેવું છે કે કૂટસ્થનિત્ય આત્મા માનનારના મતમાં ભવવ્યાધિ પણ મુખ્ય ઘટતો નથી, અને મુક્ત પણ મુખ્ય ઘટતો નથી. પરિણામી આત્મા માનનારના મતમાં, પૂર્વશ્લોકમાં સ્થાપન કર્યું તે રીતે ભવવ્યાધિ તો મુખ્ય ઘટે છે, પરંતુ વ્યાધિથી મુકાયેલા સિદ્ધ થયેલા મુક્ત પણ મુખ્ય ઘટે છે=નિરુપચરિત ઘટે છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૯માં ભવવ્યાધિ મુખ્ય છે તે યુક્તિથી બતાવ્યું, અને આઠમી દૃષ્ટિવાળા યોગી સાધના દ્વારા ભવવ્યાધિથી મુક્ત થાય છે, તેમ સ્વીકારવામાં આવે તો, તે મુક્ત થયેલા આત્મામાં મુક્તપણું મુખ્ય ઘટે છે અર્થાત્ મુક્તપદ જે અર્થને બતાવે છે તે અર્થ ત્યાં સંગત છે. તેથી તેવા આત્માને નિરુપચરિત મુક્ત કહેવાય. જેમ ઘટપદની પ્રવૃત્તિ ઘટમાં થાય છે; કેમ કે ઘટપદની પ્રવૃત્તિનું નિમિત્ત એવું ઘટત્વ ઘટમાં છે. તેમ મુક્તપદની પ્રવૃત્તિનું નિમિત્ત ભવવ્યાધિથી મુક્ત થયેલા એવા સિદ્ધના આત્મામાં છે. તેથી સિદ્ધ થયેલા આત્માને મુક્ત કહેવામાં આવે છે, તે નિરુપચરિત છે, અને તેમાં યુક્તિ બતાવે છે કે જન્માદિ દોષના વિગમનને કારણે સિદ્ધ થયેલા આત્મામાં અદોષત્વની પ્રાપ્તિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સિદ્ધ થયેલા આત્માઓ પૂર્વમાં દોષવાળા હતા, અને દોષથી મુક્ત થયા, માટે તે આત્માને અદોષત્વની પ્રાપ્તિ થઈ. તેથી દોષથી તેઓ મુકાયા હોવાથી તેઓને મુક્ત કહેવા તે નિરુપચરિત મુક્તપણું છે.

જ્યારે સાંખ્યદર્શન પ્રમાણે આત્મા નિત્યમુક્ત છે, અને પ્રકૃતિમાંથી આ ભવનો પ્રપંચ ઉભો થયો છે, અને યોગીની સાધના દ્વારા તે પ્રપંચ પ્રકૃતિમાં વિલય પામે છે. તેથી તે મત પ્રમાણે પ્રકૃતિ આ પ્રપંચથી મુક્ત થઈ

તેમ કહી શકાય, પરંતુ સાધના કરનાર યોગી મુક્ત થયો તેમ કહી શકાય નહિ. ફક્ત ઉપચારથી તે યોગી સાધના કરીને મુક્ત થયો તેમ કહી શકાય, અને તેવો ઉપચરિત મોક્ષ માનવો ઉચિત નથી; પરંતુ જન્માદિ દોષથી મુક્ત થયેલો આત્મા મુક્ત છે, તેમ સ્વીકારવાથી નિરુપચરિત મોક્ષ સિદ્ધ થાય છે, અને આ રીતે નિરુપચરિત મોક્ષ સિદ્ધ થાય તો જ કષ્ટસાધ્ય એવા પણ યોગમાર્ગમાં વિચારકની પ્રવૃત્તિ થાય; કેમ કે જો પોતે મુક્ત જ હોય અને સાધના દ્વારા પોતાને કંઈ પ્રાપ્ત થવાનું ન હોય, તો કષ્ટસાધ્ય એવા યોગમાર્ગમાં વિચારક પ્રવૃત્તિ કરે નહિ. માટે પૂર્વશ્લોકમાં બતાવ્યું તે રીતે ભવવ્યાધિ નિરુપચરિત છે, એમ માનવું ઉચિત છે, અને ભવવ્યાધિથી આત્મા મુકાય છે તેમ માનવું પણ ઉચિત છે, જેથી યોગમાર્ગની વ્યવસ્થા અનુભવસિદ્ધ અને વિચારકની પ્રવૃત્તિનો વિષય બને. **॥૧૯૦॥**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं स्पष्टयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=ભવવ્યાધિથી મુકાયેલો મુક્ત મુખ્ય છે; કેમ કે દોષવાળા એવા તેને અદોષત્વની પ્રાપ્તિ છે, એમ શ્લોક-૧૯૦માં કહ્યું એ જ અર્થને, સ્પષ્ટ કરતાં=યુક્તિથી સ્પષ્ટ કરતાં, ગ્રંથકાર કહે છે –**

**શ્લોક :-**

**तत्स्वभावोपमर्देऽपि तत्तत्स्वाभाव्ययोगतः ।**
**तस्यैव हि तथाभावात्तददोषत्वसङ्गतिः ।।१९१।।**

**અન્વયાર્થ :-**

तत्स्वभावोपमर्देऽपि=**તેના સ્વભાવના ઉપમર્દમાં પણ=આત્માના જન્માદિરૂપ સ્વભાવના વિનાશમાં પણ** तत्तत्स्वाभाव्ययोगतः=**તેને તત્સ્વભાવપણાથી યોગ હોવાને કારણે=આત્માને જન્માદિઅભાવરૂપ સ્વભાવપણાથી યોગ હોવાને કારણે** तस्यैव हि=**તેનો જ=તે આત્માનો જ** तथाभावात्=**તથાભાવ હોવાથી=જન્માદિ અતીતપણારૂપે સદ્‌ભાવ હોવાથી,** तददोषत्वसङ्गतिः=**તદ્ અદોષત્વની સંગતિ છે= દોષવાનના અદોષત્વની પ્રાપ્તિ છે. ।।૧૯૧।।**

**શ્લોકાર્થ :-**

**આત્માના જન્માદિરૂપ સ્વભાવના વિનાશમાં પણ આત્માને તત્સ્વભાવપણાથી યોગ હોવાને કારણે, તે આત્માનો જ જન્માદિ અતીતપણારૂપે સદ્‌ભાવ હોવાથી દોષવાનના અદોષત્વની પ્રાપ્તિ છે. ।।૧૯૧।।**

ટીકા :-

तस्यात्मनः 'स्वभावोपमर्देऽपि' सति जन्मादिभावविगमेन 'तत्तत्स्वाभाव्ययोगतः'-तस्य तत्स्वाभाव्यं तेन योगात्, तथाहि-तस्येत्थम्भूत एव स्वभावो येन स एव तथा भवतीति, ततश्च 'तस्यैव हि तथाभावात्' जन्मादित्यागतो जन्माद्यतीतत्वेन भावात् किमित्याह 'तददोषत्वसङ्गतिः'-दोषवत एवाऽदोषत्वप्राप्तिरित्यर्थः ।।१९१।।

ટીકાર્થ :-

तस्यात्मनः ..... एवाऽदोषत्वप्राप्तिरित्यर्थः ।। જન્માદિભાવના વિગમનને કારણે તેના=આત્માના, સ્વભાવનો નાશ હોતે છતે પણ, તત્તત્સ્વાભાવ્યના યોગથી=તેને અર્થાત્ આત્માને તત્સ્વભાવપણાથી યોગ હોવાને કારણે, તેનો જ તથાભાવ હોવાથી, તદ્ અદોષત્વની સંગતિ છે, એમ શ્લોકના ઉત્તરાર્ધ સાથે સંબંધ છે.

तत्तत्स्वाभाव्ययोगतःનો અર્થ 'तथाहि' થી બતાવે છે. તેનો=આત્માનો, આવા પ્રકારનો જ સ્વભાવ છે=જન્માદિભાવનું વિગમન થાય તો જન્માદિભાવરહિત એવા સ્વભાવરૂપે થાય એવો જ સ્વભાવ છે, જે કારણથી તે જ=પૂર્વમાં જન્માદિભાવવાળો હતો તે જ, तथा=તે પ્રકારે=જન્માદિઅભાવ પ્રકારે, થાય છે.

'इति' શબ્દ तत्तत्स्वाभाव्ययोगतः ના અર્થની સમાપ્તિમાં છે.

ततश्च - અને તે કારણે=આત્માને તત્સ્વભાવપણાથી યોગ હોવાને કારણે, તેનો જ તથાભાવ હોવાથી=જન્માદિના ત્યાગથી જન્માદિના અતીતપણારૂપે સદ્ભાવ હોવાથી, શું પ્રાપ્ત થાય છે ? એથી કહે છે –

તદ્ અદોષત્વની સંગતિ છે=દોષવાળાને જ અદોષત્વની પ્રાપ્તિ છે, એ પ્રકારે અર્થ છે. ।।૧૯૧।।

ભાવાર્થ :-

શ્લોક-૧૯૦માં બતાવ્યું કે સંસાર અવસ્થામાં દોષવાળા આત્માને સાધનાથી મુક્તિ મળે છે ત્યારે અદોષપણાની પ્રાપ્તિ થાય છે. તે જ વસ્તુ યુક્તિથી સ્પષ્ટ કરે છે –

આઠમી દૃષ્ટિવાળા યોગી જ્યારે નિર્વાણને પામે છે ત્યારે જન્માદિભાવનું વિગમન થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારઅવસ્થામાં તે યોગીના આત્માનો જન્માદિભાવરૂપ સ્વભાવ હતો તેનો નાશ થયો, અને જન્માદિઅભાવરૂપ સ્વભાવનો યોગ થયો; કેમ કે આત્માનો આવો જ સ્વભાવ છે કે સાધના કરે તો જન્માદિનો અભાવ થાય, અને તે આત્મા જન્માદિઅભાવના ભાવવાળો થાય.

આનાથી એ પ્રાપ્ત થયું કે તે યોગીનો આત્મા જ જન્માદિભાવના ત્યાગથી સિદ્ધ થયેલો છે. તેથી પૂર્વમાં દોષવાળા એવા તેમના આત્માને જ અદોષપણાની પ્રાપ્તિ થઈ.

આ સંપૂર્ણ કથનથી એ ફલિત થયું કે ભવવ્યાધિના ક્ષયથી આત્મા ભવવ્યાધિ વગરનો મુક્ત થયો. માટે મુક્ત આત્મામાં મુખ્ય મુક્તપણું ઘટે છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. **॥૧૯૧॥**

**અવતરણિકા :-**

**इत्थं चैतदङ्गीकर्तव्यमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને इत्थं=આ રીતે=શ્લોક-૧૯૨માં બતાવાશે એ રીતે, एतद्=આ=સંસારઅવસ્થામાં જન્માદિભાવવાળો હતો એ જ તે રૂપે થાય છે અર્થાત્ જન્માદિભાવના અભાવરૂપે થાય છે એ अङ्गीकर्तव्यम्=સ્વીકારવું જોઈએ; એને કહે છે –**

**શ્લોક :-**

**स्वभावोऽस्य स्व-भावो यन्निजा सत्तैव तत्त्वतः ।**
**भावावधिरयं युक्तो नान्यथाऽतिप्रसङ्गतः ।।१९२।।**

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી अस्य=આનો=આત્માનો स्वभावः=સ્વભાવ એટલે स्व-भावः=સ્વનો ભાવ અર્થાત્ तत्त्वतः=તત્ત્વથી निजा सत्ता एव=નિજ સત્તા જ છે, (तत्=तस्मात्) તે કારણથી अयं=આ=સ્વભાવ भावावधिः=ભાવાવધિવાળો=કોઈક ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહેલો युक्तः=યુક્ત છે=સંગત છે, अतिप्रसङ्गतः=અતિપ્રસંગ હોવાને કારણે अन्यथा=ભાવાવધિ વગરનો न=યુક્ત નથી. ।।૧૯૨।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આત્માનો સ્વભાવ એટલે સ્વનો ભાવ અર્થાત્ તત્ત્વથી નિજ સત્તા જ છે, તે કારણથી સ્વભાવ કોઈક ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહેલો સંગત છે. અતિપ્રસંગ હોવાને કારણે ભાવાવધિ વગરનો યુક્ત નથી. ।।૧૯૨।।**

**ટીકા :-**

'स्वभावः' 'अस्य'=आत्मनः, 'स्व-भावो' 'यद्'=यस्मात्, किमुक्तं भवति-'निजा सत्तैव' 'तत्त्वतः' - परमार्थेन, 'भावावधिरयं युक्तः'-स्वभावोऽनन्तरोदितः 'नान्यथा' युक्तः, कुत इत्याह 'अतिप्रसङ्गतः' इति ।।१९२।।

**ટીકાર્થ :-**

'स्वभावः' ..... 'अतिप्रसङ्गतः' इति ।। यद्-यस्मात्=જે કારણથી, આનો=આત્માનો, સ્વભાવ એટલે સ્વનો ભાવ.

**શું કહેવાયેલું થાય છે=સ્વભાવનો અર્થ સ્વનો ભાવ કર્યો, તેનાથી શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે –**

**તત્ત્વથી=પરમાર્થથી, પોતાની સત્તા જ સ્વભાવ શબ્દથી કહેવાયેલી થાય છે, એમ સંબંધ છે.**

**(तत् - तस्मात्) તે કારણથી=સ્વભાવ શબ્દથી નિજ સત્તા જ કહેવાઈ, તે કારણથી, આ=અનંતર કહેવાયેલો સ્વભાવ=શ્લોક-૧૯૧માં तत्स्वभावोपमर्देऽपि એ કથનમાં કહેવાયેલો સ્વભાવ, ભાવાવધિવાળો= કોઈક ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહેલો, યુક્ત છે=સંગત છે. અન્યથા=ભાવાવધિ વગરનો युक्तः न=યુક્ત નથી,**

**કેમ ?=કેમ યુક્ત નથી ? એથી કહે છે –**

**અતિપ્રસંગ હોવાથી યુક્ત નથી એમ સંબંધ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ||૧૯૨||**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જન્માદિસ્વભાવનું ઉપમર્દન થવા છતાં પણ આત્માને જન્માદિઅભાવપણાનો યોગ છે, એ સ્વીકારવા પ્રસ્તુત શ્લોકમાં યુક્તિ બતાવે છે, અને કહે છે કે સ્વનો ભાવ તે સ્વભાવ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પરમાર્થથી કોઈક ભાવરૂપે રહેલી પોતાની સત્તા જ સ્વભાવ છે, માટે સ્વભાવ ભાવાવધિવાળો યુક્ત છે.

તેથી એ ફલિત થાય કે કોઈક ભાવરૂપે આત્માની સત્તા છે. જેમ સંસારઅવસ્થામાં જન્માદિભાવરૂપે આત્માની સત્તા હતી, અને ત્યારપછી જન્માદિઅભાવરૂપે સત્તા થઈ. તેથી એ નક્કી થયું કે સ્વભાવ એ કોઈક ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહેલો છે.

વળી સ્વભાવ ભાવાવધિવાળો નથી, તેમ સ્વીકારવું યુક્ત નથી; કેમ કે તેમ સ્વીકારવામાં અતિપ્રસંગ આવે છે, જે અતિપ્રસંગ સ્વયં ગ્રંથકાર આગળના શ્લોકમાં બતાવશે; અને અતિપ્રસંગ દોષ ન આવે તે માટે સ્વભાવને ભાવાવધિવાળો માનવો યુક્ત છે, અને સ્વભાવને ભાવાવધિવાળો સ્વીકારીએ તો પૂર્વશ્લોકમાં કહ્યું કે "તે જ તે પ્રકારે થાય છે"=જે સંસારઅવસ્થામાં દોષવાળો હતો, તે જ આત્મા દોષ વગરનો થાય છે, તેમ સિદ્ધ થાય છે; કેમ કે ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહેલો જન્માદિસ્વભાવ ઉપમર્દન થાય છે, તોપણ તે ભાવાત્મક પદાર્થ અજન્માદિસ્વભાવવાળો બને છે, એ અર્થ પ્રાપ્ત થાય. **||૧૯૨||**

**અવતરણિકા :-**

**एनमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વશ્લોક-૧૯૨માં કહ્યું કે ભાવાવધિ વગરનો સ્વભાવ યુક્ત નથી; કેમ કે અતિપ્રસંગ છે, એ અતિપ્રસંગને જ, કહે છે –**

શ્લોક :-

अनन्तरक्षणाभूतिरात्मभूतेह यस्य तु ।
तयाऽविरोधान्नित्योऽसौ स्यादसन्वा सदैव हि ।।१९३।।

અન્વયાર્થ :-

इह=અહીં=સ્વભાવ ભાવાવધિવાળો નથી એ પ્રકારના સ્વીકારમાં अनन्तरक्षणाभूतिः=અનંતર ક્ષણની અભૂતિ=અવિદ્યમાનતા, यस्य=જે વર્તમાન ક્ષણવાળા પદાર્થની आत्मभूता=આત્મભૂત છે, तया=તેની સાથે=અનંતર ક્ષણની અભૂતિ સાથે अविरोधात्=અવિરોધ હોવાથી=વર્તમાન ક્ષણનો અવિરોધ હોવાથી असौ=આ=વર્તમાન ક્ષણવાળો પદાર્થ नित्यः स्यात्=નિત્ય થાય, वा=અથવા सदैव हि असत्=સદા જ અસત્ થાય=વર્તમાન ક્ષણવાળો પદાર્થ સદા જ અવિદ્યમાન થાય. तु=પાદપૂર્તિ માટે છે.

અથવા બીજી રીતે

इह=અહીં=સ્વભાવ ભાવાવધિવાળો નથી એ પ્રકારના સ્વીકારમાં, यस्य=જે વાદીના મતમાં अनन्तरक्षणाभूतिः=અનંતર ક્ષણની અભૂતિ आत्मभूता=આત્મભૂત છે=વિદ્યમાન પદાર્થક્ષણની આત્મભૂત છે, तया=તેની સાથે=અનંતર ક્ષણની અભૂતિ સાથે अविरोधात्=અવિરોધ હોવાથી असौ=આ=વર્તમાન ક્ષણવાળો પદાર્થ नित्यः स्यात्=નિત્ય થાય, वा=અથવા सदैव हि असत्=સદા જ અસત્ થાય=વર્તમાન ક્ષણવાળો પદાર્થ સદા જ અવિદ્યમાન થાય. तु પાદપૂર્તિ માટે છે. ।।૧૯૩।।

શ્લોકાર્થ :-

'સ્વભાવ ભાવાવધિવાળો નથી' એ પ્રકારના સ્વીકારમાં, અનંતર ક્ષણની અભૂતિ જે વર્તમાન ક્ષણવાળા પદાર્થની આત્મભૂત છે, તેની સાથે અવિરોધ હોવાથી, વર્તમાન ક્ષણવાળો પદાર્થ નિત્ય થાય, અથવા વર્તમાન ક્ષણવાળો પદાર્થ સદા જ અવિદ્યમાન થાય.

'तु' પાદપૂર્તિ માટે છે.

અથવા બીજી રીતે

'સ્વભાવ ભાવાવધિવાળો નથી' એ પ્રકારના સ્વીકારમાં, જે વાદીના મતમાં અનંતર ક્ષણની અભૂતિ જે વિદ્યમાન પદાર્થક્ષણની આત્મભૂત છે, તેની સાથે અવિરોધ હોવાથી, વર્તમાન ક્ષણવાળો પદાર્થ નિત્ય થાય, અથવા વર્તમાન ક્ષણવાળો પદાર્થ સદા જ અવિદ્યમાન થાય.

'तु' પાદપૂર્તિ માટે છે.

ટીકા :-

'अनन्तरक्षणाऽभूतिः'=प्राक्पश्चात्क्षणयोरभूतिरित्यर्थः, 'आत्मभूतेह यस्य तु'-वर्तमानस्य वादिनो वा, तस्य दोषमाह-'तया'=अनन्तरक्षणाभूत्या, 'अविरोधात्' कारणाद्वर्तमानभावेन किमित्याह 'नित्योऽसौ

वर्तमानः स्यात्', तद्वत्सदा तद्भावादिति, पक्षान्तरमाह-'असन्वा सदैव हि' तया विरोधेन तद्ग्रस्तत्वादिति ।।१९३।।

**ટીકાર્થ :-**

'अनन्तरक्षणाऽभूतिः' ..... तद्ग्रस्तत्वादिति ।। અનંતર ક્ષણની અભૂતિ=વિદ્યમાન પદાર્થક્ષણની પૂર્વક્ષણ અને પશ્ચાત્ ક્ષણની અભૂતિ, અહીં=સ્વભાવ ભાવાવધિવાળો નથી એ પ્રકારના સ્વીકારમાં, જેની=પદાર્થની વર્તમાન ક્ષણની, આત્મભૂત છે, वा=અથવા, यस्य वादिनः=જે વાદીના મતમાં, અનંતર ક્ષણની અભૂતિ પદાર્થક્ષણની આત્મભૂત છે, એમ સંબંધ છે. તેને=તે કથન સ્વીકારનારને, દોષ કહે છે –

તેની સાથે=અનંતર ક્ષણની અભૂતિ સાથે, વર્તમાનભાવથી અવિરોધ હોવાને કારણે આ=વર્તમાન પદાર્થ, નિત્ય થાય; કેમ કે તેની જેમ=અનંતર ક્ષણની અભૂતિ સાથે વર્તમાન ક્ષણ રહેલી છે, તેની જેમ, સદા=હંમેશાં, તેનો ભાવ છે=વર્તમાન પદાર્થનો ભાવ છે.

'इति' શબ્દ પ્રથમ પક્ષની સમાપ્તિમાં છે.

પક્ષાન્તરને કહે છે –

वा=અથવા, असत् सदैव हि=સદા જ અસત્ થાય=પદાર્થ સદા અવિદ્યમાન થાય; કેમ કે તેની સાથે=અનંતર ક્ષણની અભૂતિ સાથે, વિરોધ હોવાને કારણે=વર્તમાન ક્ષણનો વિરોધ હોવાને કારણે, તદ્ ગ્રસ્તપણું છે=અનંતર ક્ષણની અભૂતિથી વર્તમાન ક્ષણનું ગ્રસ્તપણું છે.

'इति' શબ્દ પક્ષાન્તરની સમાપ્તિ માટે છે. ।।૧૯૩।।

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે સ્વભાવ ભાવાવધિયુક્ત છે, અને તેમ ન સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ છે. તે અતિપ્રસંગ પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

જો સ્વભાવ ભાવાવધિ ન સ્વીકારવામાં આવે અને એમ માનવામાં આવે કે પદાર્થની વર્તમાનક્ષણનો તેવો સ્વભાવ છે કે પૂર્વક્ષણ અને પશ્ચાત્ક્ષણમાં તે પદાર્થ હોતો નથી, માત્ર વર્તમાનક્ષણમાં હોય છે, તો એ પ્રાપ્ત થાય કે પદાર્થની વર્તમાનક્ષણરૂપ અનંતર ક્ષણની અભૂતિ છે; કેમ કે પદાર્થક્ષણથી અતિરિક્ત પ્રસ્તુત પદાર્થની પૂર્વક્ષણ નથી અને પશ્ચાત્ક્ષણ નથી. તેથી પદાર્થની પૂર્વક્ષણની અભૂતિ અને પશ્ચાત્ક્ષણની અભૂતિ પદાર્થક્ષણરૂપ છે, અને તેમ સ્વીકારનાર વાદીને એ દોષ આવે કે અનંતરક્ષણની અભૂતિ સાથે પદાર્થના વર્તમાન ભાવનો વિરોધ નથી. તેથી પદાર્થ વર્તમાન ક્ષણમાં રહે છે, અને તે પદાર્થક્ષણમાં અનંતરક્ષણની અભૂતિ રહે છે, અને જે રીતે વર્તમાનક્ષણમાં અનંતરક્ષણની અભૂતિ સાથે પદાર્થક્ષણ રહે છે, તે રીતે ઉત્તરમાં પણ અનંતરક્ષણની અભૂતિ સાથે પદાર્થ રહે છે, તેમ માની શકાય; કેમ કે અનંતરક્ષણની અભૂતિ સાથે પદાર્થક્ષણનો વિરોધ નથી. અને જો એમ માનવામાં આવે કે પદાર્થક્ષણની સાથે અનંતરક્ષણની અભૂતિનો વિરોધ છે, તો પદાર્થક્ષણમાં પણ અનંતરક્ષણની અભૂતિ રહેલી હોવાને કારણે પદાર્થક્ષણમાં પણ

પદાર્થ રહેવો જોઈએ નહિ; કેમ કે અનંતરક્ષણની અભૂતિ પદાર્થક્ષણ સાથે વિરોધ હોવાને કારણે વિરોધી એવી અનંતરક્ષણની અભૂતિથી પદાર્થક્ષણ ગ્રસ્ત છે. તેથી પદાર્થ સદા જ અવિદ્યમાન પ્રાપ્ત થાય.

તેથી એ ફલિત થાય કે સ્વભાવને ભાવાવધિ માનવો જોઈએ. જો ભાવાવધિ ન માનીએ તો જે પદાર્થક્ષણ છે, તે કાં તો સદા રહેવી જોઈએ, અથવા પદાર્થક્ષણ ક્યારેય ન હોવી જોઈએ, એ રૂપ અતિપ્રસંગ આવે.

અહીં વિશેષ એ છે કે પદાર્થને ભાવાવધિ નહિ માનનાર બૌદ્ધવાદી છે. તે કહે છે કે પદાર્થ પ્રતિક્ષણ નશ્વર દેખાય છે, તેથી કોઈપણ પદાર્થ માત્ર વર્તમાનક્ષણમાં રહે છે, પૂર્વ અને પશ્ચાત્ક્ષણમાં રહેતો નથી. વળી દેખાતા પદાર્થથી અતિરિક્ત કાળ નામનો કોઈ પદાર્થ નથી. તેથી વર્તમાનક્ષણ, પૂર્વક્ષણ, ઉત્તરક્ષણ એવી કોઈ વસ્તુ નથી, પરંતુ જે પદાર્થ દેખાય છે તે પદાર્થક્ષણ જ વર્તમાનક્ષણ છે, અને તે પદાર્થ પૂર્વમાં ન હતો અને પછી હશે નહિ. તેથી પૂર્વક્ષણની અભૂતિ કે પશ્ચાત્ક્ષણની અભૂતિ પદાર્થક્ષણરૂપ પૂર્વપક્ષીને માનવી પડે; કેમ કે વર્તમાનમાં જે પદાર્થ છે, તેની અનંતરક્ષણ નથી અને પૂર્વક્ષણ પણ નથી. તેથી પૂર્વક્ષણ અને પશ્ચાત્ક્ષણની અભૂતિ તેના મત પ્રમાણે વર્તમાનક્ષણરૂપ પ્રાપ્ત થાય; અને પૂર્વક્ષણ અને પશ્ચાત્ક્ષણની અભૂતિ સાથે વર્તમાનનો અવિરોધ માનીએ તો, વર્તમાનક્ષણ જેમ પૂર્વક્ષણની અભૂતિ અને પશ્ચાત્ક્ષણની અભૂતિ સાથે રહે છે, તેમ વર્તમાનક્ષણ સદા રહેવી જોઈએ. તેથી બૌદ્ધને પદાર્થ નિત્ય માનવાનો પ્રસંગ આવે; અને જો બૌદ્ધ અનંતરક્ષણની અભૂતિને વર્તમાનક્ષણની સાથે વિરોધ માને, તો વર્તમાનક્ષણમાં પણ અનંતરક્ષણની અભૂતિ વિદ્યમાન હોવાથી વર્તમાનક્ષણ પણ રહે નહિ. તેથી પદાર્થક્ષણ નહિ હોવાથી સદા પદાર્થનો અભાવ પ્રાપ્ત થાય. માટે ભાવાવધિ સ્વભાવ માનવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે. **II૧૯૩II**

**અવતરણિકા :-**

**परोक्तिमात्रपरिहारायाह –**

**અવતરણિકાર્થ :-**

**પરની ઉક્તિમાત્રના પરિહાર માટે=સ્વભાવને ભાવાવધિ નહિ સ્વીકારનાર બૌદ્ધની જે ઉક્તિમાત્ર છે અર્થાત્ કથનમાત્ર છે, તેના પરિહાર માટે, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૨માં ભાવાવધિ સ્વભાવ સ્વીકારવો જોઈએ તેમ યુક્તિથી સ્થાપન કર્યું, અને તેની પુષ્ટિ કરવા માટે કહ્યું કે પદાર્થને ભાવાવધિ ન સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગ આવે, જે અતિપ્રસંગદોષ ગ્રંથકારે શ્લોક-૧૯૩માં બતાવ્યો. તેથી સ્વભાવને ભાવાવધિ માનવો યુક્ત છે તેમ સિદ્ધ થાય. આમ છતાં સ્વભાવને ભાવાવધિ નહિ માનનાર એવા બૌદ્ધ, પદાર્થને ભાવાવધિ નહિ સ્વીકારવા માટે જે કથનમાત્ર કરે છે, તે બૌદ્ધનું કથન ઉચિત નથી. તે બતાવવા માટે તેના કથનનો પરિહાર કરવા માટે કહે છે –

અહીં પરોક્તિમાત્રમાં 'માત્ર' શબ્દ સર્વ પરોક્તિનો સંગ્રહ કરવા માટે નથી, પરંતુ પરનું કથન ઉક્તિમાત્ર છે, વસ્તુતઃ સાચું નથી, તે બતાવવા માટે માત્રનો પ્રયોગ છે.

**શ્લોક :-**

**स एव न भवत्येतदन्यथा भवतीतिवत् ।**
**विरुद्धं तन्नयादेव तदुत्पत्त्यादितस्तथा ।।१९४।।**

**અન્વયાર્થ :-**

स एव न भवति="તે જ 'ન' થાય છે" एतद्=એ=એ કથન तन्नयात् एव=તેના નયથી જ=બૌદ્ધની યુક્તિથી જ अन्यथा भवति इतिवत्=અન્યથા થાય છે, એની જેમ विरद्धं=વિરુદ્ધ છે तदुत्पत्त्यादितः=તદ્ ઉત્પત્તિ આદિને કારણે=તેના અભાવની ઉત્પત્તિ આદિને કારણે तथा=તે પ્રમાણે છે=વિરુદ્ધ છે. ।।૧૯૪।।

**શ્લોકાર્થ :-**

**"તે જ 'ન' થાય છે" એ કથન બૌદ્ધની યુક્તિથી જ "અન્યથા થાય છે," એની જેમ વિરુદ્ધ છે, તેના અભાવની ઉત્પત્તિ આદિને કારણે વિરુદ્ધ છે. ।।૧૯૪।।**

**ટીકા :-**

'स एव'-इति भावपरामर्शः, 'न भवति' इति चाभावाभिधानं, 'एतत्' किमित्याह 'अन्यथाभवतीतिवत्' इति निदर्शनम्, 'विरुद्धं'=व्याहतम्, 'तन्नयादेव', स हि स एवान्यथाभवतीत्युक्ते एवमाह-यदि स एव, कथमन्यथा भवति, अन्यथा चेद् भवति, कथं स इति, एतच्च स एव न भवतीत्यत्रापि समानमेव, तथाहि यदि स एव, कथं न भवति ? अभवन्वा कथं स एव ? इति विरुद्धमेतत्, अभ्युच्चयमाह 'तदुत्पत्त्यादितः' इत्यभावोत्पत्त्यादेः, 'तथा'-विरुद्धमिति ।।१९४।।

**ટીકાર્થ :-**

'स एव' ..... विरुद्धमिति ।। स एव 'તે જ', એ શબ્દ ભાવનો પરામર્શ કરે છે='स एव न भवति' એ પ્રકારના બૌદ્ધના વચનમાં 'स' શબ્દ વિદ્યમાન પદાર્થનો પરામર્શ કરે છે, અને न भवतीति चाभावाभिधानं અને 'न भवति' એ પ્રકારનો અંશ અભાવનું કથન છે, અર્થાત્ 'स एव न भवति' એ પ્રકારના કથનમાં 'न भवति' એ પ્રકારનો અંશ અભાવને કહેનાર છે.

આ રીતે 'स एव' અને 'न भवति' એ બે અંશોને સ્પષ્ટ કર્યા પછી હવે તે આખા કથનનો પરામર્શ કરવા માટે શ્લોકમાં 'एतद्' શબ્દ મૂકેલ છે. ત્યાં एतद्=स एव न भवति, એ પ્રકારનું બૌદ્ધનું કથન 'अन्यथा भवति' એની જેમ વિરુદ્ધ છે=હણાયેલું છે. તેમાં યુક્તિ આપે છે –

તેના નયથી જ=તેની યુક્તિથી જ, વિરુદ્ધ છે, એમ અન્વય છે.

અહીં 'अन्यथा भवति इतिवत्' એ કથન બૌદ્ધના કથનના વિરોધને બતાવવા માટે દૃષ્ટાંત છે. હવે તે દૃષ્ટાંતથી વિરોધ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરવા માટે પ્રથમ બૌદ્ધ ભાવાવધિ સ્વીકારનારને શું કહે છે ? તે બતાવે છે –

स एव अन्यथा भवति इति उक्ते 'તે જ અન્યથા થાય છે' એ પ્રકારનું કથન કરાયે છતે='તે જ અન્યથા થાય છે' એ પ્રકારે ભાવાવધિ સ્વીકારનારનું કથન હોતે છતે, स हि=તે જ=બૌદ્ધ જ, एवमाह આ પ્રમાણે કહે છે=આગળમાં બતાવાશે એ પ્રમાણે કહે છે –

यदि स एव, कथमन्यथा भवति જો તે જ છે, તો કેવી રીતે અન્યથા થાય છે ? अन्यथा चेद् भवति कथं स અન્યથા જો થાય છે, તો કેવી રીતે તે છે ?

'इति' શબ્દ બૌદ્ધના કથનની સમાપ્તિ માટે છે.

અને एतत् આ=બૌદ્ધે ભાવાવધિ સ્વભાવ સ્વીકારનારને જે આપત્તિ આપી એ, स एव न भवति इति अत्रापि તે જ 'ન' થાય છે, એ પ્રકારના બૌદ્ધના કથનમાં પણ समानमेव સમાન જ છે.

'स एव न भवति' એ કથનમાં સમાન આપત્તિ કઈ રીતે છે ? તે 'तथाहि' થી બતાવે છે –

यदि स एव कथं न भवति જો તે જ છે, કેવી રીતે 'ન' થાય છે ? अभवन्वा અથવા 'ન' થતો कथं स एव કેવી રીતે તે જ છે ? इति એ પ્રમાણે एतत् આ='स एव न भवति' એ પ્રકારનું બૌદ્ધનું કથન, विरुद्धम् વિરુદ્ધ છે.

અભ્યુચ્ચયને કહે છે=स एव न भवति એ પ્રકારનું બૌદ્ધનું કથન વિરુદ્ધ છે, તેમાં અન્ય યુક્તિના સમુચ્ચયને કહે છે –

तदुत्पत्त्यादितः તેની ઉત્પત્તિ આદિથી અર્થાત્ અભાવની ઉત્પત્તિ આદિથી, तथा=તે પ્રમાણે છે=વિરુદ્ધ છે='स एव न भवति' એ પ્રકારનું બૌદ્ધનું કથન વિરુદ્ધ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૪॥

**ભાવાર્થ :-**

ગ્રંથકારે શ્લોક-૧૯૧માં યુક્તિથી સ્થાપન કર્યું કે જન્માદિ અવસ્થાવાળા યોગી સાધના કરીને મુક્ત થાય છે, ત્યારે જન્માદિઅભાવવાળા થાય છે, અને તેને જ યુક્તિથી શ્લોક-૧૯૨માં પુષ્ટ કર્યું. તેથી એ ફલિત થયું કે આત્મારૂપ ભાવાત્મક પદાર્થને આશ્રિત સાધનાકાળમાં જન્માદિ સ્વભાવ છે, અને મુક્તિકાળમાં જન્માદિના અભાવરૂપ સ્વભાવ છે; અને તેમ ન માનીએ તો શું અતિપ્રસંગ આવે ? તે શ્લોક-૧૯૩માં બતાવ્યું. તેથી પણ માનવું જોઈએ કે સર્વ સ્વભાવો કોઈક ભાવાત્મક પદાર્થને આશ્રયીને રહે છે; અને તેમ સ્વીકારીએ તો, જન્માદિ સ્વભાવ આત્મદ્રવ્યને આશ્રયીને રહેલો છે, અને તે જન્માદિ સ્વભાવ જાય ત્યારે આત્મા અજન્માદિ સ્વભાવવાળો થાય છે, અને તે પણ આત્મદ્રવ્યને આશ્રયીને રહેલો છે, અને તે અજન્માદિ સ્વભાવવાળા આત્માને મુક્ત કહેવાય છે.

આ પ્રકારની માન્યતાનો બૌદ્ધ વિરોધ કરે છે; કેમ કે બૌદ્ધ પર્યાયાસ્તિક નય ઉપર ચાલનાર છે અને દ્રવ્યનો સર્વથા અપલાપ કરનાર છે. તેથી કહે છે કે 'તે જ અન્યથા થાય છે'=જન્માદિસ્વભાવવાળો જ

અન્યથા થાય છે અર્થાત્ અજન્માદિસ્વભાવવાળો થાય છે, એ કથન વિરોધી છે; કેમ કે જો 'તે જ' હોય તો 'અન્યથા છે' એમ ન કહેવાય; અને 'અન્યથા' હોય તો 'તે જ' છે તેમ ન કહેવાય. આ પ્રકારે 'स' શબ્દનો અને 'अन्यथा' શબ્દનો પરસ્પર વિરોધ બતાવીને 'स एव अन्यथा भवति' એ પ્રકારની માન્યતાનું બૌદ્ધ ખંડન કરે છે. તેને ગ્રંથકાર કહે છે –

બૌદ્ધના નયથી જ=બૌદ્ધે આપેલ યુક્તિથી જ, 'स एव न भवति' એ વચન વિરુદ્ધ છે; કેમ કે 'स एव अन्यथा भवति' એ કથનમાં જે પ્રકારનાં વિરોધ બૌદ્ધ બતાવે છે, તેના સમાન જ વિરોધ 'स एव न भवति' માં છે. તે આ રીતે –

જો 'તે' જ છે, તો 'ન' થાય છે તેમ કેમ કહેવાય ? અને જો 'ન' થાય છે, તો 'તે' જ છે તેમ કેમ કહેવાય ? આ પ્રકારે 'स एव न भवति' માં વિરોધ હોવાથી બૌદ્ધનું આ કથન ઉક્તિમાત્ર છે અર્થાત્ 'स एव न भवति' એ કથન ખાલી બોલવામાત્રરૂપ છે. વસ્તુતઃ બૌદ્ધનું આ કથન ભાવના આશ્રય વગરના સ્વભાવને સ્વીકારવામાં યુક્તિ બતાવી શકતું નથી; કેમ કે 'स एव अन्यथा भवति' એમ કહેવાથી ભાવાવધિ સ્વભાવ છે એમ સિદ્ધ થાય છે, અને બૌદ્ધને તેમ માન્ય નથી. તેથી 'स एव अन्यथा भवति' એ વચનમાં વિરોધ બતાવીને સ્વભાવ ભાવાવધિ નથી, તેમ બૌદ્ધ સ્થાપન કરે છે, અને પોતાનું વચન સિદ્ધ કરવા માટે તે સ્વયં 'स एव न भवति' કહે છે. વસ્તુતઃ જેમ તે 'स एव अन्यथा भवति' સ્વીકારી શકતો નથી, તેમ 'स एव न भवति' પણ સ્વીકારી શકે નહિ. માટે બૌદ્ધનું આ કથન 'સ્વભાવ ભાવાવધિ નથી,' તેમ સ્થાપન કરી શકતું નથી.

અહીં કોઈ કહે કે 'स एव अन्यथा भवति' તેની જેમ 'स एव न भवति'તેનો વિરોધ છે.

તેથી એ ફલિત થાય કે જેમ 'स एव अन्यथा भवति' સ્વીકારી ન શકાય, તેમ 'स एव न भवति' સ્વીકારી ન શકાય. તેથી જેમ 'स एव न भवति' ન સ્વીકારી શકાય, તેમ 'स एव अन्यथा भवति' તે પણ સ્વીકારી ન શકાય. માટે પદાર્થ ભાવાવધિ છે, તેમ બતાવવા માટે 'स एव न भवति' એ કથનમાં અન્ય દોષો પણ બતાવે છે, અને કહે છે કે તદ્ ઉત્પત્તિ આદિને કારણે 'स एव न भवति' એ કથન વિરોધી છે, અને તદ્ ઉત્પત્તિ આદિ પદાર્થો ગ્રંથકાર સ્વયં આગળ સ્પષ્ટ કરશે. **॥૧૯૪॥**

**અવતરણિકા :-**

**एतद्भावनायैवाह –**

**અવતરણિકાર્થ :-**

**આના ભાવન માટે જ=તદ્ ઉત્પત્તિ આદિને કારણે 'स एव न भवति' એ કથન વિરુદ્ધ છે, એના ભાવન માટે જ, કહે છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૪ના અંતે કહ્યું કે અભાવની ઉત્પત્તિ આદિને કારણે 'स एव न भवति' એ પ્રકારનું બૌદ્ધનું વચન વિરુદ્ધ છે. એને સ્પષ્ટ કરવા માટે કહે છે –

**શ્લોક :-**

**सतोऽसत्त्वे तदुत्पादस्ततो नाशोऽपि तस्य यत् ।**
**तन्नष्टस्य पुनर्भावः सदा नाशे न तत्स्थितिः ।।१९५।।**

**અન્વયાર્થ :-**

यत्=જે કારણથી सतः असत्त्वे=સત્‌ના અસત્ત્વમાં=ભાવના અસત્ત્વમાં तदुत्पादः=તેનો ઉત્પાદ છે=અસત્ત્વનો ઉત્પાદ છે, ततः=અસત્ત્વના ઉત્પાદના કારણે तस्य नाशोऽपि=તેનો નાશ પણ છે=અસત્ત્વનો નાશ પણ છે. तत्=તે કારણથી=અસત્ત્વનો નાશ છે તે કારણથી नष्टस्य पुनर्भावः=નષ્ટનો પુનર્ભાવ છે=અસત્ત્વનો સદ્‌રૂપે ફરી ભાવ છે. सदा नाशे=સદા નાશ સ્વીકારાયે છતે तत्स्थितिः न=તેની સ્થિતિ નથી=પદાર્થક્ષણમાં પણ પદાર્થની સ્થિતિ નથી. ।।૧૯૫।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી ભાવના અસત્ત્વમાં અસત્ત્વનો ઉત્પાદ છે, અસત્ત્વના ઉત્પાદના કારણે અસત્ત્વનો નાશ પણ છે. અસત્ત્વનો નાશ છે તે કારણથી અસત્ત્વનો સદ્‌રૂપે ફરી ભાવ છે. સદા નાશ સ્વીકારાયે છતે પદાર્થક્ષણમાં પણ પદાર્થની સ્થિતિ નથી. ।।૧૯૫।।**

**ટીકા :-**

'सतो'=भावस्य, 'असत्त्व' अभ्युपगम्यमाने "स एव न भवति" इति वचनात्, किमित्याह 'तदुत्पादः'-इत्यसत्त्वोत्पादः कादाचित्कत्वेन, 'ततः'=उत्पादात्, 'नाशोऽपि' 'तस्य'=असत्त्वस्य, 'यदुत्पत्तिमत्तदनित्यं' इति कृत्वा, 'यद्'=यस्मात्, 'तत्' तस्मात्, 'नष्टस्य' असत्त्वस्य 'पुनर्भावः' तेनैव रूपेण, सदसत्त्वविनाशान्यथानुपपत्तेः, अथ नाशो नाशात्मना भावात्प्राक्पश्चाच्चाव-स्थित एव-एतदाशङ्‌क्याह 'सदानाशे'-अभ्युपगम्यमाने किमित्याह 'न तत्स्थितिः' विवक्षितक्षणेऽपि तन्नाशादिति ।।१९५।।

**ટીકાર્થ :-**

'सतो'=भावस्य, ..... तन्नाशादिति ।। यत्=યસ્માત્=જે કારણથી, 'स एव न भवति' એ પ્રકારના વચનથી સત્‌નું=ભાવનું, અસત્ત્વ સ્વીકારાયે છતે કાદાચિત્કપણું હોવાને કારણે=અસત્ત્વનું કાદાચિત્કપણું હોવાને કારણે, તેનો ઉત્પાદ છે; એટલે અસત્ત્વનો ઉત્પાદ છે; તેનાથી=ઉત્પાદથી=અસત્ત્વના ઉત્પાદથી, તેનો=અસત્ત્વનો, નાશ પણ છે. જે ઉત્પત્તિમત્ છે, તે અનિત્ય છે, એથી કરીને અસત્ત્વનો નાશ પણ છે, એમ અન્વય છે.

તે કારણથી=જે કારણથી ભાવના અસત્ત્વના સ્વીકારમાં અસત્ત્વનો ઉત્પાદ અને અસત્ત્વનો નાશ છે તે કારણથી, નષ્ટનો=અસત્ત્વનો, તે જ રૂપે=જે રીતે પૂર્વમાં સદ્ હતો તે જ રૂપે, ફરી ભાવ છે; કેમ

**કે સત્‌ના અસત્ત્વના વિનાશની અન્યથા અનુપપત્તિ છે=સત્‌ના અસત્ત્વના વિનાશની તે જ રૂપે ફરી સદ્‌ભાવ થયા વગર અનુપપત્તિ છે.**

**હવે કોઈ કહે કે નાશ નાશરૂપે પૂર્વ અને પશ્ચાત્ અવસ્થિત જ છે. એ આશંકા કરીને કહે છે અર્થાત્ નાશ પૂર્વમાં અને પશ્ચાત્‌માં અવસ્થિત છે, માટે નાશને ફરી ઉત્પાદરૂપે સ્વીકારવાનો દોષ નથી, એ આશંકા કરીને કહે છે –**

**સદા નાશ સ્વીકારાયે છતે તેની સ્થિતિ નથી=પદાર્થની પદાર્થક્ષણમાં પણ અવસ્થિતિ નથી; કેમ કે વિવક્ષિત ક્ષણમાં પણ=પદાર્થક્ષણમાં પણ, તેનો નાશ છે=પદાર્થનો નાશ વિદ્યમાન છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૫॥**

**ભાવાર્થ :-**

પદાર્થ ભાવાવધિ નથી, તેમ સ્થાપન કરવા માટે બૌદ્ધ કહે છે : "તે જ 'ન' થાય છે" તેને ગ્રંથકાર કહે છે -

ભાવરૂપ તે પદાર્થ જો 'ન' થાય છે અર્થાત્ અસત્ થાય છે તેમ સ્વીકારવામાં આવે, તો અસત્ત્વ કાદાચિત્ક છે. તેથી અસત્ત્વનો ઉત્પાદ થયો તેમ માનવું પડે; અને જે ઉત્પત્તિવાળું હોય તે અનિત્ય હોય એ પ્રમાણે બૌદ્ધની માન્યતા છે. તેથી તે અસત્ત્વનો નાશ પણ માનવો પડે; અને અસત્ત્વનો નાશ સ્વીકારવામાં આવે તો પદાર્થ પૂર્વમાં જે રીતે વિદ્યમાન હતો તે રીતે ફરી થવો જોઈએ; કેમ કે જે સત્ત્વ હતું તેનું અસત્ત્વ થયું, અને અસત્ત્વનો વિનાશ થાય તો ફરી પૂર્વમાં જેવો ભાવ હતો તેવો ભાવ પ્રગટ થવો જોઈએ, જે અનુભવ વિરુદ્ધ છે; કેમ કે કોઈ પદાર્થ નાશ થાય છે પછી નાશની ઉત્તરક્ષણમાં ફરી તે પ્રગટ થતો દેખાતો નથી. માટે 'स एव न भवति' તે સ્વીકારી શકાય નહિ.

નાશની ઉત્પત્તિના દોષના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે નાશ નાશરૂપે પૂર્વમાં અર્થાત્ પદાર્થક્ષણની પૂર્વમાં અને પશ્ચાત્‌માં અર્થાત્ પદાર્થક્ષણની પશ્ચાત્‌માં અવસ્થિત જ છે; માટે નાશ ઉત્પન્ન થતો નથી, પરંતુ સદા વિદ્યમાન છે. તો ગ્રંથકાર કહે છે કે પદાર્થક્ષણમાં પણ નાશને વિદ્યમાન સ્વીકારવો પડે; કેમ કે જે ક્ષણે પદાર્થ છે તેની પૂર્વની બધી ક્ષણોમાં તે પદાર્થનો નાશ વિદ્યમાન છે, અને તે નાશનો અભાવ થવામાં કોઈ કારણ નથી, તેથી તે નાશ જેમ પદાર્થક્ષણની પૂર્વની ક્ષણમાં અને ઉત્તરની ક્ષણમાં રહે છે તેમ પદાર્થક્ષણમાં પણ રહેવો જોઈએ, તેથી પદાર્થક્ષણમાં પણ પદાર્થની સ્થિતિ રહેશે નહિ. તેથી પદાર્થની શૂન્યતા સ્વીકારવાની આપત્તિ આવે.

આ રીતે 'स एव न भवति' સ્વીકારવામાં અનુભવનો વિરોધ છે. માટે 'स एव न भवति' તેમ સ્વીકારી ન શકાય, પરંતુ 'स एव अन्यथा भवति' એમ માનવું જ ઉચિત છે; કેમ કે એમ માનવામાં પદાર્થનો નાશ થયા પછી ફરી પદાર્થની તે રૂપે જ ઉત્પત્તિ સ્વીકારવાની આપત્તિ નથી, અને દૃષ્ટ પ્રમાણે સર્વ પદાર્થો અન્ય અન્ય રૂપે થાય છે, તે સંગત થાય છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે. **॥૧૯૫॥**

અવતરણિકા :-

શ્લોક-૧૯૫માં ગ્રંથકારે કહ્યું કે 'स एव "न" भवति' એ સ્વીકારવામાં સત્ત્વના અસત્ત્વની ઉત્પત્તિ, અને પછી અસત્ત્વનો નાશ સ્વીકારવો પડે; અને તેમ સ્વીકારીએ તો પૂર્વમાં જે પદાર્થ હતો, તેની ફરી ઉત્પત્તિ માનવી પડે. તે દોષનિવારણ માટે બૌદ્ધે કહેલ કે નાશ સદા અવસ્થિત છે, માટે નાશનો નાશ થતો નથી. તેને ગ્રંથકારે શ્લોક-૧૯૫માં આપત્તિ આપી કે પદાર્થક્ષણમાં પણ પદાર્થનો નાશ સ્વીકારવો પડશે, અને તેમ સ્વીકારવાથી પદાર્થક્ષણમાં પણ પદાર્થનો અભાવ માનવો પડશે. આ દોષના નિવારણ માટે "નાશ સદા નથી રહેતો, પરંતુ ક્ષણસ્થિતિ ધર્મવાળો છે"; તેમ બૌદ્ધ સ્વીકારે તો બૌદ્ધને દોષ આવે, તે ગ્રંથકાર બતાવે છે –

શ્લોક :-

स क्षणस्थितिधर्मा चेद् द्वितीयादिक्षणास्थितौ ।
युज्यते ह्येतदप्यस्य तथा चोक्तानतिक्रमः ।।१९६।।

અન્વયાર્થ :-

स=તે=નાશ क्षणस्थितिधर्मा=ક્ષણસ્થિતિધર્મવાળો છે=તે નાશ પદાર્થક્ષણની ઉત્તરમાં વર્તતા ક્ષણસ્થિતિ-ધર્મવાળા ભાવસ્વરૂપ છે, चेद्=એમ જો બૌદ્ધ સ્વીકારે તો द्वितीयादिक्षणास्थितौ=દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ હોતે છતે अस्य=આનું=અધિકૃત ભાવનું एतद् अपि=આ પણ=ક્ષણસ્થિતિ ધર્મપણું પણ युज्यते=ઘટે છે, च=અને तथा=તે રીતે=નાશ ક્ષણસ્થિતિ ધર્મવાળો ભાવ બૌદ્ધ સ્વીકારે તો તે રીતે उक्तानतिक्रमः=ઉક્તનો અનતિક્રમ છે=શ્લોક-૧૯૫માં કહ્યું કે સત્‌નું અસત્ત્વપણું હોતે છતે અસત્ત્વનો ઉત્પાદ, અસત્ત્વનો નાશ અને ફરી વિદ્યમાન પદાર્થનો ભાવ પ્રાપ્ત થાય, એ રૂપ ઉક્તદોષનું અનુલ્લંઘન છે. ।।૧૯૬।।

શ્લોકાર્થ :-

નાશ ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ છે, એમ જો બૌદ્ધ સ્વીકારે તો દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ હોતે છતે અધિકૃત ભાવનું ક્ષણસ્થિતિધર્મપણું પણ ઘટે છે; અને નાશ ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ બૌદ્ધ સ્વીકારે તો તે રીતે શ્લોક-૧૯૫માં કહ્યું કે સત્‌નું અસત્ત્વપણું હોતે છતે, અસત્ત્વનો ઉત્પાદ, અસત્ત્વનો નાશ અને ફરી વિદ્યમાન પદાર્થનો ભાવ પ્રાપ્ત થાય, એ રૂપ ઉક્ત દોષનું અનુલ્લંઘન છે. ।।૧૯૬।।

ટીકા :-

'स'=नाशः, 'क्षणस्थितिधर्मा चेद्' भाव एव, एतदाशङ्क्याह 'द्वितीयादिक्षणास्थितौ' सत्याम् किमित्याह 'युज्यते' 'ह्येतदपि'-क्षणस्थितिधर्मकत्वं, 'अस्य'=अधिकृतभावस्य 'तथा च' एवं सति 'उक्तानति-क्रमः' ।।१९६।।

**ટીકાર્થ :-**

**'स'=नाशः ..... 'उक्तानतिक्रमः' ।। તે=નાશ, ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ છે=પદાર્થક્ષણની ઉત્તરમાં વર્તતા ભાવસ્વરૂપ જ છે. આ પ્રમાણે જો બૌદ્ધ સ્વીકારે एतदाशङ्क्य=એની આશંકા કરીને ગ્રંથકાર કહે છે –**

**દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ હોતે છતે આનું=અધિકૃત ભાવનું=નાશની પૂર્વમાં વર્તતા ભાવનું, આ પણ=ક્ષણસ્થિતિધર્મપણું પણ, ઘટે છે; અને तथा=एवं सति=આમ હોતે છતે=તે નાશ ઉત્તરક્ષણમાં વર્તતા ભાવરૂપ છે, અને નાશરૂપ ભાવની બીજી આદિ ક્ષણની અસ્થિતિ સ્વીકારાયે છતે, ઉક્તનો અનતિક્રમ છે=શ્લોક-૧૯૫માં કહ્યું કે સત્નું અસત્ત્વપણું હોતે છતે અસત્ત્વનો ઉત્પાદ, અસત્ત્વનો નાશ અને ફરી વિદ્યમાન પદાર્થનો ભાવ પ્રાપ્ત થાય, એ રૂપ ઉક્ત દોષનું અનુલ્લંઘન છે. ।।૧૯૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ગ્રંથકારે પૂર્વપક્ષીને કહ્યું કે જો નાશ નાશરૂપે સદા સ્વીકારવામાં આવે તો પદાર્થક્ષણમાં પણ પદાર્થ રહે નહિ. એ આપત્તિના નિવારણ માટે બૌદ્ધ કહે છે –

પદાર્થનો નાશ પદાર્થની ઉત્તરમાં વર્તતો ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ જ છે અર્થાત્ પદાર્થક્ષણની ઉત્તરમાં જે ભાવ પેદા થાય છે, તત્ સ્વરૂપ તે પદાર્થનો નાશ છે, એનાથી અતિરિક્ત નાશ નામની કોઈ વસ્તુ નથી, ફક્ત પૂર્વની ક્ષણનો તે પદાર્થ 'ન' થાય છે.

તેથી જે ક્ષણમાં પદાર્થ છે, તે પદાર્થક્ષણની નિવૃત્તિ થાય છે ત્યારે, આ પદાર્થ નાશ પામ્યો એમ વ્યવહાર થાય છે; અને ઉત્તરક્ષણમાં વર્તતા ભાવસ્વરૂપ જ તે નાશ છે. તેથી ક્ષણસ્થિતિધર્મવાળા ભાવરૂપ તે નાશ છે. માટે ગ્રંથકારે "ભાવના અસત્ત્વનો ઉત્પાદ વગેરે માનવું પડશે;" એમ જે આપત્તિ આપેલ તે હવે આવશે નહિ; કેમ કે બૌદ્ધ મત અનુસાર અસત્ત્વ ઉત્પન્ન થતું નથી, પરંતુ પૂર્વક્ષણનો ભાવ એક ક્ષણ રહેવાના સ્વભાવવાળો હતો, અને ઉત્તરક્ષણમાં તે ભાવ જ 'ન' થાય છે, અને ઉત્તરક્ષણવર્તી જે ભાવ છે તત્સ્વરૂપ જ પૂર્વક્ષણનો નાશ છે. માટે ભાવનું અસત્ત્વ સ્વીકારીને ગ્રંથકારે શ્લોક-૧૯૫માં જે દોષ આપ્યા તે સર્વ દોષો આવશે નહિ. આ પ્રકારનો બૌદ્ધનો આશય છે. તેને ગ્રંથકાર પૂછે છે કે તે નાશ ઉત્તરક્ષણના ભાવરૂપ જ ક્ષણસ્થિતિધર્મવાળો છે, એમ જો તું માને છે, તો ક્ષણસ્થિતિધર્મવાળા તે ભાવની દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ તારે સ્વીકારવી પડે, તો જ તે ભાવને ક્ષણસ્થિતિધર્મવાળો કહી શકાય.

અહીં બૌદ્ધ કહે કે તે ભાવની દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ અમને ઇષ્ટ જ છે, તો ગ્રંથકાર કહે છે કે આ પ્રમાણે જો બૌદ્ધ સ્વીકારે તો અર્થાત્ ક્ષણસ્થિતિધર્મવાળા ભાવની દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ બૌદ્ધ સ્વીકારે, તો ઉક્ત દોષોનો અનતિક્રમ છે. **।।૧૯૬।।**

**અવતરણિકા :-**

कथमित्याह –

**અવતરણિકાર્થ :-**

કેમ ઉક્ત દોષનો અનતિક્રમ છે ? એથી કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૬માં કહ્યું કે નાશને ક્ષણસ્થિતિધર્મવાળો ભાવ સ્વીકારે તો ક્ષણસ્થિતિધર્મવાળા ભાવની દ્વિતીયાદિ ક્ષણની અસ્થિતિ સ્વીકારવી પડે, અને તેમ સ્વીકારવાથી શ્લોક-૧૯૫માં કહેલા દોષોની પ્રાપ્તિ છે. કેમ પ્રાપ્તિ છે ? એથી કરીને કહે છે –

**શ્લોક :-**

**क्षणस्थितौ तदैवाऽस्य नाऽस्थितिर्युक्त्यसङ्गतेः ।**
**न पश्चादपि सा नेति सतोऽसत्त्वं व्यवस्थितम् ।।१९७।।**

**અન્વયાર્થ :-**

क्षणस्थितौ=ક્ષણસ્થિતિ હોતે છતે=પદાર્થક્ષણની ઉત્તરક્ષણમાં થનાર નાશરૂપ ભાવની ક્ષણસ્થિતિ હોતે છતે, तदैव=ત્યારે જ=વિવક્ષિત એવી ક્ષણમાં જ अस्य=આની=વિવક્ષિત નાશરૂપ ભાવની अस्थितिः न=અસ્થિતિ નથી; युक्त्यसङ्गतेः=કેમ કે યુક્તિની અસંગતિ છે. न पश्चादपि सा न=પશ્ચાત્ પણ તે નથી એમ નહિ=ઉત્તરક્ષણમાં થનાર નાશરૂપ ભાવની બીજી ક્ષણમાં પણ અસ્થિતિ નથી એમ નહિ=અસ્થિતિ છે. इति=एवं=એ રીતે, सतोऽसत्त्वं व्यवस्थितम्=સત્નું અસત્વ વ્યવસ્થિત છે=બૌદ્ધમત પ્રમાણે બીજી ક્ષણના નાશરૂપે 'સત્'નું 'અસત્ત્વ' વ્યવસ્થિત છે. (તેથી શ્લોક-૧૯૫માં કહેલ દોષની પ્રાપ્તિ છે એમ સંબંધ છે.) ।।૧૯૭।।

**શ્લોકાર્થ :-**

**પદાર્થક્ષણની ઉત્તરક્ષણમાં થનાર નાશરૂપ ભાવની ક્ષણસ્થિતિ હોતે છતે, વિવક્ષિત એવી ક્ષણમાં જ વિવક્ષિત નાશરૂપ ભાવની અસ્થિતિ નથી; કેમ કે યુક્તિની અસંગતિ છે. પદાર્થક્ષણની ઉત્તરક્ષણમાં થનાર નાશરૂપ ભાવની બીજી ક્ષણમાં પણ અસ્થિતિ નથી એમ નહિ=અસ્થિતિ છે. એ રીતે સત્નું અસત્ત્વ વ્યવસ્થિત છે. ।।૧૯૭।।**

**ટીકા :-**

'क्षणस्थितौ' सत्यां 'तदैव'=विवक्षितक्षणे, 'अस्य'=विवक्षितभावस्यैव, नाऽस्थितिः, कुत इत्याह 'युक्त्यसङ्गतेः', तदैवाऽस्थितौ तत्स्थितिविरोधादिति युक्तिः, 'न पश्चाादपि' द्वितीयक्षणे, 'सा'=

**अस्थितिः 'न' युक्त्यसङ्गतेरेव 'तदावस्थितौ तदस्थितिविरोधादिति' युक्तिः, 'इति'=एवं 'सतोऽसत्त्वं व्यवस्थितम्', ततश्च 'सतोऽसत्त्वे' इत्याद्यनुवर्त्तते एवेति ।।१९७।।**

**ટીકાર્થ :-**

'क्षणस्थितौ' ..... एवेति ।। ક્ષણસ્થિતિવાળો હોતે છતે=પદાર્થક્ષણની ઉત્તરક્ષણમાં થનાર નાશરૂપ ભાવ ક્ષણસ્થિતિવાળો હોતે છતે, ત્યારે જ=વિવક્ષિત ક્ષણમાં જ=વિવક્ષિત એવા ભાવની ક્ષણમાં જ=ક્ષણસ્થિતિધર્મવાળા નાશરૂપ ભાવની ક્ષણમાં જ, આની=વિવક્ષિત ભાવની જ=વિવક્ષિત નાશરૂપ ભાવની જ, અસ્થિતિ નથી. કેમ અસ્થિતિ નથી ? એથી કહે છે –

યુક્તિની અસંગતિ હોવાથી અસ્થિતિ નથી, એમ અન્વય છે.

શું યુક્તિ છે ? તે સ્પષ્ટ કરે છે –

ત્યારે જ=વિવક્ષિત ભાવની ક્ષણમાં જ, અસ્થિતિ હોતે છતે=વિવક્ષિત ભાવની અસ્થિતિ હોતે છતે, તેની સ્થિતિનો વિરોધ હોવાથી=વિવક્ષિત ભાવની સ્થિતિનો વિરોધ હોવાથી (વિવક્ષિત ભાવની ક્ષણમાં=વિવક્ષિત ભાવની અસ્થિતિ નથી) એ પ્રકારની યુક્તિ છે.

पश्चादपि=દ્વિતીય ક્ષણમાં પણ=વિવક્ષિત ભાવની દ્વિતીય ક્ષણમાં પણ, તે=અસ્થિતિ=વિવક્ષિત ભાવની અસ્થિતિ, न=નથી, न=એમ નથી; કેમ કે યુક્તિની અસંગતિ જ છે.

શું યુક્તિ છે ? તે સ્પષ્ટ કરે છે –

तदा=ત્યારે=વિવક્ષિત ભાવની દ્વિતીય ક્ષણમાં અવસ્થિતિ હોતે છતે=વિવક્ષિત ભાવની અવસ્થિતિ હોતે છતે, તેની અસ્થિતિનો વિરોધ હોવાથી=વિવક્ષિત ભાવની અસ્થિતિનો વિરોધ હોવાથી, (પશ્ચાત્ પણ અસ્થિતિ નથી એમ નહિ) એમ યુક્તિ છે.

इति=एवं=આ રીતે, સત્નું અસત્ત્વ વ્યવસ્થિત છે=બૌદ્ધ મતમાં સત્નું અસત્ત્વ વ્યવસ્થિત છે, અને તેથી सतोऽसत्त्वे ઇત્યાદિ શ્લોક-૧૯૫માં કહેલ સર્વ અનુવર્તન પામે છે જ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૭॥

**ભાવાર્થ :-**

ઉપરનો પદાર્થ સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે :-

- 'A' ૧લી ક્ષણ=પદાર્થક્ષણ
- 'B' ૨જી ક્ષણ=પદાર્થક્ષણનો નાશ અને પદાર્થક્ષણથી જન્ય ઉત્તરક્ષણનો ભાવ
- 'C' ૩જી ક્ષણ=બીજી ક્ષણમાં વર્તતા ભાવનો નાશ

| 'A' ક્ષણ | 'B' ક્ષણ | 'C' ક્ષણ |
|---|---|---|
| સત્ પદાર્થક્ષણ | 'A' ક્ષણના સત્‌નું અસત્ત્વ= 'A' ક્ષણના પદાર્થથી જન્ય ઉત્તરક્ષણનો ભાવ | 'B' ક્ષણવર્તી ભાવની અસ્થિતિ= સત્‌ના અસત્ત્વનું અસત્ત્વ=સત્ત્વ. તેથી 'A' ક્ષણવર્તી પદાર્થની ઉત્પત્તિ |

બૌદ્ધમત પ્રમાણે 'A' ક્ષણરૂપ પદાર્થનું અસત્ત્વ 'B' ક્ષણરૂપ છે, જેને બૌદ્ધ કેવલ 'ન' થાય છે એમ કહે છે, અને તે 'ન' એ 'A' ક્ષણના પદાર્થની ઉત્તરમાં થનારા 'B' ક્ષણના ભાવરૂપ છે; અને 'B' ક્ષણ ઉત્તરક્ષણમાં 'C' ક્ષણ થાય છે, અને 'B' ક્ષણનો ભાવ પણ ક્ષણિક છે. તેથી 'B' ક્ષણનો ભાવ 'C' ક્ષણમાં 'ન' થાય છે. તેથી 'A' ક્ષણના 'સત્'નું 'અસત્ત્વ' 'B' ક્ષણમાં હતું તેનું અસત્ત્વ 'C' ક્ષણમાં પ્રાપ્ત થાય. તેથી 'A' ક્ષણવર્તી સત્ પદાર્થ 'C' ક્ષણમાં ફરી ઉત્પન્ન થવો જોઈએ. તેથી સત્‌નું અસત્ત્વ ઇત્યાદિ શ્લોક-૧૯૫માં કહેલ તે સર્વ દોષો પ્રાપ્ત થાય, એમ ગ્રંથકારશ્રી કહે છે.

**સ્યાદ્વાદ મતાનુસાર 'स एव अन्यथा भवति' એમ સ્વીકારવાથી અનુભવ અનુરૂપ પદાર્થની સંગતિ આ રીતે :-**

| 'A' ક્ષણ | 'B' ક્ષણ | 'C' ક્ષણ |
|---|---|---|
| સોનાની વીંટી | સોનાની વીંટીનો નાશ અને હારની ઉત્પત્તિ | હારનો નાશ અને કંકણની ઉત્પત્તિ |

કોઈપણ ભાવાત્મક પદાર્થમાં કોઈક સ્વભાવ રહેતો હોય તો તે અન્યથા થાય છે તેમ કહી શકાય. જેમ 'A' ક્ષણમાં સોનારૂપ ભાવાત્મક પદાર્થમાં વીંટીરૂપ સ્વભાવ હતો, તે 'B' ક્ષણમાં અન્યથા થયો તો હારની ઉત્પત્તિ થઈ, અને તે હારરૂપ સ્વભાવ 'C' ક્ષણમાં અન્યથા થયો તો કંકણની ઉત્પત્તિ થઈ. તેથી સોનુંરૂપ દ્રવ્ય અન્યથા અન્યથા ભાવરૂપે થાય છે, તે વાત સ્યાદ્વાદ મતથી સંગત થાય છે; કેમ કે સોનુંરૂપ દ્રવ્ય આધાર છે, અને વીંટી આદિ પર્યાયો અન્યથા અન્યથા થાય છે. માટે અનુભવ સાથે કોઈ વિરોધ નથી.

**બૌદ્ધ મતાનુસાર 'स एव न भवति' એમ સ્વીકારવાથી અનુભવ અનુરૂપ પદાર્થની અસંગતિ આ રીતે :-**

| 'A' ક્ષણ | 'B' ક્ષણ | 'C' ક્ષણ |
|---|---|---|
| સોનાની વીંટી | સોનાની વીંટીનો નાશ અને હારની ઉત્પત્તિ | અવશ્ય સોનાની વીંટીની ઉત્પત્તિ થવી જોઈએ |

'स एव 'न' भवति' એમ સ્વીકારીએ તો 'A' ક્ષણની સોનાની વીંટી 'B' ક્ષણમાં 'न' થાય છે. અર્થાત્ 'A' ક્ષણનું સોનું 'B' ક્ષણમાં અનુવર્તન પામતું નથી, પરંતુ 'A' ક્ષણનો પદાર્થ સર્વથા 'न' થાય છે. વળી તે 'A' ક્ષણના નાશરૂપ 'B' ક્ષણ 'હાર ક્ષણ' રૂપ છે, અને વીંટીના નાશરૂપ છે, તેથી 'C' ક્ષણમાં વીંટીના નાશનો નાશ અવશ્ય થવો જોઈએ; કેમ કે 'B' ક્ષણ પણ ક્ષણસ્થિતિ ધર્મવાળી છે. તેથી વીંટીની 'નાશક્ષણ' 'B' ક્ષણ

તેનો નાશ 'C' ક્ષણમાં થવો જોઈએ. તેથી વીંટીના નાશનો નાશ એટલે વીંટીની પ્રાપ્તિ. તેથી બૌદ્ધમત પ્રમાણે 'C' ક્ષણમાં વીંટી જ થવી જોઈએ, પરંતુ કંકણ આદિ ભાવ થઈ શકે નહિ. તેથી 'स एव न भवति' એ વચન અનુભવ વિરુદ્ધ છે. **॥૧૯૭॥**

**અવતરણિકા :-**

**नित्यपक्षमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**નિત્યપક્ષને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૦માં ગ્રંથકારે સ્થાપન કરેલું કે જન્માદિ દોષના વિગમનને કારણે દોષાભાવવાળો આત્મા ઉત્પન્ન થાય છે, તે મુક્તનું સ્વરૂપ છે; અને તેની પુષ્ટિ કરવા માટે શ્લોક-૧૯૧માં યુક્તિ આપી કે સંસારી અવસ્થાવાળો આત્મા સાધના દ્વારા તે રૂપે થાય છે=મુક્તઅવસ્થારૂપે થાય છે અર્થાત્ જન્માદિ અતીત અવસ્થારૂપે થાય છે; અને તેને યુક્તિથી બતાવવા માટે શ્લોક-૧૯૨માં સ્થાપન કર્યું કે ભાવાવધિ સ્વભાવ માનવો યુક્ત છે અર્થાત્ કોઈક ભાવાત્મક પદાર્થમાં રહેનારો જન્માદિ સ્વભાવ અને જન્માદિઅભાવરૂપ સ્વભાવ માનવો યુક્ત છે; અને ભાવાત્મક પદાર્થમાં રહેનારો સ્વભાવ છે, તેમ ન માનીએ તો શું અતિપ્રસંગ આવે તે શ્લોક-૧૯૩માં બતાવ્યું, અને ભાવાવધિ સ્વભાવ નહિ માનનાર બૌદ્ધ શું કહે છે તે બતાવીને, તેનું કથન પણ યુક્તિ વગરનું છે, એમ શ્લોક-૧૯૪ થી ૧૯૭ સુધીમાં બતાવ્યું.

તેથી એ ફલિત થયું કે ભાવરૂપે વિદ્યમાન એવો આત્મા જન્માદિ સ્વભાવવાળો હતો અને તે જન્માદિ સ્વભાવના વિગમનથી અજન્માદિ સ્વભાવવાળો થયો. તેથી આત્મા કથંચિત્ નિત્ય હોવા છતાં કથંચિત્ અનિત્ય પણ છે. હવે જો આત્માને એકાંત નિત્ય માનવામાં આવે તો શું દોષ પ્રાપ્ત થાય ? તે બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**भवभावानिवृत्तावप्ययुक्ता मुक्तकल्पना ।**
**एकान्तैकस्वभावस्य न ह्यवस्थाद्वयं क्वचित् ।।१९८।।**

**અન્વયાર્થ :-**

भवभावानिवृत्तावपि=ભવભાવની **અનિવૃત્તિમાં પણ** मुक्तकल्पना=મુક્તકલ્પના अयुक्ता=અયુક્ત **છે;** हि=જે કારણથી एकान्तैकस्वभावस्य=**એકાંત એકસ્વભાવવાળા આત્માની** क्वचित्=ક્યારેય अवस्थाद्वयं= **સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થારૂપ અવસ્થાદ્વય** न=ન **થાય.** ॥૧૯૮॥

**શ્લોકાર્થ :-**

**ભવભાવની અનિવૃત્તિમાં પણ મુક્તકલ્પના અયુક્ત છે; જે કારણથી એકાંત એકસ્વભાવવાળા આત્માની ક્યારેય સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થારૂપ અવસ્થાદ્વય ન થાય. ।।૧૯૮।।**

**ટીકા :-**

'भवभावानिवृत्तावपि' एकान्तनित्यतायाम् किमित्याह 'अयुक्ता मुक्तकल्पना' आत्मनः, कथमयुक्तेत्याह 'एकान्तैकस्वभावस्य'-अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावतायाः, 'न' 'हि'=यस्मात्, 'अवस्थाद्वयं' संसारि-मुक्ताख्यं 'क्वचित्,' एकान्तैकस्वभावत्वविरोधात् ।।१९८।।

**ટીકાર્થ :-**

'भवभावानिवृत्तावपि' ..... एकान्तैकस्वभावत्वविरोधात् ।। **એકાન્ત નિત્યતામાં ભવભાવની અનિવૃત્તિ થયે છતે પણ આત્માની મુક્તકલ્પના=સાધના કરીને આત્મા મુક્ત થાય છે એ પ્રકારની કલ્પના, અયુક્ત છે.**

**કેમ અયુક્ત છે ? એથી કહે છે –**

हि=यस्मात्=**જે કારણથી, એકાંત એકસ્વભાવવાળા=અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિર એકસ્વભાવતાવાળા આત્માની સંસારી અને મુક્ત નામની અવસ્થાદ્વય ક્યારેય નથી; કેમ કે એકાંત એકસ્વભાવત્વનો વિરોધ છે. ।।૧૯૮।।**

❖ 'भवभावानिवृत्तावपि' માં 'अपि' થી એ કહેવું છે કે ભવભાવની નિવૃત્તિ થતી હોય તો મુક્તની કલ્પના થઈ શકે, પરંતુ ભવભાવની અનિવૃત્તિ હોવા છતાં પણ મુક્તની કલ્પના કરવી અયુક્ત છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૦માં ગ્રંથકારે બતાવ્યું કે સાધના કરીને યોગી ભવવ્યાધિથી મુક્ત થાય છે. આ વાત આત્માને દ્રવ્યથી નિત્ય સ્વીકારીને પર્યાયથી અનિત્ય સ્વીકારવામાં આવે તો સંગત થાય, અને તેને બદલે એકાંત નિત્ય માનવામાં આવે તો સંગત થાય નહિ. તે બતાવે છે –

જો આત્મા એકાંત નિત્ય હોય તો સંસારવર્તી આત્મામાં વર્તતો ભવરૂપી ભાવ ક્યારેય નિવૃત્ત થાય નહિ. તેથી સંસારવર્તી આત્મા સાધના કરીને મુક્ત થાય છે, તેવી કલ્પના કરવી અયુક્ત છે; અને જો આત્મા મુક્ત થાય છે એ કલ્પના અયુક્ત સિદ્ધ થાય, તો આખો યોગમાર્ગ ઉપપ્લવને પામે અર્થાત્ આખો યોગમાર્ગ વાણીમાત્રનો વિલાસ છે, પારમાર્થિક નથી એમ સિદ્ધ થાય; કેમ કે આત્મા એકાંત નિત્ય હોવાથી સંસારરૂપી ભાવની નિવૃત્તિ ક્યારેય થવાની નથી.

અહીં પ્રશ્ન થાય કે એકાંત નિત્ય આત્મા હોય તો યોગમાર્ગની સાધનાથી આત્મા મુક્ત થાય છે, એ કલ્પના અયુક્ત કેમ છે ? તે ગ્રંથકાર બતાવે છે –

એકાંત નિત્ય એટલે અપ્રચ્યુત, અનુત્પન્ન, સ્થિરએકસ્વભાવ –

તેથી એ પ્રાપ્ત થાય કે તેવા પ્રકારના સ્વભાવમાં ક્યારેય પરિવર્તન થતું નથી, અને સંસારવર્તી જીવોમાં ભવસ્વભાવ દેખાય છે. તેથી આત્માની સંસારી અને મુક્ત એવી બે અવસ્થા સ્વીકારી શકાય નહિ, પરંતુ એક જ અવસ્થા સ્વીકારવી જોઈએ, તો જ એકાંત એકસ્વભાવ સંગત થાય; અને સંસારી જીવોમાં સંસારી અવસ્થા પ્રત્યક્ષ દેખાય છે. તેથી સંસારી આત્મા સદા સંસારી રહેવો જોઈએ, તેમ માનવાનો પ્રસંગ આવે; અને આ પ્રસંગ નિવારવા માટે એમ જ માનવું ઉચિત છે કે દ્રવ્યરૂપે નિત્ય એવો આત્મા પર્યાયથી કથંચિત્ અનિત્ય પણ છે; અને તેમ સ્વીકારીએ તો સાધના કરીને આત્મા કર્મવ્યાધિથી મુક્ત થાય છે, એ વાત સંગત થાય. **॥૧૯૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯૮માં સ્થાપન કર્યું કે એકાંત એકસ્વભાવવાળા આત્માની અવસ્થાદ્વય ક્યારેય પ્રાપ્ત થઈ શકે નહિ. તેનાથી શું ફલિત થાય છે ? તે બતાવવા માટે કહે છે –**

**શ્લોક :-**

**तदभावे च संसारी मुक्तश्चेति निरर्थकम् ।**
**तत्स्वभावोपमर्दोऽस्य नीत्या तात्त्विक इष्यताम् ।।१९९।।**

**અન્વયાર્થ :-**

**च=અને तदभावे=તેના અભાવમાં=અવસ્થાદ્વયના અભાવમાં संसारी मुक्तश्च=સંસારી અને મુક્ત इति=एतद्=એ निरर्थकम्=નિરર્થક છે. तत्=તે કારણથી अस्य=આના=આત્માના स्वभावोपमर्दः=સ્વભાવનો નાશ नीत्या=નીતિથી=યુક્તિથી तात्त्विकः=તાત્ત્વિક इष्यताम्=સ્વીકારવો જોઈએ. ।।૧૯૯।।**

**શ્લોકાર્થ :-**

**અને અવસ્થાદ્વયના અભાવમાં સંસારી અને મુક્ત એ નિરર્થક છે. તે કારણથી આત્માના સ્વભાવનો નાશ યુક્તિથી તાત્ત્વિક સ્વીકારવો જોઈએ. ।।૧૯૯।।**

**ટીકા :-**

'तदभावे च'=अवस्थाद्वयाभावे च, 'संसारी'-तिर्यगादिभाववान्, 'मुक्तो'-भवप्रपञ्चोपरमाद् 'इति'= एतत् 'निरर्थकं'-शब्दमात्रमेव च, अर्थायोगादिति, तत् तथास्वभावोपमर्दः तदन्तरेण तदन्तरापनयन-लक्षणः 'अस्य' आत्मनः 'नीत्या'-न्यायेन, किमित्याह 'तात्त्विक इष्यतां'-पारमार्थिकोऽभ्युपगम्यता-मिति ।।१९९।।

**ટીકાર્થ :-**

'तदभावे च' ..... पारमार्थिकोऽभ्युपगम्यतामिति ।। અને તેના અભાવમાં=અવસ્થાદ્વયના અભાવમાં, તિર્યંચાદિ ભાવવાળો એવો સંસારી અને ભવપ્રપંચનો ઉપરમ હોવાથી મુક્ત इति=एतद्=એ, નિરર્થક=

**શબ્દમાત્ર જ છે; કેમ કે અર્થનો અયોગ છે=સંસારી અવસ્થા અને મુક્ત અવસ્થારૂપ બે શબ્દોના અર્થનો આત્મામાં અયોગ છે.**

**અવસ્થાદ્વયના અભાવમાં સંસારી અને મુક્ત એ કથન નિરર્થક છે એની સમાપ્તિમાં 'इति' શબ્દ છે.**

પૂર્વના કથનથી શું ફલિત થાય છે ? તે બતાવવા માટે શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

**तत् તે કારણથી=અવસ્થાદ્વયના અભાવમાં સંસારી અને મુક્તની કલ્પના નિરર્થક છે તે કારણથી, આનો=આત્માનો, તદન્તરવડે તદન્તર અપનયન સ્વરૂપ તથાસ્વભાવઉપમર્દ=તદન્તર વડે અર્થાત્ સંસારી અવસ્થાથી અન્ય એવી મુક્ત અવસ્થા વડે તદન્તર અપનયન સ્વરૂપ અર્થાત્ મુક્ત અવસ્થાથી અન્ય એવી સંસારી અવસ્થાના અપનયન સ્વરૂપ તથાસ્વભાવ ઉપમર્દ અર્થાત્ સંસારી અવસ્થારૂપ સ્વભાવનો નાશ, નીતિથી=ન્યાયથી=યુક્તિથી, તાત્ત્વિક=પારમાર્થિક, સ્વીકારવો જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૧૯૯॥**

❖ મૂળ શ્લોકમાં स्वभावोपमर्दः શબ્દ છે, તે શબ્દનો અર્થ સ્પષ્ટ કરવા માટે ટીકામાં तथास्वभावोपमर्दः કરેલ છે. તેનો અર્થ એ થાય કે આત્માનો તેવા પ્રકારનો સ્વભાવ=સંસારમાં હતો તેવા પ્રકારનો સ્વભાવ, નાશ થાય છે, તે તાત્ત્વિક છે.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૮માં ઉત્તરાર્ધમાં કહ્યું કે એકાંત એકસ્વભાવવાળા આત્માની બે અવસ્થાનો ક્યારેય યોગ થાય નહિ. તેનાથી શું ફલિત થાય તે પ્રસ્તુત શ્લોકના પૂર્વાર્ધમાં બતાવે છે –

આત્માની અવસ્થાદ્વયનો અભાવ હોય તો તિર્યંચઆદિગતિવાળો સંસારી, અને સાધના કરીને ભવપ્રપંચનો ઉપરમ થવાથી મુક્ત, એ પ્રકારનું કથન શબ્દમાત્રરૂપ જ રહે છે; કેમ કે એકાંત એક સ્વભાવવાળા આત્માને તે બે અવસ્થાનો યોગ નથી. તેથી સંસારી જીવો સાધના કરીને મુક્ત થાય છે, એ વચન ખાલી બોલવા પૂરતું સિદ્ધ થાય. માટે આત્માને એકાંત નિત્ય સ્વીકારી શકાય નહિ. આ રીતે શ્લોકના પૂર્વાર્ધનું કથન કર્યા પછી તેનાથી શું સ્વીકારવું ઉચિત છે, તે બતાવે છે –

યુક્તિથી આત્માના તે પ્રકારના સ્વભાવનું ઉપમર્દન તાત્ત્વિક સ્વીકારવું જોઈએ અર્થાત્ આત્મા સંસારી અવસ્થામાં જે પ્રકારના સ્વભાવવાળો છે, તે પ્રકારના સ્વભાવનું ઉપમર્દન, સાધના કરીને આત્મા મુક્ત થાય છે તે વખતે પારમાર્થિક થાય છે. આથી આત્મા સંસારી સ્વભાવનો નાશ કરીને મુક્ત અવસ્થાને પામે છે, એ અર્થ સિદ્ધ થાય. **॥૧૯૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯૯ના ઉત્તરાર્ધમાં સ્થાપન કર્યું કે આત્માના સ્વભાવનું ઉપમર્દન તાત્ત્વિક સ્વીકારવું જોઈએ, અને તે સ્વીકારવાથી શું સિદ્ધ થાય છે ? તે બતાવે છે –**

શ્લોક :-

दिदृक्षाद्यात्मभूतं तन्मुख्यमस्य निवर्तते ।
प्रधानादिनतेर्हेतुस्तदभावान्न तन्नतिः ।।२००।।

અન્વયાર્થ :-

तत्=તે કારણથી=આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તે કારણથી, अस्य=આના=આત્માના प्रधानादिनतेर्हेतुः मुख्यम् आत्मभूतम् दिदृक्षादि=પ્રધાનાદિ પરિણતિનું કારણ, અનુપચરિત, આત્મભૂત એવા દિદક્ષાદિ निवर्तते=નિવર્તન પામે છે. तदभावात्=તેના અભાવને કારણે=દિદક્ષાદિના અભાવને કારણે न तद् नतिः=પ્રધાનાદિની પરિણતિ નથી=મુક્ત આત્માને પ્રધાનાદિની પરિણતિ નથી. ।।૨૦૦।।

શ્લોકાર્થ :-

આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તે કારણથી, આત્માના પ્રધાનાદિ પરિણતિનું કારણ અનુપચરિત આત્મભૂત એવા દિદક્ષાદિ નિવર્તન પામે છે. દિદક્ષાદિના અભાવને કારણે મુક્ત આત્માને પ્રધાનાદિની પરિણતિ નથી. ।।૨૦૦।।

ટીકા :-

दिदृक्षाऽविद्यामलभवाधिकारादि, 'आत्मभूतं' सहजं वस्तुसत्, 'तत्'= तस्मात्, 'मुख्यम्'= अनुपचरितमेव, 'अस्य'=आत्मनो 'निवर्तत' अतिवर्तत इति, किम्भूतं तदित्याह ('प्रधानादिनतेः')- प्रधानमायादिपरिणतेः, 'हेतुः'=कारणम्, 'तद्भावाद्'=दिदृक्षाद्यभावात्, 'न तन्नतिः' न प्रधानादिपरिणतिर्मुक्तात्मन इति ।।२००।।

ટીકાર્થ :-

दिदृक्षाऽविद्यामल ..... प्रधानादिपरिणतिर्मुक्तात्मन इति ।। तत्=तस्मात्=તે કારણથી=આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તે કારણથી, આના=આત્માના, મુખ્ય=અનુપચરિત જ, વસ્તુ સત્=વસ્તુરૂપે સત્ એવા સહજ આત્મભૂત દિદક્ષા, અવિદ્યા, મલ, ભવઅધિકારાદિ નિવર્તન પામે છે.

કેવા પ્રકારનું તે છે=કેવા પ્રકારનું દિદક્ષાદિ છે ? એથી કરીને કહે છે –

પ્રધાનાદિ નતિનો હેતુ=પ્રધાન આદિ પરિણતિનું કારણ=કર્મબંધ આદિ પરિણતિનું કારણ, દિદક્ષાદિ છે. તેના અભાવથી=દિદક્ષાદિના અભાવથી, તેની નતિ નથી=મુક્ત આત્માને પ્રધાનાદિની પરિણતિ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૦૦।।

❖ ટીકામાં 'निवर्तते' પછી 'अतिवर्तत इति' એ વધારાનું જણાય છે.

❖ ટીકામાં 'प्रधानमायादिपरिणतेः' છે, ત્યાં प्रधानादिनतेः હોવું જોઈએ.

❖ 'प्रधानादिनतेः' માં आदि શબ્દથી પ્રધાનના=કર્મના, કાર્યરૂપ ભવપ્રપંચનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૮માં બતાવ્યું કે આત્માનો એકાંત એકસ્વભાવ હોય તો આત્માની સંસારી અને મુક્ત એમ બે અવસ્થા ઘટે નહિ. તેથી બે અવસ્થાની સંગતિ માટે આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તેમ માનવું જોઈએ, એ વાત શ્લોક-૧૯૯માં બતાવી. હવે આત્માના સ્વભાવનું ઉપમર્દન સ્વીકારવાથી મોક્ષ કઈ રીતે સંગત થાય છે ? તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે –

આત્માના સ્વભાવનું ઉપમર્દન સ્વીકાર્યું, તેથી સંસાર અવસ્થામાં આત્માના સ્વભાવભૂત વર્તતા દિદૃક્ષા આદિ ભાવો નિવર્તન પામે છે; અર્થાત્ યોગનિરોધ થાય છે ત્યારે કર્મબંધના કારણીભૂત દિદૃક્ષાદિ ભાવો નિવર્તન પામે છે, અને તે દિદૃક્ષા કર્મબંધનું કારણ હતું, તેથી દિદૃક્ષાના અભાવને કારણે કર્મબંધની પરિણતિ અટકે છે. તેથી સંસારી આત્મા વિદ્યમાન કર્મનો નાશ કરીને મુક્ત બને છે.

દિદૃક્ષા એટલે બાહ્ય પદાર્થોને જોવાની ઇચ્છા અર્થાત્ વિષયો પ્રત્યેની ઇન્દ્રિયોની ઉત્સુકતા, અને આ દિદૃક્ષા વસ્તુરૂપે સત્ છે અર્થાત્ શૂન્ય વસ્તુ નથી, પરંતુ જીવમાં વર્તતો સત્ પરિણામ છે.

વળી તે દિદૃક્ષા સહજ આત્મભૂત છે અર્થાત્ જેમ દિવાલ ઉપર કોઈ રંગ લગાડવામાં આવે તેવો આગંતુક ભાવ નથી, પરંતુ જેમ રક્તઘટમાં રક્તરૂપ સહજ પરિણામરૂપે છે, તેમ કર્મવાળા આત્મામાં દિદૃક્ષા એ સહજ પરિણામરૂપે છે. તેથી દિદૃક્ષાને સહજ આત્મભૂત કહેલ છે.

વળી આ દિદૃક્ષા મુખ્ય છે અર્થાત્ અનુપચરિત છે; કેમ કે જીવના પરિણામરૂપ છે, અને આવી દિદૃક્ષા પ્રધાનાદિ પરિણતિનું કારણ છે અર્થાત્ કર્મબંધનું કારણ છે.

અહીં દિદૃક્ષા આદિ કહ્યું ત્યાં આદિ પદથી શું ગ્રહણ કરવાનું ? તેને સ્પષ્ટ કરવા માટે ટીકામાં અવિદ્યા, મલ, ભવાધિકારાદિ બતાવેલ છે, જે દિદૃક્ષાના પર્યાયવાચી શબ્દો છે.

જૈનદર્શન જેને કર્મબંધની યોગ્યતા સ્વીકારે છે, તેને કોઈક અન્ય દર્શનવાળા દિદૃક્ષા કહે છે. વળી કોઈ અન્ય અવિદ્યા કહે છે, તો વળી કોઈ બીજા મલ કહે છે. વળી કેટલાક ભવઅધિકાર કહે છે, તે સર્વ શબ્દથી કર્મબંધની યોગ્યતારૂપ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગસ્વરૂપ જીવનો પરિણામ વાચ્ય બને છે. **॥૨૦૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯૯ના ઉત્તરાર્ધમાં બતાવ્યું કે આત્માના સ્વભાવનું ઉપમર્દન સ્વીકારવું જોઈએ; અને તેમ માનીએ તો જ દિદૃક્ષાની નિવૃત્તિ થવાથી મોક્ષની સંગતિ થાય છે, એ વાત શ્લોક-૨૦૦માં બતાવી. હવે જો આત્માના સ્વભાવનું ઉપમર્દન ન સ્વીકારીએ અને આત્મા એકાંત નિત્ય છે, તેમ માનીએ તો શું દોષ આવે ? તે બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**अन्यथा स्यादियं नित्यमेषा च भव उच्यते ।**
**एवं च भवनित्यत्वे कथं मुक्तस्य सम्भवः ।।२०१।।**

**અન્વયાર્થ :-**

अन्यथा=આત્માના સ્વભાવનું ઉપમર્દન ન સ્વીકારીએ તો, इयं=આ=प्रधानादिनति=દિદૃક્ષાના કાર્યભૂત પ્રધાનાદિની પરિણતિ नित्यं स्यात्=નિત્ય થાય, च=અને एषा=આ=પ્રધાનાદિની પરિણતિ भवः=ભવ उच्यते=કહેવાય છે; च=અને एवं=આ રીતે=પ્રધાનાદિની પરિણતિ નિત્ય છે અને પ્રધાનાદિની પરિણતિ જ ભવ છે એ રીતે, भवनित्यत्वे=ભવનું નિત્યપણું હોતે છતે मुक्तस्य सम्भवः=મુક્તનો સંભવ कथम्=કેવી રીતે થાય ? ॥૨૦૧॥

**શ્લોકાર્થ :-**

**આત્માના સ્વભાવનું ઉપમર્દન ન સ્વીકારીએ તો દિદૃક્ષાના કાર્યભૂત પ્રધાનાદિની પરિણતિ નિત્ય થાય, અને પ્રધાનાદિની પરિણતિ ભવ કહેવાય છે; અને આ રીતે ભવનું નિત્યપણું હોતે છતે મુક્તનો સંભવ કેવી રીતે થાય ? ॥૨૦૧॥**

**ટીકા :-**

इत्थं चैतदङ्गीकर्तव्यं, 'अन्यथा'=एवमनभ्युपगम्यमाने 'स्याद्' 'इयं'=प्रधानादिनतिः, 'नित्यं'=सदैव, ततः किमित्याह 'एषा च'-प्रधानादिनतिः, 'भव उच्यते'=संसारोऽभिधीयते, एतन्नतौ तदात्मकमहदादिभावात्, 'एवं च' उक्तनीत्या 'भवनित्यत्वे' सति 'कथं मुक्तस्य सम्भवः?' नैवेत्यर्थः ॥२०१॥

**ટીકાર્થ :-**

इत्थं ..... नैवेत्यर्थः ॥ અને આ રીતે=શ્લોક-૧૯૯-૨૦૦માં વર્ણન કર્યું એ રીતે=આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તેથી દિદૃક્ષાની નિવૃત્તિ થાય છે, અને દિદૃક્ષાની નિવૃત્તિ થવાને કારણે કર્મબંધ અટકે છે અને આત્માનો મોક્ષ થાય છે એમ પૂર્વમાં બતાવ્યું એ રીતે, આ=આત્માના સ્વભાવનું ઉપમર્દન તાત્ત્વિક થાય છે એ, સ્વીકારવું જોઈએ. અન્યથા=આ ન સ્વીકારવામાં આવે તો=આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે એ ન સ્વીકારવામાં આવે તો, આ=પ્રધાનાદિની નતિ=દિદૃક્ષાના કાર્યભૂત પ્રધાનાદિની પરિણતિ, નિત્ય=સદા જ, રહેવી જોઈએ. તેનાથી શું ?=પ્રધાનાદિની પરિણતિ સદા રહે તેનાથી શું પ્રાપ્ત થાય ? એને કહે છે –

અને આ=પ્રધાનાદિની નતિ, ભવ કહેવાય છે=સંસાર કહેવાય છે; કેમ કે આની નતિમાં=પ્રધાનાદિની પરિણતિમાં, તદાત્મક મહદાદિનો સદ્ભાવ છે=પ્રધાનાદિની પરિણતિઆત્મક મહદાદિ કાર્યો વિદ્યમાન છે જે ભવસ્વરૂપ છે; અને આ રીતે=ઉક્ત નીતિથી=પ્રધાનાદિની પરિણતિ નિત્ય છે અને પ્રધાનાદિની પરિણતિ જ ભવ છે એ નીતિથી ભવનું નિત્યપણું હોતે છતે, મુક્તનો કેવી રીતે સંભવ હોય ? ન જ હોય, એ પ્રકારનો અર્થ છે. ॥૨૦૧॥

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯૯માં યુક્તિથી સ્થાપન કર્યું કે આત્માના સ્વભાવનું ઉપમર્દન સ્વીકારવું જોઈએ, અને તેની જ પુષ્ટિ કરવા માટે શ્લોક-૨૦૦માં કહ્યું કે આત્માના સ્વભાવનું ઉપમર્દન થવાથી દિદૃક્ષા આદિ નિવર્તન પામે છે અને તેથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. આ રીતે યુક્તિથી સ્વભાવનું ઉપમર્દન સ્વીકારીને આત્મા એકાંત નિત્ય નથી, તેમ સ્થાપન કર્યું. હવે વ્યતિરેકથી તે કથનને દૃઢ કરવા માટે કહે છે –

જો આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે, એમ સ્વીકારવામાં ન આવે, તો સંસારી આત્મામાં દિદૃક્ષાદિ ભાવો દેખાય છે તેનું ઉપમર્દન ક્યારેય થાય નહિ, અને દિદૃક્ષાના કાર્યરૂપે પ્રધાનાદિની પરિણતિ સદા રહે; અને સંસાર અવસ્થામાં પ્રધાનાદિની પરિણતિ સદા રહે તો ભવનો અંત થાય નહિ; કેમ કે પ્રધાનાદિની પરિણતિરૂપ જ મહદાદિભાવો છે; અને તે મહદાદિભાવરૂપ આ સંસાર છે ત્યાં સુધી કોઈ આત્મા મુક્ત થઈ શકે નહિ; અને સર્વ દર્શનકારો મોક્ષનો ઉપદેશ તો આપે છે, તેથી મોક્ષની સંગતિ સ્વીકારવા માટે પણ આત્માને પરિણામી માનવો જોઈએ; અને તેમ સ્વીકારીએ તો આત્માના સંસારી સ્વભાવનું ઉપમર્દન થાય છે, તે પણ સ્વીકારવું જોઈએ, અને તો જ આત્મા મુક્ત થાય છે, તેમ સ્વીકારી શકાય.

અહીં પ્રધાન શબ્દ કર્મનો વાચક છે, અને સાંખ્યદર્શનકાર પ્રકૃતિને પ્રધાન કહે છે. તેથી કર્મને બતાવવા માટે 'પ્રધાન' શબ્દનો પ્રયોગ કર્યો છે, અને પ્રધાનનું કાર્ય મહદાદિ સાંખ્યદર્શનકાર સ્વીકારે છે, જે સંસારસ્વરૂપ જ છે, અને સ્વમત પ્રમાણે કર્મના કાર્યરૂપ જન્માદિ પ્રપંચ છે, તેને જ સાંખ્ય પરિભાષાથી મહદાદિ કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય કે પૂ. હરિભદ્રસૂરિ મહારાજ જૈનાચાર્ય હોવા છતાં જૈનદર્શનને માન્ય શબ્દોને છોડીને તે તે દર્શનને માન્ય દિદૃક્ષા વગેરેને ભવનું કારણ કહે છે; વસ્તુતઃ જૈનદર્શનને માન્ય કર્મબંધની યોગ્યતાને દિદૃક્ષાના સ્થાને કહેવી જોઈએ. વળી 'પ્રધાન' શબ્દ પણ સાંખ્યદર્શનને માન્ય છે, પરંતુ જૈનદર્શનને તો કર્મપ્રકૃતિ 'પ્રધાન' શબ્દને સ્થાને માન્ય છે. તેથી પ્રધાનને સ્થાને પણ કર્મબંધ કે કર્મપ્રકૃતિ શબ્દનો પ્રયોગ કરવો જોઈએ; અને કર્મના કાર્યરૂપ ચારગતિ આદિ જૈનદર્શનમાં પ્રચલિત છે, તેને છોડીને પ્રધાનના કાર્યભૂત મહદાદિ પ્રયોગ પણ કર્યો છે. આ પ્રકારના પ્રયોગ પાછળ ગ્રંથકારશ્રીનો આશય આ પ્રમાણે જણાય છે -

શ્લોક-૧૪માં કહ્યું કે સ્થિરાદિ દૃષ્ટિવાળા યોગીઓને નયભેદનો બોધ હોય છે, અને તેઓની પ્રવૃત્તિ ચારીચરક-સંજીવની-અચરક-ચારણનીતિથી પરને ચારો ચરાવવા રૂપ પરના ઉપકાર માટે પણ હોય છે. પ્રસ્તુત ગ્રંથકાર પણ સ્થિરાદૃષ્ટિને પામેલા નયસાપેક્ષના બોધવાળા યોગી છે, અને પ્રસ્તુત ગ્રંથરચના દ્વારા ગ્રંથકારને અન્ય દર્શનમાં રહેલા તત્ત્વજિજ્ઞાસુઓને પણ યોગમાર્ગનો બોધ કરાવવો છે. તેથી તેઓએ જૈનદર્શનને પામ્યા પછી અને જૈનદર્શનના યોગમાર્ગનો પારમાર્થિક બોધ કર્યા પછી, અન્ય દર્શનના યોગમાર્ગને પણ તે તે નયઅપેક્ષાએ યથાર્થરૂપે જોયો, અને તેવા અન્ય દર્શનના જીવોને જૈનદર્શનની પ્રાપ્તિ કરાવવાના આશયથી, પતંજલિ આદિ ઋષિઓને માન્ય એવા યોગમાર્ગને ગ્રહણ કરીને, તેને જૈનદર્શનની પ્રક્રિયા સાથે અવિરોધીરૂપે બતાવીને, તેઓને માન્ય એકાંત ક્ષણિકવાદ કે એકાંત નિત્યવાદ સ્વીકારવાથી આ યોગમાર્ગ સંગત થશે નહિ, તેમ યુક્તિથી બતાવવા માટે, તે તે દર્શનને અભિમત દિદૃક્ષા આદિ શબ્દોને

ગ્રહણ કરીને, તેમના વચનાનુસાર જ સંસારની સંગતિ અને મોક્ષની સંગતિ સ્યાદ્વાદ સ્વીકારવાથી થઈ શકે છે, અને એકાંતવાદ સ્વીકારવાથી સંસાર અને મોક્ષ શબ્દમાત્ર રહે છે, તેથી આખો યોગમાર્ગ વિચારકને માન્ય હોય તો, એકાંતવાદ છોડીને અનેકાંતવાદનો આશ્રય કરવો યુક્ત છે તે બતાવવા માટે, તે તે દર્શનના જિજ્ઞાસુ યોગીઓ જેઓ ચારો ચરી રહ્યા છે, તેઓને સંજીવની ચરાવવા માટે, તે તે દર્શનને માન્ય દિદક્ષા આદિ કે પ્રધાન આદિ શબ્દો ગ્રહણ કરીને પદાર્થનું નિરૂપણ કરેલ છે, પરંતુ સ્વદર્શનના શબ્દોને ગ્રહણ કરીને પદાર્થનું નિરૂપણ કરેલ નથી; જેથી તે તે દર્શનના જિજ્ઞાસુઓને પણ પોતાને માન્ય પદાર્થો સ્યાદ્વાદ સ્વીકારવાથી જ સંગત થાય છે, તેનો બોધ થાય.

વળી જૈનદર્શનવાળા જિજ્ઞાસુઓને પણ એ બોધ થાય કે યુક્તિયુક્ત પદાર્થો કોઈપણ દર્શનના હોય, માત્ર શબ્દનો ભેદ હોય, અર્થથી પદાર્થ એક હોય, તો સ્વદર્શનના રાગમાત્રથી તેનો અપલાપ કરવો ઉચિત નથી; પરંતુ જેમ પ્રસ્તુત ગ્રંથકારે દિદક્ષા આદિ શબ્દો ગ્રહણ કરીને સાંખ્યદર્શનની યોગપ્રક્રિયાને સ્વીકારી, તેમ જૈનદર્શનવાળા મધ્યસ્થ યોગીઓએ પણ તે તે દર્શનના અભિમત પદાર્થો જો યુક્તિથી અવિરુદ્ધ હોય તો શબ્દભેદ માત્રથી તેનો અપલાપ કરવો જોઈએ નહિ, તો જ પારમાર્થિક તત્ત્વનો પક્ષપાત જીવંત રહે, જે પરમકલ્યાણનું કારણ છે. **॥૨૦૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯૮ થી શ્લોક-૨૦૧ સુધીમાં એ સ્થાપન કર્યું કે આત્માનો એકાંત એકસ્વભાવ સ્વીકારવાથી સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થા સંગત થાય નહિ. તેથી આત્માના સ્વભાવનું ઉપમર્દન થાય છે તેમ સ્વીકારવું જોઈએ, જેથી દિદક્ષા આદિ રૂપ આત્માના સ્વભાવનો નાશ થવાથી ભવનો અંત થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. આમ સ્વીકારવાથી આત્મા એકાંત નિત્ય નથી, તે સિદ્ધ થાય છે. ત્યાં આત્માને એકાંત નિત્ય માનનાર વિપક્ષી કહે છે, આત્માની આ અવસ્થાદ્વય પારમાર્થિક નથી, તેથી આત્માની અપારમાર્થિક અવસ્થાદ્વયને ગ્રહણ કરીને એકાંત નિત્ય આત્માને પણ અનિત્ય કહેવો ઉચિત નથી. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**अवस्था तत्त्वतो नो चेन्ननु तत्प्रत्ययः कथम् ।**
**भ्रान्तोऽयं किमनेनेति मानमत्र न विद्यते ।।२०२।।**

**અન્વયાર્થ :-**

तत्त्वतः=પરમાર્થથી अवस्था नो चेत्=અવસ્થાદ્વય નથી=સંસારી અને મુક્ત એમ બે અવસ્થા નથી, એવું જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે, ननु तत्प्रत्ययः कथम्=અવસ્થાદ્વયનો પ્રત્યય=પ્રતીતિ કેમ છે ? અર્થાત્ પ્રતીતિ થવી જોઈએ નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે છે, अयं=આ=અવસ્થાદ્વયનો પ્રત્યય भ्रान्तः=ભ્રાંત છે. अनेन किम्=આના વડે શું=ભ્રાંત એવા અવસ્થાદ્વયના પ્રત્યય વડે શું ? અર્થાત્ ભ્રાંત

એવા અવસ્થાદ્વયના પ્રત્યયથી આત્મા નિત્ય નથી, એમ સિદ્ધ થાય નહિ. इति=એથી ગ્રંથકાર કહે છે अत्र=અહીં=ભ્રાંતતામાં=બે અવસ્થા ભ્રાંત છે એમ સ્વીકારવામાં मानम्=પ્રમાણ विद्यते न=વિદ્યમાન નથી. ॥૨૦૨॥

શ્લોકાર્થ :-

પરમાર્થથી સંસારી અને મુક્ત એમ બે અવસ્થા નથી, એવું જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે, અવસ્થાદ્વયની પ્રતીતિ કેમ થાય છે ? અર્થાત્ અવસ્થાદ્વયની પ્રતીતિ થવો જોઈએ નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે છે –

અવસ્થાદ્વયનો પ્રત્યય ભ્રાંત છે. ભ્રાંત એવા અવસ્થાદ્વયના પ્રત્યય વડે શું ? અર્થાત્ ભ્રાંત એવા અવસ્થાદ્વયના પ્રત્યયથી આત્મા નિત્ય નથી, એમ સિદ્ધ થાય નહિ. એથી ગ્રંથકારશ્રી કહે છે –

બે અવસ્થા ભ્રાંત છે, એમ સ્વીકારવામાં પ્રમાણ વિદ્યમાન નથી. ॥૨૦૨॥

શ્લોક :-

योगिज्ञानं तु मानं चेत्तदवस्थान्तरं तु तत् ।
ततः किं भ्रान्तमेतत्स्यादन्यथा सिद्धसाध्यता ॥२०३॥

અન્વયાર્થ :-

योगीज्ञानं तु मानं चेत्=યોગીજ્ઞાન જ પ્રમાણ છે, એમ જો પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે तत्=યોગીજ્ઞાન तदवस्थान्तरं तु=યોગીની અવસ્થાન્તર જ છે.

પૂર્વપક્ષી ગ્રંથકારને પૂછે છે – ततः किं=તેનાથી શું=યોગીનું જ્ઞાન યોગીની અવસ્થાન્તર જ છે, એમ ગ્રંથકારે કહ્યું તેનાથી શું ? તેને ગ્રંથકાર કહે છે - एतद् भ्रान्तम् स्यात्=જો આત્માની અવસ્થાન્તર ન હોય તો આ અર્થાત્ યોગીનું જ્ઞાન, ભ્રાંત થાય. अन्यथा=યોગીનું જ્ઞાન અભ્રાંત હોય તો सिद्धसाध्यता=સિદ્ધસાધ્યતા છે=યોગીના જ્ઞાનને પ્રમાણ સ્વીકારવાથી અમને જે અવસ્થાદ્વય સિદ્ધ છે, તેની સિદ્ધિ થાય છે. તેથી તારા કથનમાં અમને સિદ્ધ એવી અવસ્થાદ્વયની સાધ્યતા છે. ॥૨૦૩॥

શ્લોકાર્થ :-

યોગીજ્ઞાન જ પ્રમાણ છે, એમ જો પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકાર કહે છે :

યોગીજ્ઞાન યોગીની અવસ્થાન્તર જ છે.

પૂર્વપક્ષી ગ્રંથકારને પૂછે છે : યોગીનું જ્ઞાન યોગીની અવસ્થાન્તર છે તેનાથી શું ? તેને ગ્રંથકાર કહે છે –

**જો આત્માની અવસ્થાન્તર ન હોય તો યોગીનું જ્ઞાન ભ્રાંત થાય. યોગીનું જ્ઞાન અભ્રાંત હોય તો યોગીના જ્ઞાનને પ્રમાણ સ્વીકારવાથી અમને જે અવસ્થાદ્વય સિદ્ધ છે, તેની સિદ્ધિ થાય છે. તેથી તારા કથનમાં સિદ્ધસાધ્યતા છે. ।।૨૦૩।।**

**ટીકા :**

'अवस्था' 'तत्त्वतः'=परमार्थेन, 'नो चेत्' पूर्वापरभावेन तदाशङ्क्याह 'तनु तत्प्रत्ययः'= अवस्थाप्रत्ययः 'कथं'-निबन्धनाभावेन, स्यादेतत्-तद् 'भ्रान्तोऽयम्' अवस्थाप्रत्ययः तत् 'किमनेनेति' एतदाशङ्क्याह-'मानमत्र' भ्रान्ततायां 'न विद्यते' ।।२०२।।

**ટીકાર્થ :-**

'अवस्था' ..... 'न विद्यते' ।। તત્ત્વથી=પરમાર્થથી, પૂર્વ-અપરભાવ રૂપે=પૂર્વમાં સંસારભાવરૂપે અને ઉત્તરમાં મુક્તભાવરૂપે, જો અવસ્થા ન હોય, તેની આશંકા કરીને ગ્રંથકાર કહે છે –

નનુ તત્પ્રત્યયઃ=અવસ્થાનો પ્રત્યય=સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થા એ પ્રકારની અવસ્થાનો પ્રત્યય, કેવી રીતે થાય ?=કારણનો અભાવ હોવાને કારણે ન થાય અર્થાત્ પરમાર્થથી અવસ્થાદ્વય નથી, એ રૂપ કારણનો અભાવ હોવાને કારણે અવસ્થાદ્વયનો પ્રત્યય ન થાય.

स्यादेतद्=આ થાય=પૂર્વપક્ષીના મતે આગળ કહેવાય છે, એ થાય –

तत्=તે કારણથી=પરમાર્થથી અવસ્થાદ્વય નથી તે કારણથી अयं=આ=અવસ્થાપ્રત્યય=સંસારી અને મુક્ત એ પ્રકારની આત્માની અવસ્થાદ્વયનો પ્રત્યય भ्रान्तः=ભ્રાંત છે. तत्=તે કારણથી=આત્માની અવસ્થાદ્વય ભ્રાંત છે તે કારણથી, આના વડે શું ?=અવસ્થાદ્વયના પ્રત્યય વડે શું ? અર્થાત્ અવસ્થાદ્વયના પ્રત્યયના બળથી આત્મા એકાંત નિત્ય નથી, તેમ સ્થાપન કરવું યુક્ત નથી.

एतद्=એની=પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે અવસ્થાદ્વયનો પ્રત્યય ભ્રાંત છે માટે તેના બળથી નિત્ય એવા આત્માને અનિત્ય કહી શકાય નહિ એની, આશંકા કરીને ગ્રંથકાર કહે છે –

अत्र=અહીં=આત્માની અવસ્થાદ્વય ભ્રાંત છે એમાં, मानं=પ્રમાણ, વિદ્યમાન નથી. ।।૨૦૨।।

**ટીકા :-**

'योगिज्ञानं तु'-योगिज्ञानमेव प्रमाणं 'चेद्' अत्र, एतदाशङ्क्याह 'तदवस्थान्तरं तु'=योग्यवस्थान्तरमेव, 'तत्'=योगिज्ञानम्। 'ततः किम्' इत्येतदाशङ्क्याह 'भ्रान्तमेतत्स्यात्'-योगिज्ञानं, 'अन्यथा' अभ्रान्तत्वेऽस्य किमित्याह 'सिद्धसाध्यता'=अवस्थाभेदोपपत्तेरिति ।।२०३।।

**ટીકાર્થ :-**

'योगिज्ञानं तु' ..... अवस्थाभेदोपपत्तेरिति ।। अत्र=અહીં=આત્માની અવસ્થાદ્વય ભ્રાંત છે એમાં, યોગીજ્ઞાન જ પ્રમાણ છે, એમ પૂર્વપક્ષી જો કહે, આની આશંકા કરીને કહે છે=પૂર્વપક્ષીના કથનની આશંકા કરીને કહે છે –

**तत्=તે=યોગીનું જ્ઞાન, तदवस्थान्तरं तु=યોગીની અવસ્થાન્તર જ છે. તેનાથી=યોગીનું જ્ઞાન યોગીની અવસ્થાન્તર છે, તેનાથી, શું ? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે इत्येतद्=એની, આશંકા કરીને ગ્રંથકાર કહે છે -**

**एतत्=યોગીનું જ્ઞાન, ભ્રાંત થાય. અન્યથા=આનું અભ્રાંતપણું હોતે છતે=યોગીના જ્ઞાનનું અભ્રાંતપણું હોતે છતે, સિદ્ધસાધ્યતા છે=આત્માની અવસ્થાન્તરદ્વય જે અમને સિદ્ધ છે, તેની સિદ્ધિ છે. તેથી તારા કથનમાં સિદ્ધસાધ્યતા છે; કેમ કે અવસ્થાભેદની ઉપપત્તિ છે અર્થાત્ યોગીના આત્મામાં યોગીજ્ઞાન પ્રગટ થયા પૂર્વે યોગીજ્ઞાન ન હતું અને પાછળથી યોગીજ્ઞાન થયું, એ રૂપ યોગીની અવસ્થાભેદની ઉપપત્તિ છે. તેથી યોગીનો આત્મા એકાંત નિત્ય નથી, એ અર્થથી સિદ્ધ થાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે એકાંત નિત્યપક્ષ સ્વીકારવાથી મુક્તિનો સંભવ નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે પરમાર્થથી આત્માની બે અવસ્થા નથી, પરંતુ આત્મા કૂટસ્થ નિત્ય છે. માટે આત્માની પરમાર્થથી બે અવસ્થા ન હોય તો અવસ્થાદ્વયને સ્વીકારીને આત્મા એકાંત નિત્ય નથી, તેમ કહેવું ઉચિત નથી. તેને ગ્રંથકાર કહે છે –

જો પરમાર્થથી સંસારી અને મુક્ત એવી બે અવસ્થા ન હોય તો આપણે સંસારમાં છીએ, અને મોક્ષને માટે સાધના કરવી જોઈએ, એવા પ્રકારના ઉપદેશના બળથી અવસ્થાદ્વયનો આપણને જે પ્રત્યય થાય છે, તે થવો જોઈએ નહિ; કેમ કે જો અવસ્થાદ્વય ન હોય તો સાધનાનો ઉપદેશ આપવો, અને આત્માની સંસારઅવસ્થા કદર્થનારૂપ છે અને તેનાથી મુક્ત થવા યત્ન કરવો જોઈએ, તેવો ઉપદેશ આપવો ઉચિત નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે આત્માની સંસારઅવસ્થા અને મુક્તઅવસ્થા એ બે પ્રતીતિ ભ્રાંત છે. માટે તે ભ્રાંત પ્રતીતિને ગ્રહણ કરીને કૂટસ્થ નિત્ય એવા આત્માને પણ અનિત્ય કહેવો ઉચિત નથી. તેને ગ્રંથકાર કહે છે -

સંસારી અવસ્થા અને મુક્તઅવસ્થા એ બે ભ્રાંત છે, તેમ સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી અર્થાત્ સ્વદર્શનની અવિચારક એકાંત રુચિ સિવાય તે સ્વીકારવામાં કોઈ યુક્તિ નથી.

ત્યાં પૂર્વપક્ષી કહે કે યોગીનું જ્ઞાન પ્રમાણ છે અર્થાત્ જે યોગીઓ તત્ત્વને જોનારા છે, તે યોગીઓ કહે છે કે પરમાર્થથી આત્મા કૂટસ્થ નિત્ય છે; આમ છતાં અજ્ઞાનને કારણે પોતે બંધાયો છે, તેવો ભ્રમ વર્તે છે. તેથી તે ભ્રમ કાઢવા માટે સાધના કરવાની છે, અને તે સાધનાથી ભ્રમ ટળે છે ત્યારે, સંસારની કદર્થનાની પ્રતીતિ કરાવનાર ભ્રમ ટળી ગયો હોવાથી પોતે મુક્ત છે અને પૂર્વમાં પણ મુક્ત હતો, એવો સ્થિર પ્રત્યય થાય છે. માટે યોગીના જ્ઞાનથી નિર્ણય થાય છે કે આત્માની અવસ્થાદ્વય નથી. તેને ગ્રંથકાર કહે છે -

તે યોગીનું જ્ઞાન અવસ્થાન્તર જ છે. ત્યાં પૂર્વપક્ષી કહે કે યોગીના જ્ઞાનને અવસ્થાન્તર સ્વીકારવાથી શું સિદ્ધ થાય ? તેથી ગ્રંથકાર કહે છે –

જો આત્માની અવસ્થાદ્વય ન હોય તો યોગીનું પોતે મુક્ત છે એવું જ્ઞાન ભ્રાન્ત થાય; કેમ કે યોગીના આત્માને પૂર્વમાં તેવા પ્રકારનું જ્ઞાન ન હતું; અને તેની બે અવસ્થા થતી ન હોય તો જેવો પૂર્વમાં મુક્તના

જ્ઞાન વગરનો યોગીનો આત્મા હતો, તેવો જ વર્તમાનમાં પણ મુક્તના જ્ઞાન વગરનો યોગીનો આત્મા થાય; છતાં તેને જ્ઞાન થયું છે, તેવો તેને ભ્રમ થયો છે તેમ માનવું પડે. તે આ રીતે --

સંસારી અવસ્થામાં આત્મા મુક્ત હોવા છતાં હું બંધાયો છું, તેવો ભ્રમ થયો છે. વસ્તુતઃ તે મુક્ત જ છે; તેમ યોગી પણ જેવો પૂર્વમાં મુક્ત હતો તેવો જ વર્તમાનમાં પણ મુક્ત છે, આમ છતાં તેને ભ્રમ થયો કે મને જ્ઞાન થયું છે. માટે યોગીના જ્ઞાનને ભ્રાંત માનવું પડે. જો યોગીનું જ્ઞાન અભ્રાંત છે, તેમ સ્વીકારવામાં આવે, તો એ સિદ્ધ થાય કે યોગી પૂર્વમાં તેવા પ્રકારના મુક્તના જ્ઞાન વગરનો હતો, અને હવે તેવા પ્રકારના મુક્તના જ્ઞાનવાળો થયો. તેથી યોગીની બે અવસ્થા સિદ્ધ થાય; અને યોગીના આત્માની બે અવસ્થા સિદ્ધ થાય તો સંસારી અને મુક્ત એ બે અવસ્થા પણ સિદ્ધ થઈ શકે. **॥૨૦૩॥**

**અવતરણિકા :-**

**उक्तमानुषङ्गिकं, प्रकृतं प्रस्तुमः, तच्च सिद्धस्वरूपं 'व्याधिमुक्तः पुमान् लोके' (श्लो. १८७) इत्याद्युपन्यासात्, तत्र –**

**અવતરણિકાર્થ :-**

**આનુષંગિક કહેવાયું=શ્લોક-૧૮૮ થી ૨૦૩ સુધી આનુષંગિક કહેવાયું. પ્રકૃતને=શ્લોક-૧૮૭માં બતાવ્યું કે વ્યાધિમુક્ત પુરુષ જેવો મુક્ત આત્મા છે એ રૂપ પ્રકૃતને, અમે કહીએ છીએ, અને 'व्याधिमुक्तः पुमान् लोके' ઈત્યાદિ શ્લોકના ઉપન્યાસથી તત્ર પ્રકૃત એવા સિદ્ધના સ્વરૂપમાં, મુક્ત કોને કહી શકાય ? તે દૃષ્ટાંતથી બતાવવા માટે શ્લોક-૨૦૪ થી ૨૦૬ સુધી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૭માં કહ્યું કે "સંસારમાં વ્યાધિથી મુક્ત પુરુષ જેવો છે, તેના જેવો સિદ્ધનો આત્મા છે, પરંતુ અભાવરૂપ નથી; અથવા વ્યાધિથી મુક્ત નથી એમ નહિ; અથવા મુક્ત થતા પૂર્વમાં વ્યાધિ વગરનો નથી એમ નહિ" તે પ્રકૃત પદાર્થ છે.

ત્યાં પ્રશ્ન થયો કે વ્યાધિ શું વસ્તુ છે ? તેથી શ્લોક-૧૮૮થી ભવવ્યાધિ છે, તે બતાવ્યું; અને પછી ભવવ્યાધિથી મુકાયેલો આત્મા કઈ રીતે મુક્ત બને છે ? તે યુક્તિથી બતાવ્યું; અને એકાંત ક્ષણિકવાદમાં કે એકાંત નિત્યપક્ષમાં વ્યાધિમુક્તની સંગતિ થાય નહિ, તેનું સ્થાપન શ્લોક-૨૦૩ સુધી કર્યું, જે સર્વ આનુષંગિક કથન છે. હવે શ્લોક-૧૮૭માં બતાવેલ કે મુક્ત આત્મા પ્રધ્યાતદીપકલ્પની ઉપમાવાળો નથી કે વ્યાધિથી મુક્ત નથી, એમ નહિ, કે મુક્ત થતાં પૂર્વમાં વ્યાધિ વગરનો નથી એમ નહિ, એ કથનમાં દૃષ્ટાંત બતાવીને વ્યાધિથી મુક્ત જેવો પૂર્ણ સ્વસ્થ મુક્તનો આત્મા છે, તે વાત શ્લોક-૨૦૪ થી ૨૦૬ સુધી બતાવે છે –

**શ્લોક :-**

**व्याधितस्तदभावो वा तदन्यो वा यथैव हि ।**
**व्याधिमुक्तो न सन्नीत्या कदाचिदुपपद्यते ।।२०४।।**

**અન્વયાર્થ :-**

यथा एव हि=જે પ્રમાણે જ व्याधितः=વ્યાધિવાળો वा=અથવા तदभावः=વ્યાધિવાળાનો અભાવ वा= અથવા तदन्यः=વ્યાધિવાળાથી અન્ય सन्नीत्या=સદ્‌નીતિથી=સદ્‌યુક્તિથી कदाचित्=ક્યારે પણ व्याधिमुक्तः= વ્યાધિમુક્ત उपपद्यते न=સ્વીકારી શકાતા નથી. ॥૨૦૪॥

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે જ વ્યાધિવાળો અથવા વ્યાધિવાળાનો અભાવ અથવા વ્યાધિવાળાથી અન્ય, સદ્‌યુક્તિથી ક્યારે પણ વ્યાધિમુક્ત સ્વીકારી શકાતા નથી. ॥૨૦૪॥**

**ટીકા :-**

'व्याधितः'-सञ्जातव्याधिरेव, 'तदभावो वा,' तदन्यो वा=व्याधितादन्यो वा तत्पुत्रादिः, 'यथैव हि' 'व्याधिमुक्तो' 'न' त्रयाणामेकोऽपि, 'सन्नीत्या'=सन्न्यायेन, 'कदाचिदुपपद्यत' इति दृष्टान्तः ॥२०४॥

**ટીકાર્થ :-**

'व्याधितः' ..... दृष्टान्तः ॥ यथा एव हि=જે પ્રમાણે જ, થયેલા વ્યાધિવાળો જ અથવા વ્યાધિવાળાનો અભાવ=પૂર્વમાં વ્યાધિવાળો હતો અને મૃત્યુ થવાથી હવે તેનું અસ્તિત્વ જ નથી એવો વ્યાધિવાળાનો અભાવ, અથવા વ્યાધિવાળાથી અન્ય જેવા કે વ્યાધિવાળાના પુત્રાદિ, એ ત્રણેમાંથી એક પણ સન્નીતિથી=સદ્‌યુક્તિથી, ક્યારે પણ વ્યાધિમુક્ત સ્વીકારી શકાતા નથી, એ પ્રમાણે દૃષ્ટાંત છે. ॥૨૦૪॥

**ભાવાર્થ :-**

શ્લોક-૧૮૭ના ઉત્તરાર્ધમાં કહેલ વિધ્યાતદીપની=બુઝાયેલ દીવાની, ઉપમાવાળા અભાવરૂપ મુક્તનો આત્મા નથી, અને ભવવ્યાધિથી મુકાયેલો એવો મુક્ત નથી, એમ નહિ, પરંતુ ભવવ્યાધિથી મુક્ત જ છે; અને મુક્ત થતા પૂર્વમાં ભવવ્યાધિ વગરનો હતો એમ પણ નથી. આ ત્રણે વાતને દૃષ્ટાંતથી સમજાવવા કહે છે –

A જે જીવને વ્યાધિ થયો છે, તેવો વ્યાધિવાળો જીવ વ્યાધિથી મુક્ત છે તેમ કહી શકાય નહિ. B વળી જે જીવને વ્યાધિ થયો છે અને મૃત્યુ થયું, તેથી તે વ્યાધિવાળા જીવનો અભાવ પ્રાપ્ત થયો, તેને પણ વ્યાધિથી મુક્ત કહી શકાય નહિ. C વળી વ્યાધિવાળાના પુત્રાદિ, જેઓને વ્યાધિ નથી એવા તેઓ પણ વ્યાધિથી મુક્ત છે, તેમ કહી શકાય નહિ; કેમ કે વ્યાધિ થયો હોય પછી વ્યાધિ મટે ત્યારે વ્યાધિથી મુક્ત થયો તેમ કહેવાય. આ રીતે દૃષ્ટાંત બતાવીને મુક્ત આત્મામાં તેનું કઈ રીતે યોજન કરવું છે, તે આગળના હવે પછીના શ્લોકમાં બતાવે છે. **॥૨૦૪॥**

**અવતરણિકા :-**

दार्ष्टान्तिकयोजनमाह –

**અવતરણિકાર્થ :-**

પૂર્વશ્લોક-૨૦૪માં બતાવેલા દૃષ્ટાંતના દાર્ષ્ટાંતિક યોજનને કહે છે –

**શ્લોક :-**

संसारी तदभावो वा तदन्यो वा तथैव हि ।
मुक्तोऽपि हन्त नो मुक्तो, मुख्यवृत्त्येति तद्विदः ।।२०५।।

**અન્વયાર્થ :-**

तथा एव हि=તે પ્રમાણે જ=પૂર્વશ્લોકમાં દૃષ્ટાંત બતાવ્યું તે પ્રમાણે જ संसारी=સંસારી પુરુષ वा=અથવા तदभावः=તેનો અભાવ=સાધના કરીને વિધ્યાતદીપ જેવો થયેલો પુરુષનો અભાવ वा=અથવા तदन्यः=તેનાથી અન્ય=સંસારી પુરુષથી અન્ય=એકાંત અસંસારી અવસ્થાવાળો मुक्तोऽपि हन्त नो मुक्तो मुख्यवृत्त्या=મુક્ત પણ મુખ્યવૃત્તિથી મુક્ત નથી=સાધના કરીને મુક્ત થયેલો પણ મુખ્યવૃત્તિથી મુક્ત નથી. इति=એ પ્રમાણે तद्विदः=તેના જાણનારાઓ કહે છે. ॥૨૦૫॥

**શ્લોકાર્થ :-**

**પૂર્વશ્લોકમાં દૃષ્ટાંત બતાવ્યું, તે પ્રમાણે જ સંસારી પુરુષ, અથવા સાધના કરીને વિધ્યાતદીપ જેવો થયેલો પુરુષનો અભાવ, અથવા એકાંત અસંસારી અવસ્થાવાળો સાધના કરીને મુક્ત થયેલો પણ, મુખ્યવૃત્તિથી મુક્ત નથી, એ પ્રમાણે તેના જાણનારાઓ કહે છે. ॥૨૦૫॥**

**ટીકા :-**

'संसारी'-पुरुषः 'तदभावो वा'=पुरुषाभावमात्रमेव, 'तदन्यो वा' एकान्तलक्षणः 'तथैव हि' यथा दृष्टान्ते किमित्याह 'मुक्तोऽपि हन्त नो मुक्तो' 'मुख्यवृत्त्या' त्रयाणामपि तत्प्रवृत्तिनिमित्ताभावात्, 'इति तद्विदः'=मुक्तविद इत्थमभिदधतीति ।।२०५।।

**ટીકાર્થ :-**

'संसारी' ..... इत्थमभिदधतीति ।। સંસારી પુરુષ અથવા તેનો અભાવ=પુરુષનો અભાવ માત્ર જ=પ્રધ્યાતદીપકલ્પની ઉપમાવાળો પુરુષનો અભાવ માત્ર જ, અથવા તેનાથી અન્ય એકાંત સ્વરૂપવાળો=સંસારીથી અન્ય કૂટસ્થ નિત્ય એવો પુરુષ, જે પ્રમાણે દૃષ્ટાંતમાં કહ્યું, તે પ્રમાણે જ મુક્ત પણ, ખરેખર મુખ્યવૃત્તિથી મુક્ત નથી; કેમ કે ત્રણેમાં પણ=પૂર્વમાં સંસારી પુરુષ આદિ ત્રણે બતાવ્યા તે ત્રણેમાં પણ, તત્પ્રવૃત્તિનિમિત્તનો અભાવ છે=મુક્તપદની પ્રવૃત્તિનિમિત્તનો અભાવ છે, એ પ્રમાણે તેના જાણનારાઓ=એ પ્રમાણે મુક્તપદના અર્થને જાણનારાઓ, કહે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૨૦૫॥

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં દૃષ્ટાંત બતાવ્યું કે રોગવાળો, અથવા મૃત્યુ પામેલો રોગવાળો, કે સર્વથા રોગ વગરનો એ ત્રણેને વ્યાધિમુક્ત કહી શકાય નહિ; તેમ સંસારમાં જે આત્મા છે તે સંસારી પુરુષ મુક્ત છે તેમ કહી શકાય નહિ, અને સંસારી પુરુષ જ સાધના કરીને દીવાની જેમ બુઝાઈ જાય છે તેને પણ મુક્ત કહી શકાય નહિ; અને જે ક્યારેય સંસારી અવસ્થાવાળો નથી, પરંતુ કૂટસ્થ નિત્ય છે તેને પણ મુક્ત કહી શકાય નહિ; કેમ કે મુક્તપદની પ્રવૃત્તિના નિમિત્તનો ત્રણેમાં અભાવ છે.

આશય એ છે કે જે બંધાયેલો હોય અને મુક્ત થાય તેને મુક્ત કહી શકાય, અથવા તો જે વ્યાધિવાળો હોય અને પછી વ્યાધિ વગરનો થાય તેને વ્યાધિમુક્ત કહી શકાય. આ પ્રકારનું મુક્તપદની પ્રવૃત્તિનું નિમિત્ત કર્મમુક્ત આત્મામાં કે વ્યાધિમુક્ત આત્મામાં પ્રાપ્ત થાય છે. તેથી જેઓ આત્માને નિત્ય માને છે, તેઓના મતમાં સંસારી અવસ્થાવાળા આત્મામાં મુક્તપદની પ્રવૃત્તિ નિમિત્તક ધર્મ નથી, માટે જેમ વ્યાધિવાળાને વ્યાધિમુક્ત ન કહી શકાય તેમ સંસારી જીવને પણ મુક્ત કહી શકાય નહિ. વળી જેઓ સાધના કરીને મુક્ત થયા છે તેઓમાં પણ મુક્તપદની પ્રવૃત્તિ નિમિત્તક ધર્મ નથી; કેમ કે એકાંત નિત્ય આત્મા માનનારના મતાનુસાર આત્મા નિત્યમુક્ત છે, તેથી જેમ વ્યાધિવાળા પુરુષથી અન્ય એવા તેના પુત્રાદિને વ્યાધિમુક્ત કહેવાય નહિ, તેમ પૂર્વમાં બંધાયેલા ન હોય તેઓ સાધના કરીને મુક્ત થયા છે તેમ કહેવાય નહિ.

આનાથી કૂટસ્થ નિત્ય આત્મા માનનારના મતમાં સંસારી આત્માને પણ મુક્ત ન કહી શકાય, અને સાધના કરીને મુક્ત થયેલા આત્માને પણ મુક્ત ન કહી શકાય, તેમ સ્થાપન થયું.

હવે ક્ષણિકવાદી એવો બૌદ્ધ કહે છે કે સાધના કરીને આત્મા દીવાની જેમ બુઝાઈ જાય છે, ત્યારે તે મુક્ત થયો; તે મત પણ યુક્ત નથી તે બતાવવા કહે છે : જેમ કોઈ વ્યાધિવાળો પુરુષ મૃત્યુ પામે ત્યારે તેનો અભાવ થાય છે, તોપણ વિચારક એમ કહેતા નથી કે આ વ્યાધિથી મુકાયો. તેમ સંસારઅવસ્થામાં પુરુષ ભવવ્યાધિવાળો હતો, અને ક્ષણિકવાદના મત પ્રમાણે દીવો બુઝાઈ જાય તેમ તે પુરુષનો અભાવ થાય છે. તેવા પુરુષના અભાવને મુક્ત થયો તેમ કહી શકાય નહિ; કેમ કે મુક્તપદની પ્રવૃત્તિ નિયામક ધર્મના આધારભૂત પુરુષ હોય તો તેને મુક્ત કહી શકાય, પરંતુ પુરુષનો અભાવમાત્ર હોય તો ત્યાં મુક્તપદની પ્રવૃત્તિ થાય નહિ. **॥૨૦૫॥**

**અવતરણિકા :-**

**कथं तर्हि मुक्तव्यवस्थेत्याह –**

**અવતરણિકાર્થ :-**

**તો કેવી રીતે મુક્ત વ્યવસ્થા છે ? એથી કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૪માં દૃષ્ટાંત બતાવીને શ્લોક-૨૦૫માં દાર્ષ્ટાંતિક યોજના બતાવતાં કહ્યું કે સંસારી પુરુષને

અથવા વિધ્યાતદીપ જેવા પુરુષને અથવા કૂટસ્થ નિત્ય પુરુષને મુક્ત કહી શકાય નહિ. તેથી જિજ્ઞાસા થાય કે મુક્તની સંગતિ કઈ રીતે થઈ શકે ? એથી કહે છે –

**શ્લોક :-**

**क्षीणव्याधिर्यथा लोके व्याधिमुक्त इति स्थितः ।**
**भवरोग्येव तु तथा मुक्तस्तन्त्रेषु तत्क्षयात् ।।२०६।।**

**અન્વયાર્થ :-**

यथा=જે રીતે लोके=લોકમાં क्षीणव्याधिः=ક્ષીણ વ્યાધિવાળો व्याधिमुक्त=વ્યાધિમુક્ત છે, इति=એ પ્રમાણે स्थितः=સ્થિત છે; तु=વળી तथा=તે રીતે तन्त्रेषु=તંત્રમાં भवरोग्येव=ભવરોગી જ तत्क्षयात्=તેના ક્ષયથી=ભવરોગના ક્ષયથી मुक्तः=મુક્ત સ્થિત છે. ।।૨૦૬।।

**શ્લોકાર્થ :-**

**જે રીતે લોકમાં ક્ષીણ વ્યાધિવાળો વ્યાધિમુક્ત છે, એ પ્રમાણે સ્થિત છે; વળી તે રીતે તંત્રમાં ભવરોગી જ ભવરોગના ક્ષયથી મુક્ત સ્થિત છે. ।।૨૦૬।।**

**ટીકા :-**

'क्षीणव्याधिः'-पुरुषः 'यथा लोके' अविगानेन 'व्याधिमुक्त इति' तत्तदभावेन 'स्थितो' न स्थापनीयः, 'भवरोग्येव' 'न'-('तु') मुख्यतद्भावेन 'तथा मुक्तः'-भवव्याधिमुक्तः, 'तन्त्रेषु' स्थितः, 'तत्क्षयाद्' इति भवरोगक्षयादित्यर्थः ।।२०६।।

**ટીકાર્થ :-**

'क्षीणव्याधिः' ..... भवरोगक्षयादित्यर्थः ।। જે પ્રમાણે લોકમાં ક્ષીણવ્યાધિવાળો પુરુષ 'વ્યાધિમુક્ત' છે, એ પ્રમાણે અવિગાનથી=નિર્વિવાદથી तत्तदभावेन=तस्य-पुरुषस्य, तद् अभावेन=व्याधेः अभावेन વ્યાધિયુક્ત પુરુષને વ્યાધિનો અભાવ થવાને કારણે, સ્થિત છે, સ્થાપનીય નથી; तु=વળી, तथा=તે પ્રકારે=જે પ્રકારે ક્ષીણવ્યાધિવાળો લોકમાં વ્યાધિમુક્ત સ્થિત છે, તે પ્રકારે, તંત્રમાં=શાસ્ત્રોમાં, ભવરોગી જ તેના ક્ષયથી=ભવરોગના ક્ષયથી, મુખ્ય તદ્‌ભાવ હોવાને કારણે=નિરુપચરિત મુક્તભાવ હોવાને કારણે मुक्तः=ભવવ્યાધિમુક્ત, સ્થિત છે. ।।૨૦૬।।

❖ મૂળ શ્લોકમાં 'भवरोग्येव तु' છે, તે પ્રમાણે ટીકામાં પણ 'भवरोग्येव तु मुख्यतद्भावेन' એવો પાઠ જોઈએ; પરંતુ 'भवरोग्येव न मुख्यतद्भावेन' એવો પાઠ પુસ્તકમાં ઉપલબ્ધ છે, તે અશુદ્ધ જણાય છે.

**ભાવાર્થ :-**

જે પ્રમાણે લોકમાં ક્ષીણવ્યાધિવાળો જીવ વ્યાધિમુક્ત છે, એ પ્રમાણે સર્વને સંમત છે, પરંતુ કોઈની આગળ તેની સિદ્ધિ કરવાની જરૂર રહેતી નથી; કેમ કે પૂર્વમાં વ્યાધિ હતો અને હવે તે વ્યાધિનો અભાવ

થયો, તેથી સર્વલોક આ જીવ વ્યાધિમુક્ત છે, તેમ સ્વીકારે છે. તેની જેમ શાસ્ત્રોમાં જે જીવ સાધના કરીને ભવરોગનો ક્ષય કરે છે તેને મુક્ત કહેવામાં આવે છે; કેમ કે પહેલાં તે ભવરોગવાળો હતો, હવે તે ભવરોગથી મુક્ત થયો. તેથી મુક્તપદનો નિરુપચરિત ભાવ તેનામાં વર્તે છે, તેથી મુક્તની વ્યવસ્થા સંગત છે.

આનાથી એ ફલિત થાય કે સ્વભાવના આધારભૂત કોઈક દ્રવ્ય સ્વીકારીને, વ્યાધિવાળો સ્વભાવ નાશ થાય ત્યારે વ્યાધિ વગરનો સ્વભાવ પ્રગટ થાય, તેમ માનવામાં આવે, તો શ્લોક-૧૯૦માં સિદ્ધ કરેલ કે દોષવાળાને અદોષની પ્રાપ્તિ થવાથી મુખ્ય મુક્ત ઘટે છે, તે સંગત થાય છે. **॥૨૦૬॥**

**અવતરણિકા :-**

**एवं प्रकृतमभिधाय सर्वोपसंहारमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨૦૪ થી ૨૦૬ સુધીમાં કહ્યું એ રીતે, પ્રકૃતને કહીને=દૃષ્ટાંતથી મુક્ત કોને કહેવાય તે પ્રકૃતને કહીને, સર્વ ઉપસંહારને=યોગદૃષ્ટિ ગ્રંથના અત્યાર સુધીના સર્વ કથનના ઉપસંહારને, કહે છે –**

**શ્લોક :-**

**अनेकयोगशास्त्रेभ्यः संक्षेपेण समुद्धृतः ।**
**दृष्टिभेदेन योगोऽयमात्मानुस्मृतये परः ।।२०७।।**

**અન્વયાર્થ :-**

आत्मानुस्मृतये=પોતાની સ્મૃતિ માટે परः अयम् योगः=શ્રેષ્ઠ એવો આ યોગ अनेकयोगशास्त्रेभ्यः=અનેક યોગશાસ્ત્રોથી दृष्टिभेदेन=દૃષ્ટિના ભેદરૂપે संक्षेपेण=સંક્ષેપથી समुद्धृतः=ઉદ્ધરણ કરાયો છે. ।।૨૦૭।।

**શ્લોકાર્થ :-**

**પોતાની સ્મૃતિ માટે શ્રેષ્ઠ એવો આ યોગ, અનેક યોગશાસ્ત્રોથી દૃષ્ટિના ભેદરૂપે સંક્ષેપથી ઉદ્ધરણ કરાયો છે. ।।૨૦૭।।**

**ટીકા :-**

'अनेकयोगशास्त्रेभ्यः'-पातञ्जलादिभ्यः, 'संक्षेपेण'=समासेन, 'समुद्धृतः'=तेभ्यः पृथक्कृतः नवनीतमिव क्षीरादिति, केन क इत्याह 'दृष्टिभेदेन'-उक्तलक्षणेन 'योगोऽयं'-अधिकृत एव, किमर्थमित्याह 'आत्मानुस्मृत्यर्थं' 'परः'-प्रधानो योग इति ।।२०७।।

**ટીકાર્થ :-**

**'अनेकयोगशास्त्रेभ्यः' ..... प्रधानो योग इति ।। દૂધમાંથી માખણની જેમ અનેક યોગશાસ્ત્રોથી= પાતંજલ આદિ શાસ્ત્રોથી, સંક્ષેપથી=સમાસથી, સમુદ્ધૃત=પાતંજલ આદિ શાસ્ત્રોથી પૃથક્ કરાયો.**

**केन=केन रूपेण=કયા રૂપે, કોણ પૃથક્ કરાયો ? એથી કહે છે –**

**પૂર્વમાં કહેવાયેલા દૃષ્ટિના ભેદરૂપે, આ=અધિકૃત જ યોગ, પૃથક્ કરાયો, એમ સંબંધ છે. શાના માટે ? એથી કહે છે, પોતાની સ્મૃતિ માટે પૃથક્ કરાયો.**

આ યોગ કેવો છે ? તેથી કહે છે;

**પ્રધાન યોગ છે અર્થાત્ શ્રેષ્ઠ એવો યોગ છે અર્થાત્ અવશ્ય મોક્ષનું કારણ બને તેવો યોગ છે. ॥૨૦૭॥**

❖ 'पातञ्जलादिभ्यः' માં 'आदि' પદથી ભાસ્કરબંધુ, દત્તાદિ ઋષિઓના શાસ્ત્રોનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પતંજલિ, ભાસ્કરબંધુ, દત્તાદિ ઋષિઓના શાસ્ત્રોથી પ્રસ્તુત યોગદૃષ્ટિ ગ્રંથ દૂધમાંથી માખણની જેમ ગ્રંથકારે પૃથક્ કરેલ છે, અને તે પૃથક્ કરીને આખો યોગમાર્ગ યોગની આઠ દૃષ્ટિરૂપે વિભાજન કરેલ છે, જેથી સંક્ષેપથી પણ યોગની સર્વ ભૂમિકાઓનો યથાર્થ બોધ થાય; અને આ ગ્રંથ કરવા પાછળનો ગ્રંથકારનો આશય પોતાને યોગમાર્ગની સ્મૃતિ થાય તે છે. વળી આ યોગમાર્ગ પ્રધાન યોગ છે; કેમ કે તે તે દર્શનમાં કહેવાયેલા યોગમાર્ગમાં જે કંઈ અધૂરપ હતી, તેને સ્વદર્શન અનુસાર ઉચિત રીતે જોડીને સર્વજ્ઞકથિત પૂર્ણ યોગમાર્ગ પ્રસ્તુત ગ્રંથમાં નિબદ્ધ કરેલ છે. તેથી આ યોગમાર્ગ પ્રધાનયોગ છે. **॥૨૦૭॥**

**અવતરણિકા :-**

**प्रयोजनान्तरमप्याह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રયોજનાન્તરને પણ કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૭માં કહ્યું કે પોતાની સ્મૃતિ માટે ગ્રંથકારે આ ગ્રંથરચના કરી છે. હવે આ ગ્રંથરચનાનું અન્ય પ્રયોજન પણ બતાવે છે –

**શ્લોક :-**

कुलादियोगिभेदेन, चतुर्धा योगिनो यतः ।
अतः परोपकारोऽपि, लेशतो न विरुध्यते ।।२०८।।

**અન્વયાર્થ :-**

यतः=જે કારણથી कुलादियोगिभेदेन=કુલાદિ યોગીના ભેદથી अत्र=અહીં=સંસારમાં चतुर्धा योगिनः=ચાર પ્રકારના યોગીઓ છે, अतः=આથી लेशतो परोपकारोऽपि न विरुध्यते=પરોપકાર પણ લેશથી વિરોધી નથી=લેશથી પરોપકારનો પણ સંભવ છે. ।।૨૦૮।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી કુલાદિ યોગીના ભેદથી ચાર પ્રકારના યોગીઓ છે, આથી પરોપકાર પણ લેશથી વિરોધી નથી. ।।૨૦૮।।**

**ટીકા :-**

'कुलादियोगिभेदेन'=येऽत्र कुलप्रवृत्तचक्र(गोत्र)निष्पन्नयोगलक्षणेन 'चतुर्धा'=चतुष्प्रकाराः, 'योगिनो यतः' सामान्येन 'अतः' किमित्याह 'परोपकारोऽपि' तथाविधकुलादियोग्यपेक्षया 'लेशतो न विरुध्यते' मनागतोऽपि योगपक्षपातादिभावात् ।।२०८।।

**ટીકાર્થ :-**

'कुलादियोगिभेदेन' ..... योगपक्षपातादिभावात् ।। જે કારણથી સામાન્યથી=ઉપકાર થાય તેવા અને ઉપકાર ન થાય તેવા વિભાગ વગર સામાન્યથી, જે અહીં=સંસારમાં, કુલ, પ્રવૃત્તચક્ર, ગોત્ર, નિષ્પન્નયોગસ્વરૂપ કુલાદિયોગી ભેદથી ચાર પ્રકારના યોગીઓ છે; આથી તેવા પ્રકારના કુલાદિયોગીની અપેક્ષાએ=તત્ત્વ જાણવાને અભિમુખ થયેલા એવા કુલાદિયોગીની અપેક્ષાએ, પરોપકાર પણ લેશથી વિરુદ્ધ નથી; કેમ કે આનાથી પણ=પ્રસ્તુત ગ્રંથના શ્રવણથી પણ, કંઈક યોગપક્ષપાત આદિનો ભાવ છે=યોગપક્ષપાત આદિનો સંભવ છે. ।।૨૦૮।।

❖ 'तथाविधकुलादियोग्यपेक्षया' માં 'आदि' પદથી તથાવિધ પ્રવૃત્તચક્રયોગી ગ્રહણ કરવા.

❖ 'योगपक्षपातादिभावात्' માં 'आदि' પદથી યોગની નિષ્પત્તિ માટે કરાતા યત્નને ગ્રહણ કરવો.

❖ 'परोपकारोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે પ્રસ્તુત ગ્રંથની રચનાથી પોતાને તો યોગની સ્મૃતિ થાય છે, એ રીતે પોતાને તો ઉપકાર થાય છે, પરંતુ અન્ય યોગ્ય જીવોને પણ પરોપકારનો સંભવ છે.

❖ 'अतोऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે કુલયોગી આદિ યોગની પ્રવૃત્તિ કરે છે, તેનાથી તેઓને તો ઉપકાર થાય છે, પરંતુ જિજ્ઞાસાપૂર્વક આ ગ્રંથના શ્રવણથી પણ યોગનો પક્ષપાત આદિ થવાનો સંભવ છે.

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગ્રંથની રચના કરવાનું ગ્રંથકારનું પ્રયોજન યોગ્ય જીવોને ઉપકાર કરવાનું છે, તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે; અને તે બતાવવા માટે ગ્રંથકાર કહે છે કે ઉપકાર થઈ શકે તેવા, અને ઉપકાર ન થઈ શકે તેવા વિભાગ વગર, સામાન્યથી વિચારીએ તો યોગીઓ ચાર પ્રકારના છે : (૧) કુલયોગી, (૨) પ્રવૃત્તચક્રયોગી,

(૩) ગોત્રયોગી અને (૪) નિષ્પન્નયોગી. આ ચાર યોગીઓમાંથી જે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, તેઓ તત્ત્વજિજ્ઞાસાપૂર્વક પ્રસ્તુત ગ્રંથને સાંભળવા પ્રયત્ન કરે તો તેઓને કંઈક ઉપકાર થઈ શકે તેમ પણ છે; કેમ કે યોગ્ય જીવોને પ્રસ્તુત ગ્રંથના શ્રવણથી પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કરાયેલા યોગમાર્ગનો પક્ષપાત થાય છે, અને તે પ્રમાણે યોગમાર્ગમાં પ્રવૃત્તિ પણ થાય છે. તેથી તેવા યોગ્ય જીવોના ઉપકાર માટે પણ ગ્રંથકારે આ યોગગ્રંથની રચના કરી છે. **॥૨૦૮॥**

**અવતરણિકા :-**

**तदत्र –**

**અવતરણિકાર્થ :-**

**तत्=તે કારણથી=ચાર પ્રકારના યોગીઓ છે, અને તેવા પ્રકારના કુલાદિ યોગીની અપેક્ષાએ ઉપકાર પણ સંભવ છે તે કારણથી, अत्र=અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, કોણ અધિકારી છે ? તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

कुलप्रवृत्तचक्रा ये त एवास्याधिकारिणः ।
योगिनो न तु सर्वेऽपि तथाऽसिद्ध्यादिभावतः ।।२०९।।

**અન્વયાર્થ :-**

ये=જેઓ कुलप्रवृत्तचक्राः=કુલ અને પ્રવૃત્તચક્ર છે ते एव=તેઓ જ अस्य=આના=યોગશાસ્ત્રના अधिकारिणः=અધિકારી છે, तु=પરંતુ तथाऽसिद्ध्यादिभावतः=તથા અસિદ્ધિ આદિના ભાવને કારણે=પ્રસ્તુત ગ્રંથના શ્રવણ આદિથી શ્રોતાને યોગવિષયક પ્રવૃત્તિમાં અતિશય થાય તે પ્રકારે અસિદ્ધિ આદિ ભાવથી सर्वेऽपि योगिनः न=સર્વ પણ યોગીઓ નહિ=સર્વ પણ યોગીઓ અધિકારી નથી. ॥૨૦૯॥

**શ્લોકાર્થ :-**

**જેઓ કુલ અને પ્રવૃત્તચક્ર છે, તેઓ જ યોગશાસ્ત્રના અધિકારી છે; પરંતુ તથા અસિદ્ધિ આદિના ભાવને કારણે સર્વ પણ યોગીઓ અધિકારી નથી. ॥૨૦૯॥**

**ટીકા :-**

'कुलप्रवृत्तचक्रा ये' कुलयोगिनः प्रवृत्तचक्राश्च य इत्यर्थः, एते चास्य- ('त एवास्य',) योगशास्त्रस्य 'अधिकारिणः'=अर्हाः, 'योगिनो न तु सर्वेऽपि' सामान्येन, कुत इत्याह 'तथा'=तेन प्रकारेण, 'असिद्ध्यादिभावतः'=गोत्रयोगिनामसिद्धिभावात्, आदिशब्दात्तु निष्पन्नयोगिनां तु सिद्धिभावा-दिति ।।२०९।।

**ટીકાર્થ :-**

**'कुलप्रवृत्तचक्रा ये' ..... सिद्धिभावादिति ।। જે કુલયોગી છે અને જે પ્રવૃત્તચક્રયોગી છે, તેઓ જ=કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી જ, આ યોગશાસ્ત્રના અધિકારી છે=યોગ્ય છે, પરંતુ સામાન્યથી સર્વ પણ યોગીઓ નહિ. કેમ ?=સામાન્યથી સર્વ પણ યોગીઓ અધિકારી કેમ નથી ? એથી કહે છે –**

**तथा=તે પ્રકારે=પ્રસ્તુત ગ્રંથના શ્રવણ આદિથી શ્રોતાને યોગવિષયક પ્રવૃત્તિમાં અતિશય થાય તે પ્રકારે, અસિદ્ધિ આદિનો ભાવ છે અર્થાત્ ગોત્રયોગીને ઉપકારની અસિદ્ધિનો ભાવ છે. વળી 'आदि' શબ્દથી નિષ્પન્નયોગીને વળી સિદ્ધિનો ભાવ છે=યોગની સિદ્ધિનો સદ્ભાવ છે. તેથી ગોત્રયોગી અને નિષ્પન્નયોગીને ઉપકારનો અસંભવ છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૦૯।।**

**નોંધ :-** एते चास्य - योगशास्त्रस्य પાઠ છે ત્યાં મૂળ શ્લોક પ્રમાણે 'त एवास्य - योगशास्त्रस्य' એવો પાઠ જોઈએ.

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૮માં સામાન્યથી ચાર પ્રકારના યોગીઓ બતાવ્યા. તે ચાર પ્રકારના યોગીઓમાંથી ગોત્રયોગીને પ્રસ્તુત ગ્રંથ સાંભળવા મળે તોપણ ઉપકારની અસિદ્ધિ છે, તેથી ગોત્રયોગી પ્રસ્તુત ગ્રંથ માટે અનધિકારી છે. વળી જે નિષ્પન્નયોગી છે તેઓમાં યોગનિષ્પન્ન થઈ ચૂકેલો છે, તેથી યોગનિષ્પત્તિ માટે પ્રસ્તુત ગ્રંથ ભણવાની આવશ્યકતા નથી. તેથી નિષ્પન્નયોગી પણ પ્રસ્તુત ગ્રંથ માટે અનધિકારી છે; અને જે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, તેઓને પ્રસ્તુત ગ્રંથથી ઉપકાર થઈ શકે તેમ છે, માટે તેઓ પ્રસ્તુત ગ્રંથના અધિકારી છે. તેમને ઉપકાર કરવા માટે પણ ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે. **।।૨૦૯।।**

**અવતરણિકા :-**

**एतद्विशेषलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી એવા આ બેના વિશેષ લક્ષણને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૯માં કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી યોગશાસ્ત્રના અધિકારી છે તેમ બતાવ્યું. તે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી શબ્દો અન્વર્થ નામવાળા છે. તેથી કુલયોગી કહેવાથી સામાન્યથી કુલયોગીનું લક્ષણ પ્રાપ્ત થાય છે, અને પ્રવૃત્તચક્રયોગી કહેવાથી સામાન્યથી પ્રવૃત્તચક્રયોગીનું લક્ષણ પ્રાપ્ત થાય છે. હવે તે બેના વિશેષ લક્ષણને શ્લોક-૨૧૦ થી ૨૧૨ સુધીમાં કહે છે –

**શ્લોક :-**

**ये योगिनां कुले जातास्तद्धर्मानुगताश्च ये ।**
**कुलयोगिन उच्यन्ते गोत्रवन्तोऽपि नापरे ।।२१०।।**

**અન્વયાર્થ :-**

ये=જેઓ योगिनां कुले=યોગીઓના કુળમાં जाताः=જન્મ્યા છે च=અને ये=જેઓ तद्धर्मानुगताः=તેમના ધર્મને અનુસરનારા છે (તેઓ) कुलयोगिनः=કુલયોગી उच्यन्ते=કહેવાય છે, गोत्रवन्तोऽपि अपरे=ગોત્રવાળા પણ બીજા न=નથી=કુલયોગી નથી. ।।૨૧૦।।

**શ્લોકાર્થ :-**

**જેઓ યોગીઓના કુળમાં જન્મ્યા છે અને જેઓ તેમના ધર્મને અનુસરનારા છે, તેઓ કુલયોગી કહેવાય છે. ગોત્રવાળા પણ બીજા કુલયોગી નથી. ।।૨૧૦।।**

**ટીકા :-**

'ये योगिनां कुले जाता'-जन्मनैव, 'तद्धर्मानुगताश्च'=योगिधर्मानुगताश्च 'ये' प्रकृत्यान्येऽपि, 'कुलयोगिन उच्यन्ते' इति गम्यते द्रव्यतो भावतश्च, 'गोत्रवन्तोऽपि'=सामान्येन भूमिभव्या अपि, 'नापरे'-कुलयोगिन इति ।।२१०।।

**ટીકાર્થ :-**

ये योगिनां ..... कुलयोगिन इति ।। જેઓ યોગીઓના કુળમાં જન્મથી જ થયા છે, અને અન્ય પણ જેઓ પ્રકૃતિથી તેમના ધર્મને અનુસરનારા છે=યોગીધર્મને અનુસરનારા છે, (તેઓ) કુલયોગી કહેવાય છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. દ્રવ્યથી અને ભાવથી એ શબ્દો શ્લોકમાં અધ્યાહારથી જણાય છે. ગોત્રવાળા પણ=સામાન્યથી ભૂમિભવ્ય પણ=સામાન્યથી આર્યદેશમાં ઉત્પન્ન થયેલા પણ, બીજા કુલયોગી નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૧૦।।

❖ 'अन्येऽपि' માં 'अपि' થી એ કહેવું છે કે યોગીકુળમાં જન્મેલા તો યોગીધર્મને અનુસરનારા કુલયોગી છે, પરંતુ જેઓ યોગીકુળમાં જન્મેલા નથી એવા અન્ય પણ પ્રકૃતિથી યોગીધર્મને અનુસરનારા કુલયોગી છે.

❖ 'गोत्रवन्तोऽपि-सामान्येन भूमिभव्या अपि' માં 'अपि' થી એ કહેવું છે કે સામાન્યથી આર્યદેશમાં ઉત્પન્ન નહિ થયેલા તો કુલયોગી નથી, પરંતુ સામાન્યથી આર્યદેશમાં ઉત્પન્ન થયેલા એવા ભૂમિભવ્ય પણ કુલયોગી નથી; અને સામાન્યથી કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે યોગીકુળમાં જન્મેલા કે યોગીધર્મને અનુસરનારા એવા આર્યદેશમાં ઉત્પન્ન થયેલા, ભૂમિભવ્ય નહિ, પરંતુ એ બેમાંથી એક પણ વિશેષતા વગરના સામાન્યથી ભૂમિભવ્ય=આર્યદેશમાં ઉત્પન્ન થયેલા, કુલયોગી નથી.

**ભાવાર્થ :-**

(૧) જે જીવો યોગીકુળમાં જન્મેલા છે અને યોગીના ધર્મને અનુસરતા નથી, તેઓ દ્રવ્યથી કુલયોગી છે; અને (૨) જે જીવો યોગીના કુળમાં જન્મ્યા છે અને યોગીધર્મને અનુસરે છે, અથવા યોગીકુળમાં જન્મ્યા નથી પરંતુ પ્રકૃતિથી યોગીના ધર્મને અનુસરનારા છે, તેઓ બન્ને ભાવથી કુલયોગી છે; અને (૩) જેઓ આર્યદેશમાં ઉત્પન્ન થયા છે, આમ છતાં યોગીના કુળમાં જન્મ્યા નથી અને યોગીના ધર્મને અનુસરતા પણ નથી, તેઓ ગોત્રયોગી છે, પરંતુ કુલયોગી નથી. **॥૨૧૦॥**

**અવતરણિકા :-**

**एतद्विशेषलक्षणमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આના=કુલયોગીના, વિશેષ લક્ષણને=શ્લોક-૨૧૦માં બતાવાયેલા વિશેષ લક્ષણને, આશ્રયીને કહે છે -**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૯માં યોગશાસ્ત્રના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે તેમ કહ્યું. તેનાથી કુલયોગીનું સામાન્ય સ્વરૂપ બતાવાયું, અને શ્લોક-૨૧૦માં કુલયોગીનું વિશેષ સ્વરૂપ બતાવાયું. હવે ભાવથી કુલયોગીના વિશેષ સ્વરૂપને આશ્રયીને તેવા વિશેષ સ્વરૂપવાળા કુલયોગીની પ્રકૃતિ અને પ્રવૃત્તિ કેવી હોય ? તે બતાવે છે –

**શ્લોક :-**

**सर्वत्राऽद्वेषिणश्चैते गुरुदेवद्विजप्रियाः ।**
**दयालवो विनीताश्च बोधवन्तो यतेन्द्रियाः ।।२११।।**

**અન્વયાર્થ :-**

**च=અને सर्वत्र=સર્વદર્શનવિષયક अद्वेषिणः=અદ્વેષવાળા गुरुदेवद्विजप्रियाः=ગુરુ, દેવ અને દ્વિજ પ્રિય છે જેમને એવા दयालवः=દયાળુ विनीताः=વિનયવાળા बोधवन्तः=બોધવાળા च=અને यतेन्द्रियाः= સંયમિત ઇન્દ્રિયવાળા एते=આ=ભાવથી કુલયોગીઓ છે. ।।૨૧૧।।**

**શ્લોકાર્થ :-**

**અને સર્વદર્શનવિષયક અદ્વેષવાળા, ગુરુ, દેવ અને દ્વિજ પ્રિય છે જેમને એવા, દયાળુ, વિનયવાળા, બોધવાળા અને સંયમિત ઇંદ્રિયવાળા, ભાવથી કુલયોગીઓ છે. ।।૨૧૧।।**

**ટીકા :-**

'सर्वत्राऽद्वेषिणश्चैते'-तथाऽऽग्रहाऽभावेन, तथा 'गुरुदेवद्विजप्रिया'-धर्मप्रभावात् तथा 'दयालवः'-

प्रकृत्या क्लिष्टपापाभावेन, 'विनीताश्च'-कुशलानुबन्धिभव्यतया, तथा 'बोधवन्तो'-ग्रन्थिभेदेन, 'यतेन्द्रियाः'-चारित्रभावेन ।।२११।।

**ટીકાર્થ :-**

**'सर्वत्राऽद्वेषिणश्चैते' ..... चारित्रभावेन ।। અને તે પ્રકારના આગ્રહનો અભાવ હોવાને કારણે= વિચાર્યા વગર સ્વદર્શનના રાગને કારણે પરદર્શન પ્રત્યે દ્વેષ કરાવે તેવા પ્રકારના આગ્રહનો અભાવ હોવાને કારણે, સર્વત્ર=સર્વદર્શનના વિષયમાં, અદ્વેષવાળા, અને ધર્મના પ્રભાવને કારણે=ધર્મ પ્રત્યેના વલણને કારણે, ગુરુ, દેવ અને દ્વિજ પ્રિય છે જેમને એવા, અને ક્લિષ્ટ પાપનો અભાવ હોવાને કારણે=ક્લિષ્ટ પાપના ઉદયનો અભાવ હોવાને કારણે, પ્રકૃતિથી દયાળુ, કુશલાનુબંધી યોગ્યપણું હોવાને કારણે=યોગમાર્ગની કુશળપ્રવૃત્તિનો પ્રવાહ પેદા કરે તેવી યોગ્યતા હોવાને કારણે, વિનયવાળા, અને ગ્રંથિભેદને કારણે બોધવાળા, અને ચારિત્રનો પરિણામ હોવાને કારણે=ઇંદ્રિયોને સંયમિત રાખે તેવા પ્રકારના ચારિત્રનો પરિણામ હોવાને કારણે, સંયમિત ઇંદ્રિયોવાળા, एते=આ=ભાવથી કુલયોગીઓ, હોય છે. ।।૨૧૧।।**

**ભાવાર્થ :-**

જે જીવો યોગીના કુળમાં જન્મ્યા હોય અને યોગીના ધર્મને અનુસરતા હોય અથવા યોગીના કુળમાં ન જન્મ્યા હોય છતાં યોગીના ધર્મને અનુસરતા હોય તેઓ ભાવથી કુલયોગી છે, અને તેઓનાં વિશેષ લક્ષણ આ પ્રમાણે છે –

**સર્વત્ર અદ્વેષવાળા :-** આવા ભાવકુલયોગીઓને તત્ત્વ પ્રત્યેનું વલણ હોય છે. તેથી સ્વદર્શન પ્રત્યેનો રાગ હોય તોપણ, સ્વદર્શનની ઉચિત પ્રવૃત્તિ જોઈને સ્વદર્શનનો રાગ હોય છે. તેથી સ્વદર્શનનો અવિચારક આગ્રહ હોતો નથી. તેના કારણે કોઈપણ દર્શનની યુક્તિયુક્ત વાત સાંભળીને તે યુક્તિયુક્ત વાત જાણવા માટે અને સ્વીકારવા માટે વિઘ્નભૂત થાય તેવો દ્વેષ આવા કુલયોગીઓને હોતો નથી.

**ગુરુ-દેવ-દ્વિજપ્રિયા :-** વળી આ કુલયોગીઓની પ્રકૃતિ ધર્મ પ્રત્યેના વલણવાળી હોય છે. તેથી આ કુલયોગીઓને કોઈપણ દર્શનમાં રહેલા ત્યાગી એવા ગુરુઓ પ્રત્યે અને ઉપાસ્ય એવા દેવ પ્રત્યે પ્રીતિ હોય છે, અને વિદ્યાના વ્યાસંગવાળા એવા બ્રાહ્મણો પ્રત્યે પ્રીતિ હોય છે.

**દયાળુ :-** વળી આ કુલયોગીઓને ક્રૂરતા પેદા કરાવે તેવા ક્લિષ્ટ પાપના ઉદયનો અભાવ હોય છે, તેથી પ્રકૃતિથી દયાળુ સ્વભાવવાળા હોય છે.

**વિનયવાળા :-** વળી આ કુલયોગીઓ કલ્યાણની પરંપરા કરાવે તેવી યોગ્યતા હોવાને કારણે ગુણવાન પુરુષો પ્રત્યે વિનયવાળા હોય છે.

**બોધવાળા :-** તત્ત્વને જાણવામાં અવરોધ કરે તેવા રાગાદિના પરિણામરૂપ ગ્રંથિનો ભેદ કરેલો હોવાથી આ કુલયોગીઓ પારમાર્થિક બોધવાળા હોય છે. ક્વચિત્ કોઈ કુલયોગીએ ગ્રંથિભેદ ન કર્યો હોય તોપણ તેને અભિમુખ ભાવવાળા હોય છે, તેથી મંદમિથ્યાત્વને કારણે માર્ગાનુસારી બોધવાળા હોય છે. જોકે અહીં ગ્રંથકારે

તેનો ઉલ્લેખ કર્યો નથી, તોપણ અર્થથી માર્ગાનુસારી બોધવાળાનું પણ ગ્રહણ થાય છે; કેમ કે ભાવથી કુલયોગીનું સ્વરૂપ બતાવતા હોય ત્યારે ત્રુટિવાળું સ્વરૂપ બતાવવામાં આવે નહિ, તેથી સમ્યગ્દૃષ્ટિને ગ્રહણ કરેલ છે.

**यतेन्द्रिया :-** વળી ભાવથી કુલયોગીઓ ઇન્દ્રિયોને સંયમમાં રાખે તેવા ચારિત્રના પરિણામવાળા હોવાથી સંયમિત ઇંદ્રિયોવાળા હોય છે.

આ પ્રમાણે ભાવથી કુલયોગીનું સ્વરૂપ બતાવ્યું. આમાં કંઈક ન્યૂનતાવાળું પણ તેને અભિમુખ ભાવવાળું સ્વરૂપ જેમનું હોય તે પણ કુલયોગી છે. **॥૨૧૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧૦ની અવતરણિકામાં કહેલ કે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીના વિશેષ લક્ષણને કહે છે. ત્યાર પછી શ્લોક-૨૧૦માં કુલયોગીનું વિશેષ લક્ષણ બતાવ્યું. હવે પ્રવૃત્તચક્રયોગીનું વિશેષ લક્ષણ બતાવે છે –**

**શ્લોક :-**

**प्रवृत्तचक्रास्तु पुनर्यमद्वयसमाश्रयाः ।**
**शेषद्वयार्थिनोऽत्यन्तं शुश्रूषादिगुणान्विताः ।।२१२।।**

**અન્વયાર્થ :-**

तु पुनः=અને વળી यमद्वयसमाश्रयाः=યમદ્વયના આશ્રયવાળા अत्यन्तं शेषद्वयार्थिनः=અત્યંત શેષદ્વયના અર્થી=શેષયમદ્વયના અત્યંત અર્થી शुश्रूषादिगुणान्विताः=શુશ્રૂષાદિ ગુણથી યુક્ત प्रवृत्तचक्राः=પ્રવૃત્તચક્રયોગીઓ હોય છે. ।।૨૧૨।।

**શ્લોકાર્થ :-**

**અને વળી યમદ્વયના આશ્રયવાળા, અત્યંત શેષ યમદ્વયના અર્થી, શુશ્રૂષાદિ ગુણથી યુક્ત પ્રવૃત્તચક્રયોગીઓ હોય છે. ।।૨૧૨।।**

**ટીકા :-**

'प्रवृत्तचक्रास्तु पुनः', किंविशिष्टा भवन्तीत्याह 'यमद्वयसमाश्रयाः'-इच्छायमप्रवृत्तियमाश्रया इत्यर्थः, 'शेषद्वयार्थिनः'=स्थिरयमसिद्धियमद्वयार्थिन इत्युक्तं भवति, 'अत्यन्तं'-सदुपायप्रवृत्त्येति, अत एवाह शुश्रूषाश्रवण-ग्रहणधारणविज्ञानोहापोहतत्त्वाभिनिवेशगुणयुक्ताः ।।२१२।।

**ટીકાર્થ :-**

'प्रवृत्तचक्रास्तु पुनः' ..... तत्त्वाभिनिवेशगुणयुक्ताः ।। વળી પ્રવૃત્તચક્ર કેવા વિશિષ્ટ હોય છે ? એથી કહે છે –

**યમદ્વયના સમાશ્રયવાળા હોય છે=ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમના આશ્રયવાળા હોય છે. સદુપાયની પ્રવૃત્તિને કારણે અત્યંત શેષદ્વયના અર્થી હોય છે=સ્થિરયમ-સિદ્ધિયમ એ યમદ્વયના અત્યંત અર્થી હોય છે, એ પ્રમાણે શેષદ્વયના અર્થી હોય છે, એ વચનથી કહેવાયેલું થાય છે.**

**'इति' શબ્દ પ્રવૃત્તચક્રયોગીઓની પ્રવૃત્તિના સ્વરૂપની સમાપ્તિ માટે છે.**

**આથી જ=સદુપાયમાં પ્રવૃત્તિ હોવાને કારણે અત્યંત શેષદ્વયના અર્થી હોય છે આથી જ, કહે છે -**

**શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહ, અપોહ અને તત્ત્વઅભિનિવેશ ગુણથી યુક્ત હોય છે. ।।૨૧૨।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગની નિષ્પત્તિને અનુકૂળ મન-વચન-કાયાના યોગની સમ્યક્ પ્રવૃત્તિનું ચક્ર જેઓમાં ગતિમાન થયું છે તેવા યોગી પ્રવૃત્તચક્રયોગી કહેવાય છે. આવા પ્રવૃત્તચક્રયોગી યોગશાસ્ત્રના અધિકારી છે. તેઓ સંયમ ગ્રહણ કરીને આગળ બતાવાશે, તેવા પાંચ પ્રકારના અહિંસાદિ યમોને સેવનારા હોય છે. ક્વચિત્ અભ્યાસદશાવાળા હોય તો ઇચ્છાયમવાળા હોય, અને અભ્યાસથી સંપન્ન થયા હોય ત્યારે પ્રવૃત્તિયમવાળા હોય; વળી તે પ્રવૃત્તચક્રયોગીઓ જે યમને સેવી રહ્યા છે, તેની સમ્યગ્ નિષ્પત્તિના સદુપાયમાં પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી તેઓની સદુપાયની પ્રવૃત્તિ અવશ્ય સ્થિરયમ અને સિદ્ધિયમની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી પ્રવૃત્તચક્રયોગીને અત્યંત શેષયમદ્વયના અર્થી કહેલ છે; અને આ પ્રવૃત્તચક્રયોગીઓ સદુપાયમાં પ્રવૃત્તિ કરીને શેષયમદ્વયને પ્રાપ્ત કરવા ઉદ્યમવાળા હોવાને કારણે શુશ્રૂષા આદિ બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત હોય છે. તેથી જ્યારે યોગશાસ્ત્ર સાંભળે છે, ત્યારે શુશ્રૂષા અને શ્રવણગુણ હોવાને કારણે યોગશાસ્ત્રનો સમ્યગ્ બોધ થાય તે રીતે અત્યંત ઉપયોગપૂર્વક શ્રવણ કરે છે, જેથી યોગશાસ્ત્રનાં વચનો દ્વારા યથાર્થ અર્થનું ગ્રહણ થાય; અને સમ્યગ્ અર્થનું ગ્રહણ કર્યા પછી ધારણ ગુણને કારણે તે અર્થોને અત્યંત સ્થિર કરે છે, અને સ્થિર રીતે ધારણ કરાયેલા તે અર્થનું વિશેષ જ્ઞાન કરે છે અર્થાત્ પોતાની બુદ્ધિને અનુસાર વિશેષ પ્રકારની વિચારણા કરે છે, અને ત્યારપછી ઊહ અને અપોહ દ્વારા પારમાર્થિક તત્ત્વનો નિર્ણય કરે છે અને તે પારમાર્થિક તત્ત્વમાં તેઓને અભિનિવેશ થાય છે. તેથી તે તત્ત્વનો બોધ પોતાના જીવનમાં સમ્યક્ પરિણમન પામે તેવો માર્ગાનુસારી યત્ન થાય છે. આથી પ્રવૃત્તચક્રયોગીઓ સત્ શાસ્ત્ર દ્વારા તત્ત્વનો અભિનિવેશ કરીને સદુપાયમાં પ્રવૃત્તિ કરે છે, જેથી અનુક્રમે સ્થિરયમ અને સિદ્ધિયમની પ્રાપ્તિ કરે છે. **।।૨૧૨।।**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

અને –

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૭માં ગ્રંથકારે કહ્યું કે પોતાની સ્મૃતિ માટે આ ગ્રંથ ગ્રંથકારે રચ્યો છે. વળી ગ્રંથરચનાનું પ્રયોજનાન્તર બતાવવા માટે શ્લોક-૨૦૮માં ચાર પ્રકારના યોગી બતાવ્યા, અને શ્લોક-૨૦૯માં કહ્યું કે કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી આ યોગશાસ્ત્રના અધિકારી છે. તેથી તેમના ઉપકાર અર્થે પણ પ્રસ્તુત ગ્રંથ રચ્યો છે. હવે તે સિવાય પ્રસ્તુત ગ્રંથથી અન્ય કોને ઉપકાર થઈ શકે ? તેનો સમુચ્ચય કરવા માટે 'तथा' થી કહે છે –

**શ્લોક :-**

**आद्यावञ्चकयोगाप्त्या तदन्यद्वयलाभिनः ।**
**एतेऽधिकारिणो योगप्रयोगस्येति तद्विदः ।।२१३।।**

**અન્વયાર્થ :-**

**आद्यावञ्चकयोगाप्त्या=આદ્યઅવંચકયોગની પ્રાપ્તિથી तदन्यद्वयलाभिनः=તેનાથી અન્ય બે અવંચકને પ્રાપ્ત કરનારા=આદ્યઅવંચકથી અન્ય એવા બે અવંચકને પ્રાપ્ત કરનારા एते=આ=યોગમાર્ગને સાંભળવા માટે સન્મુખ થયેલા જીવો योगप्रयोगस्य अधिकारिणः=યોગપ્રયોગના અધિકારી છે=યોગમાર્ગને સાંભળવાના અધિકારી છે इति=એ પ્રમાણે तद्विदः=તેના જાણનારા કહે છે=યોગના જાણનારા કહે છે. ।।૨૧૩।।**

**શ્લોકાર્થ :-**

**આદ્યઅવંચકયોગની પ્રાપ્તિથી તેનાથી અન્ય બે અવંચકને પ્રાપ્ત કરનારા, યોગમાર્ગને સાંભળવા માટે સન્મુખ થયેલા જીવો યોગપ્રયોગના અધિકારી છે, એ પ્રમાણે યોગના જાણનાર કહે છે. ।।૨૧૩।।**

**ટીકા :-**

**'आद्यावञ्चकयोगाप्त्या' योगावञ्चकयोगाप्त्या हेतुभूतया, 'तदन्यद्वयलाभिनः'=क्रियाऽवञ्चकफलाऽवञ्चकद्वयलाभिनः, तदवन्ध्यभव्यतयैवम्भूताः, (एते) किमित्याह 'अधिकारिणः', कस्येत्याह 'योगप्रयोगस्य' अधिकृतस्य, 'इति'=एवं 'तद्विदो'=योगविदः 'अभिदधति' इति शेषः ।।२१३।।**

**ટીકાર્થ :-**

'आद्यावञ्चकयोगाप्त्या' ..... इति शेषः ।। હેતુભૂત એવી આદ્યઅવંચકયોગની પ્રાપ્તિથી=યોગના અધિકારી થવામાં કારણીભૂત એવી આદ્યઅવંચકયોગની પ્રાપ્તિથી, તેનાથી અન્યદ્વયને પ્રાપ્ત કરનારા= ક્રિયાવંચક અને ફલાવંચક એ બે યોગને પ્રાપ્ત કરનારા, તેની અવંધ્ય યોગ્યતા હોવાથી=ક્રિયાવંચક અને ફલાવંચક પ્રાપ્ત કરવાની અવંધ્ય યોગ્યતા હોવાથી, આવા પ્રકારના=ક્રિયાવંચક અને ફલાવંચક બેને પ્રાપ્ત કરશે એવા પ્રકારના, આ=યોગમાર્ગને સાંભળવા માટે સન્મુખ થયેલા જીવો, અધિકૃત એવા યોગપ્રયોગના=યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ સંભળાવવાનો અધિકાર ચાલી રહ્યો છે એ રૂપ યોગપ્રયોગના,

**અધિકારી છે. इति=एवं=આ પ્રમાણે, તેના જાણનારાઓ=યોગના જાણનારાઓ, કહે છે. મૂળ શ્લોકમાં 'अभिदधति' એ શબ્દ અધ્યાહાર છે. ॥૨૧૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૮માં ચાર પ્રકારના યોગીઓ બતાવ્યા. તેમાં જે આર્યક્ષેત્રમાં જન્મેલા હોય, પરંતુ યોગીકુળમાં જન્મેલા ન હોય અને યોગીકુળના કોઈ આચારો પાળતા ન હોય, તેમને **ગોત્રયોગી** કહ્યા.

કુલયોગી શબ્દથી યોગીકુળમાં જન્મેલાને **દ્રવ્યથી કુલયોગી** કહ્યા.

યોગીના આચારો પાળનારા ઉત્તમ પ્રકૃતિવાળાને **ભાવથી કુલયોગી** કહ્યા.

જે લોકો યોગમાર્ગમાં સમ્યગ્ રીતે પ્રવૃત્ત છે, તેઓને **પ્રવૃત્તચક્રયોગી** કહ્યા.

જે લોકો યોગ સેવીને યોગમાં નિષ્પન્ન થયા છે, તેઓને **નિષ્પન્નયોગી** કહ્યા.

આ રીતે ચાર પ્રકારના યોગીના વિભાગમાં માત્ર આર્યદેશમાં જન્મેલા હોય પરંતુ હિંસા આદિ અનુચિત પ્રવૃત્તિ કરનારા હોય, તેઓને પણ ગોત્રયોગી કહ્યા, અને ત્યારપછી તેઓ આ ગ્રંથના અધિકારી નથી તેમ બતાવ્યું; અને જેઓ ઉત્તમ પ્રકૃતિવાળા છે તેવા, ભાવથી કુલયોગીઓને અને પ્રવૃત્તચક્રયોગીઓને પ્રસ્તુત ગ્રંથના અધિકારી કહ્યા. આમ છતાં કેટલાક જીવો આર્યદેશમાં ન જન્મેલા હોય, તેમનો ચારે પ્રકારના યોગીઓમાંથી કોઈમાં અંતર્ભાવ થતો નથી, અને આર્યદેશમાં જન્મેલા પણ ગોત્રયોગી યોગમાર્ગના અધિકારીરૂપે પ્રાપ્ત થતા નથી, તેઓમાંથી પણ કેટલાક એવા જીવો છે કે જેઓને ગુણવાન પુરુષનો યોગ થાય તો ગુણવાનને ગુણવાનરૂપે જોઈને યોગમાર્ગમાં ચડી શકે તેવા છે. તેમનો સંગ્રહ કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીથી થતો નથી, તેથી તેમનો સંગ્રહ કરવા માટે કહે છે –

કેટલાક જીવો એવા છે જેઓ આર્યદેશમાં જન્મ્યા નથી અથવા તો આર્યદેશમાં જન્મેલા હોવા છતાં યોગીના કોઈ આચારો પાળતા નથી, આમ છતાં કોઈક નિમિત્તને પામીને ધર્મની પ્રાપ્તિ કરી શકે તેવી યોગ્યતાને પામેલા છે; જેમ દૃઢપ્રહારી અત્યંત નિંદ્ય એવી ચાર હત્યા કરીને કંઈક પશ્ચાત્તાપના પરિણામવાળા થયા ત્યારે ગુણવાનને ગુણવાનરૂપે સમજી શકે તેવી ચિત્તની ભૂમિકા પ્રાપ્ત થઈ, જે આદ્યઅવંચક યોગની પ્રાપ્તિરૂપ છે; અને આવા જીવો ગુણવાનની સાથે સંબંધમાં આવે ત્યારે ગુણવાનને સત્પ્રણામાદિ કરે, અને તેમનો ઉપદેશ સાંભળીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે, તે ક્રિયાવંચક અને ફલાવંચક યોગ છે. આવા આદ્યઅવંચકયોગની પ્રાપ્તિવાળા અને અન્ય બે અવંચક યોગને પ્રાપ્ત કરનારા જીવો યોગમાર્ગના અધિકારી છે; અને તેવા જીવોની યોગ્યતા જોઈને ઉપદેશકો ક્યારેક યોગમાર્ગ તેઓને આપે પણ છે. તેવા જીવોનો સંગ્રહ કરવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે જેઓને આદ્યઅવંચક યોગ પ્રાપ્ત થયો છે અને અન્ય બે અવંચકયોગ અવશ્ય પ્રાપ્ત થવાના છે, એવા જીવો યોગમાર્ગના અધિકારી છે. આ પ્રકારનો અર્થ પ્રસ્તુત શ્લોકથી જણાય છે; અને આ શ્લોકને પ્રવૃત્તચક્રયોગી સાથે જોડીએ તો યોગમાર્ગના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી છે, તે અર્થ શ્લોક-૨૦૯માં કહ્યું તે સંગત થાય; પરંતુ પ્રવૃત્તચક્રયોગીમાં શુશ્રૂષા આદિ આઠ ગુણો છે, અને ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમ પણ છે, આમ છતાં તેઓને ક્રિયાવંચક અને ફલાવંચક નથી તેમ કઈ રીતે કહી શકાય ? તે પ્રકારના

પ્રશ્નના અવકાશને કારણે આ શ્લોકને પૂર્વના શ્લોક-૨૧૨ સાથે સંલગ્ન કરેલ નથી. વળી આદ્યઅવંચકયોગની પ્રાપ્તિ કુલયોગીને પણ છે. તેથી આ શ્લોક કુલયોગીમાં ન લેતાં માત્ર પ્રવૃત્તચક્રયોગી સાથે સંલગ્ન કરવો, તે પણ વિચારણીય છે. માટે ઉપર કહ્યું એ પ્રમાણે અર્થ કરવો ઉચિત જણાય છે, તત્ત્વ બહુશ્રુતો વિચારે. **॥૨૧૩॥**

**અવતરણિકા :-**

उपन्यस्तयमादिस्वरूपमाह –

**અવતરણિકાર્થ :-**

**ઉપન્યસ્ત યમાદિના સ્વરૂપને=શ્લોક-૨૧૨માં ઉપન્યાસ કરાયેલા યમના સ્વરૂપને, અને શ્લોક-૨૧૩માં ઉપન્યાસ કરાયેલા અવંચકના સ્વરૂપને, શ્લોક-૨૧૪ થી શ્લોક-૨૨૧ સુધી કહે છે -**

❖ 'उपन्यस्तयमादिस्वरूपम्' માં 'आदि' પદથી અવંચકનું ગ્રહણ કરવું.

**શ્લોક :-**

**इहाऽहिंसादयः पञ्च सुप्रसिद्धा यमाः सताम् ।**
**अपरिग्रहपर्यन्तास्तथेच्छादिचतुर्विधाः ।।२१४।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=લોકમાં सताम्=સંતોના=મુનિઓના अहिंसादयः अपरिग्रहपर्यन्ताः पञ्च यमाः=અહિંસાદિ અપરિગ્રહ પર્યન્ત પાંચ યમો सुप्रसिद्धाः=સુપ્રસિદ્ધ છે तथा=અને (તે યમો) इच्छादिचतुर्विधाः=ઇચ્છાદિ ચાર પ્રકારના છે. ।।૨૧૪।।

**શ્લોકાર્થ :-**

**લોકમાં મુનિઓના અહિંસાદિ અપરિગ્રહ પર્યન્ત પાંચ યમો સુપ્રસિદ્ધ છે, અને તે યમો ઇચ્છાદિ ચાર પ્રકારના છે. ।।૨૧૪।।**

**ટીકા :-**

'इह'=लोके, 'अहिंसादयो' धर्माः 'पञ्च' संख्यया 'सुप्रसिद्धाः' सर्वतन्त्रसाधारणत्वेन, 'यमा'=उपरमाः, 'सतां'=मुनीनाम् इति, किम्पर्यन्ता इत्याह 'अपरिग्रहपर्यन्ताः', "अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः" (२-३० पा.) इति वचनात्, 'तथेच्छादिचतुर्विधाः' प्रत्येकमिच्छायमाः प्रवृत्तियमाः स्थिरयमाः सिद्धियमा इति ।।२१४।।

**ટીકાર્થ :-**

'इह'=लोके, ..... सिद्धियमा इति ।। અહીં=લોકમાં, અહિંસાદિ ધર્મો સંખ્યાથી પાંચ સર્વતંત્રસાધારણપણાથી સુપ્રસિદ્ધ છે. તે ધર્મો કયા છે તે કહે છે –

**સંતોના=મુનિઓના, યમો છે=ઉપરમો છે=હિંસાદિ પાપપ્રવૃત્તિના ઉપરમો છે. કિં પર્યન્ત છે ?= અહિંસાથી માંડીને ક્યાં સુધી છે ? એથી કરીને કહે છે –**

**અપરિગ્રહ પર્યન્ત છે; કેમ કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ યમો છે, એ પ્રકારનું પાતંજલ સૂત્રનું વચન છે.**

**तथा અને, ઇચ્છાદિ ચાર પ્રકારના છે=તે યમો પ્રત્યેક ઇચ્છાયમ, પ્રવૃત્તિયમ, સ્થિરયમ અને સિદ્ધિયમ, એ રીતે ચાર પ્રકારના છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે.**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૨માં કહેલ કે પ્રવૃત્તચક્રયોગી બે યમના સેવનારા છે અને બાકીના બે યમના અર્થી છે. તેથી જિજ્ઞાસા થાય કે યમ શું છે ? માટે પ્રસ્તુત શ્લોકમાં પાંચ યમ બતાવે છે, જે પાંચ યમો સર્વ દર્શનોમાં સામાન્યરૂપે પ્રસિદ્ધ છે; કેમ કે હિંસાદિને અધર્મ અને અહિંસાદિને ધર્મ તરીકે સર્વ દર્શનકારો સ્વીકારે છે. આ પાંચે ધર્મોને મુનિઓ સેવનારા હોય છે, અને આ પાંચે પ્રકારના યમ પણ દરેક ઇચ્છા આદિના ભેદથી ચાર ચાર પ્રકારના છે, જે સ્વયં ગ્રંથકાર આગળ બતાવે છે. 'યમ' શબ્દનો અર્થ 'यमनम् यम्' અર્થાત્ આત્માને પાપવ્યાપારથી વિરામ કરાવીને સંયમમાં રાખે તે યમ છે. તે બતાવવા માટે 'यम' નો અર્થ 'उपरम' કર્યો છે. **॥૨૧૪॥**

**અવતરણિકા :-**

**एतेषां विशेषलक्षणमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમના=ઇચ્છાદિ ચાર પ્રકારના યમના, વિશેષ લક્ષણને શ્લોક-૨૧૫ થી શ્લોક-૨૧૮ સુધી કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકના અંતે કહ્યું કે અહિંસાદિ પાંચે પણ યમો ઇચ્છાદિ ચાર પ્રકારના છે, અને તે ઇચ્છાદિ ચાર નામો સાન્વર્થ છે. તેથી તે ઇચ્છાદિ ચાર નામોથી ઇચ્છાદિ ચાર યમોનું સ્વરૂપ સામાન્યથી શ્લોક-૨૧૪માં કહેવાઈ ગયું. હવે તે ઇચ્છાદિ ચારેનું વિશેષ સ્વરૂપ ક્રમસર કહે છે –

**શ્લોક :-**

**तद्वत्कथाप्रीतियुता तथा विपरिणामिनी ।**
**यमेष्विच्छाऽवसेयेह प्रथमो यम एव तु ।।२१५।।**

**અન્વયાર્થ :-**

**तद्वत्कथाप्रीतियुता=તદ્વાનની કથામાં પ્રીતિથી યુક્ત=યમવાળા યોગીની કથા સાંભળવામાં પ્રીતિથી યુક્ત, तथा=અને विपरिणामिनी=વિવિધ પ્રકારના પરિણામવાળી=વિધિપૂર્વક કરનારા પ્રત્યે બહુમાન**

**અને સ્વઉલ્લાસ અનુસાર યમમાં કંઈક યત્ન કરાવે તેવા પ્રકારના વિવિધ પરિણામને ધારણ કરનારી यमेषु इच्छा=યમો વિષયક ઈચ્છા, इह=અહીં=યમચક્રમાં=ચાર પ્રકારના યમમાં प्रथमो यम एव तु=પ્રથમ યમ જ अवसेया=જાણવી. ।।૨૧૫।।**

**શ્લોકાર્થ :-**

**યમવાળા યોગીની કથા સાંભળવામાં પ્રીતિથી યુક્ત, અને વિધિપૂર્વક કરનારા પ્રત્યે બહુમાન અને સ્વઉલ્લાસ અનુસાર યમમાં કંઈક યત્ન કરાવે તેવા પ્રકારના વિવિધ પરિણામને ધારણ કરનારી, યમોવિષયક ઈચ્છા ચાર પ્રકારના યમમાં પ્રથમ યમ જ જાણવી. ।।૨૧૫।।**

**ટીકા :-**

**'तद्वत्कथाप्रीतियुता'=यमवत्कथाप्रीतियुता, 'तथा' 'विपरिणामिनी'-तद्भावस्थिरत्वेन, 'यमेषु' उक्तलक्षणेषु 'इच्छा अवसेया' 'इह'=यमचक्रे, इयं च 'प्रथमो यम एव तु' अनन्तरोदितलक्षणेच्छैवेच्छायम इति कृत्वा ।।२१५।।**

**ટીકાર્થ :-**

**'तद्वत्कथाप्रीतियुता' ..... इति कृत्वा ।। તદ્વાનની કથામાં પ્રીતિથી યુક્ત=યમવાનની કથા સાંભળવામાં પ્રીતિથી યુક્ત, અને તદ્ભાવસ્થિરપણું હોવાને કારણે=યમ પ્રત્યેનો પ્રીતિનો ભાવ સ્થિર હોવાને કારણે, વિપરિણામિની=વિવિધ પ્રકારના પરિણામવાળી, ઉક્ત સ્વરૂપવાળા યમોમાં=શ્લોક-૨૧૪માં કહેવાયેલા અહિંસાદિ પાંચ ભેદવાળા યમોમાં, ઈચ્છા જાણવી=ઈચ્છાયમરૂપે જાણવી, અને અનંતર ઉદિત સ્વરૂપવાળી ઈચ્છા જ ઈચ્છાયમ છે, એથી કરીને આ=ઈચ્છા, અહીં=યમચક્રમાં, પ્રથમ યમ જ છે. ।।૨૧૫।।**

**ભાવાર્થ :-**

જે યોગીને ઇચ્છાયમ પ્રગટ્યો હોય તે યોગીને યમ સેવનારા યોગીઓની કથા સાંભળવામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે અર્થાત્ તેઓએ કઈ રીતે યમ સેવ્યો ? કે જે યમના સેવનના બળથી તેઓ આ સંસારસાગરથી તરી ગયા ? આવું યમનું સ્વરૂપ સાંભળીને તેઓના સેવાયેલા યમના પરમાર્થને જાણવાના આશયથી યમના સેવનારાની કથા પ્રીતિપૂર્વક સાંભળે છે.

વળી યમ સેવવાના વિષયમાં વિવિધ પરિણામવાળી ઇચ્છા તેમને થાય છે અર્થાત્ વિધિપૂર્વક યમ સેવન કરનારા પ્રત્યે બહુમાન આદિ ભાવ હોય છે, અને હું પણ વિધિપૂર્વક કરું, તેવા પ્રકારના અભિલાષથી યમ સેવવાનો કંઈક યત્ન થાય તેવા પ્રકારના પરિણામવાળી ઇચ્છા થાય છે, અને આવો પરિણામ થવાનું કારણ સમ્યગ્ યમ નિષ્પન્ન કરવાનો ભાવ ઇચ્છાયમવાળા યોગીમાં સ્થિર હોય છે, અને આવું ઇચ્છાપૂર્વકનું યમવિષયક અનુષ્ઠાન ચાર પ્રકારના યમમાં પ્રથમ યમ છે. **।।૨૧૫।।**

**અવતરણિકા :-**

તથા –

**અવતરણિકાર્થ :-**

અને –

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૫ની અવતરણિકામાં કહેલ કે ઇચ્છાદિ ચાર યમોનું વિશેષ સ્વરૂપ કહે છે. તેમાંથી ઇચ્છાયમનું સ્વરૂપ શ્લોક-૨૧૫માં બતાવેલ. હવે પ્રવૃત્તિ આદિ ત્રણે યમનું વિશેષ સ્વરૂપ ક્રમસર બતાવવા માટે 'तथा' થી સમુચ્ચય કરે છે –

**શ્લોક :-**

**सर्वत्र शमसारं तु यमपालनमेव यत् ।**
**प्रवृत्तिरिह विज्ञेया द्वितीयो यम एव तत् ।।२१६।।**

**અન્વયાર્થ :-**

तु=વળી सर्वत्र=સર્વ પ્રવૃત્તિઓમાં शमसारं एव=શમસાર જ यत् यमपालनम्=જે યમનું પાલન इह=અહીં=પાંચ પ્રકારના યમો વિષયક प्रवृत्तिः विज्ञेया=પ્રવૃત્તિ જાણવી, तत्=તે=પ્રવૃત્તિયમ द्वितीयो यम एव=બીજો યમ જ છે. ॥૨૧૬॥

**શ્લોકાર્થ :-**

**વળી સર્વ પ્રવૃત્તિઓમાં શમસાર જ જે યમનું પાલન, એ પાંચ પ્રકારના યમો વિષયક પ્રવૃત્તિ જાણવી. તે પ્રવૃત્તિયમ બીજો યમ જ છે. ॥૨૧૬॥**

**ટીકા :-**

'सर्वत्र'=सामान्येन, 'शमसारं तु' उपशमसारम् 'एव' 'यत्' क्रियाविशिष्टं 'यमपालनं,' 'प्रवृत्तिरिह विज्ञेया' यमेषु, 'द्वितीयो यम एव तत्'-प्रवृत्तियम इत्यर्थः ।।२१६।।

**ટીકાર્થ :-**

'सर्वत्र' ..... प्रवृत्तियम इत्यर्थः ।। વળી સર્વત્ર=સામાન્યથી સર્વ પ્રવૃત્તિઓમાં, ઉપશમસાર જ એવું જે ક્રિયાવિશિષ્ટ યમનું પાલન, इह यमेषु=આ પાંચ પ્રકારના યમોમાં, પ્રવૃત્તિ જાણવી. તે=પ્રવૃત્તિયમ, બીજો યમ જ છે. ॥૨૧૬॥

**ભાવાર્થ :-**

ઇચ્છાયમ સેવી સેવીને જેનું ચિત્ત ઉપશમ પરિણામવાળું થયું છે, અને તેના કારણે તે યમનું પાલન વિધિપૂર્વક કરી શકે છે, તેને પ્રવૃત્તિયમ કહેવાય છે. આ પ્રવૃત્તિયમ ચાર પ્રકારના યમમાં બીજો યમ છે. **॥૨૧૬॥**

**શ્લોક :-**

**विपक्षचिन्तारहितं यमपालनमेव यत् ।**
**तत्स्थैर्यमिह विज्ञेयं तृतीयो यम एव हि ।।२१७।।**

**અન્વયાર્થ :-**

**विपक्षचिन्तारहितं यत् यमपालनमेव तत्=વિપક્ષ ચિંતારહિત જે યમનું પાલન જ તે इह=અહીં= અહિંસાદિ યમો વિષયક स्थैर्यं विज्ञेयं=સ્થૈર્ય જાણવું, (અને આ સ્થૈર્ય) तृतीयो यम एव हि=ત્રીજો યમ જ છે. ।।૨૧૭।।**

**શ્લોકાર્થ :-**

**વિપક્ષચિંતારહિત જે યમનું પાલન જ તે અહિંસાદિ યમો વિષયક સ્થૈર્ય જાણવું, અને આ સ્થૈર્ય ત્રીજો યમ જ છે. ।।૨૧૭।।**

**ટીકા :-**

**'विपक्षचिन्तारहितम्' अतिचारादिचिन्तारहितमित्यर्थः 'यमपालनमेव यद्'-विशिष्टक्षयोपशमवृत्त्या 'तत्स्थैर्यमिह विज्ञेयं' यमेषु, एतच्च 'तृतीयो यम एव हि' स्थिरयम इति योऽर्थः ।।२१७।।**

**ટીકાર્થ :-**

**'विपक्षचिन्तारहितम्' ..... योऽर्थः ।। विशिष्टक्षयोपशमवृत्त्या=વિશિષ્ટ ક્ષયોપશમ વર્તતો હોવાને કારણે= યમના પાલનમાં અતિદૃઢતા કરાવે તેવા પ્રકારનો ચારિત્રમોહનીયનો વિશિષ્ટ ક્ષયોપશમ હોવાને કારણે, વિપક્ષચિંતારહિત=અતિચારાદિ ચિંતારહિત, જે યમનું પાલન જ તે અહીં=પાંચ પ્રકારના યમો વિષયક, સ્થૈર્ય જાણવું અને આ ત્રીજો યમ જ સ્થિરયમ છે, એ પ્રમાણે અર્થ છે. ।।૨૧૭।।**

❖ ટીકાના અંતે 'इति योऽर्थः' છે તેને બદલે 'इत्यर्थः' પાઠ હોવો જોઈએ.

❖ 'अतिचारादिचिन्तारहितम्' માં 'आदि' પદથી બાધક સામગ્રીનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પ્રવૃત્તિયમવાળા યોગીઓ વિધિપૂર્વક પ્રવૃત્તિ કરતા હોય છે. આમ છતાં ક્યારેક ઉપયોગની સ્ખલના થાય તો અતિચારનો સંભવ છે, અને બાધક સામગ્રી મળે તોપણ સ્ખલનાનો સંભવ છે. તેથી અતિચારની અને બાધકની ચિંતાથી યુક્ત પ્રવૃત્તિયમ હોય છે, અને તેના કારણે અતિચાર ન લાગે તેવો યત્ન હોય છે,

અને બાધક સામગ્રીથી દૂર રહેતા હોવાને કારણે સમ્યગ્ પ્રવૃત્તિ થતી હોય છે. જ્યારે સ્થિરયમવાળાને અતિચાર લાગવાનો સંભવ નથી કે બાધક સામગ્રી પણ સ્ખલના કરી શકે તેવો સંભવ નથી; કેમ કે પ્રવૃત્તિયમનું પાલન કરીને તેવા પ્રકારનો વિશિષ્ટ ક્ષયોપશમભાવ પ્રગટ થયો છે, કે જેથી ઉપયોગની મ્લાનિ દ્વારા અતિચાર થઈ ન શકે, અને બાધક સામગ્રી પણ સ્ખલના કરી ન શકે. આવા યોગીઓ જે યમનું પાલન કરે છે તે વિશિષ્ટ પ્રકારના સ્થૈર્યયુક્ત છે, તે સ્થિર નામનો ત્રીજો યમ છે. **॥૨૧૭॥**

**શ્લોક :-**

**परार्थसाधकं त्वेतत्सिद्धिः शुद्धान्तरात्मनः ।**
**अचिन्त्यशक्तियोगेन चतुर्थो यम एव तु ।।२१८।।**

**અન્વયાર્થ :-**

**अचिन्त्यशक्तियोगेन=અચિંત્ય શક્તિનો યોગ હોવાને કારણે=યમના સેવનને કારણે યમનો પરિણામ જીવના સ્વભાવભૂત બનવાથી તેના સાંનિધ્યમાં અન્ય જીવોને પણ વૈરાદિનો ત્યાગ કરાવે તેવી અચિંત્ય શક્તિનો યોગ હોવાને કારણે, शुद्धान्तरात्मनः=શુદ્ધ અંતરાત્માનું=યમના સેવનના અતિશયથી યમની પરિણતિ ચંદનગંધન્યાયથી આત્મભૂત થયેલી હોવાને કારણે વિશેષ પ્રકારના ઉપશમભાવવાળા એવા શુદ્ધ ચિત્તવાળાનું, परार्थसाधकं=પરાર્થસાધક એવું=તેના સાંનિધ્યમાં આવનારા એવા જીવોના સુંદર પરિણામોનું સાધક એવું, एतत्=આ=યમનું પાલન सिद्धिः=સિદ્ધિ છે, (અને આ સિદ્ધિ) चतुर्थो यम एव तु=ચોથો યમ જ છે. ।।૨૧૮।।**

**શ્લોકાર્થ :-**

**અચિંત્ય શક્તિનો યોગ હોવાને કારણે શુદ્ધ અંતરાત્માનું પરાર્થસાધક એવું યમનું પાલન સિદ્ધિ છે, અને આ સિદ્ધિ ચોથો યમ જ છે. ।।૨૧૮।।**

**ટીકા :-**

'परार्थसाधकं तु' 'एतद्'=यमपालनं 'सिद्धिः' अभिधीयते, एतच्च 'शुद्धान्तरात्मनो' नान्यस्य, 'अचिन्त्यशक्तियोगेन' तत्सन्निधौ वैरत्यागादितः, एतत् 'चतुर्थो यम एव तु' सिद्धियम इति भावः ।।२१८।।

**ટીકાર્થ :-**

'परार्थसाधकं तु' ..... सिद्धियम इति भावः ।। **વળી પરાર્થસાધક એવું આ=યમનું પાલન, સિદ્ધિ કહેવાય છે, અને આ=પરાર્થસાધક એવું યમનું પાલન, શુદ્ધ ચિત્તવાળાને હોય છે, અન્યને નહિ.**

અહીં પ્રશ્ન થાય કે પરાર્થસાધક યમનું પાલન શુદ્ધ અંતરાત્માને હોય છે, અન્યને કેમ નહિ ? તેથી કહે છે –

**અચિંત્ય શક્તિનો યોગ હોવાને કારણે તેની સંનિધિમાં=સિદ્ધિયમવાળા યોગીની સંનિધિમાં, વૈરત્યાગાદિ થતા હોવાથી પરાર્થસાધક યમનું પાલન છે, એમ અન્વય છે. આ ચતુર્થ યમ જ સિદ્ધિયમ છે, એ પ્રકારનો ભાવ છે. ।।૨૧૮।।**

**ભાવાર્થ :-**

જ્યારે યોગી યમનું સેવન કરી કરીને સિદ્ધિયમને પ્રાપ્ત કરે છે, ત્યારે ચંદનગંધન્યાયથી તેમના આત્મામાં યમ પરિણમન પામેલ હોય છે; તેથી યમના પરિણામથી શુદ્ધ થયેલા મનવાળા તે યોગીઓને બીજા જીવોના અર્થનું સાધક એવું યમનું પાલન હોય છે, અને તે યમનું પાલન સિદ્ધિયોગ છે.

અહીં પ્રશ્ન થાય કે યમનું સેવન પોતાનામાં તેવી પરિણતિ પ્રગટ કરી શકે છે, પરંતુ તે પરિણતિ બીજાના અર્થને કેવી રીતે સાધી શકે ? તેથી ખુલાસો કરે છે કે યમના સેવનથી સિદ્ધયોગીઓને અચિંત્ય શક્તિનો યોગ થાય છે અર્થાત્ સામાન્ય જીવો તે શક્તિ કેવી છે તેની કલ્પના પણ ન કરી શકે તેવી શક્તિનો યોગ થાય છે, અને તેવી શક્તિને કારણે પરસ્પર વૈરવાળી પ્રકૃતિવાળા જીવો પણ તે યોગીના સાંનિધ્યમાં વૈરનો ત્યાગ કરે છે. તેથી આવા યોગીઓનો અહિંસાયમ અન્ય જીવોના વૈરત્યાગરૂપ પરના અર્થનો સાધક છે. વળી કોઈ યોગીને સત્યયમ સિદ્ધ થયો હોય તો તેમના વચનના બળથી અન્ય સાધકને જે અનુષ્ઠાન કરવાનું છે, તે અનુષ્ઠાન તેને સુખે સુખે સમ્યગ્ નિષ્પન્ન થાય છે. તે રીતે પાંચે યમોમાં પરાર્થસાધકતા જાણવી.

અહીં વિશેષ એ છે કે પહેલી દૃષ્ટિમાં રહેલા યોગીઓ પણ યમનું સેવન કરે છે, અને પહેલી દૃષ્ટિવાળા યોગીને પણ ઇચ્છાદિ ચારે પ્રકારના યમોમાંથી કોઈને કોઈ યમ હોય છે. તેથી પહેલી દૃષ્ટિવાળા યોગી પણ સિદ્ધિયમનું પાલન કરનારા હોઈ શકે; તોપણ પહેલી દૃષ્ટિમાં યમનું પાલન દ્રવ્યથી હોય છે, જ્યારે શ્લોક-૨૦૯માં પ્રસ્તુત ગ્રંથના અધિકારી કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગી બતાવ્યા; અને ત્યારપછી પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ બતાવતા કહ્યું કે પ્રવૃત્તચક્રયોગી ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમના આશ્રયવાળા હોય અને સ્થિરયમ અને સિદ્ધિયમના અર્થી હોય, અને શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત હોય છે; અને શુશ્રૂષા આદિ આઠ ગુણો ભાવસાધુને હોય છે, અન્યને નહિ, તેવું કથન ચોથા પંચસૂત્રમાં આવે છે. તેથી ભાવસાધુને પ્રવૃત્તચક્રથી ગ્રહણ કરેલ છે, અને ભાવસાધુને ભાવયમ હોય છે, તેવા ભાવસાધુ પ્રસ્તુત ગ્રંથના અધિકારી છે, અને પ્રવૃત્તચક્રયોગીમાં સ્થિરયમ અને સિદ્ધિયમવાળાને ગ્રહણ કર્યા નથી.

તેથી એ ફલિત થાય કે જે ભાવસાધુ છે તે શુશ્રૂષા આદિ આઠ ગુણોથી યુક્ત છે, અને તે ભાવસાધુ ઇચ્છાયમવાળા અને પ્રવૃત્તિયમવાળા હોય છે, તેઓ પ્રસ્તુત ગ્રંથના અધિકારી છે; પરંતુ સ્થિરયમવાળા અને સિદ્ધિયમવાળા ભાવસાધુ પ્રસ્તુત ગ્રંથના અધિકારી નથી; કેમ કે તેઓને પ્રસ્તુત ગ્રંથથી ઉપકાર થાય તેમ નથી. માટે સ્થિરયમવાળા અને સિદ્ધિયમવાળાને નિષ્પન્નયોગીથી ગ્રહણ કરેલ છે, તેવું જણાય છે; અને શ્લોક-૨૧૫ થી ૨૧૮ સુધી જે ઇચ્છાદિ ચાર યમો બતાવ્યા, તે ભાવયમને આશ્રયીને છે, દ્રવ્યયમને આશ્રયીને નહિ; કેમ કે ભાવસાધુમાં ભાવયમ હોય છે; અને શ્લોક-૨૧૨માં પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ બતાવીને પ્રવૃત્તચક્રયોગીમાં વર્તતા ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમનું સ્વરૂપ અને પ્રવૃત્તચક્રયોગીના અર્થીપણારૂપ સ્થિરયમ અને સિદ્ધિયમનું સ્વરૂપ બતાવવાનું શ્લોક-૨૧૪થી પ્રારંભ કરેલ છે. તેથી ભાવયમનો પ્રસ્તાવ હોવાથી પ્રસ્તુતમાં વર્ણન કરાયેલા સર્વ ભાવયમો જાણવા. **॥૨૧૮॥**

**અવતરણિકા :-**

**अवञ्चकस्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**અવંચકના સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧૪ની અવતરણિકામાં કહેલ કે ઉપન્યસ્ત યમાદિના સ્વરૂપને કહે છે. ત્યાં યમાદિમાં આદિ પદથી અવંચકનું ગ્રહણ હતું. તેથી યમનું સ્વરૂપ બતાવ્યા પછી અવંચકના સ્વરૂપને કહે છે –

**શ્લોક :-**

**सद्भिः कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः ।**
**तथा दर्शनतो योग आद्यावञ्चक उच्यते (इष्यते) ।।२१९।।**

**અન્વયાર્થ :-**

**कल्याणसम्पन्नैर्दर्शनादपि पावनैः सद्भिः=કલ્યાણથી સંપન્ન, દર્શનથી પણ પવિત્ર એવા સત્પુરુષોની સાથે= વિશિષ્ટ પુણ્યવાળા, જોવાથી પણ પવિત્ર, એવા સત્પુરુષોની સાથે तथा दर्शनतः=તે પ્રકારના દર્શનથી= ગુણવાનપણારૂપે દર્શનથી योगः=યોગ=સંબંધ आद्यावञ्चक उच्यते=આદ્ય અવંચક કહેવાય છે. ।।૨૧૯।।**

**શ્લોકાર્થ :-**

**વિશિષ્ટ પુણ્યવાળા, જોવાથી પણ પવિત્ર, એવા સત્પુરુષોની સાથે ગુણવાનપણારૂપે દર્શનથી યોગ આદ્ય અવંચક કહેવાય છે. ।।૨૧૯।।**

**ટીકા :-**

**'सद्भिः' 'कल्याणसम्पन्नैः'=विशिष्टपुण्यवद्भिः, 'दर्शनादपि पावनैः'=अवलोकनेनापि पवित्रैः, 'तथा'=तेन प्रकारेण, गुणवत्तया विपर्ययाभावेन दर्शनं-तथादर्शनम् ततस्तेन यो 'योगः'=सम्बन्धः, तैः सह स 'आद्यावञ्चक इष्यते' सद्यो(गा)ऽवञ्चक इत्यर्थः ।।२१९।।**

**ટીકાર્થ :-**

'सद्भिः' ..... इत्यर्थः ।। કલ્યાણસંપન્ન=વિશિષ્ટ પુણ્યવાળા, દર્શનથી પણ પવિત્ર=અવલોકનથી પણ પવિત્ર, એવા સત્પુરુષોની સાથે, તથા=તે પ્રકારે=તે રૂપે=ગુણવાનને ગુણવાનરૂપે ન જાણી શકે તેવા પ્રકારના વિપર્યયનો અભાવ હોવાને કારણે ગુણવાનપણારૂપે, દર્શન તે તથાદર્શન, અને તે તથાદર્શન વડે તેઓ સાથે જે યોગ=સંબંધ, તે આદ્ય અવંચક ઇચ્છાય છે=સદ્યોગાવંચક ઇચ્છાય છે. ।।૨૧૯।।

❖ 'दर्शनादपि' માં 'अपि' થી એ કહેવું છે કે સત્પુરુષો આચારથી તો પવિત્ર છે, પરંતુ દર્શનથી પણ પવિત્ર છે.

**ભાવાર્થ :-**

ભૂતકાળમાં ધર્મ સેવીને આવેલા યોગીઓ આ ભવમાં પણ વિશિષ્ટ પુણ્યવાળા છે, અને સન્માર્ગને પ્રાપ્ત કરીને કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરાવે તેવા આત્મકલ્યાણ માટે પ્રવૃત્ત છે. જોવામાત્રથી પણ પાવનકારી એવા તે યોગીઓ સાથે તે પ્રકારે દર્શનથી જે સંબંધ, તે આદ્ય અવંચકયોગ છે અર્થાત્ જોનારને તે ગુણવાન પુરુષ ગુણવાનરૂપે દેખાય છે, પરંતુ નિર્ગુણ દેખાતા નથી; તે પ્રકારે ગુણવાન પુરુષના દર્શન વડે તેમની ઓળખપૂર્વક તે ગુણવાન પુરુષની સાથે જે સંબંધ છે, તે આદ્ય અવંચકયોગ છે. જેમ વર્તમાનમાં વીરભગવાન, સાક્ષાત્ વિદ્યમાન નથી, તોપણ શાસ્ત્રવચન દ્વારા કે યોગીના ઉપદેશ દ્વારા કોઈ જીવને ગુણવાનરૂપે વીરભગવાનનું દર્શન થવાથી વીરભગવાનની સાથે સંબંધ થાય, તો તે આદ્ય અવંચકયોગ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સાક્ષાત્ ચક્ષુથી દર્શન હોય પણ, અને ન પણ હોય, પરંતુ ગુણવાનનો ગુણવાનરૂપે દર્શનથી યોગ તે આદ્ય અવંચકયોગ છે.

અહીં વિશેષ એ છે કે આદ્ય અવંચકયોગ એ અવ્યક્ત સમાધિરૂપ છે, અને અવ્યક્ત સમાધિ જીવના પરિણામરૂપ છે, અને તેના કાર્યરૂપે સત્પુરુષનો અવંચકયોગ થયો, તેથી અવ્યક્ત સમાધિરૂપ અવંચકયોગના કાર્યને પણ આદ્ય અવંચક કહેલ છે. **॥૨૧૯॥**

**અવતરણિકા :-**

**યોગાવંચક બતાવીને હવે ક્રિયાવંચકનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**तेषामेव प्रणामादिक्रियानियम इत्यलम् ।**
**क्रियाऽवञ्चकयोगः स्यान्महापापक्षयोदयः ।।२२०।।**

**અન્વયાર્થ :-**

**तेषामेव=તેઓને જ=સત્પુરુષોને જ अलम्=અત્યંત प्रणामादिक्रियानियमः=પ્રણામાદિ ક્રિયાનો નિયમ= પ્રણામાદિ ક્રિયાનો અધ્યવસાય इति-एष=આ क्रियाऽवञ्चकयोगः=ક્રિયાઅવંચકયોગ महापापक्षयोदयः= મહાપાપના ક્ષયને કરનારો स्यात्=થાય. ।।૨૨૦।।**

**શ્લોકાર્થ :-**

**સત્પુરુષોને જ અત્યંત પ્રણામાદિ ક્રિયાનો અધ્યવસાય એવો આ ક્રિયાઅવંચકયોગ, મહાપાપના ક્ષયને કરનારો થાય. ।।૨૨૦।।**

**ટીકા :-**

'तेषामेव'=सतां, 'प्रणामादिक्रियानियम इत्यलम् क्रियाऽवञ्चकयोगः' 'स्याद्'-भवेदिति, अयं च 'महापापक्षयोदयो'-नीचैर्गोत्रकर्मक्षयकृदिति भावः ।।२२०।।

**ટીકાર્થ :-**

**'तेषामेव'=सतां, ..... नीचैर्गोत्रकर्मक्षयकृदिति भावः ।। તેઓને જ=સંતોને જ, અત્યંત પ્રણામાદિ ક્રિયાનો નિયમ એ ક્રિયાઅવંચકયોગ થાય, અને આ=ક્રિયાઅવંચકયોગ, મહાપાપના ક્ષયના ઉદયવાળો છે=નીચગોત્રકર્મના ક્ષયને કરનારો છે. ।।૨૨૦।।**

❖ 'प्रणामादिक्रियानियमः' માં 'आदि' પદથી ભક્તિ, વૈયાવચ્ચનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

ગુણવાન પુરુષોની સાથે ગુણવાનરૂપે યોગ થયા પછી તેઓના પ્રત્યે વર્તતા બહુમાનને કારણે તેઓને અત્યંત પ્રણામાદિ ક્રિયા કરવાનો અધ્યવસાય, તે ક્રિયાઅવંચકયોગ છે; અર્થાત્ ગુણવાનને જે વંદનાદિ ક્રિયા કરી, તે વંદનાદિ ક્રિયા પોતાનામાં ગુણપ્રાદુર્ભાવનું અવંધ્ય કારણ બને છે, તેથી તે ક્રિયા અવંચકયોગરૂપ છે; અને આ ક્રિયા ઉત્તમ પુરુષની ભક્તિરૂપ હોવાથી નીચગોત્રકર્મના ક્ષયને કરનાર છે, અને નીચગોત્રકર્મનો ક્ષય થવાથી પ્રાયઃ તે જીવ ઉત્તમ કુળમાં જન્મીને કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરનારો થાય છે, અને તે કલ્યાણની પરંપરાનું પ્રબળ કારણ ગુણવાન પુરુષોને સત્પ્રણામાદિ ક્રિયાનો અધ્યવસાય બને છે. **।।૨૨૦।।**

**અવતરણિકા :-**

**ક્રિયાઅવંચક બતાવીને હવે ફલાવંચકનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**फलावञ्चकयोगस्तु सद्भ्य एव नियोगतः ।**
**सानुबन्धफलावाप्तिर्धर्मसिद्धौ सतां मता ।।२२१।।**

**અન્વયાર્થ :-**

**फलावञ्चकयोगस्तु=ફલાવંચકયોગ વળી सद्भ्य एव=સત્પુરુષો પાસેથી જ धर्मसिद्धौ=ધર્મસિદ્ધિના વિષયમાં नियोगतः=અવશ્યપણાથી सानुबन्धफलावाप्तिः=સાનુબંધ ફળની પ્રાપ્તિ सतां मता=સંતોને માન્ય છે. ।।૨૨૧।।**

**શ્લોકાર્થ :-**

**ફલાવંચકયોગ વળી સત્પુરુષો પાસેથી જ ધર્મસિદ્ધિના વિષયમાં અવશ્યપણાથી સાનુબંધ ફળની પ્રાપ્તિ સંતોને માન્ય છે. ।।૨૨૧।।**

**ટીકા :-**

'फलावञ्चकयोगस्तु' चरमो योगोत्तमः किम्भूत इत्याह 'सद्भ्य एव' अनन्तरोदितेभ्यः 'नियोगतः'= अवश्यंतया, 'सानुबन्धफलावाप्तिः'-तथा सदुपदेशादिना, 'धर्मसिद्धौ' विषये 'सतां मता' इति ।।२२१।।

**ટીકાર્થ :-**

**'फलावञ्चकयोगस्तु' ..... 'सतां मता' इति ।। વળી ફલાવંચકયોગ ઉત્તમ એવો ચરમયોગ છે=ત્રણે યોગમાં શ્રેષ્ઠ એવો ચરમયોગ છે. કેવા પ્રકારનો છે ? એથી કહે છે –**

**અનંતરમાં કહેવાયેલા એવા સત્પુરુષોથી જ=યોગાવંચકના વર્ણનમાં કહેવાયેલા એવા ગુણવાન સત્પુરુષોથી જ, તે પ્રમાણે સદ્ઉપદેશાદિ દ્વારા=શ્રોતાની યોગ્યતા પ્રમાણે સદુપદેશાદિ દ્વારા, ધર્મસિદ્ધિના વિષયમાં=ધર્મનિષ્પત્તિના વિષયમાં, અવશ્યપણારૂપે શ્રોતાને સાનુબંધફળની પ્રાપ્તિ સંતોને માન્ય છે=ફલાવંચકરૂપે માન્ય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨૧।।**

❖ 'सदुपदेशादिना' માં 'आदि' પદથી શ્રોતાની યોગ્યતા પ્રમાણે ગુરુથી અપાતી પ્રતિજ્ઞાવિશેષનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

યોગ્ય જીવને ગુણવાન પુરુષનો યોગ થાય ત્યારપછી તે ગુણવાન પુરુષ તે શ્રોતાને યોગ્યતા પ્રમાણે સદુપદેશાદિ આપે, અને તે શ્રોતાને પણ તે ઉપદેશ સમ્યગ્ પરિણમન પામે, તો તે શ્રોતામાં ધર્મની નિષ્પત્તિ થાય; અને તે ધર્મ પણ વિવેકમૂલક હોવાથી ઉત્તરોત્તર વૃદ્ધિ થઈને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે, તો સદ્ગુરુના યોગનું ફળ સાનુબંધ એવા ધર્મરૂપ ફળની પ્રાપ્તિરૂપ છે અર્થાત્ તે ફલાવંચકયોગ છે. તાત્પર્ય એ છે કે યોગી પુરુષો કોઈક શ્રોતાની યોગ્યતા જોઈને ઉપદેશ આપે અને યોગ્ય શ્રોતાને તે ઉપદેશ સમ્યગ્ પરિણમન પામે તો તે શ્રોતાને તે યોગીના યોગનું ફળ અવંચક બન્યું તેમ કહેવાય.

વળી કેટલાક શ્રોતા તત્કાલ વિશેષ ઉપદેશ માટે યોગ્ય ન હોય તો તેઓને નિયમ આદિથી પણ સાનુબંધ ફળની પ્રાપ્તિ થાય છે. જેમ વંકચૂલ તત્કાલ વિશેષ ઉપદેશ માટે યોગ્ય ન હતો, તોપણ વિશેષ જ્ઞાનના બળથી મહાત્માએ તેના લાભને જાણીને ચાર નિયમો આપ્યા, જે ચાર નિયમના નિમિત્તને પામીને વંકચૂલના જીવનમાં પરિવર્તન થવાથી પરમ શ્રાવક બન્યા, અને અંતે શ્રાવકધર્મની સારી આરાધના કરીને બારમા દેવલોકે ગયા, અને પૂર્વમાં કરાયેલાં અત્યંત ક્લિષ્ટ પાપો પણ નિષ્ફળ થયાં. તે યોગીપુરુષોથી અપાયેલા નિયમના બળથી વંકચૂલને સાનુબંધ ફળની પ્રાપ્તિ થઈ, જે યોગીના યોગનું અવંચકફળ છે. **।।૨૨૧।।**

**અવતરણિકા :-**

**एवमेषां स्वरूपमभिधाय प्रकृतयोजनमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આઓનું=પ્રસ્તુત ગ્રંથના અધિકારી એવા કુલયોગીનું, પ્રવૃત્તચક્રયોગીનું અને પ્રસ્તુત ગ્રંથના અધિકારી એવા અવંચકયોગવાળાનું, સ્વરૂપ કહીને, શ્લોક-૨૦૮માં કહેલ કે પ્રસ્તુત ગ્રંથથી પરોપકાર પણ લેશથી વિરુદ્ધ નથી, તે રૂપ પ્રકૃતના યોજનને કહે છે -**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૭માં ગ્રંથકારે કહેલ કે પ્રસ્તુત યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ પોતાની સ્મૃતિ માટે ગ્રંથકારે રચેલ છે. ત્યારપછી શ્લોક-૨૦૮ની અવતરણિકામાં કહ્યું કે ગ્રંથરચનાનું પ્રયોજનાન્તર પણ છે, અને તે પ્રયોજનાન્તર બતાવતાં શ્લોક-૨૦૮માં કહેલ કે ચાર પ્રકારના યોગીઓ છે. તેમાં પ્રસ્તુત ગ્રંથથી યોગ્ય યોગીઓને પરોપકાર પણ થઈ શકે, માટે તેમના પરોપકાર અર્થે પણ ગ્રંથકારે ગ્રંથરચના કરેલ છે. ત્યારપછી જેમના ઉપર પરોપકાર થાય તેવા કુલયોગી અને પ્રવૃત્તચક્રયોગીનું સ્વરૂપ બતાવ્યું. વળી તે સિવાય આદ્ય અવંચકયોગની પ્રાપ્તિવાળા જીવો ઉપર પણ પરોપકાર થાય છે, તેમ બતાવીને, અવંચકયોગનું સ્વરૂપ શ્લોક-૨૧૯ થી શ્લોક-૨૨૧ સુધી બતાવ્યું. આ રીતે કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને અવંચકનું સ્વરૂપ બતાવીને કુલયોગી આદિ ઉપર ઉપકાર કઈ રીતે થાય, તે પ્રકૃત યોજનને બતાવે છે –

**શ્લોક :-**

**कुलादियोगिनामस्मात् मत्तोऽपि जडधीमताम् ।**
**श्रवणात्पक्षपातादेरुपकारोऽस्ति लेशतः ।।२२२।।**

**અન્વયાર્થ :-**

मत्तोऽपि=મારાથી પણ जडधीमताम् कुलादियोगिनाम्=જડબુદ્ધિવાળા એવા કુલાદિ યોગીઓને अस्मात्= આનાથી=પ્રસ્તુત ગ્રંથથી श्रवणात्=શ્રવણ વડે पक्षपातादेः=પક્ષપાત આદિ થવાને કારણે लेशतः= લેશથી उपकारः=ઉપકાર अस्ति=છે. ।।૨૨૨।।

**શ્લોકાર્થ :-**

**મારાથી પણ જડબુદ્ધિવાળા એવા કુલાદિયોગીઓને પ્રસ્તુત ગ્રંથથી શ્રવણ વડે પક્ષપાત આદિ થવાને કારણે લેશથી ઉપકાર છે. ।।૨૨૨।।**

**ટીકા :-**

'कुलादियोगिनाम्' उक्तलक्षणानां, 'अस्माद्' योगदृष्टिसमुच्चयात्, 'मत्तोऽपि' सकाशात्, 'जडधीमताम्' अन्येषाम् किमित्याह 'श्रवणात्'=श्रवणेन, 'पक्षपातादेः'=पक्षपातशुभेच्छादेः, 'उपकारोऽस्ति लेशतः' तथा बीजपुष्टा(ष्ट्या) ।।२२२।।

**ટીકાર્થ :-**

'कुलादियोगिनाम्' ..... बीजपुष्टा(ष्ट्या) ।। મારાથી પણ જડબુદ્ધિવાળા એવા અન્યો, ઉક્ત સ્વરૂપવાળા= શ્લોક-૨૧૦ આદિમાં કહેવાયેલા સ્વરૂપવાળા એવા કુલાદિયોગીઓને, આનાથી=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથથી, શ્રવણ વડે પક્ષપાત આદિ થવાને કારણે=યોગમાર્ગનો પક્ષપાત અને યોગમાર્ગના સેવનની

**શુભ ઈચ્છાદિ થવાને કારણે, તે પ્રકારની બીજપુષ્ટિથી=પૂર્વમાં પડેલાં યોગબીજો શીઘ્ર ફળ આપે તેવા પ્રકારની તે બીજોની પુષ્ટિ થવાથી, લેશથી ઉપકાર છે. ॥૨૨૨॥**

❖ 'पक्षपातशुभेच्छादेः' માં 'आदि' પદથી શુભ પ્રવૃત્તિનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-**

પૂર્વના મહાપુરુષોની અપેક્ષાએ યોગમાર્ગને જાણવાના વિષયમાં પોતાનામાં ઘણી જડબુદ્ધિ છે, તેમ ગ્રંથકાર જુએ છે, છતાં જુએ છે કે પોતાના કરતાં પણ જડબુદ્ધિવાળા એવા અન્ય પણ કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી કે અવંચકયોગીઓ છે, જેઓને આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના શ્રવણ વડે પક્ષપાત થશે; તો કેટલાક કુલયોગી આદિને તે પ્રમાણે યોગમાર્ગમાં પ્રયત્ન કરવાની શુભ ઇચ્છા પણ થશે, તો વળી કેટલાક કુલયોગી આદિ આ ગ્રંથ શ્રવણ કરીને યોગમાર્ગમાં તે પ્રમાણે પ્રવૃત્તિ પણ કરશે; જેથી પૂર્વમાં જે યોગમાર્ગનો પક્ષપાત આદિ કરીને તેમણે યોગબીજો નાખેલાં છે, તે યોગબીજો પ્રસ્તુત ગ્રંથના શ્રવણથી થયેલા પક્ષપાત આદિ ભાવોને કારણે પુષ્ટ થશે; અને યોગનાં બીજો જેમ જેમ પુષ્ટ પુષ્ટતર થાય તેમ તેમ તે યોગીને અધિક અધિકતર યોગમાર્ગની પ્રાપ્તિ થશે. તેથી પોતાની ગ્રંથરચનાથી તેવા યોગ્ય જીવોને લેશથી ઉપકાર પણ છે, માટે યોગ્ય જીવોના ઉપકારના પ્રયોજનથી પણ ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે.

અહીં લેશથી ઉપકાર છે તેમ કહીને એ બતાવવું છે કે તીર્થંકરોએ અને પૂર્વના મહાપુરુષોએ યોગમાર્ગ બતાવીને ઘણો ઉપકાર કર્યો છે, તેવો ઉપકાર ગ્રંથકાર સ્વયં કરી શકે એમ નથી; કેમ કે પોતાની તેવી મતિ કે તેવી શક્તિ નથી; તોપણ પોતાનાથી અલ્પ મતિવાળા જીવોને પૂર્વના મહાપુરુષોના ગ્રંથોથી ઉપકાર થવો મુશ્કેલ છે. તેથી જે મંદ બુદ્ધિવાળા જીવોને તે મહાપુરુષોના ગ્રંથથી ઉપકાર થાય તેમ નથી, તેવા જીવોને પોતાના ગ્રંથથી કંઈક ઉપકાર થશે, તેમ દેખાવાથી પ્રસ્તુત ગ્રંથરચના ગ્રંથકારે કરી છે.

વળી યોગદૃષ્ટિ ગ્રંથના શ્રવણથી પૂર્વે બતાવ્યું તેમ યોગ્ય જીવોને યોગમાર્ગનો તે પ્રકારે બોધ થાય છે, જેથી જે પ્રકારે ગ્રંથકારે યોગમાર્ગનું વર્ણન કર્યું છે, તે પ્રકારે યોગમાર્ગ પ્રત્યે પક્ષપાત થાય છે, અને તે પક્ષપાત એટલે યોગમાર્ગ પ્રત્યે બહુમાનનો પરિણામ, અને તે બહુમાનના પરિણામના સંસ્કારો આત્મા ઉપર પડે છે. વળી કેટલાક જીવોને ગ્રંથ શ્રવણ કરવાથી શુભ ઇચ્છા થાય છે અર્થાત્ જે પ્રમાણે ગ્રંથમાં યોગમાર્ગ બતાવ્યો છે, એ પ્રમાણે હું પણ યોગમાર્ગમાં યત્ન કરીને ઉત્તર-ઉત્તરના યોગને પ્રાપ્ત કરું, એવી શુભ ઇચ્છા થાય છે, જે શુભ ઇચ્છાના સંસ્કારો આત્મા ઉપર પડે છે. વળી કેટલાક જીવોને તેવી શુભ ઇચ્છા થયા પછી સ્વશક્તિ અનુસાર ઉત્તર-ઉત્તરના યોગમાર્ગમાં યત્ન પણ થાય છે, અને તે યત્નકાળમાં વર્તતા શુભ અધ્યવસાયના સંસ્કારો પણ આત્મા ઉપર પડે છે.

આ રીતે યોગમાર્ગના પક્ષપાતના, યોગમાર્ગના સેવનની શુભ ઇચ્છાના કે યોગમાર્ગની શુભપ્રવૃત્તિના સંસ્કારો, પૂર્વમાં પડેલાં યોગબીજોના સંસ્કારોને પુષ્ટ-પુષ્ટતર કરે છે; અને પુષ્ટ-પુષ્ટતર થયેલા યોગબીજના સંસ્કારો અધિક અધિક યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી પ્રસ્તુત ગ્રંથથી તેવા જીવોને ઉપકાર થાય છે. **॥૨૨૨॥**

**અવતરણિકા :-**

**કઃ પક્ષપાતમાત્રાદુપકાર ઇત્યાશઙ્કાપોહાયાહ –**

**અવતરણિકાર્થ :-**

**પક્ષપાતમાત્રથી કયો ઉપકાર થાય છે ? એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૨માં કહ્યું કે યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના શ્રવણ વડે પક્ષપાત આદિથી યોગ્ય જીવોને ઉપકાર થાય છે. ત્યાં શંકા કરે છે : યોગમાર્ગના સેવનથી ઉપકાર થઈ શકે, પરંતુ જે લોકો પ્રસ્તુત ગ્રંથ ભણીને પક્ષપાત માત્ર કરે છે, પરંતુ યોગનું સેવન કરતા નથી, તેઓને શું ઉપકાર થશે ? અર્થાત્ ઉપકાર ન થઈ શકે. એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –

**શ્લોક :-**

**તાત્ત્વિકઃ પક્ષપાતશ્ચ, ભાવશૂન્યા ચ યા ક્રિયા ।**
**અનયોરન્તરં જ્ઞેયં, ભાનુખદ્યોતયોરિવ ।।૨૨૩।।**

**અન્વયાર્થ :-**

**તાત્ત્વિકઃ પક્ષપાતઃ=તાત્ત્વિક પક્ષપાત ચ=અને યા ભાવશૂન્યા ક્રિયા=ભાવશૂન્ય જે ક્રિયા અનયોઃ=એ બેનું ભાનુખદ્યોતયોરિવ=સૂર્ય અને ખજૂઆના જેવું અન્તરં જ્ઞેયં=અંતર જાણવું. ।।૨૨૩।।**

**શ્લોકાર્થ :-**

**તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય જે ક્રિયા એ બેનું સૂર્ય અને ખજૂઆના જેવું અંતર જાણવું. ।।૨૨૩।।**

**ટીકા :-**

**'તાત્ત્વિકઃ પક્ષપાતશ્ચ' પારમાર્થિક ઇત્યર્થઃ 'ભાવશૂન્યા' પ્રતિ (ચ યા) 'ક્રિયા' 'અનયોરન્તરં જ્ઞેયં' કયોરિવેત્યાહ 'ભાનુખદ્યોતયોરિવ' મહદન્તરમિત્યર્થઃ ।।૨૨૩।।**

**ટીકાર્થ :-**

**'તાત્ત્વિકઃ પક્ષપાતશ્ચ' ..... મહદન્તરમિત્યર્થઃ ।। તાત્ત્વિક પક્ષપાત=પારમાર્થિક પક્ષપાત, અને ભાવશૂન્ય જે ક્રિયા, એ બેનું સૂર્ય અને ખજૂઆની જેમ મોટું અંતર જાણવું. ।।૨૨૩।।**

**ભાવાર્થ :-**

યોગમાર્ગનો સમ્યગ્ બોધ થયા પછી, જે પ્રકારે યોગમાર્ગ સંસ્થિત છે તે પ્રકારે શાસ્ત્રવચનથી જાણીને, "આ યોગમાર્ગ જ જીવ માટે એકાંત શ્રેય છે," તેવો પક્ષપાતનો પરિણામ થાય, તે પારમાર્થિક પક્ષપાત છે;

અને કેટલાક જીવોને પૂર્વે યોગશાસ્ત્રના શ્રવણથી આવો પક્ષપાત પ્રગટ થયો હોય, પરંતુ યોગમાર્ગમાં સમ્યગ્ યત્ન કરવા માટેનું પોતાનું અસામર્થ્ય દેખાય તો સેવવા માટેની ઇચ્છા ન થાય, તોપણ તેવા જીવોમાં વર્તતો યોગમાર્ગનો તાત્ત્વિક પક્ષપાત સૂર્ય જેવો છે; જ્યારે જે જીવોને સત્શાસ્ત્ર સાંભળવા જ મળ્યાં નથી, માત્ર ઓઘબુદ્ધિથી ધર્મક્રિયા કરવાનો પરિણામ છે, અને યોગમાર્ગના બોધના અભાવને કારણે ભાવશૂન્ય ક્રિયા કરે છે, તે ક્રિયા ખજૂઆ જેવી છે. તે બે વચ્ચે તેટલું મોટું અંતર છે; છતાં ક્રિયા કરનાર જીવોને કે ક્રિયા નહિ કરનાર જીવોને પણ, જો પ્રસ્તુત ગ્રંથ સાંભળવા મળે અને તેથી તાત્ત્વિક પક્ષપાત પ્રગટ થાય, તો આત્મકલ્યાણના માર્ગમાં સૂર્ય જેવો પ્રકાશ તેમના જીવનમાં પ્રગટ થાય; અને જે જીવોને યોગશાસ્ત્ર સાંભળવા મળ્યાં નથી, તેથી ભાવશૂન્ય ક્રિયા કરે છે, જેથી યોગમાર્ગના વિષયમાં માત્ર ખજૂઆ જેવો અલ્પપ્રકાશ પ્રગટ થયો છે, તેવા જીવો તે પ્રકારની કલ્યાણની પરંપરાને પામી શકે નહિ; જ્યારે તાત્ત્વિક પક્ષપાતવાળા જીવો ક્રિયા ન કરતા હોય તોપણ કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે. માટે પ્રસ્તુત ગ્રંથરચનાથી કોઈ જીવને યોગમાર્ગમાં તાત્ત્વિક પક્ષપાતમાત્ર થશે તોપણ મહાઉપકાર થશે. **॥૨૨૩॥**

**અવતરણિકા :-**

**तथा चाह –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે=તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયામાં સૂર્ય અને ખજૂઆ જેવું જે રીતે અંતર છે તે રીતે, કહે છે –**

**શ્લોક :-**

**खद्योतकस्य यत्तेजः तदल्पं च विनाशि च ।**
**विपरीतमिदं भानोरिति भाव्यमिदं बुधैः ।।२२४।।**

**અન્વયાર્થ :-**

खद्योतकस्य यत् तेजः=ખજૂઆનું જે તેજ છે तद् अल्पं=તે અલ્પ च=અને विनाशि च=વિનાશી છે, भानोः=સૂર્યનું इदं=આ=તેજ विपरीतम्=વિપરીત છે=ખજૂઆના તેજ કરતાં વિપરીત છે. इति=એ પ્રમાણે इदं=આ=તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયાદિ बुधैः भाव्यं=બુધોએ ભાવન કરવું જોઈએ. ।।૨૨૪।।

**શ્લોકાર્થ :-**

**ખજૂઆનું જે તેજ છે તે અલ્પ છે અને વિનાશી છે, સૂર્યનું તેજ ખજૂઆના તેજ કરતાં વિપરીત છે. એ પ્રમાણે તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયાદિ બુધોએ ભાવન કરવું જોઈએ. ।।૨૨૪।।**

**ટીકા :-**

**'खद्योतकस्य'=सत्त्वविशेषस्य, 'यत्तेजः' प्रकाशात्मकम् 'तत्' किमित्याह 'अल्पं च विनाशि च' स्वरूपेण 'विपरीतमिदं' 'भानोः' बह्वविनाशि चाऽऽदित्यस्येति 'इति'=एवं, 'भाव्यम्' 'इदम्'= अधिकृतपक्षपात-क्रियादिकं, 'बुधैः' तत्त्वनीत्येति ।।२२४।।**

**ટીકાર્થ :-**

**'खद्योतकस्य' ..... तत्त्वनीत्येति ।। ખજૂઆનું=જીવવિશેષનું, જે પ્રકાશાત્મક તેજ તે સ્વરૂપથી અલ્પ અને વિનાશી છે. विपरीतमिदं भानोः=बह्वविनाशि चाऽऽदित्यस्येति=સૂર્યનું આ અર્થાત્ તેજ, વિપરીત અર્થાત્ ખજૂઆથી વિપરીત બહુ અને અવિનાશી છે. इति=एवं=એ પ્રમાણે, આ=અધિકૃત પક્ષપાત અને ભાવશૂન્ય ક્રિયાદિક, બુધોએ તત્ત્વનીતિથી ભાવન કરવું જોઈએ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨૪।।**

**ભાવાર્થ :-**

ખજૂઆનું તેજ અલ્પ હોય છે અને તરત વિનાશ પામે તેવા સ્વરૂપવાળું હોય છે. તેની જેમ ભાવશૂન્ય ક્રિયાકાળમાં વર્તતો શુભ ભાવ અલ્પ હોય છે અને તરત વિનાશ પામે તેવો હોય છે; કેમ કે તે ક્રિયામાં યોગમાર્ગનો પક્ષપાત નહિ હોવાથી જન્માન્તરમાં યોગમાર્ગના પ્રાદુર્ભાવનું કારણ તે ક્રિયા બનતી નથી. તેથી તે ક્રિયા વિનાશી છે, અને ક્રિયામાં વર્તતો શુભ ભાવ વિવેકવિકલ હોવાથી અલ્પમાત્રાનો હોય છે. વળી સૂર્યનું તેજ ઘણું હોય છે અને અવિનાશી હોય છે. એ રીતે તાત્ત્વિક પક્ષપાતના સંસ્કારો આત્મામાં દીર્ઘકાળ રહેનારા હોવાથી અવિનાશી છે, અને યોગમાર્ગ પ્રત્યે તીવ્ર વલણ હોવાથી અતિશયિત છે. તેથી જન્મજન્માન્તરમાં યોગમાર્ગનો પ્રાદુર્ભાવ કરાવીને વિઘાતક સામગ્રી ન મળે તો શીઘ્ર મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામનાર છે. **।।૨૨૪।।**

**અવતરણિકા :-**

**विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**વિશેષને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૦૭માં કહેલ કે પોતાની અનુસ્મૃતિ માટે ગ્રંથકારે આ યોગદૃષ્ટિ ગ્રંથ રચ્યો છે. ત્યારપછી ગ્રંથરચનાનું પ્રયોજનાન્તર બતાવતાં કહ્યું કે કુલાદિયોગીને પણ પરોપકારનો સંભવ છે, માટે પણ ગ્રંથકારે યોગદૃષ્ટિ ગ્રંથની રચના કરી છે. તેથી વિચારકને પ્રશ્ન થાય કે પરોપકાર કરવાના આશયથી ગ્રંથકારે ગ્રંથરચના કરી છે, તો

પ્રસ્તુત ગ્રંથના અધિકારી એવા યોગ્ય જીવોને ગ્રંથ સાંભળવા માટે પ્રાર્થના પણ કરવી જોઈએ, જેથી તેઓ ગ્રંથ સાંભળે અને તેના દ્વારા તેઓને પરોપકાર થાય, એ પ્રકારની આશંકાના નિવારણ માટે વિશેષને કહે છે -

**શ્લોક :-**

**श्रवणे प्रार्थनीयाः स्युर्न हि योग्याः कदाचन ।**
**यत्नः कल्याणसत्त्वानां, महारत्ने स्थितो यतः ।।२२५।।**

**અન્વયાર્થ :-**

**योग्याः=યોગ્ય જીવો श्रवणे=શ્રવણના વિષયમાં कदाचन=ક્યારેય प्रार्थनीयाः स्युः न हि=પ્રાર્થનીય નથી જ, यतः=જે કારણથી कल्याणसत्त्वानां यत्नः=કલ્યાણસત્ત્વોનો યત્ન=પુણ્યશાળીઓનો યત્ન महारत्ने=મહારત્નમાં स्थितः=રહેલો છે. ।।૨૨૫।।**

**શ્લોકાર્થ :-**

**યોગ્ય જીવો શ્રવણના વિષયમાં ક્યારેય પ્રાર્થનીય નથી જ; જે કારણથી પુણ્યશાળીઓનો યત્ન મહારત્નમાં રહેલો છે. ।।૨૨૫।।**

**ટીકા :-**

'श्रवणे'=श्रवणविषये, 'प्रार्थनीयाः' 'स्युः'=भवेयुः, 'न हि योग्याः कदाचन'-शुश्रूषाभावेन स्वतः प्रवृत्तेः, तथा चाह 'यत्नः' 'कल्याणसत्त्वानां'=पुण्यवतां, 'महारत्ने'-चिन्तामण्यादिविषये, 'स्थितो यतः'-तथौचित्ययोगेन पक्षपातादेरपि जन्मान्तरावाप्तिश्रुतेः ।।२२५।।

**ટીકાર્થ :-**

**'श्रवणे' ..... जन्मान्तरावाप्तिश्रुतेः ।। શ્રવણમાં=શ્રવણના વિષયમાં, યોગ્ય જીવો ક્યારેય પ્રાર્થનીય હોતા નથી જ; કેમ કે શુશ્રૂષાનો ભાવ હોવાને કારણે=યોગ્ય જીવોમાં શુશ્રૂષા ગુણનો સદ્ભાવ હોવાને કારણે, સ્વતઃ પ્રવૃત્તિ છે=પ્રાર્થના વગર સ્વતઃ શ્રવણમાં પ્રવૃત્તિ છે.**

**અને તે રીતે કહે છે=યોગ્ય જીવોને તત્ત્વશ્રવણમાં સ્વતઃ પ્રવૃત્તિ છે, તે રીતે, દૃષ્ટાંતથી કહે છે -**

**જે કારણથી કલ્યાણને પ્રાપ્ત કરનારા પુણ્યશાળી જીવોનો યત્ન ચિંતામણિ આદિ મહારત્નવિષયક રહેલો છે.**

અહીં પ્રશ્ન થાય કે પુણ્યશાળી જીવોને ચિંતામણિ આદિ મહારત્નમાં યત્ન થાય તે પ્રસિદ્ધ છે, તોપણ યોગ્ય જીવોને શ્રવણમાં પ્રાર્થના કર્યા વગર સ્વતઃ પ્રવૃત્તિ છે, તે કેમ નક્કી થઈ શકે ? તેથી કહે છે –

**तथौचित्ययोगेन=તે પ્રકારના ઔચિત્યનો યોગ હોવાને કારણે=શુશ્રૂષા ગુણવાળા જીવો તત્ત્વ સાંભળવા માટે અત્યંત અભિમુખ હોવાથી જ્યાં જ્યાં તત્ત્વની પ્રાપ્તિની સંભાવના દેખાય ત્યાં ત્યાં યત્ન કરે, તે**

**પ્રકારના ઔચિત્યનો યોગ હોવાને કારણે, પક્ષપાત આદિથી પણ=યોગમાર્ગના શ્રવણવિષયક પક્ષપાત આદિથી પણ, જન્માંતરમાં અવાપ્તિની શ્રુતિ હોવાથી=જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિનું શાસ્ત્રમાં શ્રવણ હોવાથી, યોગ્ય જીવોની સાંભળવામાં સ્વતઃ પ્રવૃત્તિ છે, એમ અન્વય છે. ॥૨૨૫॥**

❖ 'पक्षपातादेरपि' માં 'आदि'પદથી તત્ત્વશ્રવણ, તત્ત્વપ્રતિપત્તિ આદિનું ગ્રહણ કરવું, અને 'अपि' થી એ કહેવું છે કે યોગમાર્ગના સેવનથી તો જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિ થાય, પરંતુ પક્ષપાત આદિથી પણ જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે, એમ શાસ્ત્રમાં સંભળાય છે.

**ભાવાર્થ :-**

યોગ્ય જીવોના ઉપકાર માટે ગ્રંથકારે પ્રસ્તુત ગ્રંથની રચના કરી છે, તોપણ જે યોગ્ય જીવો છે તેઓ શુશ્રૂષા ગુણવાળા છે, તેથી તેઓને શાસ્ત્ર શ્રવણ કરવા માટે પ્રાર્થના કરવાની જરૂર નથી; કેમ કે તેઓમાં તત્ત્વને સાંભળવાની અત્યંત ઇચ્છા વર્તે છે, માટે વગર પ્રાર્થનાએ પણ તેઓ સ્વતઃ યોગમાર્ગના ગ્રંથમાં પ્રવૃત્તિ કરે તેમ છે. તેથી વગર પ્રાર્થનાએ પણ તેવા જીવો ઉપર પ્રસ્તુત ગ્રંથથી ઉપકાર થશે; અને તેમાં યુક્તિ આપે છે –

સંસારમાં જેમ પુણ્યશાળી જીવો, ચિંતામણિ આદિ મહારત્નમાં અવશ્ય યત્ન કરે છે, તેમ જે જીવો યોગમાર્ગને પ્રાપ્ત કરે તેવા શુશ્રૂષા ગુણવાળા છે, તેઓ યોગમાર્ગની પ્રાપ્તિને અનુકૂળ પુણ્યવાળા છે. તેવા જીવો યોગમાર્ગની પ્રાપ્તિ માટે સ્વતઃ પ્રવૃત્તિ કરે તેમ છે. માટે તેમને પ્રાર્થના કરવાની આવશ્યકતા રહેતી નથી. આવા જીવો શુશ્રૂષા ગુણવાળા હોવાને કારણે યોગમાર્ગને મેળવવા માટે શક્ય એટલો પ્રયત્ન કરતા હોય છે, અને તત્ત્વની પ્રાપ્તિ માટે તેવા પ્રકારના ઔચિત્યયોગથી તેઓ પ્રવૃત્તિ કરતા હોય છે કે જેથી યોગમાર્ગની પ્રાપ્તિની સામગ્રી મળે તો અવશ્ય તેમને યોગમાર્ગની પ્રાપ્તિ થાય. વળી, યોગમાર્ગની પ્રાપ્તિ માટેના ઉપાયોમાં તેઓની ઔચિત્યપૂર્વકની પ્રવૃત્તિ હોવાથી યોગમાર્ગ પ્રત્યે તેમને પક્ષપાત વર્તતો હોય છે. તેથી કદાચ આ ભવમાં તત્ત્વશ્રવણની સામગ્રી ન મળે તોપણ, યોગમાર્ગના પક્ષપાતપૂર્વકના યોગમાર્ગની પ્રાપ્તિને ઉચિત એવા તેઓના યત્નથી તેવા જીવોને જન્માંતરમાં યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે, તેમ શાસ્ત્રમાં સંભળાય છે.

તેથી અર્થથી નક્કી થાય છે કે શુશ્રૂષા ગુણવાળા જીવો વર્તમાન જન્મમાં અવશ્ય શ્રવણસામગ્રી મળે તો શ્રવણમાં યત્ન કરે છે. આથી જ આ ભવમાં શ્રવણસામગ્રીના અભાવને કારણે શ્રવણ ન કરી શકે તોપણ અવશ્ય તત્ત્વશ્રવણમાં તેઓ જન્માંતરમાં યત્ન કરશે.

તેથી એ ફલિત થાય કે શુશ્રૂષા ગુણવાળા જીવો મહાપુણ્યશાળી છે, અને તેવા પુણ્યશાળીને યોગગ્રંથ સાંભળવા માટેની પ્રાર્થના કરવાની જરૂર રહેતી નથી. જેમ સંસારમાં પુણ્યશાળી જીવોનો ચિંતામણિ આદિ રત્નમાં સ્વતઃ યત્ન હોય છે, તેમ શુશ્રૂષા ગુણવાળા પુણ્યશાળી જીવોનો યોગમાર્ગના શ્રવણમાં પ્રાર્થના વગર સ્વતઃ યત્ન હોય છે. **॥૨૨૫॥**

**અવતરણિકા :-**

अयोग्यदानदोषपरिहारायाह –

**અવતરણિકાર્થ :-**

**અયોગ્યદાનદોષના પરિહાર માટે=યોગમાર્ગ માટે અયોગ્ય એવા શ્રોતાને પ્રસ્તુત ગ્રંથના દાનથી દોષ થાય, તેના પરિહાર માટે, ગ્રંથકાર કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૫માં કહ્યું કે યોગ્ય જીવોમાં શુશ્રૂષા ગુણ હોવાને કારણે પ્રસ્તુત ગ્રંથશ્રવણ માટે તેઓની સ્વતઃ પ્રવૃત્તિ હોવાથી શ્રવણ માટે પ્રાર્થના કરવાની આવશ્યકતા નથી. તેવા જીવો પ્રસ્તુત ગ્રંથને જોઈને સ્વતઃ પ્રવૃત્તિ કરશે, અને પ્રસ્તુત ગ્રંથના પરમાર્થને સમજીને મહારત્ન જેવા પ્રસ્તુત ગ્રંથને યોગ્ય જીવોને આપવાના પરિણામવાળા થશે. આમ છતાં અનાભોગથી પણ અયોગ્યને આપવાનો તેમનો પ્રયત્ન થાય તો અયોગ્ય જીવોનું હિતને બદલે અહિત થાય. તેથી અયોગ્ય શ્રોતાઓને યોગગ્રંથના દાનથી પ્રાપ્ત થતા દોષના પરિહાર માટે ગ્રંથકાર કહે છે –

**શ્લોક :-**

**नैतद्विदस्त्वयोग्येभ्यो, ददत्येनं तथापि तु ।**
**हरिभद्र इदं प्राह, नैतेभ्यो देय आदरात् ।।२२६।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી अयोग्येभ्यः=અયોગ્યોને एनं=આ=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ एतद्विदः न ददति=આના જાણનારા આપતા નથી=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના જાણનારા આપતા નથી. तथापि तु=તોપણ एतेभ्यः= એઓને=અયોગ્યોને न देयः=આપવો નહિ आदरात्=આદરથી इदं=એ हरिभद्रः=હરિભદ્રસૂરિ મહારાજ प्राह=કહે છે. ।।૨૨૬।।**

**શ્લોકાર્થ :-**

**વળી અયોગ્યોને યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ, યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના જાણનારા આપતા નથી, તોપણ અયોગ્યોને આપવો નહિ, એ પૂ. હરિભદ્રસૂરિ મહારાજ આદરથી કહે છે. ।।૨૨૬।।**

**ટીકા :-**

'नैतद्विदः तु' आचार्याः, 'अयोग्येभ्यो' अन्येभ्यो, 'ददति'=यच्छन्ति, 'एनं' योगदृष्टिसमुच्चयाख्यं ग्रन्थम्, 'तथापि तु' एवमपि व्यवस्थिते 'हरिभद्रो' ग्रन्थकृत्, 'इदं प्राह' किमित्याह 'नैतेभ्य' अयोग्येभ्यः, 'देयः' अयं-योगदृष्टिसमुच्चयः, 'आदरात्'-आदरेण इदं प्राह ।।२२६।।

**ટીકાર્થ :-**

**'नैतद्विदः तु' ..... इदं प्राह ।। વળી આના જાણનારા આચાર્યો, અયોગ્યને=યોગ્ય જીવોથી અન્ય એવા અયોગ્યને આ યોગદૃષ્ટિસમુચ્ચય નામનો ગ્રંથ આપતા નથી; તોપણ=આ પ્રમાણે વ્યવસ્થિત હોવા છતાં પણ=આ ગ્રંથના જાણનારા આચાર્યો અયોગ્યોને ન આપે એ પ્રમાણે વ્યવસ્થિત હોવા છતાં પણ, ગ્રંથકાર એવા પૂ. હરિભદ્રસૂરિ મહારાજ આ કહે છે. શું કહે છે ? એથી કહે છે –**

**આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ અયોગ્યોને આપવો નહિ, એમ કહે છે, એ પ્રમાણે અન્વય છે.**

કઈ રીતે કહે છે ? એથી કહે છે –

**આદરથી આ કહે છે=યોગ્ય ઉપદેશક અયોગ્યને ન જ આપે છતાં અનાભોગથી પણ તેવી પ્રવૃત્તિ ન થાય તે માટે હરિભદ્રસૂરિ મહારાજ આદરથી વિનંતી કરતાં આ કહે છે અર્થાત્ "અયોગ્યને ન આપવો એ કહે છે", એમ પૂર્વ સાથે સંબંધ છે, તે બતાવવા માટે ટીકામાં ફરી 'इदं प्राह' કહ્યું છે. ।।૨૨૬।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારે યોગમાર્ગને બતાવનાર યોગદૃષ્ટિસમુચ્ચય નામનો ગ્રંથ પોતાની સ્મૃતિ માટે બનાવ્યો અને યોગ્ય જીવોના ઉપકાર માટે પણ બનાવ્યો. યોગ્ય જીવો આ ગ્રંથમાં સ્વયં પ્રવૃત્ત થઈને સાંભળશે, અને જેઓ આ ગ્રંથ ભણીને યોગમાર્ગના જાણનારા બન્યા છે, એવા આચાર્યો અયોગ્યને આ ગ્રંથ આપશે નહિ. આમ છતાં અનાભોગથી પણ તેવા આચાર્યોથી અયોગ્યને આ ગ્રંથ આપવાનો પ્રયત્ન ન થાય, તે માટે ગ્રંથકાર આ ગ્રંથના જાણનારા આચાર્યોને આદરથી કહે છે કે તમે અયોગ્યને આ ગ્રંથ આપશો નહિ. **॥૨૨૬॥**

**અવતરણિકા :-**

**किमेतदेवमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ=પૂર્વના શ્લોક-૨૨૬માં ગ્રંથકારે કહ્યું એ, આવું=અયોગ્યને આ ગ્રંથ ન આપવો એવું, કેમ છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**अवज्ञेह कृताल्पापि, यदनर्थाय जायते ।**
**अतस्तत्परिहारार्थं, न पुनर्भावदोषतः ।।२२७।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં कृता अल्पापि अवज्ञा=કરાયેલી અલ્પ પણ અવજ્ઞા यत्=જે કારણથી अनर्थाय=અનર્થ માટે जायते=થાય છે, अतः=આથી तत्परिहारार्थं=તેના પરિહાર માટે=અનર્થના

**પરિહાર માટે પૂ. હરિભદ્રસૂરિ મહારાજ અયોગ્યને આપવાનો નિષેધ કરે છે, એમ પૂર્વશ્લોક-૨૨૬ સાથે સંબંધ છે, पुनः=પરંતુ भावदोषतः न=ભાવદોષથી નહિ. ॥૨૨૭॥**

**શ્લોકાર્થ :-**

**યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં કરાયેલી અલ્પ પણ અવજ્ઞા જે કારણથી અનર્થ માટે થાય છે, આથી અનર્થના પરિહાર માટે પૂ. હરિભદ્રસૂરિ મહારાજ અયોગ્યને આપવાનો નિષેધ કરે છે, એમ પૂર્વશ્લોક-૨૨૬ સાથે સંબંધ છે, પરંતુ ભાવદોષથી નહિ. ॥૨૨૭॥**

**ટીકા :-**

**'अवज्ञेह' योगदृष्टिसमुच्चयाख्ये ग्रन्थे, 'कृताल्पापि' स्वरूपेण 'यद्'=यस्मात् 'अनर्थाय जायते' महाविषयत्वेन, 'अतः अनर्थपरिहारार्थं 'न पुनर्भावदोषतः'-क्षुद्रतया हरिभद्र इदं प्राहेति ॥२२७॥**

**ટીકાર્થ :-**

**'अवज्ञेह' ..... इदं प्राहेति ॥ મહાવિષયપણું હોવાને કારણે=યોગદૃષ્ટિગ્રંથનું મહાવિષયપણું હોવાને કારણે, અહીં=યોગદૃષ્ટિસમુચ્ચય નામના ગ્રંથમાં, સ્વરૂપથી કરાયેલી અલ્પ પણ અવજ્ઞા જે કારણથી અનર્થ માટે થાય છે, આથી તેના પરિહાર માટે=અયોગ્ય શ્રોતાના અનર્થના પરિહાર માટે, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, આ=પૂર્વશ્લોક-૨૨૬માં કહ્યું એ, કહે છે; પરંતુ ભાવદોષથી=ક્ષુદ્રપણાથી નહિ અર્થાત્ ક્ષુદ્રપણાથી અયોગ્યને આપવાનો નિષેધ કરતા નથી. ॥૨૨૭॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથનો વિષય યોગમાર્ગ છે, જેથી મહાકલ્યાણની પરંપરાનું કારણ છે; કેમ કે જે જીવોને આ ગ્રંથના વિષયને સાંભળીને તે વિષય પ્રત્યે પક્ષપાત થાય, તેને પણ કલ્યાણની પરંપરાનું કારણ આ ગ્રંથ છે, અને જે જીવો આ ગ્રંથને ભણીને તે યોગમાર્ગ સેવવામાં યત્ન કરશે, તેઓને તો અત્યંત કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થશે. વળી મહાવિષયવાળા આ ગ્રંથ પ્રત્યે લેશ પણ અવજ્ઞા કરવી તે અનર્થ માટે થાય છે, અને તેમાં પણ સ્વરૂપથી આ ગ્રંથ પ્રત્યે અલ્પ પણ અવજ્ઞા થાય તો યોગમાર્ગની અપ્રાપ્તિ અને ભવપરંપરાનો વૃદ્ધિ થાય તેવા અનર્થની પરંપરાનું કારણ બને. આથી અયોગ્ય જીવોને તેવા અનર્થની પ્રાપ્તિ ન થાય એવા શુભ આશયથી, પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ, યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથના જાણનારા આચાર્યોને, અયોગ્યોને યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ નહિ આપવાનું કહે છે; પરંતુ ક્ષુદ્ર પ્રકૃતિથી નિષેધ કરતા નથી અર્થાત્ જે લોકો પોતાના આ ગ્રંથ પ્રત્યે આદરવાળા હોય તેમને જ આ ગ્રંથ આપવો, અન્યને નહિ, તેવી ક્ષુદ્ર પ્રકૃતિ પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજની નથી. તેથી ક્ષુદ્ર પ્રકૃતિને કારણે અયોગ્યને આપવાનો નિષેધ કરતા નથી, પરંતુ અયોગ્ય જીવોના અહિતના પરિહારાર્થે અયોગ્ય જીવોને આપવાનો નિષેધ કરે છે.

અહીં સ્વરૂપથી કરાયેલી અલ્પ પણ અવજ્ઞા અનર્થ માટે થાય છે, એમ કહ્યું. તેનાથી એ ફલિત થાય છે કે અવજ્ઞા બે પ્રકારની છે :

એક અવજ્ઞા, જે યોગ્ય જીવો પણ યોગશાસ્ત્ર સાંભળવા માટે સન્મુખ થયા છે, તેમના દ્વારા થાય છે. તેવા જીવો સાંભળતી વખતે અત્યંત ઉપયોગપૂર્વક યોગના ગ્રંથને સાંભળવા માટે યત્ન કરતા નથી, પરંતુ યોગગ્રંથ પ્રત્યે રુચિવાળા હોવા છતાં તેવી ઉત્કટ રુચિ નહિ હોવાથી વચ્ચે વચ્ચે અન્ય અન્ય પ્રવૃત્તિઓ પણ કરે છે, અને સાંભળવાની ઉચિત વિધિના દરેક અંગમાં સમ્યગ્ યત્ન કરતા નથી; તેઓની ગ્રંથ સાંભળવાની ક્રિયામાં કંઈક અનાદરવૃત્તિ છે. તેવા જીવો તે ગ્રંથની અવજ્ઞા કરીને પાપ પણ બાંધે છે, તોપણ યોગ પ્રત્યેની રુચિના કારણે સાંભળતાં સાંભળતાં જે યોગમાર્ગ પ્રત્યે પક્ષપાત થાય છે, તેના દ્વારા તે જીવોનું હિત પણ થાય છે. તેથી તેવી અવજ્ઞા કરનારા જીવો યોગગ્રંથ સાંભળવા માટે સર્વથા અયોગ્ય નથી.

વળી જે જીવોને યોગમાર્ગ સાંભળીને યોગમાર્ગ પ્રત્યે અણગમો થાય છે, પરંતુ યોગમાર્ગના પદાર્થોને સાંભળીને લેશ પણ સંવેગ થતો નથી, તે બીજા પ્રકારની સ્વરૂપથી અવજ્ઞા છે અર્થાત્ યોગમાર્ગના સ્વરૂપ પ્રત્યે અવજ્ઞા છે, અને આવી સ્વરૂપથી કરાયેલી થોડી પણ અવજ્ઞા દુરંત સંસારનું કારણ છે. માટે સ્વરૂપથી કરાયેલી અવજ્ઞાથી થતી અનર્થની પરંપરાના પરિહાર માટે અયોગ્યને પ્રસ્તુત ગ્રંથ નહિ આપવાનું પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. **॥૨૨૭॥**

**અવતરણિકા :-**

**इत्थं चैतदङ्गीकर्तव्यम्, अत एवाह –**

**અવતરણિકાર્થ :-**

**चैतत्=અને આ=શ્લોક-૨૨૬માં પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિએ કહ્યું કે અયોગ્યને આ ગ્રંથ આપવો નહિ એ, इत्थं=આ રીતે=શ્લોક-૨૨૭માં કહ્યું કે અયોગ્યના અહિતના પરિહાર માટે આ ગ્રંથ ન આપવો એ રીતે, સ્વીકારવું જોઈએ. આથી જ કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૬માં ગ્રંથકારે સ્થાપન કર્યું કે અયોગ્યને આ ગ્રંથ આપવો નહિ, અને તેનું કારણ બતાવ્યું કે અયોગ્ય જીવોના અહિતના પરિહાર માટે આ ગ્રંથ અયોગ્યને ન આપવો. આ વસ્તુ એમ જ સ્વીકારવી જોઈએ, અને એને દૃઢ કરવા માટે પ્રસ્તુત શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

**योग्येभ्यस्तु प्रयत्नेन, देयोऽयं विधिनाऽन्वितैः ।**
**मात्सर्यविरहेणोच्चैः, श्रेयोविघ्नप्रशान्तये ।।२२८।।**

**અન્વયાર્થ :-**

તુ=વળી શ્રેયોવિઘ્નપ્રશાન્તયે=શ્રેયમાર્ગમાં આવતા વિઘ્નની શાંતિ માટે ઉચ્ચૈઃ માત્સર્યવિરહેણ=સર્વથા માત્સર્યના વિરહથી=સર્વથા માત્સર્યના વિરહથી વિધિનાઽન્વિતૈઃ=વિધિથી યુક્ત એવા વક્તાએ પ્રયત્નેન= પ્રયત્નથી યોગ્યેભ્યઃ=યોગ્ય શ્રોતાઓને અયં=આ=યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ દેયઃ=આપવો. ॥૨૨૮॥

**શ્લોકાર્થ :-**

**વળી શ્રેયમાર્ગમાં આવતા વિઘ્નની શાંતિ માટે, સર્વથા માત્સર્યના વિરહથી, વિધિથી યુક્ત એવા વક્તાએ પ્રયત્નથી યોગ્ય શ્રોતાઓને યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ આપવો. ॥૨૨૮॥**

**ટીકા :-**

**'योग्येभ्यस्तु' श्रोतृभ्यः 'प्रयत्नेन' उपयोगसारेण 'देयोऽयं विधिना'-श्रवणादिगोचरेण 'अन्वितैः'= युक्तैः, दोषोऽन्यथा, प्रत्यवायसम्भवादित्याचार्याः 'मात्सर्यविरहेण'=मात्सर्याभावेन, 'उच्चैः' 'श्रेयोविघ्नप्रशान्तये' पुण्यान्तरायप्रशान्त्यर्थमिति ।।२२८।।**

**।। समाप्तोऽयं योगदृष्टिसमुच्चयः।।**

**।। कृतिः श्रीश्वेतभिक्षोराचार्यश्रीहरिभद्रस्येति ।।**

## ।। सवृतियोगदृष्टिसमुच्चयः समाप्तः ।।

**ટીકાર્થ :-**

'योग्येभ्यस्तु' ..... पुण्यान्तरायप्रशान्त्यर्थमिति ।। **વળી યોગ્ય શ્રોતાઓને ઉપયોગપ્રધાન એવા પ્રયત્નથી આ ગ્રંથ આપવો.**

કોણે આપવો ? એથી કહે છે –

**શ્રવણઆદિવિષયક વિધિથી યુક્ત એવા વક્તાએ આપવો=યોગ્ય શ્રોતાઓને શ્રવણઆદિ કરાવવા વિષયક વિધિથી યુક્ત એવા વક્તાએ આપવો. અન્યથા=શ્રવણઆદિ કરાવવા વિષયક વિધિથી રહિત વક્તા આપે તો દોષ છે; કેમ કે કર્મબંધરૂપ પ્રત્યપાયનો સંભવ છે, એ પ્રમાણે આચાર્યો કહે છે -**

વળી યોગ્ય શ્રોતાઓને આ ગ્રંથ આપનારે કેવી રીતે આપવો જોઈએ ? એથી કહે છે –

**અત્યંત માત્સર્યના વિરહથી=પ્રરૂપણાકાળમાં અન્ય દર્શનનું ત્રુટિવાળું કોઈક વસ્તુનું કથન કરતા હોય ત્યારે પણ, તે દર્શન પ્રત્યે સર્વથા માત્સર્યના અભાવથી, આ ગ્રંથ આપવો જોઈએ.**

વળી આપનારે શેના માટે આપવો ? તેથી કહે છે –

**શ્રેયવિઘ્નશાંતિ માટે=પુણ્યના અંતરાયની પ્રશાંતિ માટે આપવો અર્થાત્ પોતાને અવિચ્છિન્ન યોગમાર્ગની પ્રાપ્તિ થાય તેવા પુણ્યમાં અંતરાય કરનારાં કર્મોની પ્રશાંતિ માટે આપવો, પરંતુ પર્ષદામાં પોતાનો પ્રભાવ પ્રાપ્ત કરવા કે પોતાને અનેક શિષ્યસંપદા પ્રાપ્ત થાય તેવા આશયથી ન આપવો.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨૮।।**

**આ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ સમાપ્ત થયો.**

**શ્વેતાંબર સાધુ આચાર્ય હરિભદ્રસૂરિ મહારાજની કૃતિ છે.**

**સવૃત્તિ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથ સમાપ્ત થયો.**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૨૬, શ્લોક-૨૨૭માં ગ્રંથકારે બતાવ્યું કે અયોગ્યને આ ગ્રંથ આપવો નહિ, અને તેનું કારણ બતાવ્યું કે ક્ષુદ્ર પ્રકૃતિથી ગ્રંથકાર નિષેધ કરતા નથી, પરંતુ અયોગ્ય જીવોના અહિતના પરિહાર માટે અયોગ્યને આપવાનો નિષેધ કરે છે. આથી જ પ્રસ્તુત શ્લોકમાં કહે છે કે યોગ્ય શ્રોતાને પ્રસ્તુત ગ્રંથ આપવો. તેથી અર્થથી અયોગ્યને આપવાનો નિષેધ દૃઢ થાય છે.

વળી આપતી વખતે યોગદૃષ્ટિ ગ્રંથના જાણનાર આચાર્યએ ઉપયોગપૂર્વક આપવો જોઈએ, જેથી પ્રસ્તુત ગ્રંથના આશયથી લેશ પણ અન્ય પ્રકારે અપાય નહિ; કેમ કે જો ઉપયોગપૂર્વક આપવામાં ન આવે અને ગ્રંથના તાત્પર્યથી અન્ય પ્રકારે અપાઈ જાય તો યોગ્ય જીવોને પણ યોગમાર્ગનો સમ્યગ્બોધ થાય નહિ. તેથી આપનાર વક્તાએ પણ ઉપયોગપૂર્વક આ ગ્રંથ આપવો.

વળી આપનાર વક્તાએ શ્રવણઆદિ કરાવવા વિષયક જે શાસ્ત્રવિધિ છે, તે વિધિથી યુક્ત થઈને આપવો; કેમ કે વિધિમાં યત્ન કરવામાં ન આવે તો પ્રસ્તુત ગ્રંથ પ્રત્યે અનાદર થાય. તેથી દોષનો સંભવ છે. માટે શ્રોતાને યોગમાર્ગ શ્રવણ કરાવવા વિષયક જે વક્તાને આશ્રયીને વિધિ છે, તે વિધિથી યુક્ત થઈને યોગ્ય શ્રોતાને આ ગ્રંથ આપવો જોઈએ.

વળી આ ગ્રંથ આપતી વખતે સર્વથા માત્સર્ય ભાવ ન થાય તે રીતે આપવો જોઈએ. આશય એ છે કે અન્ય દર્શનવાળા પણ યોગમાર્ગ કહે છે, અને તે દર્શનવાળાઓથી બતાવાયેલો યોગમાર્ગ કંઈક ત્રુટિવાળો દેખાય, તોપણ, તેમનાં બતાવાયેલાં વચનો પ્રત્યે માત્સર્ય રાખીને તેની હીનતા થાય, અને પોતાનું દર્શન શ્રેષ્ઠ છે, તેવી બુદ્ધિથી પોતાના દર્શનની અધિકતા બતાવવા માટે યત્ન કરવામાં આવે, તો યોગ્ય રીતે પ્રરૂપણા કરાતો પણ આ ગ્રંથ વક્તાના માત્સર્ય દોષને કારણે કર્મબંધનું કારણ બને છે; અને શ્રોતાને પણ આ વક્તા અન્ય દર્શન પ્રત્યે માત્સર્યવાળા છે, તેવું જણાય તો, પ્રસ્તુત ગ્રંથ ગ્રાહ્ય હોવા છતાં યોગ્ય શ્રોતાને પણ ગ્રાહ્ય બને નહિ. તેથી વક્તાએ અન્ય દર્શન પ્રત્યે લેશપણ માત્સર્ય ન થાય તે રીતે પ્રસ્તુત યોગગ્રંથ યોગ્ય શ્રોતાને આપવો, અને અન્ય દર્શનની જે કંઈ યુક્તિયુક્ત વાતો હોય તે તેમ જ બતાવીને, જે સ્થાનમાં

તેમની ત્રુટિ હોય તે ત્રુટિ પણ માત્સર્યથી નહિ, પણ તે સ્થાનનો સમ્યક્ બોધ કરાવવાના આશયથી યોગ્ય શ્રોતાને બતાવવી. જેમ પ્રસ્તુત ગ્રંથમાં એકાંત ક્ષણિકવાદમાં મુક્તિ સંગત થશે નહિ, અથવા એકાંત કૂટસ્થ નિત્ય આત્મા સ્વીકારવાથી મુક્તિ સંગત થશે નહિ, એવું જે કથન કર્યું છે, તે કથન તે દર્શન પ્રત્યેના માત્સર્યથી નથી, પરંતુ યોગ્ય શ્રોતાને સમ્યગ્ બોધ થાય તે રીતે કથન છે. તેમ વક્તાએ પણ અન્ય દર્શન પ્રત્યે માત્સર્ય ન થાય તે રીતે સર્વ પદાર્થો બતાવવા જોઈએ.

વળી આપનારે પણ પોતાના શ્રેયમાર્ગમાં વિઘ્નભૂત એવાં કર્મોના શમન માટે પ્રસ્તુત ગ્રંથ યોગ્ય શ્રોતાને આપવો, પરંતુ પોતાનો અનુયાયીવર્ગ ઘણો થાય અથવા પોતાનો શિષ્યવર્ગ ઘણો થાય અથવા લોક આગળ પોતાનો પ્રભાવ દેખાય, તેવા કોઈ આશયથી પ્રસ્તુત ગ્રંથ આપવો નહિ; પણ યોગ્ય શ્રોતાને યોગમાર્ગનો બોધ થાય અને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીને તે આત્મહિત સાધે, અને તેને આત્મહિત સાધવામાં હું પ્રબળ નિમિત્ત બનું, જેથી મને પણ યોગમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્ન કરનારાં કર્મોનું શમન થાય, અને તેના કારણે જન્મજન્માંતરમાં હું પણ યોગમાર્ગને પ્રાપ્ત કરું, અને આ સંસારનો અંત થાય, તેવા આશયથી યોગ્ય શ્રોતાને આ ગ્રંથ આપવો, એમ પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. **॥૨૨૮॥**

## યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથનું શબ્દશઃ વિવેચન સમાપ્ત થયું.

सत्प्रवृत्तिपदं चेहाऽसङ्गानुष्ठानसंज्ञितम् ।
महापथप्रयाणं यदनागामिपदावहम् ॥

અને શુદ્ધ આત્માને પ્રગટ કરવાના
માર્ગમાં શુદ્ધ આત્માને પ્રગટ કરવાને
અનુકૂળ એવી સુંદર પ્રવૃત્તિનું સ્થાન,
અસંગઅનુષ્ઠાન નામવાળું છે;
જે અસંગઅનુષ્ઠાન મહાપથમાં પ્રયાણ છે,
અને જ્યાંથી ફરી આગમન ન થાય
તેવા સ્થાનને લાવનારું છે.

: પ્રકાશક :
ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : (૦૭૯) ૩૨૯૧૧૪૭૧
E-mail : gitarthganga@yahoo.co.in

DESIGN BY
9428500401
9824048680